સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
R.N.I. No. 1689/57 ★
૨૦૫ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 37 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ભાદ્રપદ સુદ-૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૬, (૧૬ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૩

તપસ્વીઓની અનુમોદના...
પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ નિમિત્તે 'મુંબઈ સમાચાર' પરિવાર તરફથી સર્વે જૈન આરાધકો, તપસ્વીઓ અને શ્રાવક-શ્રાવિકાઓની ભાવપૂર્વક ભૂરી-ભૂરી અનુમોદના!
તમારા પરિવાર કે સ્નેહીજનોમાં કોઈએ અઠ્ઠાઈ, માસખમણ, સિદ્ધિતપ કે અન્ય કોઈ વિશિષ્ટ તપશ્ચર્યા-સંયમની આરાધના કરી હોય, તો તેમની આ કઠોર સાધનાને પોંખીએ...
તપસ્વીનું પૂરું નામ, તપશ્ચર્યાની વિગત, શહેરનું નામ લખીને મોકલી આપો.
અમારો વૉટ્સએપ નંબરઃ 70454 30579

### આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતનો મોટો રાજદ્વારી વિજય

# પહલગામ હુમલાને બ્રિક્સે વખોડ્યો

**દિલ્હી ઘોષણાપત્રનો સર્વાનુમતે સ્વીકારઃ સરહદપારના આતંકવાદની ટીકા કરાઈઃ ઈરાન અને યુએઈના મતભેદો વચ્ચે અમેરિકા-ઈરાન તથા રશિયા-યુક્રેન યુદ્ધનો સીધો ઉલ્લેખ ટાળ્યો, પણ ગાઝામાંના હિંસાચાર માટે ઈઝરાયલની આકરી ઝાટકણી કઢાઈ**

નવી દિલ્હીઃ ભારતના મોટા રાજદ્વારી વિજયમાં બ્રિક્સ દેશોએ તેના નવી દિલ્હીના ઘોષણાપત્રમાં સર્વાનુમતે એપ્રિલ ૨૦૨૫ના પહલગામ આતંકવાદી હુમલાની આલોચના કરી હતી અને સરહદપાર આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતા રાખવાનો અનુરોધ કર્યો હતો. ઘોષણાપત્રમાં એવી માગણી કરાઈ છે કે આ હુમલા પાછળ રહેલા બધા જ કાવતરાબાજો અને સૂત્રધારો સામે કાયદા હેઠળ કામ થવું જોઈએ. જાહેરનામાની ચર્ચામાં ઈરાન અને સંયુક્ત આરબ અમિરાત વચ્ચે પશ્ચિમ એશિયાના મુદ્દે જોરદાર મતભેદો જોવા મળ્યા હતા. લાંબી ચર્ચાને પગલે આ મતભેદો દફનાવીને સર્વાનુમતે ઘોષણાપત્ર જાહેર કર્યું હતું. જોકે, ઘોષણાપત્રમાં અમેરિકાના ઈરાન પરના હુમલા અને ઈરાનના અખાતના દેશો પરના હુમલાનો સીધો ઉલ્લેખ કરવાનું (જુઓ પાનું ૨) ▶▶

## ઈરાન યુદ્ધ જલદી પૂરું થશે, તેલના ભાવ ગગડશેઃ ટ્રમ્પ

ઈસ્તંબુલઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે શનિવારે કહ્યું કે ઈરાન સાથેનું યુદ્ધ જલદી સમાપ્ત થઈ શકે છે અને એ સાથે જ ક્રૂડ તેલના ભાવ પણ ગગડશે.

તેમણે દાવો કર્યો છે કે તેહરાન ચૂંટણીને પ્રભાવિત કરવા માટે સંઘર્ષને લંબાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

આયરલૅન્ડમાં આઈરિશ વડાપ્રધાન માઈકલ માર્ટિન સાથેની મુલાકાત બાદ ટ્રમ્પે કહ્યું કે તેમને આશા છે કે યુદ્ધ ટૂંક સમયમાં સમાપ્ત થશે.

જ્યારે પૂછવામાં આવ્યું કે યુદ્ધ ક્યારે સમાપ્ત થશે, ત્યારે ટ્રમ્પે કહ્યું, મને લાગે છે કે ખૂબ જલ્દી.

તેમણે ઉમેર્યું હતું કે, મને લાગે છે કે કદાચ ચૂંટણીના સમય પછી તરત જ આવું થશે.

ટ્રમ્પે આરોપ લગાવ્યો હતો કે ઈરાન ચૂંટણીને જટિલ બનાવવા માટે શક્ય હોય ત્યાં સુધી ટકી રહેવાનો'પ્રયાસ કરી રહ્યું છે, પરંતુ અમેરિકા તેહરાનને પરમાણુ હથિયારો મેળવવા દેશે નહીં.

ઈરાન પાસે પરમાણુ હથિયાર ન હોવા જોઈએ . આ ખૂબ જ સરળ વાત છે, એવું તેમણે કહ્યું હતું.

તેમણે ઉમેર્યું હતું કે સંઘર્ષ સમાપ્ત થતાં જ તેલના (જુઓ પાનું ૨) ▶▶

the ultimate
OLD GOLD
UPGRADE
TODAY'S GOLD RATE
₹ 14,094/-
PER 1 GRAM OF 22KT
BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
ANTARA
GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

## સીમા પર શાંતિ રહેવી જોઈએઃ મોદીએ જિનપિંગને કહ્યું

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ચીનના પ્રમુખ શી જિનપિંગને દ્વિપક્ષી વાટાઘાટ માટે આવકાર્યા હતા અને તેમની સાથે અહીં બ્રિક્સ શિખર સંમેલનની સાથે-સાથે બેઠક યોજી હતી. વેપાર અને રોકાણ ક્ષેત્રે જોડાણનો વ્યાપ વધારી દ્વિપક્ષી સંબંધો સામાન્ય બનાવવા પર આ બેઠકમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. મતભેદો બંને દેશ વચ્ચે વિવાદનું કારણ ન બનવા જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

તેમણે જિનપિંગને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, ભારત અને ચીન વચ્ચેના સંબંધો માટે સરહદ પર શાંતિ અને સંવાદિતા જળવાય એ અત્યાવશ્ક છે તેમ જ સીમા સંચાલન સંબંધે વર્તમાન સમજૂતીઓનું સખતાઈથી પાલન થવું (જુઓ પાનું ૨) ▶▶



**ત્રિશક્તિનું મિલનઃ** નવી દિલ્હીમાં બ્રિક્સ સમિટમાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી, રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિન અને ચીનના પ્રમુખ શી જિનપિંગે શનિવારે હાથ મિલાવીને હળવી પળો માણી હતી. જોકે આ તસવીરે પશ્ચિમની મહાસત્તાઓના પેટમાં ફાળકો પાડી દીધો હશે. ભારત મંડપમ ખાતે જ્યાં બ્રિક્સ નેતાઓએ સમિટમાં ભાગ લીધો હતો, ત્યાંની આ તસવીર વડા પ્રધાનના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર પોસ્ટ કરવામાં આવી હતી.

## ડૉલરની ચૅલેન્જર બ્રિક્સ કરન્સીનું અચ્યુતમ્ કેશવમ્?

નવી દિલ્હીઃ બ્રિક્સે ડૉલર રિપ્લેસમેન્ટનો પ્રસ્તાવ મૂક્યા વિના મિલ્યન ડૉલર પ્રશ્નનો જવાબ આપ્યો છે.

જૂથે સ્થાનિક ચલણોના વધુ ઉપયોગ અને ક્રોસ-બોર્ડર ચુકવણી પ્રણાલીઓને જોડવા પર કામને સમર્થન આપ્યું છે, જ્યારે ભાર મૂક્યો છે કે તેના સભ્યો યુએસ ડૉલર પર નિર્ભરતા કેવી રીતે ઘટાડે છે તે માટે બધા માટે કોઈ એક જ પ્રકારની (જુઓ પાનું ૨) ▶▶

## ભાગીદારીના મંચ રચોઃ મોદી

નવી દિલ્હીઃ ગ્લોબાલ સાઉથ (એશિયા, આફ્રિકા, લેટિન અમેરિકા અને ઓશિયાનામાં આવેલા દેશો) નિયમો ઘડનારા દેશો બનવો જોઈએ અને વિશેષાધિકારોના પિરામિડને બદલે ભાગીદારીનો મંચ રચો, એમ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે બ્રિક્સ સમિટમાં કહ્યું (જુઓ પાનું ૨) ▶▶

## સઉદીની ઈસ્ટ-વેસ્ટની ઑઈલ પાઈપલાઈન પર હુમલો, બંધ કરાઈ

કાઈરો (ઈજિપ્ત)ઃ સઉદી અરેબિયાએ શનિવારે કબૂલાત કરી હતી કે ડ્રોન વડે હુમલો થતા તેણે મોટી પાઈપલાઈન બંધ કરી દીધી હતી. ઈરાન અને અમેરિકાના યુદ્ધમાં નવો મોરચો ખોલતા ઈરાન સમર્થિત હુતી બળવાખોરોએ રાતા સમુદ્રના દક્ષિણના પ્રવેશ આગળના વ્યૂહાત્મક ટાપુ પર કબજો જમાવ્યો હતો.

હુતીએ તાજેતરનાં વર્ષોની મોટી ઉપલબ્ધી વિશ્વની ચાવીરૂપ શિપિંગ લેન બાબ અલ-મંદેબમાં મેળવી હતી. હુતીની આ પ્રગતિથી તેલ અને વાયુના ભાવ વધારીને અમેરિકા પર દબાણ લાવવાની ઈરાનની વ્યૂહરચનાને ટોનિક મળશે. સઉદી અરેબિયાએ કહ્યું હતું કે ઈસ્ટ-વેસ્ટની પાઈપલાઈન પર શુક્રવારે હુમલો થતાં અમે તેને બંધ કરી હતી. સઉદીના ઊર્જા મંત્રાલયે આને અગમચેતીનું પગલું ગણાવ્યું (જુઓ પાનું ૨) ▶▶

## ગુઆંગઝૌ-નવી દિલ્હી વિમાનસેવા શરૂ કરાશે

બેઈજિંગઃ ચાઈના સધર્ન ઍરલાઈન્સે છ વર્ષ જેટલા લાંબા સમયગાળા બાદ ૨૧ સપ્ટેમ્બરથી ગુઆંગઝૌ-નવી દિલ્હી રૂટ પર નિયમિત પ્રવાસી વિમાનસેવા શરૂ કરવાની શનિવારે જાહેરાત કરી હતી.

આ સાથે જ ઍરલાઈન્સ હવે દક્ષિણ એશિયામાં આઠ રૂટ પર દર અઠવાડિયે ૧૦૦ કરતાં પણ વધુ ફ્લાઈટ ઑપરેટ કરશે, એમ ઍરલાઈન્સ દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

ચાઈના સધર્ન ઍરલાઈન્સનું વડું મથક દક્ષિણ ચીનના ગુઆન્ગડૉન્ગ પ્રાન્તના ગુઆંગઝૌમાં છે.

બનવાજોગ ચીનના પ્રમુખ શી જિનપિંગ બ્રિક્સની બેઠકમાં ભાગ લેવા અને દ્વિપક્ષી સંબંધો સુધારવા વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાતચીત (જુઓ પાનું ૨) ▶▶

## હાફિઝ સઈદ પાકિસ્તાનમાં જઃ એનઆઈએએ બીજું વૉરંટ મેળવ્યું

જમ્મુઃ ભારતનો મૉસ્ટ વૉન્ટેડ આતંકવાદી હાફિઝ સઈદ પાકિસ્તાનમાં છે. લશ્કરે તૈયબા (એલઈટી)ના સ્થાપક હાફિઝ સઈદ વિરુદ્ધ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)એ બિનજામીનપાત્ર વૉરન્ટ મેળવ્યું છે.

શસ્ત્રોના પુરવઠા, ભંડોળ અને કેન્દ્રશાસિત જમ્મુમાં કાર્યરત આતંકવાદી જૂથોને આદેશ આપવા સંબંધિત કેસને મામલે એનઆઈએએ હાફિઝ સઈદ વિરુદ્ધ બિનજામીનપાત્ર વૉરન્ટ મેળવ્યું છે. બે મહિનામાં સઈદ વિરુદ્ધ આ બીજું બિનજામીનપાત્ર વૉરન્ટ છે.

એનઆઈએ દ્વારા સઈદ વિરુદ્ધ દાખલ કરવાની અરજીની સુનાવણી કરતાં જમ્મુની વિશેષ અદાલતે ૮ સપ્ટેમ્બરે સઈદ વિરુદ્ધ બિનજામીનપાત્ર વૉરન્ટ જારી કર્યું હતું.

સઈદને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૭૫ અંતર્ગત આતંકવાદી જાહેર કરવામાં આવ્યો હતો. આ વર્ષના આરંભમાં શ્રીનગરની ભાગોળે પાન્ડાચ ખાતે ચેકિંગ (જુઓ પાનું ૨) ▶▶

ભક્તિ, સર્જન, ઉત્સવનો મહાકુંભ
મુંબઈ સમાચાર મહા ગણેશોત્સવ
મુંબઈ સમાચાર સાથે ઉજવો તમારાં ઘરના અનોખા ગણેશોત્સવને...
અને જીતો આકર્ષક ઇનામો!
આ વર્ષે તમારા ઘરમાં બિરાજેલા શ્રી ગણેશજીની સુંદર મૂર્તિ, અનોખું ડેકોરેશન અને ભક્તિભાવથી સજાવેલો પૂજા મંડપનો વીડિયો અમને મોકલો. તમારી સર્જનાત્મકતા અને શ્રદ્ધાને મુંબઈ સમાચાર પહોંચાડશે લાખો વાચકો અને દર્શકો સુધી.
બાપ્પાની દરેક એન્ટ્રીને એક ગિફ્ટ હૅમ્પર તો ખરું જ
બેસ્ટ ઘરગથ્થુ ગણપતિ ડેકોરેશન: પ્રથમ ઇનામ, દ્વિતીય ઇનામ, તૃતીય ઇનામ
બેસ્ટ ક્રિયેટિવ ગણપતિ ડેકોરેશન – ૧ વિજેતા
બેસ્ટ ઈકો-ફ્રેન્ડલી ગણપતિ ડેકોરેશન – ૩ વિજેતા
ટોપ ૧૦ બેસ્ટ ગણેશ પ્રતિમા
ટોપ ૧૦ બેસ્ટ ઈકો-ફ્રેન્ડલી ગણેશ પ્રતિમા
બેસ્ટ થીમ બેઝ ગણપતિ ડેકોરેશન – ૩ વિજેતા
GIFTING PARTNER
HEM® AGARBATTI
આ સ્પર્ધા મુંબઈ અને થાણે પૂરતી સીમિત
ફોટો અને વીડિયો મોકલવાની માર્ગદર્શિકા
- વીડિયો ઓછામાં ઓછો 30 સેકન્ડ અને વધુમાં વધુ ૧થી ૨ મિનિટનો હોવો જોઈએ.
- વીડિયો મોબાઈલથી શૂટ કરેલો હોય તો ફોન ઊભો (Vertical) રાખવો.
- Horizontal વીડિયો માન્ય રહેશે નહીં. • ફોટો અને વીડિયો What'sApp અથવા રજિસ્ટર્ડ ઈ-મેઈલ દ્વારા મોકલવાના રહેશે.
- પાંચ નિષ્ણાત જજોની પેનલ દ્વારા વિવિધ માપદંડોના આધારે વિજેતાઓની પસંદગી કરવામાં આવશે.
- જ્યૂરીનો નિર્ણય અંતિમ અને સર્વમાન્ય રહેશે. • સ્પર્ધાના તમામ નિર્ણય અને હકક મુંબઈસમાચારને આધીન રહેશે
- આવેલા તમામ વીડિયોને મુંબઈસમાચારની ગુજરાતી, મરાઠી, હિંદી અને અંગ્રેજી યુ-ટ્યૂબ ચૅનલ તેમ જ ફોટાને મુંબઈસમાચારમાં **સ્થાન અપાશે.**
દરેક એન્ટ્રી સાથે નીચેની વિગતો મોકલવી જરૂરી રહેશેઃ • ડેકોરેશનની થીમનું નામ • ઈકો-ફ્રેન્ડલી ડેકોરેશન (હા/ના) • ઈકો-ફ્રેન્ડલી ગણેશ મૂર્તિ (હા/ના) • સહભાગીનું પૂરું નામ • મોબાઈલ નંબર • સરનામું
એન્ટ્રી મોકલવાની છેલ્લી તારીખઃ ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૬
વીડિયો મોકલવાનો નંબર અને વેબસાઈટ : +91 70211 15823
https://ganpati.bombaysamachar.com/



## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા
### તા. ૧૩-૯-૨૦૨૬ થી તા. ૧૯-૯-૨૦૨૬

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ સિંહમાંથી કન્યા રાશિમાં તા. ૧૭મીએ પ્રવેશે છે. માર્ગી મંગળ મિથુનમાંથી કર્ક રાશિમાં તા. ૧૮મીએ મધ્યમ ગતિએ પ્રવેશે છે. માર્ગી બુધ કન્યા રાશિમાં મિશ્ર ગતિએ ભ્રમણ કરે છે. ગુરુ કર્ક રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર તુલા રાશિમાં મિશ્ર ગતિએ ભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં વક્રી ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે તા. ૧૪મીએ તુલા રાશિમાં, તા. ૧૬મીએ વૃશ્ચિક રાશિમાં, તા. ૧૮મીએ ધનુ રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. તા. ૧૪, ૧૫, ૧૯ નોકરીના કામકાજમાં સફળતા દર્શાવે છે. મહત્ત્વના વ્યવસાયના નિર્ણયો આ સપ્તાહમાં સ્વતંત્રપણે લઈ શકશો. પ્રવાસ દ્વારા નાણાં ઉઘરાણીના કામકાજ સફળ રહેશે. જૂનાં લેણાંની વસૂલી સફળ રહેશે. બેન્ક લોન મેળવશો. નાણાંની આવકમાં વધારો થાય. મહિલાઓને આ સપ્તાહમાં પતિનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસનો પ્રારંભ કરી શકશે.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નવું રોકાણ શક્ય છે. નોકરી માટે તા. ૧૪, ૧૫, ૧૯ સફળતાસૂચક જણાય છે. સાહસિકતાથી નવા કામકાજનો પ્રારંભ કરી શકશો. મિલકતના નિર્ણયોમાં વિલંબ થાય. પ્રવાસ દ્વારા મહિલાઓના પરિવારના કામકાજ સફળતાથી પૂર્ણ થશે તથા પતિનો સહયોગ પણ નિજી પ્રવૃત્તિઓમાં પ્રાપ્ત કરશો. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે સફળ તક પ્રાપ્ત થતી જણાશે.

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બની રહેશે. નોકરી માટે તા. ૧૪, ૧૬, ૧૭ શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરોમાં વર્ચસ્વ જળવાઈ રહેશે. પ્રવાસ યશસ્વી બની રહેશે. કુટુંબીજનોમાં નાણાવ્યવહાર જળવાઈ રહેશે. પરિવારના કારોબારમાં પ્રગતિ જળવાશે. મહિલાઓને સંતાનની જવાબદારીમાં રાહત જણાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે જરૂરી સાધનો, પ્રોત્સાહન પ્રાપ્ત થશે.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજાર માટે આ સપ્તાહ સફળતા દર્શાવે છે. લે-વેંચના વેપાર લાભદાયી બની રહેશે. તા. ૧૭, ૧૯ શુભ ફળદાયી જણાય છે. મિલકતના નિર્ણયો લઈ શકશો. વાહન, કારોબાર માટે જરૂરી સાધનો મેળવી શકશો. આ સપ્તાહમાં લાંબા અંતરના પ્રવાસો શક્ય જણાય છે. જૂનાં કોર્ટ પ્રશ્નોનો ઉકેલ આવશે. મહિલાઓને પરિવાર માટે કિંમતી ઘરવખરીની ખરીદીમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન સફળતાથી પૂર્ણ કરી શકશે.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. તા. ૧૪, ૧૫, ૧૯ના નોકરીના નિર્ણયો સફળ બની રહેશે. નોકરીના ઉપરી અધિકારીનું માર્ગદર્શન પણ યથાર્થ પુરવાર થશે. ભાઈ-બહેનોનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત કરશો. કિંમતી ચીજો, વાહન, મિલકતની ખરીદી માટે અનુકૂળતાઓ જણાશે. મહિલાઓને પરિવારજનોનો સહયોગ પ્રાસંગિક જવાબદારીમાં પ્રાપ્ત થશે તથા સહપરિવાર, તીર્થયાત્રા પ્રવાસ શક્ય જણાય છે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અધ્યયનના નિર્ણયો સફળ બની રહેશે.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજાર માટે આ સપ્તાહનું કામકાજ સફળતાસૂચક જણાય છે. નોકરી માટે તા. ૧૫, ૧૬, ૧૭ શુભ જણાય છે. રાજકારણ, જાહેર જીવનનાં સેવાકાર્યોમાં સફળતા મેળવશો. નાણાંની આવક જળવાઈ રહેશે. પરિવારના વડીલોની કૃપા મેળવશો. નાણાબચત, નાણાંનાં આયોજનો ઈત્યાદિ સફળતા દર્શાવે છે. મહિલાઓને આ સપ્તાહમાં કુટુંબની પ્રવૃત્તિઓમાં પતિનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસનો પ્રારંભ કરી શકશે.

તુલા (ર, ત)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા પ્રકારના કામકાજનું જ્ઞાન મેળવશો. નવું નાણારોકાણ પણ શક્ય જણાય છે. નોકરી માટે તા. ૧૪, ૧૫, ૧૯ શુભ જણાય છે. નોકરીના નિર્ણયો સરળતાથી લઈ શકશો. વાહન-મિલકત કાર્યાલય માટે જરૂરી સાધનોના નિર્ણયો લઈ શકશો. નવા કામકાજનો પ્રારંભ શક્ય જણાય છે. સંતાન પરિવારના કારોબારમાં જોડાશે. મહિલાઓ પરિવાર માટે યશસ્વી નિર્ણયો લઈ શકશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં શાળા-કોલેજના અભ્યાસમાં પૂર્ણ લક્ષ્ય દાખવી શકશે.

વૃશ્ચિક (ન, ય)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણારોકાણના નિર્ણયોનો અમલ થઈ શકશે. નોકરી માટે તા. ૧૩, ૧૭, ૧૮ શુભ જણાય છે. નોકરીમાં સહકાર્યકરોનો સહયોગ મેળવશો. નાણાઆવકની વૃદ્ધિ થશે. નવા નાણાઆવકનાં સાધનો પણ મેળવશો. પ્રવાસમાં યશસ્વી અનુભવ થાય. કારોબારના મિત્રોનો સહયોગ મેળવશો. મહિલાઓને આ સપ્તાહમાં સંતાનની જવાબદારીમાં રાહત જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં અભ્યાસમાં યશસ્વીપણું અનુભવશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા કામકાજનો પ્રારંભ થાય. શેરબજાર માટે રચનાત્મક અભિગમ ઉપયોગી પુરવાર થશે. તા. ૧૪, ૧૫ ધાર્યા મુજબના નોકરીના નિર્ણયોમાં સફળતા દર્શાવે છે. સાહસિકતાથી નવા કામકાજનો પ્રારંભ કરી શકશો તથા નાણાવ્યવહાર પણ સફળતાથી પૂર્ણ કરી શકશો. મહિલાઓ પરિવારના પ્રસંગોનું આયોજન સફળતાથી કરી શકશે. સ્વાસ્થ્ય જળવાશે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓને સફળતા જણાશે.

મકર (ખ.જ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરી માટે તા. ૧૪, ૧૫, ૧૮ શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરો તથા ઉપરી અધિકારીનો સહયોગ પણ મેળવશો. વૈચારિક મતભેદો દૂર થવાથી ભાગીદાર સાથેના સંબંધોમાં ઊણપ દૂર થશે. મિત્રો કાર્યક્ષેત્રે ઉપયોગી થશે. મહિલાઓને આ સપ્તાહમાં નોકરીના ક્ષેત્રે સફળતા જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે અનુકૂળ નિર્ણયો લઈ શકશે.

કુંભ (ગ, શ, સ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના કામકાજમાં આત્મવિશ્વાસ દૃઢ બનશે. વેપાર લાભદાયી બનશે. નોકરી માટે રચનાત્મક નિર્ણયો લઈ શકશો. તા. ૧૫, ૧૭, ૧૮ નોકરીમાં શુભ પુરવાર થશે. નવા કારોબારનો પ્રારંભ પણ થાય. નાણાઆવક જળવાઈ પરંતુ નાણાખર્ચ પર સાવધાની જરૂરી છે. મહિલાઓને આ સપ્તાહમાં નવા કામકાજના પ્રારંભ માટે પતિનો સહયોગ પ્રાપ્ત થશે. નાણાવ્યવહાર વ્યવસ્થા જળવાઈ રહેશે. વિદ્યાર્થીઓ શિક્ષકોનું માર્ગદર્શન મેળવી શકશે.

મીન (દ, ચ, ઝ, થ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વાયદાના વેપારમાં તથા નાણારોકાણ માટે સફળ નિર્ણયો લઈ શકશો. તા. ૧૪, ૧૭, ૧૮ કાર્યક્ષેત્રે લાભદાયી પુરવાર થશે. નોકરીમાં પણ રચનાત્મક નિર્ણયો લઈ શકશો. નાણાવ્યવહાર જળવાઈ રહેશે. નાણાઆવકના નવા સાધનો મેળવશો. સંતાન પરિવારના કારોબારમાં સામેલ થશે. વિદ્યાર્થીઓ શાળા-કોલેજના અભ્યાસમાં સફળતા અનુભવશે. મહિલાઓને સંતાનની શૈક્ષણિક જવાબદારીમાં સફળતા જણાશે. ■

## આજનું પંચાંગ
### દક્ષિણાયન – સૌર શરદઋતુ,
### રવિવાર, તા. ૧૩–૯–૨૦૨૬, વરાહ જયંતી

ભારતીય દિનાંક ૨૨, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૮
વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮,
ભાદ્રપદ સુદ–૨
જૈન વીર સંવત ૨૫૫૨, માહે ભાદ્રપદ, તિથિ સુદ–૨
પારસી શહેનશાહી રોજ ૩૦મો અનેરાન,
માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
પારસી કદમી રોજ ૩૦મો અનેરાન,
માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
પારસી ફસલી રોજ ૨૭મો આસમાન,
માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
મુસ્લિમ રોજ ૧લો,
માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
મીસરી રોજ ૨જો,
માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
નક્ષત્ર હસ્ત રાત્રે ક. ૧૩–૦૭ સુધી, પછી ચિત્રા
ચંદ્ર કન્યામાં મધ્યરાત્રે ક. ૨૫–૨૫ સુધી, પછી તુલામાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ), તુલા (ર, ત)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૬, સ્ટા.ટા. સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૪, સ્ટા. ટા.
: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :
ભરતી : બપોરે ક. ૧૩–૦૭, મધ્યરાત્રિ પછી ક. ૦૧–૩૭ (તા. ૧૪)
ઓટઃ સવારે ક. ૦૭–૦૧, રાત્રે ક. ૧૯–૨૦

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ – દ્વિતિયા. વરાહ જયંતી, મુસ્લિમ રબી ઉલ આખર માસારંભ, સૂર્ય ઉત્તરાફાલ્ગુનીમાં મધ્યરાત્રે ક. ૨૪–૪૯. વાહન દેડકો (સંયોગિયું નથી). મન્વાદિ.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
મુહૂર્ત વિશેષઃ સર્વદેવ પ્રતિષ્ઠા, ભગવાન સૂર્યનારાયણ દેવતાનું પૂજન વિશેષરૂપે ચંદ્રદેવતાનું પૂજન, જુવારના લાડુનું નૈવેદ્ય ધરાવવું, જુઈનું પુષ્પ પૂજામાં અર્પણ કરવું. પરદેશનું પસ્તાનું, દુકાન, નવા વસ્ત્ર, આભૂષણ, મહેંદી લગાવવી, વિદ્યારંભ, હજામત, અન્નપ્રાશન, પશુ લે-વેંચ, પ્રથમ વાહન, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, ખેતીવાડીનાં કાર્યો, બાળકનું નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન.
આચમનઃ ચંદ્ર–મંગળ ચતુષ્કોણ માથા ફરેલ.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–મંગળ ચતુષ્કોણ. ચંદ્ર ચિત્રાના તારા સાથે યુતિ કરે છે. બુધ હસ્ત પ્રવેશ, સૂર્ય ઉત્તરા ફાલ્ગુની પ્રવેશ
ગ્રહગોચરઃ સૂર્ય–સિંહ, મંગળ–મિથુન, માર્ગી બુધ–કન્યા માર્ગી ગુરુ–કર્ક, શુક્ર–તુલા, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, વક્રી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચૂન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની
### તા. ૧૩–૯–૨૦૨૬ થી તા. ૧૯–૯–૨૦૨૬

રવિવાર, ભાદ્રપદ સુદ–૨, વિ. સં. ૨૦૮૨, તા. ૧૩મી, ઈ. સ. ૨૦૨૬, નક્ષત્ર હસ્ત રાત્રે ક. ૧૩–૦૭ સુધી, પછી ચિત્રા. ચંદ્ર કન્યામાં મધ્યરાત્રે ક. ૨૫–૨૫ સુધી, પછી તુલા રાશિ પર જન્માક્ષર. વરાહ જયંતી, મુસ્લિમ રબી ઉલ આખર માસારંભ, સૂર્ય ઉત્તરાફાલ્ગુનીમાં મધ્યરાત્રે ક. ૨૪–૪૯. વાહન દેડકો (સંયોગિયું નથી). મન્વાદિ. સર્વદેવ પ્રતિષ્ઠા. શુભ દિવસ.

સોમવાર, ભાદ્રપદ સુદ–૩, તા. ૧૪મી, નક્ષત્ર ચિત્રા બપોરે ક. ૧૩–૫૬ સુધી, પછી સ્વાતિ. ચંદ્ર તુલામાં રાશિ પર જન્માક્ષર. હરિતાલિકા તૃતીયા, કેવડા ત્રીજ, ગૌરીવ્રત (ઓરિસ્સા), વિનાયક ચતુર્થી, ગણેશ ચતુર્થી, વરદ્ ચતુર્થી, ચંદ્રાસ્ત રાત્રે ક. ૨૦–૪૪. સૌભાગ્ય ચતુર્થી (બંગાળ), સરસ્વતી પૂજા (ઓરિસ્સા), પારસી ૨જો અર્દીબહેશ્ત માસારંભ, ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૧૯–૨૦. શુભ દિવસ.

મંગળવાર, ભાદ્રપદ સુદ–૪, તા. ૧૫મી, નક્ષત્ર સ્વાતિ બપોરે ક. ૧૫–૨૧ સુધી, પછી વિશાખા. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. સંવત્સરી (ચતુર્થી પક્ષ જૈન), ઋષિ પંચમી, રક્ષા પંચમી (બંગાળ), ગુરુ પંચમી (ઓરિસ્સા), ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૭–૪૪. સર્વદેવ પ્રતિષ્ઠા. શુભ કાર્ય વર્જ્ય છે.

બુધવાર, ભાદ્રપદ સુદ–૫, તા. ૧૬મી નક્ષત્ર વિશાખા બપોરે ક. ૧૭–૨૩ સુધી અનુરાધા. ચંદ્ર તુલામાં સવારે ક. ૧૦–૪૮ સુધી, પછી વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. સંવત્સરી (પંચમી પક્ષ જૈન) મેલાપાટ (કાશ્મીર), વિંછુડો પ્રારંભ સવારે ક. ૧૦–૪૮. બપોરે ક. ૧૨–૨૩ સુધી શુભ કાર્ય વર્જ્ય છે.

ગુરુવાર, ભાદ્રપદ સુદ–૬, તા. ૧૭મી, ૨૦૨૬, નક્ષત્ર અનુરાધા રાત્રે ક. ૧૯–૫૪ સુધી, પછી જયેષ્ઠા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. સૂર્ય ષષ્ઠી, કાર્તિક સ્વામી દર્શન, નિરયન સૂર્ય કન્યા રાશિમાં સવારે ક. ૦૭–૫૧. મું. ૩૦ સામ્યાર્ઘ, સંક્રાંતિ પુણ્યકાળ ૦૭–૫૧ થી ૧૪–૧૫ વિંછુડો, સોમનાથ વ્રત (ઓરિસ્સા), જયેષ્ઠા ગૌરી આહ્વાન, મેલાપાટ (કાશ્મીર), બલરામ જયંતી. શુભ કાર્ય વર્જ્ય છે.

શુક્રવાર, ભાદ્રપદ સુદ–૭, તા. ૧૮મી, નક્ષત્ર જયેષ્ઠા રાત્રે ક. ૨૨–૪૫ સુધી, પછી મૂળ. ચંદ્ર વૃશ્ચિકમાં રાત્રે ક. ૨૨–૪૪ સુધી, પછી ધનુ રાશિ પર જન્માક્ષર. જયેષ્ઠા ગૌરી પૂજન, મહાલક્ષ્મી વ્રતારંભ, લલિતા સપ્તમી (બંગાળ, ઓરિસ્સા), વિંછુડો સમાપ્તિ રાત્રે ક. ૨૨–૪૪. ભદ્રા બપોરે ક. ૧૩–૦૦ થી ૨૬–૧૨. મેલાપાટ (કાશ્મીર), મંગળ કર્કમાં સાંજે ક. ૧૬–૩૨. શુભ દિવસ.

શનિવાર, ભાદ્રપદ સુદ–૮, તા. ૧૯મી, નક્ષત્ર મૂળ મધ્યરાત્રે ક. ૨૫–૪૩ સુધી, પછી પૂર્વાષાઢા. ચંદ્ર ધનુ રાશિ પર જન્માક્ષર. દુર્ગાષ્ટમી, રાધા અષ્ટમી, ધરો આઠમ, દધીચિ જયંતી, જયેષ્ઠા ગૌરી વિસર્જન. સામાન્ય દિવસ. ■

# બ્રિક્સ ચાલુ છે ત્યારે જ અમેરિકા સાથે ભારતના અન્ડરસી કેબલ માટે કરાર

નવી દિલ્હીઃ અહીં બ્રિક્સ સમિટ ચાલી રહી છે ત્યારે જ અન્ડરસી (સમુદ્ર હેઠળના) વૈશ્વિક કેબલ નેટવર્કની સુરક્ષા મજબૂત બનાવવા અમેરિકા-ભારતે હાથ મિલાવ્યા છે.

યુએસ-ઈન્ડિયા ટ્રસ્ટ હેઠળ બંને દેશ વચ્ચેની આ ભાગીદારી સમુદ્રમાં આવેલા નેટવર્કના માળખાની સુરક્ષા પર ધ્યાન કેન્દ્રીત કરશે અને તેનો મુખ્ય આશય મહત્ત્વના ડિજિટલ માળખાનું રક્ષણ કરવાનો અને ઈન્ડો-પેસિફિક વિસ્તારમાં સુરક્ષિત કનેક્ટિવિટીનો વ્યાપ વધારવાનો છે.

આ ભાગીદારી ડિજિટલ હબમાં ભારતની ભૂમિકાને વધુ ટેકો અને પ્રાધાન્ય આપે એવી શક્યતા છે.

ગ્લોબલ ડિજિટલ ઈકોનોમી માટે અન્ડરસી કેબલ નેટવર્ક મહત્ત્વનું છે કેમ કે તે આંતરરાષ્ટ્રીય ઈન્ટરનેટ અને ડેટા ટ્રાફિકનો મોટો હિસ્સો સંભાળે છે જેમાં ક્લાઉડ સર્વિસ, આર્થિક યંત્રણાથી લઈને ટેલીકમ્યુનિકેશન અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવી વિકસતી ટૅક્નોલૉજીનો સમાવેશ થાય છે.

અમેરિકાની સરકારના દસ્તાવેજો મુજબ અન્ડરસી કેબલ નેટવર્ક ગ્લોબલ ડિજિટલ ટ્રાફિકનો ૯૫ ટકા કરતા પણ વધુ હિસ્સો સંભાળે છે.

આ નવી ભાગીદારી હેઠળ ભારત અને અમેરિકા વિશ્વસનીય ટૅક્નોલૉજી પૂરી પાડનારાઓની મદદથી વધુ સુરક્ષિત અન્ડરસી (સમુદ્ર હેઠળના) વૈશ્વિક કેબલ નેટવર્ક વિકસાવવાની દિશામાં કામ કરશે. (એજન્સી) ■

# અખાતના યુદ્ધથી હિતો જોખમાયાંઃ જિનપિંગ

નવી દિલ્હીઃ બ્રિક્સ બેઠકને સંબોધન કરતાં ચીનના પ્રમુખ શી જિનપિંગે શનિવારે કહ્યું હતું કે અખાતનું યુદ્ધ સામાન્ય હિતોનું રક્ષણ નથી કરતું. ઇરાન-અમેરિકા અને રશિયા-યુક્રેન એમ બે યુદ્ધોની પૃષ્ઠભૂમિ વચ્ચે બ્રિક્સ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે.

જિનપિંગે બ્રિક્સના દેશોને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ને મામલે સહકાર વધારવાની અને અન્ય દેશોના સાર્વભોમત્વના ભંગ, અન્ય દેશોની આંતરિક બાબતોમાં દખલગીરીનો વિરોધ કરવાની વિનંતી કરી હતી. (એજન્સી) ■

# બે મલયાલીની હત્યા બદલ અમેરિકામાં ભારતીય મહિલા પકડાઈ

હ્યુસ્ટનઃ બે મિત્રની હત્યા કરવાને મામલે અમેરિકામાં ભારતીય મૂળની મહિલાની ધરપકડ કરવામાં આવી હોવાનાં અહેવાલ છે. કૅલિફોર્નિયામાં બનેલી અલગ અલગ બે ઘટનામાં મહિલાએ એક મિત્રની ચાકુ મારીને તો બીજા મિત્રને કારની અડફેટે લઈને મોતને ઘાટ ઉતાર્યાં હતાં.

પોલીસના જણાવ્યા અનુસાર ભારતીય મૂળની ૩૨ વર્ષની મહિલાને અનિલા બેબી તરીકે ઓળખી કાઢવામાં આવી હતી. અનિલાએ ૯૦ મિનિટના સમયગાળામાં ૩૫ વર્ષની ઍન મેરી મેથ્યુ અને ૩૫ વર્ષની અંજના હરી નામની તેની બે મિત્રની હત્યા કરી હતી.

ઘટનાનો ભોગ બનેલી બે મહિલા અને આરોપી ત્રણે મિત્ર હતાં અને તેમનાં મૂળ કેરલમમાં હોવાનું પોલીસે કહ્યું હતું. ૨૮ ઑગસ્ટે કૅલિફોર્નિયાના સૅન હૉઝે અને મિલપિટાસમાં હત્યાની આ બે ઘટના બની હતી. તપાસકર્તાઓએ બે હત્યાની કડી જોડી કાઢી હતી અને હત્યા કરનારને અનિલા બેબી તરીકે ઓળખી કાઢી હતી.

હત્યાના દિવસે જ અનિલા બેબીની ધરપકડ કરવામાં આવી હતી, એમ પોલીસે કહ્યું હતું. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### પહલગામ હુમલાને

ટાળવામાં આવ્યું હતું. બ્રિક્સના નેતાઓએ સંવાદ અને મુત્સદ્દીગીરી વડે લડાઈનો અંત લાવવાના ભારતના વલણને અનુમોદન આપ્યું હતું. બ્રિક્સમાં કોઈ એક સભ્ય પણ ઘોષણાપત્રને અટકાવી શકે.

ઘોષણાપત્રમાં રશિયાના યુક્રેન સામેના યુદ્ધની ટીકા કરાઈ નહોતી. જો કે, ગાઝા પટ્ટી પર ઇઝરાયલની સતત હિંસાની ટીકા કરાઈ હતી અને પેલેસ્ટાઈનના લોકોની આંકાક્ષાને પરિપૂર્ણ કરવાનો અનુરોધ કરાયો હતો. 'ઉલ્લાસ, ઈનોવેશન, સહકાર અને ટકાઉપણા માટે ઘડતર'ના મથાળાવાળા ૪૫ પાનાના દસ્તાવેજમાં વૈશ્વિક આતંકવાદ, ગેરકાયદે નાણાંનો પ્રવાહ, સાયબર છેતરપિંડી અને સરહદપારની કૌભાંડકારી નેટવર્ક વગેરે સામે બ્લોકે સંગઠિત વલણ અખત્યાર કર્યું હતું. ઘોષણાપત્રમાં સભ્યદેશોએ એકપક્ષી ટૅરિફ. વેપારને સીમિત કરવાના પગલાં અને કાર્બન બોર્ડર એડ્જસ્ટમેન્ટ મેકેનિઝમની જોરદાર આલોચના કરાઈ હતી. બ્રિક્સે કહ્યું હતું કે આવી સંરક્ષણાત્મક અડચણોથી વિકાસશીલ અર્થતંત્રોને નુકસાન થાય છે. બ્રિક્સ દેશોએ ૧૮મી શિખર પરિષદમાં પશ્ચિમની વેપાર અડચણની ટીકા કરી હતી. ઘોષણાપત્રમાં પહેલી વાર કાર્બન બોર્ડર એડ્જસ્ટમેન્ટ મેકેનિઝમનું સીધું નામ લેવામાં આવ્યું હતું. બ્રિક્સના સભ્યદેશોએ વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનમાં જોરદાર સુધારા કરવાની માગણી કરી હતી. ૧૧ દેશના સંગઠને વૈશ્વિક વેપાર સિસ્ટમને નુકસાન પહોંચાડનારાઓ સામે એક સૂરમાં વિરોધ વ્યક્ત કરાયો હતો.

ઘોષણાપત્રના સુરક્ષા પરિણામોની ટોચમાં સભ્યદેશોએ બાવીસ એપ્રિલ ૨૦૨૫ના જમ્મુ અને કાશ્મીરના પહલગામના આતંકવાદી હુમલાની આલોચના કરી હતી. આ હુમલામાં મુખ્યતવે ૨૬ સહેલાણી મરણ પામ્યા હતા અને અનેકને ઈજા થઈ હતી.

બ્રિક્સ ઘોષણાપત્રમાં કહેવામાં આવ્યું હતું કે અમે હુમલાના ધ્યેય અને કોને, ક્યાં અને ક્યારે કર્યો એ ધ્યાનમાં લીધા વગર આ આતંકવાદી કૃત્યને ગુનાહિત અને ગેરવાજબી ગણાવીને તેની જોરદાર આલોચના કરીએ છીએ. ઘોષણાપત્રમાં બૈસરનના ઘાસના મેદાનમાં થયેલા હુમલાનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

આતંકવાદના દરેક સ્વરૂપ અને આવૃત્તિને ડામવાની પ્રતિબદ્ધતા જાહેર કરતા સભ્યદેશોએ સરહદપાર આતંકવાદીની હેરફેર, આતંકવાદને ભંડોળ અને આતંકવાદના સલામત સ્વર્ગને ડામવાનો અનુરોધ કર્યો હતો. ઘોષણાપત્રમાં ભારપૂર્વક કહેવામાં આવ્યું હતું કે આતંકવાદને કોઈ રાષ્ટ્રીયતા, સભ્યતા કે વાંશિક જૂથ સથે સાંકળવો ન જોઈએ. આતંકવાદી પ્રવૃત્તિમાં સંડોવાયેલા બધા અને તેમના ટેકેદારોને આમાં જવાબદાર ઠરાવવા જોઈએ. તેમના પર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાયદાઓ હેઠળ કામ થવું જોઈએ. ભાજપે દિલ્હીના ઘોષણાપત્રને ભારતનો મોટો રાજદ્વારી વિજય ગણાવ્યો હતો. બ્રિક્સના સભ્યદેશોએ સયુક્ત રાષ્ટ્રસંઘના માળખાની અંદર રહીને આંતરરાષ્ટ્રીય આતંકવાદ સામે સર્વગ્રાહી સંધિ કરવાનો આગ્રહ કર્યો હતો. તેમણે યુએન દ્વારા જાહેર કરાયેલા બધા આતંકવાદીઓ અને ત્રાસવાદી સંગઠનો સામે સંગઠિત કાર્યવાહી કરવાનો અનુરોધ કર્યો હતો. (એજન્સી) ■

### ડૉલરની ચૅલેન્જર

કરન્સી યોગ્ય નહીં રહે. નવી દિલ્હીમાં બ્રિક્સ સમિટમાં અપનાવવામાં આવેલ નવી દિલ્હી ઘોષણા ૨૦૨૬, એક સામાન્ય બ્રિક્સ ચલણ અથવા ડોલરના એક વિકલ્પને સમર્થન આપવાથી દૂર રહ્યું છે. તેના બદલે, તે જૂથના ૧૧ સભ્ય વચ્ચે વેપાર અને રોકાણ માટે સ્થાનિક ચલણોના વધુ ઉપયોગને સમર્થન આપે છે.

ઘોષણામાં કહેવામાં આવ્યું છે કે વેપાર સમાધાન અને રોકાણો માટે સ્થાનિક ચલણોનો ઉપયોગ કરવા પર ચર્ચા ચાલી રહી છે. તે ક્રોસ-બોર્ડર ચુકવણી ઉકેલો પર સતત કાર્ય કરવા માટે પણ હાકલ કરે છે જે ઝડપી, ઓછી કિંમત, સુલભ, કાર્યક્ષમ, પારદર્શક અને સલામત હોય. ઘોષણાપત્ર અનુસાર, બ્રિક્સ પેમેન્ટ ટાસ્ક ફોર્સ સભ્ય દેશોની ચુકવણી અને મેસેજિંગ સિસ્ટમ્સને એકબીજા સાથે વધુ સારી રીતે કાર્ય કરવા માટેની રીતોનો અભ્યાસ કરી રહી છે. ટાસ્ક ફોર્સને વ્યવહારિક ક્રોસ-બોર્ડર ચુકવણી વ્યવસ્થા અને રાષ્ટ્રીય ચુકવણી પ્રણાલીઓની આંતર-કાર્યક્ષમતા પર કામ ચાલુ રાખવા માટે કહેવામાં આવ્યું છે.

ઘોષણામાં એમ પણ કહેવામાં આવ્યું છે કે સેટલમેન્ટ અને ડિપોઝિટરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર તકનીકી કાર્ય ચાલુ રહેશે. ■

### ગુઆંગઝૌ–નવી દિલ્હી

કરવા આવ્યા છે તેવા સમયે જ ઍરલાઈન્સ દ્વારા આ જાહેરાત કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૦માં કોવિડ-૧૯ મહામારીને પગલે બંને દેશ વચ્ચેની વિમાનસેવા સસ્પેન્ડ કરવામાં આવી હતી અને ત્યાર બાદ પૂર્વ લદાખમાં બંને દેશની સેના વચ્ચે ચાર વર્ષ કરતાં પણ વધુ સમય માટે સર્જાયેલી અને મડાગાંઠને પગલે આ સેવા ફરી શરૂ જ કરવામાં નહોતી આવી. બંને દેશની સેના વચ્ચે સર્જાયેલી મડાગાંઠનો હજુ ગયા વરસે જ અંત આવ્યો હતો. (એજન્સી) ■

### હાફિઝ સઈદ

દરમિયાન મોહંમદ નકીબ ભટની ધરપકડ સંબંધિત કેસ સંબંધિત અરજીમાં સઈદને પાકિસ્તાનના પંજાબનો રહેવાસી અને ભાગેડુ આરોપી દર્શાવવામાં આવ્યો હતો.

બાટપોરાના રહેવાસી ભટ પાસેથી ચીની બનાવટના ગ્રેનેડ અને ૧૫ જીવંત કારતૂસ જપ્ત કરવામાં આવ્યા હતા. (એજન્સી) ■

### ઈરાન યુદ્ધ

ભાવમાં ભારે ઘટાડો થશે.

તેમણે રાતા સમુદ્રમાં ચાલી રહેલા તણાવ અંગે પણ વાત કરી હતી અને કહ્યું હતું કે યમનના હુતી વિદ્રોહીઓએ અમેરિકાનો સંપર્ક કર્યો છે અને સંકેત આપ્યો છે કે તેઓ વોશિંગ્ટન સાથે સંઘર્ષ ઈચ્છતા નથી.

ટ્રમ્પે કહ્યું કે ''તેઓ અમારી સાથે લડવા માગતા નથી. આ જૂથ મોટાભાગના જહાજોને જળમાર્ગમાંથી પસાર થવા દઈ રહ્યું છે.

ટ્રમ્પે દાવો કર્યો હતો કે અમેરિકાએ આક્રમક નૌકાદળની નાકાબંધી દ્વારા આ વિસ્તાર પર મજબૂત નિયંત્રણ સ્થાપિત કર્યું છે અને દરરોજ લગભગ પચીસ શિપને અટકાવી રહી છે, જેમાંની મોટાભાગની રાત્રે પકડાય છે.

અમેરિકાના પ્રમુખે કહ્યું કે અમેરિકાને અંદાજ હતો કે સંઘર્ષને કારણે તેલના ભાવ વધશે, પરંતુ ઇરાન સાથેનું યુદ્ધ સમાપ્ત થતાં જ ભાવ ઘટશે.

### ભાગીદારીના

હતું. વેપારમાં ઘર્ષણ અને ભૂરાજકીય અસ્થિરતા આર્થિક કટોકટી ઊભી કરી રહી છે ત્યારે બ્રિક્સની બે દિવસની વાર્ષિક શિખર પરિષદનો શનિવારે પ્રારંભ થયો હતો.

મોદીએ બ્રિક્સના માળખા હેઠળ વૈશ્વિક વહીવટ સુધારા માટે દસ મુદ્દાની રૂપરેખા પણ કહી હતી. તેમણે હાલની વૈશ્વિક અને પ્રાદેશિક કટોકટીને લીધે વધતા જોખમને રેખાંકિત કરતા નાવિકોની સલામતી માટે 'નાવિક તત્કાળ સહાય નેટવર્ક' ઊભું કરવાની હિમાયત કરી હતી

મોદીએ આ ટિપ્પણી રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિન, ચીનના પ્રમુખ શી જિનપિંગ, ઇરાનના પ્રમુખ મસુદ પેઝશ્કિયન, દક્ષિણ આફ્રિકાના પ્રમુખ સિરિલ રામફોસા, મલયેસિયાના વડા પ્રધાન અનવર ઈબ્રાહિમ, ઇન્ડોનેશિયાના પ્રમુખ પ્રાબોવો સુબિયાન્ટો, અબુધાબીના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન ઝાયેદ અલ નહયાન અને ઈજિપ્તના પ્રમુખ એબદેલ ફત્તહ અલ-સિસિ જેવા વિશ્વ નેતાઓની હાજરીમાં કરી હતી.

મોદીએ બ્રિક્સ ચાવીરૂપ વૈશ્વિક સંસ્થા તરીકે ઉદય પામી એને બિરદાવ્યું હતું. તેમણે આગામી વીસ વર્ષ માટે આ જૂથના 'નવા અને મહત્ત્વાકાંક્ષી એજન્ડાનો અનુરોધ કર્યો હતો જેથી તે વૈશ્વિક પડકારોનો અસરકારક રીતે સામનો કરી શકે.

રશિયા-યુક્રેન યુદ્ધ, પશ્ચિમ એશિયાની કટોકટી અને ખાસ કરીને હોર્મુઝ સામુદ્રધુની બંધ થવાથી તથા ટ્રમ્પ વહીવટીતંત્રની વેપાર અને ટૅરિફની નીતિની વૈશ્વિક અર્થતંત્ર પર માઠી અસર પડી રહી છે એવા કટોકટીના સમયે બ્રિક્સ શિખર પરિષદ યોજાતી હોવાથી આ પરિષદ અતિ મહત્ત્વની છે.

ભારતે બ્રિક્સના અધ્યક્ષ તરીકે એજન્ડાના કેન્દ્રસ્થાને ગ્લોબલ સાઉથને મૂક્યું છે ભારતે વિકાસશીલ દેશોને યુક્રેન અને પશ્ચિમ એશિયાની લડાઈનાં આર્થિક પરિણામોથી બચાવવા ખાદ્ય પદાર્થો, ઊર્જા અને પુરવઠાની શૃંખલાની સુરક્ષા માટે વ્યવહારુ ઉકેલો શોધવાની કોશિશને આ પરિષદમાં ખાસ સ્થાન આપ્યું છે.

મોદીએ કહ્યું હતું કે હાલની વૈશ્વિક શાસન વ્યવસ્થા એક પિરામિડ જેવી છે જેમાં સત્તા અને નિર્ણય લેવાનું ટોચના દેશોના હાથમાં છે, જ્યારે નીચલા સ્તરે એવા દેશો છે જેમના પર ઉક્ત નિર્ણયોની સૌથી વધારે અસર પડે છે, પરંતુ નિર્ણય લેવાની સત્તા ધરાવતા નથી.

મોદીએ વધુમાં કહ્યું હતું કે આજે ગ્લોબલ સાઉથ વૈશ્વિક કટોકટીમાં આગલી કતાર પર છે, પરંતુ નિર્ણય લેવાની પ્રક્રિયામાં બધાની પાછળ છે. આપણે વિશેષાધિકારના પિરામિડને ભાગીદારીના મંચમાં બદલવો જોઈએ, જેમાં દરેક દેશનો અવાજ હોય અને દરેકની હિસ્સેદારી હોય અને દરેક પ્રયાસ માનવતાનો વિકાસ હોવો ઘટે.

મોદીએ સૂચવ્યું કે બ્રિક્સ દેશો વૈશ્વિક વહીવટ માટે દસ મુદ્દાની રૂપરેખા સંયુક્ત રીતે ઘડે અને આનું માળખું બ્રિક્સની સુધારાની રૂપરેખા હોવી જોઈએ.

આનો રોડમેપ તૈયાર કરવા આપણે ત્રણ મુદ્દા- પ્રતિનિધિત્વ, પ્રતિબદ્ધતા-સંવેદનશીલતા અને ત્રીજો નિયમો બનાવાનો છે. મોદીએ ઉમેર્યું હતું કે આ જૂથની તાકાત વધી રહી છે, પરંતુ બ્રિક્સ પશ્ચિમ દેશોનો વિરોધી નથી. (એજન્સી) ■

### સીમા પર

જોઈએ.

દ્વિપક્ષી સંબંધો સુધારવા સરહદી વિસ્તારમાં શાંતિ અને સ્થિરતા જળવાઈ રહે તે જરૂરી હોવાનું વિદેશ ખાતા દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

ઑગસ્ટ ૨૦૨૫માં તિયાનજિનમાં યોજાયેલી બેઠક બાદ ભારત અને ચીન વચ્ચેના સંબંધમાં સધાયેલી પ્રગતિને બંને દેશના નેતાએ આવકારી હતી.

તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે બંને દેશે વ્યૂહાત્મક અને લાંબાગાળાના સંબંધોને ધ્યાનમાં રાખીને આગળ વધવું જોઈએ.

બંને દેશે અરસપરસ ત્રણ બાબતો પર ધ્યાન રાખવું જોઈએ તેનાં પર મોદીએ ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કે બંને દેશે અરસપરસના આદર, સંવેદનશીલતા અને હિતોનું ધ્યાન રાખવું જોઈએ.

સરહદ પરના વિવાદના મામલે બંને નેતાએ યોગ્ય, ન્યાયી અને એકમેકને સ્વીકાર્ય બને તેવો નિર્ણય લેવા સહમતી દર્શાવી હતી

બ્રિક્સ સમિટમાં ભાગ લેવા જિનપિંગ ભારત આવી પહોંચ્યાના કલાકો બાદ આ બેઠક યોજાઈ હતી. સાત વર્ષ બાદ જિનપિંગની ભારતની આ પ્રથમ મુલાકાત છે.

લદાખમાં સર્જાયેલી મડાગાંઠને પગલે બંને દેશ વચ્ચે ઊભા થયેલા તણાવને પગલે વણસેલા સંબંધો ફરી સામાન્ય કરવા જિનપિંગની ભારત મુલાકાત મહત્ત્વની તક પૂરી પાડશે.

બેઠકના આરંભમાં જ મોદીએ જિનપિંગને આવકારતા કહ્યું હતું કે ભારતમાં તમારું સ્વાગત છે.

ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને ચીનના વિદેશ પ્રધાન વાન્ગ યી વચ્ચે બીજિંગમાં યોજાયેલી વિશેષ વાટાઘાટ સહિત અનેક ઉચ્ચસ્તરીય બેઠકને પગલે જિનપિંગ ભારતની મુલાકાતે આવ્યા છે.

જોકે, અરુણાચલ પ્રદેશ મુદ્દે ચીની સેના દ્વારા અપનાવવામાં આવેલું આક્રમક વલણ ઘેરી ચિંતાનો વિષય બન્યો છે.

ગયા વરસે ૩૧ ઑગસ્ટે ચીનના ટિઆન્જિનમાં યોજાયેલ શાંઘાઈ કૉઓપરેશન ઑર્ગેનાઈઝેશન (એસસીઓ)ની શિખર પરિષદ દરમિયાન મોદી અને જિનપિંગ વચ્ચે વ્યાપક મંત્રણા થઈ હતી.

વર્ષ ૨૦૨૦માં ગલવાન વેલીમાં બંને દેશના સૈનિકો વચ્ચે થયેલી જીવલેણ અથડામણને પગલે સંબંધોમાં ઊભા થયેલા તણાવ બાદ બંને દેશે સંબંધોનાં નવનિર્માણ માટે છેલ્લાં થોડાક મહિનાઓમાં શ્રેણીબદ્ધ પગલાં લીધાં છે.

ડોભાલ અને વાન્ગ યી વચ્ચે યોજાયેલી બેઠકમાં સરહદના સીમાંકન અને વાસ્તવિક અંકુશ રેખા પર શાંતિ જાળવવા એકમેકનો સહકાર મેળવવા અંગે બેઠક યોજાઈ હતી. (એજન્સી) ■

### સઉદીની

હતું. સઉદી વિદેશ મંત્રાલયે આ હુમલા ઇરાકથી આવેલા ડ્રોને કર્યા હોવાનો આક્ષેપ મૂક્યો હતો. સઉદીની સરકારી અખબારી એજન્સીને સઉદીએ કહ્યું હતું કે ઇરાકની સરકાર જરૂરી પગલાં લે એ માટે એને તત્કાળ એનો જવાબ નહીં આપીએ.

ઇરાકી લશ્કરના સરસેનાપતિ અને દેશના વડા પ્રધાન અલી અલ-ઝૈદીએ આ બાબતની તપાસ કરવાનો આદેશ આપ્યો છે. માયસાન પ્રાંતના ઑપરેશન કમાન્ડની તપાસ કરવાના આદેશની સાથે એ પ્રાંતના કમાન્ડરને કાઢી મુકાયા હતા. ઇરાકના સત્તાવાર પ્રવકતા સબાહ અલ-નુમાને કહ્યું હતું કે આ હુમલા ઈરાકમાંથી થયા હતા. સઉદી અરેબિયા અને અમેરિકાએ જુલાઈમાં ઈરાકના ઇરાન સમર્થિત બળવાખોરો પર હુમલો કર્યો હતો એમ મનાય છે કે આ હુમલાનું આયોજન કરીને એને અંજામ આપવામાં ઇરાકી લડાયકોને હુતીએ મદદ કરી હતી. ઇરાક સરકારે બિનસરકારી જૂથોને હથિયાર આપી દેવાની ૩૦ સપ્ટેમ્બરની મહેતલ આપી છે. જોકે શક્તિશાળી લડાયકોએ કહ્યું છે કે અમે હથિયારો નહીં સોંપીએ. હુતીએ જે ટાપુ પર કબજે જમાવ્યો છે ત્યાંથી વિશ્વનો ૧૨ ટકા વેપાર થાય છે. ઇરાને હોર્મુઝ બંધ કર્યું ત્યાર બાદ આ ટાપુ પરના કબજાથી તેલના વૈશ્વિક ભાવમાં ઉછાળો આવશે. (એજન્સી) ■

## મહારાષ્ટ્રમાં એફડીએની મોટી કાર્યવાહી

# ત્રણ મહિનામાં ૧૨ હજારથી વધુ સ્થળોએ તપાસ

મુંબઈ: મહારાષ્ટ્રમાં ખાદ્યપદાર્થોની ગુણવત્તા અને નાગરિકોની સુરક્ષા માટે એફડીએએ જૂનથી ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન રાજ્યભરમાં મોટા પાયે કાર્યવાહી કરી હતી. ૧૧ સપ્ટેમ્બરે જાહેર કરાયેલા આંકડા મુજબ, ત્રણ મહિનામાં ૧૨,૦૮૩ ફૂડ આઉટલેટની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી ૫,૨૬૯ આઉટલેટને સુધારણા નોટિસ ફટકારવામાં આવી હતી, ૬૦૩ના લાઇસન્સ સસ્પેન્શન કરાયા હતા અને રૂ. ૬૭.૨૦ કરોડનો ખાદ્ય જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.

હોટેલ, ભોજનાલય, ઢાબા સહિતના ૧,૮૦૩ આઉટલેટની તપાસ દરમિયાન સ્વચ્છ પાણી અને ડ્રેનેજની અપૂરતી વ્યવસ્થા, કોલ્ડ સ્ટોરેજના નિયમોનું પાલન ન કરવું, જીવાતોનો ઉપદ્રવ, અસ્વચ્છ રીતે ખાદ્યપદાર્થોનો સંગ્રહ તથા કર્મચારીઓની તબીબી તપાસ અને તાલીમમાં ખામીઓ જોવા મળી હતી.

કેટલાક સ્થળોએ કાચું ચિકન ખુલ્લા વાસણોમાં રાખવામાં આવ્યું હતું, જ્યારે કાપેલી શાકભાજી પણ યોગ્ય રીતે સંગ્રહિત નહોતી. ગંદા ફ્લોર, ખરાબ ડ્રેનેજ, દિવાલો પરથી નીકળેલું પ્લાસ્ટર અને વાસણો પર જમા થયેલા ખાદ્ય અવશેષો જેવી સ્થિતિ પણ મળી આવી હતી. ખાસ કરીને કાચા અને તૈયાર ખાદ્યપદાર્થો વચ્ચે દૂષણ ફેલાવાનું જોખમ ચિંતાજનક હોવાનું સામે આવ્યું છે.

પ્રતિબંધિત ખાદ્યપદાર્થો સામે પણ એફડીએએ કાર્યવાહી કરી હતી. પાન મસાલા, ગુટખા, સુગંધિત તમાકુ સહિતના પદાર્થો સાથે જોડાયેલા ૬૪૪ કેસ નોંધાયા હતા, જેમાં ૮૬૭ લોકોની ધરપકડ કરવામાં આવી હતી અને ૧૧૦ વાહનો જપ્ત કરવામાં આવ્યા હતા. આ કાર્યવાહીમાં રૂ. ૧૯.૬૨ કરોડનો માલ જપ્ત થયો હતો.

પ્રાદેશિક સ્તરે પુણેમાં સૌથી વધુ ૪,૨૬૧ તપાસ હાથ ધરવામાં આવી હતી. કોંકણ વિસ્તારમાં રૂ. ૧૪.૬૮ કરોડ અને છત્રપતિ સંભાજીનગરમાં રૂ. ૧૬.૦૧ કરોડનો ખાદ્ય જથ્થો જપ્ત થયો હતો. બૃહન્મુંબઈમાં ૯૭૨ તપાસ દરમિયાન ૧૨૧ લાઇસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા અને રૂ. ૧.૫૪ કરોડનો જથ્થો જપ્ત કરાયો હતો. ■

# ગણેશમૂર્તિના વિસર્જન બાદ મૂર્તિઓ પાછી મેળવીને તેના પર પુનઃ પ્રક્રિયા કરવામાં આવશે

## પાલિકાએ ઈચ્છુક કંપનીઓને આગળ આવવાની કરી અપીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાએ બોમ્બે હાઈકોર્ટના નિર્દેશોને અનુસરીને પ્લાસ્ટર ઓફ પેરિસ (પીઓપી) ગણપતિ મૂર્તિઓના વિસર્જન પછી પુનઃપ્રાપ્તિ, સલામત રીતે તેનો સંગ્રહ, વૈજ્ઞાનિક પ્રક્રિયા અને પુનઃઉપયોગ માટે એક સંકલિત પદ્ધતિ શરૂ કરી છે. પાલિકા પ્રશાસન લગભગ ૨,૮૫૦ મેટ્રિક ટન જેટલું પીઓપી ફરી મેળવ્યા બાદ તેના પર વૈજ્ઞાનિક રીતે પ્રક્રિયા કરીને તેના પુનઃઉપયોગ કરવા માટે એક ઍજન્સીની નિમણૂક કરવાની યોજના ધરાવે છે.

સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસઓપી) હેઠળ મુંબઈના તમામ વોર્ડના આસિસ્ટન્ટ કમિશનરોને ગણેશ મૂર્તિના વિસર્જનના ૨૪ કલાકની અંદર કૃત્રિમ તળાવો, કામચલાઉ ટાંકીઓ અને જળાશયોમાંથી વિસર્જિત કરાયેલી મૂર્તિઓ મેળવવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. ■

વોર્ડ કામગીરી માટે નોડલ કર્મચારીઓ, માનવશક્તિ, ક્રેન અને ઢંકાયેલા વાહનો તહેનાત કરવામાં આવશે અને પુનઃ મેળવેલી મૂર્તિઓને નિયુક્ત મુલુંડ સ્ટોરેજ સુવિધામાં લઈ જઈને ત્યાં તેમનો સંગ્રહ કરવામાં આવશે.

પાલિકાએ આ મૂર્તિઓને વિસર્જન સ્થળોથી પુનઃ મેળવ્યા બાદ તેના પર પ્રક્રિયા કરીને તેના પુનઃઉપયોગ માટે અનુભવી ઍજન્સીઓ અને ટેકનોલોજી પ્રદાન કરનારા પાસેથી એક્સપ્રેશન ઓફ ઈન્ટેરસ્ટ (ઈઓઈ) આમંત્રિત કર્યા છે.

ઍજન્સીઓ કેલ્સિનેશન, રાસાયણિક વિઘટન અથવા અન્ય વૈજ્ઞાનિક રીતે માન્ય અને પર્યાવરણને અનુરૂપ પદ્ધતિઓ જેવી ટૅક્નિકનો પ્રસ્તાવ મૂકી શકે છે.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ પ્રક્રિયા કરેલી સામગ્રીનો ઉપયોગ મૂર્તિ બનાવવા, પ્લાસ્ટર બોર્ડ, સિરામિક્સ, મેડિકલ પ્લાસ્ટર, ઇંટો અને સિમેન્ટ ઉદ્યોગ માટે ફિલર મટિરિયલ તરીકે ફરીથી કરી શકાય છે. જવાબદારી સુનિશ્ચિત કરવા માટે તમામ વોર્ડને તેમના સ્તરે રેકોર્ડ રાખવાની સૂચના આપવામાં આવી છે, જેમાં વજનની એન્ટ્રીઓ અને ફોટોગ્રાફિક અને વિડીયોગ્રાફિક દસ્તાવેજો જાળવવાની સૂચના પણ આપવામાં આવી છે. ઝોનલ ડેપ્યુટી કમિશનરોની દેખરેખ હેઠળ આસિસ્ટન્ટ કમિશનરો દ્વારા દરરોજ કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવશે. આ પ્રક્રિયા માટે પાત્ર ઍજન્સીઓને શોર્ટલિસ્ટ કરવામાં આવશે.

ઈઓઈ સબમિટ કરવાની અંતિમ તારીખ ૨૯ સપ્ટેમ્બર, સાંજે ચાર વાગ્યા સુધી છે. આ પહેલનો હેતુ જળ સંસ્થાઓનું રક્ષણ કરવાનો છે જ્યારે વિસર્જિત કરાયેલી મૂર્તિઓમાંથી પ્લાસ્ટર ઓફ પેરિસ પુનઃ મેળવવા અને તેનો ફરીથી ઉપયોગ કરવાની પર્યાવરણીય રીતે જવાબદાર સિસ્ટમ સ્થાપિત કરવાનો છે. ■

પરદેશ પાર્સલ સેવા
Special Festival Rates
CHIPS LOGISTICS PVT. LTD
INTERNATIONAL COURIER & CARGO
M.98989 05632
M.76000 65632
Free Pickup & Free Packing | Andheri (E), Mumbai

# નવી મુંબઈમાં વીજચોરીના ૭૮ કેસ ઝડપાયા

## ₹૩૧.૩૧ લાખની ચોરીનો પર્દાફાશ

નવી મુંબઈ: આધુનિક શહેર તરીકે ઓળખાતા નવી મુંબઈમાં વીજળીની ચોરી વિરુદ્ધ મહાવિતરણે ઐરોલીમાં વિશેષ અભિયાન હાથ ધર્યું હતું. ઐરોલી ગામ, સાઈનાથવાડી, દેશમુખવાડી, ગોઠવલી અને ઘણસોલીના અનધિકૃત મકાનોમાં હાથ ધરાયેલી તપાસ દરમિયાન ૧૦૫ સ્થળોએ વીજચોરી અથવા વીજવપરાશમાં અનિયમિતતા મળી આવી હતી.

આ પૈકી ૭૮ કેસમાં વીજ અધિનિયમ, ૨૦૦૩ની કલમ ૧૩૫ હેઠળ વીજચોરીની પુષ્ટિ થઈ હતી. કુલ ૧,૪૩,૦૬૩ યુનિટ વીજળીની ચોરી થઈ હોવાનું સામે આવ્યું છે, જેની અંદાજિત કિંમત રૂ. ૩૧.૩૧ લાખ છે. અન્ય ૨૨ કેસમાં વીજચોરીની શંકા વ્યક્ત કરવામાં આવી છે, જ્યારે કલમ ૧૨૬ હેઠળ ત્રણ અને સામાન્ય મૂલ્યાંકનના બે કેસ પણ નોંધાયા છે.

આ કાર્યવાહી ભાંડુપ નાગરી પરિમંડળના મુખ્ય એન્જિનિયર સંજય પાટીલ અને વાશીના અધિક્ષક એન્જિનિયર દીપક પાટીલના નેતૃત્વમાં કરવામાં આવી હતી. અભિયાન માટે સાત વિશેષ ટીમો બનાવવામાં આવી હતી, જેમાં પાંચ કાર્યકારી એન્જિનિયરો સહિત ૫૫થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા. ટીમોએ વીજ કનેક્શન, મીટર અને વીજવપરાશની પદ્ધતિની તપાસ કરી હતી. ■

# મુંબઈમાં રોંગ સાઈડ ડ્રાઈવિંગ પર કડક એક્શન

## ટ્રાફિક પોલીસે ૨૩૦ લાઈસન્સ રદ કરવાની ભલામણ કરી

મુંબઈ: મુંબઈ શહેરમાં રોંગ સાઈડ ડ્રાઈવિંગ કરનારા વાહનચાલકો વિરુદ્ધ ટ્રાફિક પોલીસે કડક વલણ અપનાવ્યું છે. હવે વિરુદ્ધ દિશામાં વાહન ચલાવનારા પર ફક્ત દંડ જ નહીં પરંતુ ડ્રાઈવિંગ લાઇસન્સ પણ રદ કરવામાં આવશે. ટ્રાફિક પોલીસે છેલ્લા દોઢ મહિનામાં નિયમ તોડનારા લગભગ ૨૩૦ વાહનચાલકોના લાઇસન્સ રદ કરવાની ભલામણ કરી છે. દરરોજ ૧,૧૦૦ થી ૧,૨૦૦ વાહન ચાલકોને પકડવામાં આવી રહ્યા છે. જેમાં દ્વિચક્રી વાહનોની સંખ્યા સૌથી વધારે છે.

પોલીસના જણાવ્યા અનુસાર રોંગ સાઈડ ડ્રાઈવિંગના કારણે અકસ્માતનું જોખમ વધી જાય છે. આંકડાઓ અનુસાર વર્ષ ૨૦૨૪ માં રોંગ સાઈડમાં વાહન ચલાવવાના ૧૨,૭૯૪ મામલા નોંધવામાં આવ્યા હતા. ૨૦૨૫ માં આ સંખ્યા ૧૧,૭૧૧ જેટલી રહી હતી. વર્ષ ૨૦૨૬ માં ૩૦ જૂન સુધીમાં ૧૧,૫૭૯ મામલા સામે આવ્યા હતા. જ્યારે જુલાઈના અંત સુધીમાં આ આંકડો વધીને ૧૬,૭૭૮ થઈ ગયો હતો. ૯ સપ્ટેમ્બર સુધીમાં કુલ ૨૮,૬૦૦ મામલા પર કાર્યવાહી કરવામાં આવી હતી.

૯ સપ્ટેમ્બર સુધી સામે આવેલા ૨૮,૬૦૦ મામલામાં સમગ્ર ૨૦૨૫ના વર્ષમાં નોંધાયેલા ૧૧,૭૧૧ મામલાની તુલનામાં ૧૬,૮૮૯ જેટલા વધારે છે. એટલે કે આ વર્ષે અત્યારસુધીમાં રોંગ સાઈડ ડ્રાઈવિંગના મામલા ગયા વર્ષની તુલનામાં લગભગ ૨.૪૪ ગણા થઈ ગયા છે. જુલાઈ દરમિયાન જ ૫,૧૯૯ નવા મામલા જોડાયા હતા. અંધેરીના અંબોલી વિસ્તારમાં વિરુદ્ધ દિશામાંથી આવતી બાઇક સાથે અથડાતા આઠ વર્ષીય બાળકી ગંભીરરીતે ઈજાગ્રસ્ત થવાની ઘટના બાદ પોલીસે આ અભિયાન ઝડપી બનાવી દીધું હતું. ત્યારબાદ ચારરસ્તા, ફલાયઓવર અને સર્વિસ રોડ જેવા સંવેદનશીલ સ્થળોએ નિરીક્ષણ વધારવામાં આવ્યું છે.



# ક્ષમાથી મોટું કોઈ દાન નથી.-લાલુભાઈ

## પ્રભુ પાર્શ્વનાથના દસ ભવની ગાથા કહેતી ફિલ્મ 'ક્ષમા વિરસ્ય ભૂષણમ્'

આ વર્ષના પર્યુષણ પર્વની સમાપ્તિ નિમિત્તે શ્રી અજય શેઠ, ક્વેસ્ટ ફાઉન્ડેશન, મુંબઈના સૌજન્યથી, ગુરુવાર, તારીખ ૧૭ સપ્ટેમ્બરના સાંજે૭.૦૦ કલાકે "બહુરંગી સેન્ટર ઑફ પર્ફોર્મિંગ આર્ટ્સ" સંચાલિત "એમકેઇએસ સાંસ્કૃતિક કેન્દ્ર" મલાડ દ્વારા જગમોહનદાસ ગોકુળદાસ મેમોરિયલ હોલમાં "મિચ્છામી દુક્કડમ્"નો પ્રસંગ આયોજિત કરવામાં આવ્યો છે. આ પ્રસંગે જૈનોના તીર્થંકર ભગવાન પાર્શ્વનાથના ૧૦ ભવની ઝાંખી કરાવતી નૃત્ય નાટિકા "ક્ષમા વિરસ્ય ભૂષણમ્" ફિલ્મ રૂપે મોટા પડદા પર બતાવવામાં આવશે. જાણીતા જૈન સ્તવનકાર સ્વ. શ્રી શાંતિલાલ શાહના પૌત્ર, રાગા પીયાનિષ્ટ અને સંગીતકાર શ્રી દિપક શાહ દ્વારા નિર્માણ પામેલી અને પ્રીતિ દિપક શાહના દિગ્દર્શનમાં રજૂ થનાર આ ફિલ્મના માધ્યમથી ભગવાન પાર્શ્વનાથજીના ૧૦ ભવમાં એમના પર થયેલા અત્યંત ક્રૂર પ્રસંગોને વર્ણવ્યા છે તેમ છતાં પ્રભુએ સર્વદુષ્ટ જનોને ક્ષમા બક્ષી. ભવ ભવના બંધનો તોડી કઈ રીતે તીર્થંકર પદ પામ્યા તેની રજૂઆત ફિલ્મના માધ્યમ થકી કરવામાં આવી છે. અમેરિકામાં વસતા સાધર્મિક જૈન સમાજ માટે બનાવવામાં આવેલી આ કૃતિ જૈન અને જૈનેતર સમાજને માટે દૃષ્ટાંતરૂપ છે. મારી ભલામણ છે કે આ પ્રસંગ ચૂકવા જેવો નથી. વધુ વિગતો અને પ્રવેશ માટે સંપર્ક: કાજલ શાહ - 9870777441

# પુણેના બુધવાર પેઠમાંથી ચાર ટ્રકમાં ભરેલું પનીર જપ્ત કરાયું

મુંબઈ: ગણેશોત્સવ દરમિયાન મીઠાઈઓ, મોદક અને પેંડાની માંગમાં નોંધપાત્ર વધારો થાય છે, જેમાં માવો અને પનીરનો બહોળા પ્રમાણમાં વપરાય છે. તહેવારોની સીઝન દરમિયાન ડેરી પ્રોડક્ટ્સમાં ભેળસેળ રોકવા માટે ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશને સમગ્ર શહેરમાં ખાસ તપાસ ઝુંબેશ શરૂ કરી હતી. એ અંતર્ગત બુધવાર પેઠમાં એફડીએ અધિકારીઓની મોટી ટીમ તૈનાત કરવામાં આવી હતી.

તેમણે માલસામાન અને કાગળોની તપાસ કર્યા બાદ ચાર ટ્રકોમાં સંગ્રહિત પનીરનો જથ્થો જપ્ત કર્યો હતો. અધિકારીઓએ પનીર સુરક્ષિત અને સારી ગુણવત્તાનું છે કે નહીં, તેમજ તેમાં કોઈ ભેળસેળ છે કે નહીં તે ચકાસવા માટે લેબોરેટરીમાં ટેસ્ટિંગ અર્થે સેમ્પલ લીધા હતા. લેબોરેટરીનો રિપોર્ટ આવ્યા પછી જવાબદાર લોકો સામે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

એફડીએ ની ટીમ આટલો મોટો પનીરનો જથ્થો ક્યાંથી આવ્યો હતો, તેને મોકલનાર કોણ હતો અને તેને શહેરમાં ક્યાં વેચવાનો પ્લાન હતો તેની તપાસ કરી રહી છે. અધિકારીઓને શંકા છે કે આ પનીરનો જથ્થો બીજા કોઈ રાજ્યમાંથી પુણે લાવવામાં આવ્યો હશે. ■

# જમીન વિવાદમાં વેન ઘરમાં ઘૂસી ગઈ: મહિલાનું મોત

અકોલા: જમીનના ઝઘડામાં એક વ્યક્તિએ ઘર પર વારંવાર ગાડી ચઢાવી દેતાં ૭૦ વર્ષના એક વૃદ્ધાનું મોત અને બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ ઘટના નાગપુરથી ૨૫૦ કિમીથી વધુ દૂર આવેલા બાર્શિતળકી તાલુકાના જામવાસુ ગામમાં શુક્રવારે સવારે લગભગ ૮.૩૦ વાગ્યે બની હતી. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, મૃતક વૃદ્ધાની ઓળખ સોનીબાઈ જાદવ (૭૦) તરીકે થઈ છે.

જાદવ પરિવાર ૧૦ સપ્ટેમ્બરના રોજ 'પોળા' ઉત્સવ નિમિત્તે ભેગો થયો હતો, ત્યારે તેમના અને પડોશમાં રહેતા આરોપી બાબન ઘુગે (૪૨) ના પરિવાર વચ્ચે જમીનને લઈને સામાન્ય બાબતમાં વિવાદ થયો હતો. બંને પરિવારો બાર્શિતળકી પોલીસ સ્ટેશને પણ ગયા હતા. બીજી સવારે, જ્યારે સોનીબાઈ જાદવ અને તેમના પરિવારના સભ્યો ઘરમાં હતા, ત્યારે બાબન ઘુગેએ પોતાની બોલેરો પિક-અપ વાન સોનીબાઈના ઘર પર ઓછામાં ઓછી ચાર વખત ચઢાવી દીધી હતી. અધિકારીએ જણાવ્યું કે, ગંભીર રીતે ઘવાયેલા વૃદ્ધાનું અકોલાની એક ખાનગી હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું. જ્યારે તેમના પરિવારના અન્ય બે સભ્યો ઈજાગ્રસ્ત થયા હતા. આરોપી બાબન ઘુગે (૪૨) ને પણ ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેની અકોલા જિલ્લા સામાન્ય હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ■

# દહિસર-ભાયંદર લિંક રોડનું કામ ડિસેમ્બર ૨૦૨૮ સુધીમાં પૂર્ણ થશે

## મુંબઈથી મીરા-ભાયંદર વધુ ઝડપે પહોંચી શકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ કોસ્ટલ રોડ(દક્ષિણ)ને મુંબઈગરા માટે ખુલ્લો મૂક્યા બાદ હવે મુંબઈ મહાનગરપાલિકાએ મુંબઈ કોસ્ટલ રોડ(ઉત્તર)નું કામ હાથમાં લીધું છે. આ મેગા પ્રોજેક્ટ ઈન્ટરચેન્જ અને લિંક રોડ સહિત ૬૦ કિલોમીટરનો હોઈ વર્સોવા અને ભાયંદર બંને કોસ્ટલ રોડથી જોડાઈ જશે. આ પ્રોજેક્ટનું કામ સાત તબક્કા (પૅકેજ)માં કરવામાં આવી રહ્યું છે, જે અંતર્ગત દહિસર-ભાયંદર લિંક રોડનું કામ ડિસેમ્બર ૨૦૨૮ની સાલ સુધીમાં પૂર્ણ કરવાનું પાલિકાનું આયોજન છે.

પાલિકાના એડિશનલ કમિશનર (પ્રોજેક્ટ) અભિજિત બાંગરે દહિસર-ભાયંદર લિંક રોડ (પૅકેજ-સેવન) અંતર્ગત મિરા-ભાયંદર મહાનગરપાલિકા હદમાં ભાયંદર ઈન્ટચેન્જના પ્રોજેક્ટ સાઈટની મુલાકાત લઈને કામનો અહેવાલ લીધો હતો અને આવશ્યક નિર્દેશ આપ્યા હતા. દહિસર-ભાયંદર લિંક રોડ એ મુંબઈ અને મિરા-ભાયંદર પરિસર વચ્ચે મહત્ત્વનો પ્રોજેક્ટ હોઈ તેનું કામ હાલ ચાલી રહ્યું છે. આ લિંક રોડને કારણે દહિસર (પશ્ચિમ)થી ભાયંદર (પશ્ચિમ) વચ્ચે સીધો અને ઝડપી રસ્તો નિર્માણ થશે. આ રોડ પ્રોજેક્ટની કુલ લંબાઈ લગભગ ૫.૧૩૫ કિલોમીટરની છે, જેમાં એલિવેટેડ રોડ, મેનગ્રોવ્ઝ વિસ્તારમાથી રસ્તો પસાર થશે. ખાડી પર એલિવેટેડ રોડ, લિંક રોડ અને ઈન્ટરચેન્જ સહિત ફ્લાયઓવર જેવા વિવિધ ઍન્જિનિયરિંગ બાંધકામનો સમાવેશ થાય છે.

દહિસ-ભાયંદર લિંક રોડ પ્રોજેક્ટમાં લગભગ ૩.૮૩ કિલોમીટર લંબાઈ અને ૪૫ મીટર પહોળાઈનો મુખ્ય એલિવેટેડ રોડ મુંબઈ કોસ્ટલ રોડ (ઉત્તર)નો અંતિમ ભાગ છે. શનિવારે એડિશનલ કમિશનર અભિજિત બાંગરે સાઈટ પર અધિકારીઓને અમુક નિર્દેશ આપ્યા હતા. હાલમાં ગૅબિયન દીવાલનું કામ ચાલી રહ્યું છે. તેમ જ પૂલના પાયાભરણી માટે પાઈલ્સ (ઊંડો પાયો) અને તેના પર પાઈલ કૅપ તૈયાર કરવાનું કામ ચાલી રહ્યું છે, જેમાં ૬૦ પાઈલ, પાંચ પાઈલ કેપ, પૂલના ચાર પિલર, પૂલના બાંધકામના ભાગ (સેગમેન્ટ) જેવા કામ પૂરા થઈ ગયા છે. તેમ જ વક સાઈટ પર અત્યાધુનિક મશીન અને સામન ઉપલબ્ધ હોઈ તાત્પૂરતું પૂલ માટે પ્રવેશ માટે યંત્રણા ચાલુ છે. ઑક્ટોબર મહિનાના બીજા અઠવાડિયામાં ગર્ડર લૉન્ચિંગનું કામ શરૂ કરવામાં આવશે. ■

હાલાઈ લોહાણા મરણ



**પ્રકાશભાઈ બુધ્ધિદાસ ઠક્કર (ઉ.વ.૭૩)**


પોરબંદર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. ભાનુમતિ બુધ્ધિદાસ ઠક્કર (મદલાણી) ના સુપુત્ર ચિ. પ્રકાશભાઈ (ઉ.વ. ૭૩) તે મીનાબેનના પતિ, પુનીત અને પાયલના પિતાશ્રી, ચિ. મનસ્વી તથા નિરજકુમાર સામાણીના સસરા, ચિ. સીમોની અને અયાનના દાદા, ચિ. રોહનના નાના, ચેતન અને સ્વાતિ નીતિન જોબનપુત્રાના મોટા ભાઈ, સ્વ. શંકરભાઈ, સ્વ. મનોજભાઈ, અરૂણભાઈ, સ્વ. સુર્યકાન્તભાઈના ભત્રીજા, સ્વ. સાવિત્રીબેન દામજીભાઈ નથવાણીના જમાઈ (પુના) તા. ૧૧-૯-૨૦૨૬ ના શુક્રવાર ના શ્રીજી ચરણ પામેલ છે. તેમની પ્રાર્થના સભા તા. ૧૩-૯-૨૦૨૬ ના રવિવાર સાંજે ૪.૩૦ થી ૬.૩૦ વાગ્યે રાખેલ છે.

સ્થળ : ઝવેરબેન પોપટલાલ સભાગૃહ, ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઈસ્ટ)

ઠક્કર પરિવારના જય શ્રીકૃષ્ણ

# ગોરેગામમાં મિત્રએ કરેલી મારપીટમાં યુવકનું મૃત્યુ


મુંબઈ: કપડાં અને અન્ય વસ્તુઓનો પૂછ્યા વિના ઉપયોગ કરવા બદલ ગિન્નાયેલા મિત્રએ કરેલી બેરહેમીથી મારપીટને કારણે યુવકનું મોત નીપજ્યું હોવાની ઘટના ગોરેગામમાં બની હતી.ગોરેગામ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે મૃતકની ઓળખ સૂરજ શંકર ડોલે (૨૬) તરીકે થઈ હતી. મીરા રોડમાં રહેતો ડોલે ગોરેગામમાં પ્રાણીઓની સંભાળ રાખવાના ક્ષેત્રમાં કાર્યરત હતો. ગોરેગામ પશ્ચિમમાં એસ. વી. રોડ પાસે આવેલા કિંગ્સ સ્ટુડિયોઝ નજીક શુક્રવારે આ ઘટના બની હતી. બાબાસાહેબ ઉર્ફે સુબોધ ભીમરાવ વાઘમારે (૨૬) ડોલેનો મિત્ર અને સહકર્મચારી હતો. (પીટીઆઈ) ■



YOUR BELONGINGS ARE IN SAFE HANDS.
Whether you're an individual who's migrating for work, or a business that's looking to expand, we have storage solution for everyone. No matter how big or small a space you need, we'll always be there for you.
Doorstep & 24x7 Hrs Customer Support
Local Domestic & International Moving
Customized Packaging Support
Storage Insurance Cover
GURUKRUPA™
STORAGE & SHIFTING SOLUTIONS
अमानत आपकी. ज़िम्मेदारी हमारी.
CONTACT US
98215 30702 | 93202 54460
To know more, visit :
www.gurukrupastoragesolutions.com

## દ્વિતીય પુણ્યતિથીએ ભાવભીની શ્રદ્ધાંજલી

જન્મ 03-11-1937     સ્વર્ગવાસ 13-09-2024



**શ્રીમાન હરકિશન મણિલાલ ઠક્કર**

તમારી છત્રછાયાનો અહેસાસ
આજે ય છે સૌથી ખાસ
દેખાતા નથી તમે ક્યાંય
પણ તમારા આશીર્વાદ છે અમારી આસપાસ

શ્રધ્ધાસુમન

| | | |
|---|---|---|
| પત્ની | :- | સ્વ. પ્રવિણાબેન |
| પુત્ર | :- | ભરતભાઈ |
| પુત્રવધુ | :- | વંદનાબેન |
| દિકરી | :- | નિશાબેન, રૂપલબેન |
| જમાઈ | :- | દિપેશભાઈ, હિમાંશુભાઈ |
| પૌત્રી - જમાઈ | :- | કિંજલ-રૂષભકુમાર શાહ, માનસી પાર્થકુમાર જોગી |
| પૌત્ર | :- | પાર્થ |
| દોહિત્રી - જમાઈ | :- | જીનલ સુરેશકુમાર બોમીશેટ્ટી |
| દોહિત્ર | :- | જીગર, રાહિલ |
| પરદોહિત્ર | :- | રેયાંશ |
| સસુરપક્ષ | :- | સ્વ. કાંતિલાલ લઘુભાઈ વસા |

રૂપા એક્સપોર્ટ પ્રા. લિ. મુંબઈ

# આજથી માઉન્ટ મેરી જાત્રા માટે બેસ્ટની વધારાની ૨૨૬ બસસેવા

## બાંદ્રા સ્ટેશનથી માઉન્ટ મેરી ચર્ચ દરમ્યાન સ્પેશ્યલ બસસેવા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુસાફરોની વધતી ભીડને ધ્યાનમાં રાખીને બાંદ્રા સ્ટેશન અને માઉન્ટ મેરી ચર્ચ વચ્ચે ખાસ બસ દોડવવાનો નિર્ણય બૃહન્મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય ઍન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) બેસ્ટ દ્વારા લેવામાં આવ્યો છે.

બેસ્ટે ૨૨૬ વધારાની બસ ચલાવવાનો નિર્ણય લીધો છે. ૧૩ સપ્ટેમ્બરથી શરૂ થનારી આ યાત્રા ૨૦ સપ્ટેમ્બર સુધી ચાલુ રહેશે અને આ સમયગાળા દરમ્યાન મુસાફરોની સુવિધા માટે ખાસ બસ સેવાઓ પૂરી પાડવામાં આવશે. યાત્રા દરમ્યાન માઉન્ટ મેરી ચર્ચ અને 'ફાધર એગ્નેલ આશ્રમ' વિસ્તારમાં શ્રદ્ધાળુઓની મોટી ભીડ રહે છે. તેથી ચર્ચ સુધી સીધી બસો ચલાવવાનું શક્ય ન હોવાથી બાંદ્રા રેલ્વે સ્ટેશન (પશ્ચિમ) અને હિલ રોડ વિસ્તાર વચ્ચે વધારાની બસો ચલાવવામાં આવશે. ઉપરાંત, બાંદ્રા વિસ્તારના અન્ય રૂટ જેમ કે એ- ૨૦૨, ૩૨૧ લિમિટેડ, એ-૩૭૫, એ- ૪૨૨ અને એસી ૭૧ પર જરૂરિયાત મુજબ બસ સેવાઓ વધારવામાં આવશે. માઉન્ટ મેરી યાત્રા દરમ્યાન બાંદ્રા સ્ટેશન અને માઉન્ટ મેરી ચર્ચ ખાતે મુસાફરોને યોગ્ય માર્ગદર્શન અને સહાય પૂરી પાડવા માટે બેસ્ટ ખાસ બેસ્ટ ઈન્સ્પેક્ટરો અને ટ્રાફિક અધિકારીઓની નિમણૂક કરશે. આ અધિકારીઓ ભીડનું આયોજન, ટ્રાફિક નિયંત્રણ અને મુસાફરોને માહિતી પૂરી પાડવા માટે જવાબદાર રહેશે. ■

# ગુટકાની હેરફેર કરનારાં પાંચ વાહન પકડાયાં: નવ આરોપીની ધરપકડ

મુંબઈ: ગુટકાની હેરફેર માટે ઉપયોગમાં લેવાતાં પાંચ વાહન પર કાર્યવાહી કરી ભાંડુપ પોલીસે ૨૦.૨૧ લાખ રૂપિયાનો ગુટકા-સુગંધી સોપારીનો જથ્થો જપ્ત કર્યો હતો. વાહનોને જપ્ત કરી પોલીસે નવ આરોપીની ધરપકડ કરી હતી. મળેલી માહિતીને આધારે પોલીસે નાહુર પરિસરમાં મહાનગરપાલિકા પાર્કિંગ વિલેજ રોડ ખાતે શનિવારના મળસકે સાડાચાર વાગ્યાની આસપાસ પોલીસે કાર્યવાહી કરી હતી. એક કન્ટેનર, બે ટેમ્પો, એક બોલેરો, એક પિકઅપ ઘટનાસ્થળેથી જપ્ત કરાઈ હતી. આ વાહનોમાંથી ૨૦.૨૧ લાખ રૂપિયાનો ગુટકા અને સુગંધી સોપારી જપ્ત કરાઈ હતી. વાહનો અને ગુટકા મળી અંદાજે ૧.૧૮ કરોડ રૂપિયાની મતા જપ્ત કરવામાં આવી હતી. પકડાયેલા નવ આરોપી વિરુદ્ધ ભાંડુપ પોલીસે ગુનો નોંધ્યો હતો. ■

# સંસ્થા સમાચાર

## ઘાટકોપરમાં ૧૧ હજાર ભાવિકોના સામૂહિક સંવત્સરી પ્રતિક્રમણ

મુંબઇઃ પર્યુષણ મહાપર્વ નિમિત્તે તા.૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ઘાટકોપરમાં રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યમાં અનેક આધ્યાત્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૮:૩૦ વાગે પરમ ગુરુદેવ ક્ષમાપના વિષય પર વિશેષ બોધ આપશે. બપોરે ૩:૦૦ થી ૫:૦૦ કલાક દરમિયાન 'બંધ આંખે અંતરની આલોચના'નો એક વિશેષ કાર્યક્રમ યોજાશે. જેમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ રાષ્ટ્રસંત પરમ ગુરુદેવના શ્રીમુખેથી પોતાના અનંત ભવોની આલોચના કરી, દેશ-વિદેશમાં લાખો ભાવિકો શ્રાવક દીક્ષા અંગિકાર કરી આ દુર્લભ માનવ ભવને સાર્થક કરશે.

સાંજે ૬:૩૦ કલાકે ભવ્ય સામૂહિક સંવત્સરી પ્રતિક્રમણ યોજાશે. જેમાં ૧૧,૦૦૦ શ્રાવક-શ્રાવિકાઓ એકસાથે પ્રતિક્રમણ કરીને પોતાના ક્ષમાયાચના કરશે તથા પરસ્પર ક્ષમાભાવ કેળવશે.

આ કાર્યક્રમ સમસ્ત ઘાટકોપર સ્થાનકવાસી જૈન સંઘ, જૈન જાગૃતિ સેન્ટર, કાઠિયાવાડી સમાજ તથા ઝાલાવાડ સમાજના સહયોગથી યોજાયો છે.



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓનાં નામ | ખર્ચ (રૂ.) |
|---|---|
| ૧) અબ્દુલ ફરીદ શેઈખ | ૧,૫૦,૦૦૦ |
| ૨) શર્મિલા ખાતુન | ૧,૦૦,૦૦૦ |
| ૩) બિંદુ દેવી | ૧,૫૦,૦૦૦ |
| ૪) જ્યોતિ દેવી | ૨૫,૦૦૦ |
| ૫) મણિકા ગોયલ | ૧,૫૦,૦૦૦ |
| ૬) સરજુલ ખાન | ૧,૫૦,૦૦૦ |
| ૭) સંધ્યારાણી સાઉ | ૨,૦૦,૦૦૦ |
| ૮) નજરૂલ હક | ૨,૦૦,૦૦૦ |
| ૯) રીટા દેવી | ૫૦,૦૦૦ |
| ૧૦) ચમેલી દેવી | ૨૫,૦૦૦ |
| ૧૧) શર્મિલા | ૧,૦૦,૦૦૦ |
| ૧૨) દ્વિપેન બર્મન | ૧,૫૦,૦૦૦ |
| ૧૩) કુમારી રંજના | ૨,૫૦,૦૦૦ |
| ૧૪) નફીઝા બીબી | ૫૦,૦૦૦ |
| ૧૫) સાફીદા ખાતુન | ૧,૫૦,૦૦૦ |

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | |
|---|---|
| ૧૬) દેવાંશ અજિક્ય પાટીલ | ૨,૦૦,૦૦૦ |
| ૧૭) અદનાન સરફરાઝ અન્સારી | ૮,૦૦,૦૦૦ |
| ૧૮) બજરંગી કુમાર સંતુ રઝાક | ૪,૫૦,૦૦૦ |

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ સાયન હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | |
|---|---|
| ૧૯) અવિનાશ શંકર પગારે | ૩,૦૦,૦૦૦ |

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ જીવન જ્યોત હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | |
|---|---|
| ૨૦) ગીતા સુવર્ણા | ૧,૦૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામુંઃ- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફલેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

# મુંબઈના દરિયાકાંઠે ડીઝલની દાણચોરીની આશંકા, કોસ્ટ ગાર્ડે જહાજ જપ્ત કર્યું

મુંબઈઃ ભારતીય કોસ્ટ ગાર્ડએ મુંબઈના દરિયાકાંઠે ડીઝલની દાણચોરીમાં સંડોવણીની આશંકા ધરાવતા એક જહાજને અટકાવી તેની તપાસ દરમિયાન રોકડ રકમ અને ગેરકાયદેસર દારૂ જપ્ત કર્યો હોવાનું જણાવ્યું હતું.

એક ઓફશોર ઓઇલ રિગ નજીક અનધિકૃત પ્રવૃત્તિઓ અંગે ગુપ્ત માહિતી મળ્યા બાદ કોસ્ટ ગાર્ડે પોતાના એડવાન્સ્ડ ઓફશોર પેટ્રોલ વેસલને ઘટનાસ્થળે રવાના કર્યું હતું. કોસ્ટ ગાર્ડે જણાવ્યું હતુ કે, અંધારાના સમયે શંકાસ્પદ જહાજને અટકાવી તેમાં સવાર લોકોને કાબૂમાં લીધા બાદ તેની વ્યાપક તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન જહાજમાંથી ગેરકાયદેસર દારૂ તેમજ છુપાવવામાં આવેલી અને હિસાબમાં ન દર્શાવાયેલી આશરે ૧૦ લાખ રૂપિયાની રોકડ રકમ મળી આવી હતી. છ ક્રૂ સભ્યો સાથેના આ જહાજને મુંબઈ હાર્બર સુધી લઈ જવામાં આવ્યું હતું. શંકાસ્પદ દાણચોરીના આ સમગ્ર નેટવર્ક પાછળ કોણ છે અને તેની સાથે અન્ય કોણ સંકળાયેલું છે તે જાણવા માટે વિવિધ એજન્સીઓ દ્વારા સંયુક્ત તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# મુંબઈ-ગોવા હાઈવે પર ભયંકર ટ્રાફિક જામ! કલાકો સુધી અટવાયા ગણેશભક્તો, મુસાફરી કરતાં પહેલાં ચેક કરો વૈકલ્પિક માર્ગો

મુંબઈઃ ગણેશોત્સવને ગણતરીના દિવસો બાકી રહ્યા છે કે મુંબઈ, થાણે અને પુણેથી ગણેશભક્તો મોટી સંખ્યામાં પોતાના વતન કોંકણમાં ઉજવવા માટે નીકળી પડ્યા છે, જેને કારણે મુંબઈ-ગોવા નેશનલ હાઈવે (ગઇં-૬૬) પર ભારે ટ્રાફિક જામની સ્થિતિ પેદા થઈ છે. હજારો ખાનગી વાહનો, એસટી બસો અને લક્ઝરી બસો એકસાથે રસ્તા પર ઉતરી આવતાં હાઈવે પર વાહનોની ગતિ ધીમી પડી ગઈ છે અને મુસાફરો કલાકો સુધી રસ્તા પર અટવાઈ પડ્યા છે. સૌથી ગંભીર સ્થિતિ પનવેલ નજીક આવેલા પલાસ્પે ફાટા પર જોવા મળી રહી છે, જ્યાં કોંકણ તરફ જતા વાહનોની આઠથી નવ-નન કિલોમીટર લાંબી લાઈનો જોવા મળી રહી છે. અટલ સેતુ પરથી બહાર નીકળીને હાઈવે તરફ જતા વાહનો તેમજ મુંબઈ-પુણે એક્સપ્રેસવેને જોડતા માર્ગો પર પણ ભારે જામની સ્થિતિ સર્જાઈ છે. ચાલો જોઈએ આખરે ક્યાંથી ક્યાં ડાયવર્ઝન છે અને ગણેશભક્તો પાસે અન્ય કયા વૈકલ્પિક રૂટ છે.

ટ્રાફિકની ગંભીર સ્થિતિને જોતાં રાયગઢ પોલીસે માનગાંવ અને ઈન્દાપુર જેવા સંવેદનશીલ વિસ્તારોમાં વધારાના પોલીસ કર્મચારીઓ તૈનાત કરીને મેન્યુઅલ ટ્રાફિક કંટ્રોલ શરૂ કર્યો છે. મહાડ અને મુંબઈ તરફથી આવતી સ્ટેટ ટ્રાન્સપોર્ટ બસોને ભીડ ઘટાડવા માટે માનગાંવ બસ સ્ટેશનની અંદર જવાને બદલે જૂના બસ સ્ટેન્ડ નજીક રસ્તાની સાઈડમાં જ મુસાફરોને ઉતારવા સૂચના અપાઈ છે. પુણે અને પાલી તરફ જતા વાહનોને નિઝામપુર રોડ બાયપાસ મારફતે ડાયવર્ટ કરવામાં આવી રહ્યા છે. શ્રીવર્ધન અને મ્હસળા તરફ જતાં વાહનોને રાયગઢ માર્ગે ડાયવર્ટ કરવામાં આવ્યા છે.

## છેલ્લા પાનાનું ચાલુ

### સિમી અને આઇએમ

ઈતિહાસની ઝીણવટપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે. તે પાકિસ્તાનમાં પણ ગઈ હતી કે કેમ તેની તપાસ કરવામાં આવશે, એવું અધિકારીએ જણાવ્યું હતું. એટીએસને શંકા છે કે નમીરા સુઉદી અરેબિયામાં તેના ફરાર પિતાને મળવા ગઈ હશે. પિતા દ્વારા ચલાવાતા રૅકેટ્સથી નમીરા વાકેફ છે કે કેમ અને તે પોતે પણ એમાં સંડોવાયેલી છે કે કેમ તેની તપાસ કરવામાં આવી રહી છે.નમીરાની માતા શબનમ ઉર્ફે ફિરદૌસ તારીક ખાનની પણ કોઈ ભાળ મળતી નથી, એવું એટીએસનું કહેવું છે. (પીટીઆઈ)

### ગણેશોત્સવમાં

રહેનારા ગણેશોત્સવ તહેવાર દરમ્યાન મેટ્રો રેલ સેવાની છેલ્લી ટ્રેન રાત્રે ૧૧.૦૦ વાગ્યાને બદલે ૧૨.૩૦ વાગ્યે ઉપડશે, જેમા અંધેરી વેસ્ટ અને દહિસર ઈસ્ટ (લાઈન ટૂ-એ), ગુંદવલી અને કાશીગાંવ (લાઈન- સાત અને નવ) તથા મહારાષ્ટ્ર નગર-મંડાલે અને ચેમ્બુર (લાઈન ટૂ-બી) રેલ સેવાનો સમાવેશ થોય છે. એટલું જ નહીં સમગ્ર નેટવર્ક પર દરરોજ ૧૦-૧૫ વધારાની ટ્રિપ્સ ઉમેરવામાં આવશે, જેથી મુંબઈગરા છેલ્લી ટ્રેનની ચિંતા કર્યા વિના મોડે સુધી ઉજવણી કરી શકશે. આખા અઠવાડિયા દરમ્યાન વધારાની સેવાઓ અને વધુ વારંવાર મળતી ટ્રેનો (ફ્રિકવન્સી) સાથે મુસાફરો તેમના મનપસંદ ગણેશમંડળો અને ઉત્સવના સ્થળો સુધી સુરક્ષિત, સરળ અને ભરોસાપાત્ર મોડી રાતની કનેક્ટિવિટીનો આનંદ માણી શકે છે.

### ઍરપોર્ટ પર

આસિફના પરિચિત તરીકે આપી હતી. ફ્લાઈટ મુંબઈ પહોંચ્યા પછી નિયાસે વેપારીને કસ્ટમ્સની ડિક્લેરેશન પ્રક્રિયામાં મદદરૂપ થવાની તૈયારી દાખવી હતી.

ઈમિગ્રેશનની ઔપચારિકતા પૂરી કર્યા પછી વેપારી સોનું જાહેર કરીને તેની કસ્ટમ્સ ડ્યૂટી ચૂકવવાની તૈયારી કરતો હતો ત્યારે નિયાસે મદદ કરવાને બહાને સોનું અને રોકડ ભરેલી કાળી બૅગ પોતાના હાથમાં લીધી હતી, એવું અધિકારીએ જણાવ્યું હતું. જોકે બાદમાં નિયાસ વેપારીની નજર ચૂકવીને ડોમેસ્ટિક ડિપાર્ચર ગેટ તરફ ઝડપથી નીકળી ગયો હતો અને બેંગલુરુની ફ્લાઈટ પકડીને છટકી ગયો હતો. વેપારીએ મોહમ્મદ આસિફ સાથે મળીને ઍરપોર્ટ પર નિયાસની શોધખોળ કરી હતી, પણ તેની કોઈ ભાળ મળી નહોતી. આખરે વેપારીએ સહાર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં નિયાઝ મોહમ્મદ અને કેરળના મલપ્પુરમના રહેવાસી મોહમ્મદ હરીશે આ કાવતરું ઘડ્યું હોવાની શંકા વ્યક્ત કરાઈ હતી. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ)

### હવે ક્યુઆર

કાઉન્સિલમાં નોંધણી સાથે જોડાયેલી માહિતી મળી શકશે. તેના આધારે ડોક્ટરનું રજિસ્ટ્રેશન માન્ય છે કે નહીં તેની ચકાસણી કરી શકાશે. કાઉન્સિલનું માનવું છે કે આ વ્યવસ્થાથી દર્દીઓને યોગ્ય અને નોંધાયેલા ડોક્ટરની ઓળખ કરવામાં સરળતા રહેશે. એમએમસીએ સ્પષ્ટ કર્યું છે કે ક્યુઆર કોડની માત્ર તસવીર, તેની પ્રિન્ટેડ નકલ અથવા મોબાઇલમાં રાખેલી ડિજિટલ તસવીર માન્ય ગણાશે નહીં. ડોક્ટરોએ કાઉન્સિલની નિર્ધારિત પ્રક્રિયા હેઠળ સત્તાવાર ક્યુઆર કોડની તકતી મેળવવી પડશે અને તેને પોતાના કાર્યસ્થળે પ્રદર્શિત કરવી પડશે. નિયમોનું ઉલ્લંઘન કરનારા ડોક્ટરો સામે તબક્કાવાર કાર્યવાહી કરવામાં આવશે. ફરિયાદ મળ્યા બાદ તપાસમાં પ્રથમ વખત નિયમનો ભંગ સાબિત થાય તો સંબંધિત ડોક્ટરને ચેતવણી પત્ર આપવામાં આવશે. બીજી વખત ઉલ્લંઘન થાય તો ડોક્ટર પર ૫,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે. આ વ્યવસ્થાનો મુખ્ય હેતુ દર્દીઓને ડોક્ટરની ઓળખ અને રજિસ્ટ્રેશનની માહિતી સરળતાથી ઉપલબ્ધ કરાવવાનો છે. સાથે જ માન્ય રજિસ્ટ્રેશન વિના તબીબી સેવાઓ આપતા લોકોની ઓળખ કરી તેમની સામે કાર્યવાહી કરવામાં પણ ક્યુઆર કોડ આધારિત વ્યવસ્થા મદદરૂપ બની શકે છે.

### પોલીસ તપાસને

આવી હતી, જેને પગલે બાદમાં તેને પક્ષમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે આ મામલે વિધાનસભ્ય રાજેન્દ્ર ગાવિતના પુત્ર રોહિત સહિત ૧૪ જણની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે કુલ બાવીસ જણ વિરુદ્ધ એફઆઈઆર દાખલ કર્યો હતો.

હાઈ કોર્ટમાં જસ્ટિસ એ. એસ. ગડકરી અને કમલ ખાટાની બૅન્ચે એડિશનલ ઈન્સ્પેક્ટર જનરલ ઑફ પોલીસ, કોંકણ ડિવિજનને તપાસ પર નજર રાખવા અને પોલીસે કરેલી કાર્યવાહી યોગ્ય છે કે નહીં તે અંગે ૧૭ સપ્ટેમ્બર સુધીમાં અહેવાલ રજૂ કરવાનો આદેશ આપ્યો હતો.

બૅન્ચે પંચનામું તૈયાર કરવાથી સ્ટેશન કેસ ડાયરીમાં એન્ટ્રીઓ સુધીની કાર્યવાહીમાં દેખાવ પૂરતી તપાસ કરવામાં આવી હોવાનું જણાય છે, એવો ઠપકો આપ્યો હતો.

જુલાઈમાં થાણે જિલ્લાના ડોમ્બિવલીની મહાપાલિકા સંચાલિત હૉસ્પિટલમાં શિવસેનાના નગરસેવક રમેશ મ્હાત્રે અને તેના કાર્યકરો દ્વારા કરાયેલા હુમલાની બૅન્ચે આપમેળે નોંધ લઈને દાખલ કરેલી અરજીની સુનાવણી કરતી વખતે પાલઘરની ઘટનાની પણ નોંધ લીધી હતી. (પીટીઆઈ)

### ગૃહ પ્રધાન

યોજાશે. તેમાં, પાંચ ખંડમાં પ્રકાશિત પા. વી. કેનના પુસ્તક 'હિસ્ટ્રી ઓફ ઇન્ડિયન થિયોલોજી' માટે સંસ્થા દ્વારા સાચવેલ સંદર્ભ સામગ્રી પણ મહત્વપૂર્ણ રહેશે.

કેન્દ્રીય ગૃહ પ્રધાન અને સહકાર પ્રધાન અમિત શાહ રવિવારે સાંજે ૪ વાગ્યે મુંબઈમાં વાય. બી. ચવ્હાણ સેન્ટરની સામે મહિલા વિકાસ મહામંડળ પરિસરમાં પ્રેસ કોન્ફરન્સ યોજવાના છે. જેમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રાય પવાર, ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ વિનોદ તાવડે અને પ્રદેશ પ્રમુખ રવિન્દ્ર ચવ્હાણ હાજર રહેશે.

શાહની મુંબઈ મુલાકાતનો બીજો તબક્કો વાશીમાં હિન્દી રાજભાષા પરિષદ હશે. ગણેશોત્સવની પૃષ્ઠભૂમિમાં, ૧૪ સપ્ટેમ્બરથી વાશીના સિડકો પ્રદર્શન કેન્દ્રમાં છઠ્ઠી અખિલ ભારતીય રાજભાષા પરિષદનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરિષદ ૧૪ અને ૧૫ સપ્ટેમ્બર એમ બે દિવસ ચાલશે અને અમિત શાહ મુખ્ય મહેમાન તરીકે રહેશે.

### ગણેશોત્સવમાં

હળવાથી મધ્યમ સ્વરૂપના ઝાપટાંપ ડી ગયા હતા. હવામાનના નિષ્ણાતના કહેવા મુજબ નૈઋત્યના ચોમાસાની અંતિમ વિદાય પહેલાં મુંબઈમાં ચોમાસાનો આ છેલ્લો રાઉન્ડ હોઈ શકે, જેમાં ભારે વરસાદ પડી શકે છે. નિષ્ણાતના કહેવા મુજબ વરસાદની ગતિવિધિમાં થયેલા આ વધારાનું કારણ ઓડિશાના દરિયાકાંઠે સર્જાયેલા લો-પ્રેશર સિસ્ટમ છે. આગામી થોડા દિવસોમાં આ સિસ્ટમ વધુ સ્પષ્ટ અને તીવ્ર બને તેવી શક્યતા છે. ધીમે- ધીમે આ સિસ્ટમ પશ્ચિમ તરફ આગળ વધશે અને શનિવાર રાતથી સારો વરસાદ લાવશે.

વરસાદની તીવ્રતા મધ્યમથી ભારે હોઈ શકે છે. જોકે વરસાદથી જનજીવન ખોરવાય તેવી શક્યતા ઓછી છે, પરંતુ શહેરમાં ૨૦૦ થી ૩૦૦ મિ.મી. વરસાદ પડી શકે છે. ચોમાસાની ઋતુનો આ છેલ્લો ભારે વરસાદનો તબક્કો પણ હોઈ શકે છે. અત્યાર સુધીમાં સપ્ટેમ્બર મહિનામાં મુંબઈમાં માત્ર ૩૬ મિલીમીટર વરસાદ નોંધાયો છે, જ્યારે આ મહિનામાં સરેરાશ વરસાદ ૩૮૪ મિ.મી. વરસાદ પડવો જોઈએ. નોંધનીય છે કે ઑગસ્ટ મહિનામાં મુંબઈમાં વરસાદની અછત નોંધાઈ હતી, જેમાં ઉપનગરમાં આ મોસમના સરેરાશ વરસાદની સરખામણીએ ૪૪ ટકાની ઘટ નોંધાવી હતી. હવામાન વિભાગના જણાવ્યાં અનુસાર સોમવાર સવાર સુધી મુંબઈ, થાણે, પાલઘર અને રાયગઢ જિલ્લાઓમાં મધ્યમ વરસાદની શક્યતા છે, ત્યારબાદ વરસાદની ગતિ ધીમી પડી જશે.

### પ્રસાદમાંથી

રહી છે. પાલિકાના જણાવ્યા અનુસાર, આ પહેલ દ્વારા એ દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે કે મોટા જાહેર ઉત્સવોમાંથી ઉત્પન્ન થતા ભીના કચરાને યોગ્ય રીતે અલગ કરીને વૈજ્ઞાનિક પ્રક્રિયા મારફતે ઉપયોગી ઊર્જામાં રૂપાંતરિત કરી શકાય છે. આથી પરંપરાગત કચરા નિકાલ વ્યવસ્થા પરનું ભારણ ઘટશે તેમજ સર્ક્યુલર ઇકોનોમીની સંકલ્પનાને પણ પ્રોત્સાહન મળશે.

### મધ્ય રેલવેના

મુંબઈ (આઈઆઈટી) દ્વારા કરવામાં આવેલા સ્ટ્રક્ચરલ ઑડિટ બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

પાલિકા અને રેલવેના અધિકારીઓની હાજરીમાં ૨૭ ઑગસ્ટ, ૨૦૨૬ના રોજ આ ફૂટઓવર બ્રિજનું સંયુક્ત ઈન્સ્પેકશન કરવામાં આવ્યું હતું ત્યારબાદ ૩૧ ઑગસ્ટ, ૨૦૨૬ના રોજ આઈઆઈટી મુંબઈને ચારે પુલ માટે સ્વતંત્ર સ્ટ્રક્ચરલ ઓડિટના અહેવાલ રજૂ કર્યા હતા. તપાસ દરમ્યાન ચાર પૂલ જોખમી જણાઈ આવતા તેને તાત્કાલિક બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો

જોખમી જાહેર કરવામાં આવેલા પૂલમાં મસ્જિદબંદર પાસેનો ભંડારી પૂલ, મસ્જિદ રેલવે સ્ટેશન પરનો ફૂટઓવર બ્રિજ, ભાઉ દાજી રોડ પરનો માટુંગા લેવલ ક્રોસિંગ ફૂટઓવર બ્રિજ, ગુરુ નાનાક હાઈસ્કૂલ પાસેનો માટુંગા-ધારાવી ફૂટઓવર બ્રિજનો સમાવેશ થાય છે.

સ્ટ્રક્ચર ઓડિટના અહેવાલ મુજબ ચારે પૂલના માળખાગત અસુરક્ષિત હાલતમાં હોવાનું જણાઈ આવ્યું છે. પૂલના મહત્ત્વના ભાગમાં કાટ લાગી ગયો છે. તપાસ બાદ અહેવાલમાં આ પૂલ રાહદારીઓ માટે તાત્કાલિક બંધ કરવાની અને તેને તોડી પાડીને નવેસરથી બાંધવો વિચાર કરવાની ભલામણ કરવામાં આવી છે.

આઈઆઈટી મુંબઈના અહેવાલમાં જણાવ્યા મુજબ સ્ટ્રક્ચરલ સુરક્ષિતતાની ચિંતા અને સાર્વજનિક સુરક્ષાના રહેલા સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને પાલિકાએ રેલવે પ્રશાસનને વિનંતી કરીને આ ચારેય પૂલ રાહદારીઓને વાપરવા માટે બંધ કરવાની અને આગામી સૂચના મળે ત્યાં સુધી પૂલ પરથી કોઈ પણ રાહદારીઓને અવરજવર કરવાની મંજૂરી આપવી નહીં એવી ચેતવણી પણ આપી છે.

ગણેશોત્સવ દરમ્યાન પ્રવાસીઓ અને રાહદારીઓની સંખ્યામાં થનારા વધારાને ધ્યાનમાં રાખીને આ બ્રિજ બંધ કરવામાં આવ્યા છે. તહેવાર દરમ્યાન રેલવે સ્ટેશન પર આસપાસના વિસ્તારમાં થનારી ભીડને કારણે કોઈ અનુચિત ઘટના બને નહીં તે માટે તેને ટાળવા માટે અને પ્રવાસી અને સામાન્ય જનતાની સુરક્ષાને સુનિશ્ચિત કરવા માટે આ પૂલના ઉપયોગ પર પ્રતિબંધ લાવવામાં આવ્યો હોવાનું પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું.

### મરચાંની ભૂકી

દીધો હતો. આંખોમાં મરચાં પડતાં કર્મચારીઓ દર્દથી પરેશાન થઈ ગયા હતા. આ તકનો લાભ લઈ આરોપીએ કાઉન્ટરમાંથી ₹૪.૫૩ લાખ રોકડ ઉઠાવી અને બેંકની બહાર દોડ મૂકી હતી.

બેંક કર્મચારીઓએ પણ હિંમત કરીને આરોપીનો પીછો શરૂ કર્યો હતો. દરમિયાન પેટ્રોલિંગ કરી રહેલા બીટ માર્શલ્સ અને સાક્કરદારા પોલીસ સ્ટેશનના પોલીસકર્મીઓ પણ પીછો કરવામાં જોડાયા હતા. પોલીસને આરોપીને માત્ર ૩૦ મિનિટમાં બેંકથી આશરે એક કિલોમીટર દૂર અટકાવવામાં સફળતા મળી હતી. તેની પાસેથી લૂંટેલી સમગ્ર રકમ પણ મળી આવી હતી.

આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજમાં આરોપી કર્મચારીઓની આંખોમાં મરચાંનો પાવડર ફેંકતો અને ત્યારબાદ રોકડ લઈને ભાગતો જોવા મળ્યો હતો. ઘટનાના આ દૃશ્યો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયા હતા. પોલીસે આરોપીની ઓળખ ૨૮ વર્ષીય સૂરજ બોરકર તરીકે કરી છે. સાક્કરદારા પોલીસના વરિષ્ઠ અધિકારી રમેશ ખુણેએ આ પ્રકરણે માહિતી આપતા જણાવ્યું હતું કે તે નાગપુર જિલ્લાના ભિવાપુર તાલુકાના તાતોલી ગામનો રહેવાસી અને બી.એસસી. ગ્રેજ્યુએટ છે.

પોલીસે બોરકર વિરુદ્ધ ચોરીનો ગુનો નોંધ્યો છે અને વધુ તપાસ હાથ ધરી છે. આરોપીએ આ ગુનો એકલા કર્યો હતો કે તેની સાથે અન્ય કોઈ વ્યક્તિ સંકળાયેલી હતી, તેને બેંકમાં રોકડ લાવવામાં આવી હોવાની ચોક્કસ જાણકારી કેવી રીતે મળી અને લૂંટ પાછળનું તેનું કારણ શું હતું તે અંગે તપાસ ચાલી રહી છે. બેંક અધિકારીઓ તરફથી આ મામલે તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા મળી નથી

# હિન્દુ મરણ

**હાલાઇ લોહાણા**

પોરબંદર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. ભાનુમતિ બુદ્ધિદાસ ઠક્કર (મદલાણી)ના સુપુત્ર પ્રકાશભાઇ (ઉં. વ. ૭૩) તે મીનાબેનના પતિ. પુનીત અને પાયલના પિતાશ્રી. મનસ્વી તથા નિરજકુમાર સામાણીના સસરા. ચેતન અને સ્વાતિ નીતીન જોબનપુત્રાના મોટાભાઇ. સ્વ. સાવિત્રીબેન દામજીભાઇ નથવાણીના જમાઇ (પૂના) તા. ૧૧-૯-૨૬ના શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૩-૯-૨૬ રવિવારે સાંજે ૪.૩૦થી ૬.૩૦.ઠે. ઝવેરબેન પોપટલાલ સભાગૃહ, ઘાટકોપર (ઇસ્ટ).

**દશા સોરઠીયા વણિક**

રાજકોટ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. શાંતાબેન લલિતચંદ્ર મહેતાના પુત્ર ડો. ભરતભાઇના ધર્મપત્ની ડો. નયનાબેન (ઉં. વ. ૭૩) શુક્રવાર, તા. ૧૧-૯-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે માલતીબેન-બિપીનભાઇ, રશ્મીબેન-અતુલભાઇ તથા સ્મિતાબેન-દીપક સાંગાણીના ભાભી. પૂર્વી-પ્રિતુલ દોશીના માતુશ્રી. રીટા-અપૂર્વ મહેતાના સાસુ. સ્વ. કાંતાબેન-જયંતીભાઇ શેઠના પુત્રી. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૩-૯-૨૬ના સવારના ૧૦થી ૧૨. ઠે. જોલી જિમખાના, કામાલેન, વિદ્યાવિહાર (પશ્ચિમ).

**કપોળ**

રાજુલાવાળા હાલ કાંદિવલી સ્વ. જયાલક્ષ્મી ચકુભાઇ બેચરદાસ ચિતલિયાના પુત્ર બીપીનભાઇ (ઉં.વ. ૭૦) તા. ૧૧-૯-૨૬ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. તે પ્રવિણાબેનના પતિ. મનીષ, ભૂમિ પ્રણવ ગાંધીના પિતાશ્રી. જલક, નેત્રાના નાના. હિંમતભાઇ, હસમુખભાઇ, સ્વ. વામનભાઇ, મૃદલાબેન નવીનચંદ્ર મહેતા, સ્વ. અનસુયાબેન રમણીકલાલ દોશી, ગં. સ્વ. કુંદનબેન પ્રકાશકુમાર મહેતાના ભાઇ. પાંદડવાળા સ્વ. નવનીતલાલ હીરાલાલ શાહના જમાઇ. સર્વ પક્ષીય પ્રાર્થનાસભા તા. ૧૩-૯-૨૬ને રવિવારના રોજ બપોરે ૩થી ૫. ઠે. આંગન બેન્કવેટ હોલ, ટી. પી. એસ. રોડ. એમ. કે. કોલેજની બાજુમાં, બોરીવલી (વેસ્ટ).

**કચ્છી રાજગોર બ્રાહ્મણ**

ગામ ગુંદિયાલી હાલ ડોમ્બિવલીનાં સ્વ. કસ્તુરબાઇ કાકુભાઇ ગોપાલજી વ્યાસના સુપુત્ર હરેશભાઇ (ઉં. વ. ૬૮) તા. ૧૧-૯-૨૬ના અવસાન થયેલ છે. તારાબેનના પતિ. કિરણ, વિનય, મોનાલી (સોના)ના પિતાશ્રી. મૈત્રી, સ્નેહા, રોહિત કાન્તિલાલ જોશીના સસરા. સ્વ. રવિલાલ, રમેશભાઇ, કરસનભાઇ, ભાઇલાલ, હીરાલાલ, સ્વ. જયાબેન પ્રાણજીવનભાઇ અજાણી, ગં. સ્વ. રમીલાબેન રાજેશ માકાણી, પુષ્પાબેન કિર્તીભાઇ મોતાના ભાઇ. સ્વ. ગોદાવરીબેન કાનજી પ્રેમજી રાજગોર (મોતા) રતાડીયા ગણેશવાલાના જમાઇ. બન્ને પક્ષની સાદડી સાથે રાખેલ છે. ઠે. સ્વામીનારાયણ મંદિર, બીજે માળે, રાજાજી પથ, ડોમ્બિવલી (ઇસ્ટ), સમય : ૨થી ૪.

**કચ્છી લોહાણા**

સ્વ. શંકરલાલ વિઠ્ઠલદાસ રૂપારેલ કચ્છ ગામ રવાપર હાલ મુલુંડ (ઉં.વ.૬૧) તા. ૧૦-૯-૨૬ના રામશરણ પામેલ છે. તે સ્વ. કમળાબેન વિઠ્ઠલદાસ વેલજી રૂપારેલના પુત્ર. તે સ્વ. ત્રિકમદાસ લખમશી પલણના દોહિત્ર. તે સ્વ. એકાદશી જયંતકુમાર, ગં. સ્વ. વર્ષા વસંતકુમાર, તારા અરવિંદકુમાર અને દક્ષા (દેવી) ચેતનકુમારના ભાઇ. સ્વ. વિશનજી, સ્વ. ડુંગરશી, સ્વ. દિનકર, સ્વ. ખટાઉ, સ્વ. અરવિંદ દામજી રૂપારેલ, સ્વ. સાવિત્રીબેન અને સ્વ. દીક્ષાબેનના કાકાઇ ભાઇ. તે મનોજ, રાખી, ગીતા, રીંકુ, રોશની, ચિરાગ, શ્રેયા, વિનયના મામા. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. મોતીબેન શંકરલાલ નેણસી દનાની (ભગદે) ગામ કોઠારાવાળાના સુપુત્ર ભરતભાઇ (ઉં. વ. ૬૮) શુક્રવાર, તા. ૧૧-૯-૨૬ના રામશરણ પામેલ છે. તે ગં.સ્વ. ઉષાબહેનના પતિ. તે સ્વ. સરલાબેન પ્રતાપભાઇ માધવજી ગણાત્રા ગામ (અંજાર)ના જમાઇ. સોનીયા, ધીરેનના પિતાશ્રી. ભાવિક જેઠાલાલ સોનાગેલા તથા અ. સૌ. શ્રુતિના સસરા. ગં. સ્વ. અરુણાબેન મણીલાલ સોનેતા, સ્વ. સરલાબેન વિનોદભાઇ ચગસોતા, અ. સૌ. રસિલાબેન રાજેશભાઇ કોઠારી, મુકેશભાઇ શંકરલાલ દનાની, અ. સૌ. મીનાબેન અંબરીશ પલણના ભાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૩-૯-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. ગોપુરમ હોલ, ડો. રાજેન્દ્ર પ્રસાદ રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**વિસા સોરઠીયા વણિક**

પ્રવીણકુમાર ચત્રભુજ શાહ દીવાસાવાળા હાલ બોરીવલી તા. ૧૦-૯-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. હંસાબેનના પતિ. જનક, મનોજના પિતાશ્રી. આરતીબેનના સસરા. હિરલ, કેયુર ઝવેરી-શાહના દાદાજી. બલાગામવાળા સ્વ. કાનજી દયાળજીના જમાઇ. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઇ લોહાણા**

કાંદીવલી મુંબઇ નિવાસી જમનાદાસ કાનાનીના પુત્ર ગિરીશભાઇ કાનાની (ઉં. વ. ૮૦) તે કલ્પનાબેના પતિ. તે દિવ્યાંગ અને બીજલબેનના પિતા. તે કલ્પેશકુમાર અને ભાવિશાના સસરા. તે અમૃતભાઇ, હીરાલાલભાઇ, અરુણભાઇ અને પ્રતાપભાઇના ભાઇ. તે રતિલાલ ડી. પોપટ (ધરમપુર)ના જમાઇ તા. ૧૧-૯-૨૬ના શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. અતુલ તુલસીદાસ ધીરાવાણી (ઉં. વ. ૫૭) શનિવાર, તા. ૧૨-૯-૨૬ના અવસાન પામ્યા છે. મૂળ ગામ ગઢશીશા હાલ થાણા સ્વ. રમાબેન તુલસીદાસ ધીરાવાણી અને સ્વ. તુલસીદાસ પુરુષોતમ ધીરાવાણીના પુત્ર. આશાબેનના પતિ. કૃપાના પિતા. જ્યોતિ રાજેશ ધુંઘટ, દિવા જયપ્રકાશ રાયમંગિયા અને ડો. વીણા ધર્મેશ સચદેના ભાઇ. કરસનદાસ જયરામ કારીયાના જમાઇ. કમલેશભાઇ તથા નિલેશભાઇના બનેવી. સ્વ. જમનાદાસ જગદીશભાઇ તથા કિશોરભાઇના ભત્રીજા. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે. સાદડી રાખેલ નથી.

**ખેડવાબાજ બ્રાહ્મણ**

કડિયાદરા નિવાસી હાલ મુંબઈ દિનેશભાઈ મગનલાલ વ્યાસ (ઉં. વ. ૭૫). તે રેખાબેનના પતિ. પ્રતિક્ષા, સ્મિતના પિતા. નરહરિભાઈ, સ્વ. રમેશભાઈ, વિનોદભાઈના ભાઈ. ચોટાસણ નિવાસી. સ્વ. ભાઈશંકરના જમાઈ. રશ્મિના સસરા. રીતના દાદા. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૩-૯-૨૬ને રવિવારે ૪થી ૬. ઠે.: સમાજ કલ્યાણ હોલ, આનંદ નગર, ઝરીમરી ગાર્ડન, દહિસર (પૂર્વ).

**કચ્છી ભાટિયા**

કીર્તિકુમાર વલ્લભદાસ આશર (ઉં. વ. ૮૩) ૧૦/૯/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે વલ્લભદાસ રણછોડદાસ આશરના પુત્ર. સ્વ. વંદનાબેનના પતિ. અમિરા તથા હિમાંશુના પિતા. સ્વ. ચંદ્રસિંહ મુળજી ભાટિયાના જમાઈ. સ્વ. કરસનદાસ, સ્વ. ભગવાનદાસ, સ્વ કનુભાઈ, સ્વ. લીલાવતી, હંસાબેનના ભાઈ. પ્રાર્થનાસભા ૧૩/૯/૨૬ના ૫ થી ૭ ક. ઠે. ઠક્કાઈ ભાટિયા હોલ નં ૩, પહેલે માળે, કાંદિવલી વેસ્ટ.

**મોઢ ચા. ચુ. સ. બ્રાહ્મણ**

કરદેજ નિવાસી, ચંદ્રકાન્ત નાગરદાસ પાઠક (ઉં. વ. ૮૯) શુક્રવાર તા. ૧૧-૯-૨૬ના કૈલાશવાસી થયેલ છે. તે સ્વ. નાગરદાસ જટાશંકર પાઠક અને મુક્તાબેન પાઠકના સુપુત્ર. ભગવતીબેન પાઠકના પતિ. પ્રવિણચંદ્ર, દિલીપભાઈ, સ્વ. તારાબેન બળવંતરાઈ શુક્લા, સ્વ. ભાનુબેન ઇન્દુકુમાર શુક્લા, સ્વ. ભાનુભાઇ અને લાભશંકર પ્રાણશંકર પાઠક, વિજયભાઈ શાંતિભાઈ પાઠકના ભાઈ. સ્વ. જગજીવનભાઈ રેવાશંકર ત્રિવેદીના જમાઈ. સાદડી પ્રથા બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

શેરગઢ નિવાસી હાલ ત્રિવેન્દ્રમ કેરલા, પ્રવિણચંદ્ર પ્રાગજીભાઈ માવાણી (ઉં. વ. ૮૬) ૧૧/૯/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. રંભાબેનના પુત્ર. સ્વ. નર્મદાબેન ગોરધનદાસ શ્રીમાંકર બગસરાના જમાઈ. પ્રતિભાબેનના પતિ. સ્વ. હરીશભાઈ, દીપા દિનેશભાઇ પારેખ, કિરણ વિજયભાઈ સિદ્ધપરા, શૈલેષ, દિપકના પિતા.

**વિશા સોરઠીયા વણિક**

દિનેશ હરિદાસ શાહ (ઉં. વ. ૬૯) મૂળ વતન કણજા હાલ વસઈ, ઉષાબેનના પતિ. સ્વ. હરિદાસ રામજીભાઈ તથા જમુનાબેનના સુપુત્ર. વિઠ્ઠલદાસ લક્ષ્મીદાસના જમાઈ. કુણાલ શાહના પિતાશ્રી. સ્વ. ગોકુલદાસભાઈ, સ્વ. નરેન્દ્રભાઈ, પુષ્પાબેનના ભાઈશ્રી. તા. ૮/૯/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદિચ્ય બ્રાહ્મણ**

હળવદ નિવાસી હાલ મુંબઈ, ઘનશ્યામભાઈ રવિશંકર દવેના પુત્ર સુનિતકુમાર દવે તા. ૧૧/૯/૨૬ શુક્રવારના શ્રીજીશરણ પામેલ છે. તે ધ્રાંગધ્રા નિવાસી રમાબેન હરિભાઈ વ્યાસના જમાઈ. ભારતીના પતિ. વિશાલ તથા સૌમિલના પિતા. સાદડી પ્રથા બંધ છે.

# પારસી મરણ

કેશમીરા દારબશા એલાવીયા તે મરહુમો શેરનાઝ દારબશા એલાવીયાના દીકરી. તે ફરીદા ને દીનાઝના બહેન. તે ફેદી ને રશીદના માસી. તે મરહુમ અનાહીતાના માસી. તે સાગર તથા મરહુમ ઝુબીનના સાલી. (ઉં. વ. ૬૧) રે. ઠે. નવરોઝ બાગ, ડી-બ્લોક, રૂમ-૨૨, બીજે માળે, એસ. એસ. રાવ રોડ, મુંબઇ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૩-૯-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે, અસલાજી અગિયારીમાં છેજી.

કુમી દારબશાહ સીનોર તે મરહુમો ઓસ્તી પીરોજા તથા દારબશાહ પીરોજ શાહ સીનોરના દીકરી. તે રૂબી દારબશાહ સીનોર તથા મરહુમો ઓસ્તી દોલી તથા એરવડ તેમુરસ્પના બહેન. તે મરહુમો ઓસ્તા રતન પીરોજ શાહ સીનોરના ભાનજી. તે મરહુમો ઓસ્તા રૂસ્તમ તથા ઓસ્તા દારબ ફરામરોઝ સનજાનાના ભાનજી. (ઉં. વ. ૮૧) રે. ઠે. ૨૪૫ કાપડીયા હાઉસ, ત્રીજે માળે, ડો. કાવસજી હોરમસજી સ્ટ્રીટ, ધોબીતળાવ, મુંબઇ-૪૦૦૦૦૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૩-૯-૨૬ના દિવસે સાંજે ૩.૪૫ એ ડુંગરવાડી ભાભા ૨ની બંગલીમાં કરવામાં આવશેજી.

# જૈન મરણ

**કચ્છી દશા ઓસવાલ દેરાવાસી જૈન**

ગં. સ્વ. સરોજબેન છગનલાલ રામજી ધરમશી (ઉં. વ. ૭૨) ગામ ગોરખડી હાલ અમદાવાદ સ્વ. રામજી કરશન ધરમશીના પુત્રવધૂ. સ્વ. છગનલાલ રામજી ધરમશીના પત્ની. જમાઇ-અમોલ પ્રવિણભાઇ શાહ અમદાવાદ, નમ્રતા અમોલ શાહના નાની. મનીષા, પારુલ, હેમલ, કવિતાના માતુશ્રી તા. ૧૦-૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે. સામા પક્ષ ઉમરશી વિરજી ધુલ્લા (ગામ -ભરૂડીયા)ના દિકરી. સ્વ. મધુસુદન ઉમરશી ધુલ્લા, સ્વ. સુરેશ ઉમરશી ધુલ્લાના મોટાબેન. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**વેરાવળ વિશા ઓશવાલ જૈન**

હાલ બોરીવલી, દિલીપભાઈ મનસુખલાલ શાહના ધર્મપત્ની નીલાબેન દિલીપભાઈ શાહ (ઉં. વ. ૬૪) તા. ૬/૯/૨૬ રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે દેવાંશી ફેનિલના માતુશ્રી. શોભનાબેન ભુપેન્દ્રભાઈ, ચંદ્રિકાબેન પ્રદીપભાઈના દેરાણી. પ્રભાસ પાટણ નિવાસી સ્વ. હીરાબેન ચંદ્રકાંત લીલાધરના સુપુત્રી. સ્વ. મુકુંદભાઈ, દીનાબેન જગદીશભાઈ, શોભનાબેન જયંતભાઈ, ભરતભાઈના બહેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

ઉમરાળા નિવાસી હાલ ઘાટકોપર, શાંતિલાલ છગનલાલ સલોતના સુપુત્ર જયસુખલાલ શાંતિલાલ સલોતના ધર્મપત્ની મધુબેન (ઉં. વ. ૬૯) તા. ૧૨.૦૯.૨૬ શનિવારના અરિહંતશરણ પામેલ છે. પિયરપક્ષ સાવરકુંડલા નિવાસી હાલ માટુંગા જયસુખલાલ ગાંગજી દોશીની સુપુત્રી. તે કુણાલના માતુશ્રી. નેહાના સાસુ. લતાબેન, ભારતીબેન, રેખાબેન અને ઈલાબેનના ભાભી. લૌકિક વ્યવહાર બંધ છે.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

પ્રાગપરના હાલે કરાડના માતુશ્રી વિમળાબેન ચુનીલાલ ગોવિંદજી સંગોઈ (ઉં. વ. ૭૮) તા.૧૧-૯-૨૬ ના અવસાન પામેલ છે. લાછબાઈ ગોવિંદજી કેશવજીના પુત્રવધૂ. સ્વ.ચુનીલાલના પત્ની. સાડાઉના રાણબાઈ લખમશી મોણશી ગાલાના સુપુત્રી. સરલાબેન ડુંગરશી સંગોઈના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ.દેવેન્દ્ર કુંવરજી સંગોઈ, માર્કેટ યાર્ડ, ગેટ નં. ૫, મીલેટ્રી કેન્ટીનની બાજુમાં, કરાડ - ૪૧૫૧૧૦.

બિદડા (ખાખરીયો ફરીયો)નાં વિશનજી કેશવજી દેઢીયા (ઉં. વ. ૮૨) તા. ૧૧-૦૯-૨૦૨૬નાં અવસાન પામેલ છે. નેણબાઇ કેશવજી રામજીના પુત્ર. સ્વ. હેમલતાના પતિ. કેતન, અલકા, ડીમ્પલ, રીતેશના પિતા. શાંતીલાલ, નાનબાઇ, ભાણબાઇ, ધનબાઇના ભાઇ. નાના ભાડીયા ખેતબાઇ ખીમજી જેવત છેડાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કેતન દેઢીયા, સી-૧૩, પ્લોટ ૪૭, સાઇધામ સોસાયટી, મ્હાડા, અંધેરી (વે.), મુંબઇ-૫૩.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દોથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# આજે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના શાસનનાં પાંચ વર્ષ પૂર્ણ થયાં

## આરોગ્ય, વિકાસ યોજનાઓ સહિત ગુજરાતને ડૅટા સેન્ટર હબ બનાવવાની દિશામાં વિશેષ યોગદાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના સુશાસનનાં પાંચ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે. આ પાંચ વર્ષોમાં જન આરોગ્ય ક્ષેત્રે ગુણવત્તાયુક્ત, સુલભ અને ટેક્નોલોજી આધારિત સેવાઓના વિસ્તરણ માટે અનેક મહત્ત્વપૂર્ણ પહેલો કરવામાં આવી છે. આરોગ્યની વાત કરીએ તો પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના-મુખ્યમંત્રી અમૃતમ હેઠળ ગુજરાતના નાગરિકોને મળતી આરોગ્ય સહાય રૂ. પાંચ લાખથી વધારીને રૂ. ૧૦ લાખ કરવામાં આવી છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૨.૯૨ કરોડથી વધુ નાગરિકોને આયુષ્માન કાર્ડ આપવામાં આવ્યા છે. આ ઉપરાંત, શાળાના વિદ્યાર્થીઓને ડિજિટલ હેલ્થ કાર્ડ પૂરું પાડનારું ગુજરાત દેશનું એકમાત્ર રાજ્ય બન્યું છે. અત્યાર સુધીમાં ૧.૧૫ કરોડ ડિજિટલ હેલ્થ કાર્ડ જારી કરવામાં આવ્યા છે. આ સાથે સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત ૩૧,૦૨૧ નિક્ષયમિત્રનું નિક્ષય પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું છે અને ટીબીના દર્દીઓને પોષણયુક્ત આહાર મળી રહે તે માટે ૫,૭૬,૩૪૪ પોષણ કિટનું વિતરણ કરવામાં આવ્યું છે. મિશન ઇન્દ્રધનુષના અત્યાર સુધીના તમામ તબક્કાઓ હેઠળ રાજ્યમાં ૯,૯૫,૩૯૫ બાળકો અને ૨,૨૫,૯૬૦ સગર્ભા મહિલાઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ટ્રાઇબલ જિનોમ સિક્વન્સિંગ પ્રોજેક્ટ શરૂ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. સમગ્ર વિશ્વમાં એઆઈ સહિતની ટેક્નોલોજીના ક્ષેત્રોમાં ક્રાંતિ આવી રહી છે ત્યારે ગુજરાતને દેશનું અગ્રણી ડેટા સેન્ટર હબ બનાવવાના સંકલ્પ સાથે 'વિકસિત ગુજરાત ડેટા સેન્ટર નીતિ ૨૦૨૬-૨૯' જાહેર કરવામાં આવી છે. જે અંતર્ગત ધોલેરામાં ડેટા સેન્ટર શરૂ કરવા ૨.૫ ટકા વધારાની મૂડી સહાય આપવામાં આવશે, તેમજ સ્ટેમ્પ ડ્યૂટીમાં સપૂર્ણપણે મુક્તિ આપવાની જોગવાઇ આ નીતિમાં કરવામાં આવી છે. આ નીતિ અંતર્ગત ૭.૫ ગીગા વોટ ક્ષમતાના ડેટા સેન્ટર્સ બનાવવાનું લક્ષ્યાંક છે, જેમાં ગુજરાતને ૧૦ ગીગાવોટ ક્ષમતાના પ્રસ્તાવ કંપનીઓ દ્વારા મળ્યા છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને મશીન લર્નિંગના યુગમાં મજબૂત ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ખાસ કરીને ડેટા સેન્ટર્સના મહત્ત્વને ધ્યાને રાખીને આ નીતિ બનાવવામાં આવી છે. હવે આ નવી નીતિના કારણે આગામી સમયમાં આ વિસ્તારો હાઇ-ટેક ડેટા સેન્ટરોનાં મુખ્ય કેન્દ્રો તરીકે ઊભરી આવશે. ડેટા સેન્ટર સ્થાપવાની સાથે સાથે આગામી સમયમાં ધોલેરાને ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (જીસીસી)નું હેડક્વાર્ટર બનાવવાની દિશામાં પણ સરકાર સક્રિયપણે કામ કરી રહી છે. રાજ્યમાં ગુડ ગવર્નન્સ અને મજબૂત ઇન્ફ્રાસ્ટ્રક્ચરના કારણે વૈશ્વિક રોકાણકારો માટે હવે ગુજરાત ડેટા સેન્ટર સ્થાપવા માટે દેશનું સૌથી પસંદગીનું રાજ્ય બની રહ્યું છે. સેમિકન્ડક્ટર ક્ષેત્રે ગુજરાતે દેશના અગ્રણી રાજ્ય તરીકે પોતાની સ્થિતિ મજબૂત કરી છે. રાજ્યમાં કુલ છ સેમિકન્ડક્ટર પ્લાન્ટ્સને મંજૂરી મળી છે, જેમાંથી ત્રણ પ્લાન્ટ વ્યવસાયિક ધોરણે કાર્યરત થઈ ચૂક્યા છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના સુશાસનના પાંચ વર્ષ દરમિયાન ગુજરાતે વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર વિકાસ પ્રાપ્ત કરીને નાગરિકોની સુખાકારીમાં વધારો કર્યો છે. રાજ્યના ઇતિહાસનું સૌથી મોટું ₹૪.૦૮ લાખ કરોડનું બજેટ, સેમિકન્ડક્ટર અને રિન્યુએબલ એનર્જી જેવા ભવિષ્યના ક્ષેત્રોમાં સક્રિય ભાગીદારી, આધુનિક શહેરી અને ઔદ્યોગિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ વર્તમાન સમયની જરૂરિયાત પ્રમાણે વહીવટી સુધારાઓએ ગુજરાતની વિકાસયાત્રાને નવી દિશા આપી છે. રાજ્યના વિકાસને નવી ગતિ આપવા માટે છેલ્લા પાંચ વર્ષમાં ૧૯ મહત્ત્વપૂર્ણ નીતિઓ અમલમાં મૂકવામાં આવી છે. સેમિકન્ડક્ટર, રિન્યુએબલ એનર્જી, ગ્રીન હાઇડ્રોજન, ઇલેક્ટ્રોનિક્સ, સ્પેસટેક, ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ, ડેટા સેન્ટર્સ, શિપબિલ્ડિંગ અને અદ્યતન મેન્યુફેક્ચરિંગ જેવાં ક્ષેત્રોને પ્રોત્સાહન આપતી નીતિઓના કારણે ગુજરાતે ઊભરતા અને વ્યૂહાત્મક ક્ષેત્રોમાં રોકાણ માટે મજબૂત ઇકોસિસ્ટમ ઊભી કરી છે. વૈશ્વિક રોકાણ અને ઔદ્યોગિક વિકાસને રાજ્યના વિવિધ ક્ષેત્રો સુધી પહોંચાડવાના ઉદ્દેશથી ચાર વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સિંઝનું આયોજન કરવામાં આવ્યું. આ ચાર સમિટમાં કુલ રૂ. ૧૭.૪ લાખ કરોડના રોકાણ માટે એમઓયુ થયા છે. પ્રાદેશિક સ્તરે રોકાણ અને રોજગારીની તકો વધારવા માટે ગુજરાતે કરેલી આ પહેલના પરિણામે રાજ્યના સર્વાંગી અને સંતુલિત વિકાસને વધુ મજબૂતી આપી છે. આ સાથે ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા (યુસીસી) બિલ પસાર કરવામાં આવ્યું છે, જે સમાનતા, ન્યાય અને એકતાના સંકલ્પને વધુ મજબૂત બનાવે છે. સાથે જ નાગરિક સેવાઓને વધુ સરળ, ઝડપી અને પારદર્શક બનાવવા અનેક વહીવટી સુધારાઓ અમલમાં મૂકવામાં આવ્યા છે. 'સુગમ ડિજિટલ ગુજરાત'ના માધ્યમથી સરકારી સેવાઓને પેપરલેસ, કેશલેસ અને ફેસલેસ બનાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલાં લેવાયાં છે.

## ગુજરાતમાં આ વર્ષે પણ આખી રાત ગરબા રમી શકાશે, હર્ષ સંઘવીએ આપ્યો સંકેત

અમદાવાદઃ ગુજરાતના સૌથી મોટા અને વિશ્વપ્રસિદ્ધ લોકોત્સવ એવા નવરાત્રિ મહોત્સવને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ગુજરાત સરકાર દ્વારા આ વર્ષે પણ નવરાત્રિ દરમિયાન ખેલૈયાઓને મોડી રાત સુધી કે આખી રાત ગરબે ઘૂમવાની છૂટછાટ મળવાના સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે. ગાંધીનગરમાં એક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા હર્ષ સંઘવીએ પોતાના સંબોધન દરમિયાન નવરાત્રિના ઉત્સવનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે મંચ પરથી ઉપસ્થિત વિશાળ જનમેદની સાથે સીધો સંવાદ સાધતા પૂછ્યું હતું કે, તમે નવરાત્રિમાં કેટલા વાગ્યા સુધી ગરબા રમો છો? સંઘવીના પ્રશ્નના જવાબમાં સભામાં હાજર તમામે આખી રાત એવો જવાબ આપ્યો હતો. જનમેદની તરફથી મળેલા આ જોરદાર પ્રતિસાદ બાદ તેમણે પણ હળવાશ અને ઉત્સાહભર્યા અંદાજમાં આ વર્ષે પણ ગરબા રસિકો માટે આખી રાત ગરબા રમવાની છૂટ ચાલુ રાખવાના સકારાત્મક સંકેતો આપ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં નવરાત્રિ દરમિયાન રાત્રિના ૧૨ વાગ્યા પછી લાઉડસ્પીકર અને ગરબા બંધ કરવાના નિયમો વચ્ચે સરકાર સામાન્ય તહેવારના ઉત્સાહને ધ્યાને રાખી ખાસ છૂટછાટ આપતી હોય છે. આખી રાત ગરબા રમવાની સંભવિત છૂટને માત્ર ખેલૈયાઓ જ નહીં પરંતુ આર્થિક રીતે સંકળાયેલા તમામ વર્ગો વધાવી રહ્યા છે. મોડી રાત સુધી ગરબા ચાલવાના કારણે રાજ્યના મુખ્ય શહેરોમાં આવેલી ખાણીપીણીની બજારો અને સ્ટોલ્સ વહેલી સવાર સુધી ધમધમતા રહેશે. હર્ષ સંઘવીના આ હકારાત્મક વલણ બાદ હવે રાજ્ય ગૃહ વિભાગ તરફથી સત્તાવાર ગાઇડલાઇન અને સમયમર્યાદા અંગેની સત્તાવાર જાહેરાત ક્યારે કરવામાં આવે છે તેના પર સમગ્ર ગુજરાતની નજર મંડાયેલી છે. આ સભામાં હર્ષ સંઘવીએ નાગરિકોને સ્વચ્છતા રાખવા માટે પણ અપીલ કરી હતી.

## ગુજરાતમાં ભારે વરસાદની આગાહી, અમદાવાદમાં મોડી સાંજે ધોધમાર ઝાપટાં

અમદાવાદઃ ગુજરાતમાં ૧૨થી ૧૫ સપ્ટેમ્બર સુધી ભારે વરસાદની આગાહી વચ્ચે અમદાવાદમાં મોડી સાંજે જોરદાર ઝાંપટા પડ્યા હતા. શહેરમાં આખો દિવસ વાદળછાયું વાતાવરણ રહ્યું હતું અને સખત બફારો અનુભવાતો હતો. સાંજે સાત વાગ્યા બાદ શહેરના ઘણા વિસ્તારોમાં ધોધમાર વરસાદી ઝાંપટાએ ગરમીથી મુક્તિ આશા જગાવી છે. સૌરાષ્ટ્રના અમુક ભાગોમાં બે દિવસથી ધીમી ધારે વરસાદ પડી રહ્યો છે. શનિવારે કુલ ૧૧૨ કરતા વધારે તાલુકામાં વરસાદ નોંધાયો હતો. શનિવારે મોડી સાંજે સુરતના ઉમરપાડામાં બે કલાકમાં અઢી ઇંચ વરસાદ ખાબક્યો હતો. નડિયાદમાં ૧.૮૫ ઇંચ, જ્યારે આણંદમાં ૧.૬૯ ઇંચ વરસાદ વરસ્યો હતો. નર્મદાના તિલકવાડમાં ૧.૪૬ ઇંચ અને મહેસાણાના સતલાસણામાં ૧.૪૩ ઇંચ વરસાદ માત્ર બે કલાકમાં જ વરસી ગયો હતો. આ ઉપરાંત ઘણા તાલુકામાં શનિવારે મોડી સાંજથી વરસાદી માહોલ જામ્યો હતો.પંચમહાલના મોરવા હડફમાં સૌથી વધુ ૨.૫ ઇંચ, ડાંગના સુબીરમાં ૧.૮૧ ઇંચ, ડાંગમાં ૧.૫૭ ઇંચ, દાહોદના લીમખેડામાં ૧.૪૬ ઇંચ, નર્મદાના સાગબારામાં ૧.૪૬ ઇંચ, છોટાઉદેપુરના કડવાલમાં ૧.૪૨ ઇંચ, છોટા ઉદેપુરના પાવી જેતપુરમાં ૧.૧૮ ઇંચ, સાંખેડામાં ૧.૩ ઇંચ, પંચમહાલના હાલોલમાં ૧.૧ ઇંચ વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત તાપી, અરવલ્લી, મહીસાગર, વડોદરા જિલ્લામાં પણ વરસાદ વરસ્યો હતો. આ સાથે સૌરાષ્ટ્રના ગીર સોમનાથમાં પણ વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત હવામાન વિભાગની આગાહી અનુસાર ૧૩ સપ્ટેમ્બરના રોજ ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલી માટે ભારે વરસાદ માટે ઓરેન્જ અલર્ટ આપવામાં આવ્યું છે. દરમિયાન, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત અને તાપીમાં યલો અલર્ટ રહેશે.

## મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સાથે પ્રિન્સ રહીમ આગા ખાનની ગાંધીનગરમાં સૌજન્ય મુલાકાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આગા ખાન ડેવલપમેન્ટ નેટવર્ક (એકેડીએન)ના ચેરમેન પ્રિન્સ રહીમ આગા ખાને ગાંધીનગર ખાતે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સાથે સૌજન્ય મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન રાજ્યના સર્વાંગી અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ તેમજ આગા ખાન ડેવલપમેન્ટ નેટવર્કની વૈશ્વિક વિકાસલક્ષી પહેલો અંગે રાજ્ય સરકાર સાથે ગ્રાસરૂટ લેવલ પર સહયોગની વિવિધ સંભાવનાઓ અંગે સકારાત્મક ચર્ચા થઈ હતી.



મહામહિમ પ્રિન્સ રહીમ આગા ખાન શિયા ઇસ્માઈલી મુસ્લિમોના ૫૦મા વંશપરંપરાગત ઇમામ તથા આગા ખાન ડેવલપમેન્ટ નેટવર્કના અધ્યક્ષ તરીકે સેવા આપી રહ્યા છે. પર્યાવરણ સંરક્ષણ, ક્લાઈમેટ ચેન્જની અસરો ઘટાડવા, શિક્ષણ, કૌશલ્ય વિકાસ, ઉદ્યોગસાહસિકતા અને વંચિત તથા સંવેદનશીલ સમુદાયોના જીવનધોરણમાં સુધારણા જેવા ક્ષેત્રોમાં તેમનું વિશેષ યોગદાન રહ્યું છે.

મુખ્ય પ્રધાન ગુજરાતમાં મહામહિમ પ્રિન્સ રહીમ આગા ખાનનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, સસ્ટેનેબલ ડેવલપમેન્ટ, શિક્ષણ, કૌશલ્ય વિકાસ, એન્ટરપ્રાઇઝ પ્રમોશન તથા વંચિત અને સંવેદનશીલ સમુદાયોના સશક્તિકરણ અંગેની એકેડીએનની પ્રાથમિકતાઓ ગુજરાતની વિકાસ ફિલોસોફી સાથે સુસંગત છે. મુખ્ય પ્રધાને રાજ્યમાં હાથ ધરાયેલા વિશાળ પાયાના વોટર કન્ઝર્વેશન, રેઇનવોટર હાર્વેસ્ટિંગ, ગ્રાઉન્ડવોટર રિચાર્જ અને જળાશયોના પુનઃસજીવનના પ્રયાસોની માહિતી આપી હતી. મિલેટ્સ અને પ્રાકૃતિક ખેતીમાં ગુજરાતના યોગદાનની ચર્ચા દરમિયાન મુખ્ય પ્રધાને જણાવ્યું હતુ કે, રાજ્યમાં મિલેટ્સના ઉત્પાદન, પ્રોસેસિંગ અને વેલ્યુ એડિશન માટે વિવિધ પહેલ હાથ ધરાઈ છે. રાજ્ય સરકારે મિલેટ્સનો વાવેતર વિસ્તાર વધારવા, મિલેટ્સના આરોગ્યલક્ષી લાભો અંગે જાગૃતિ ફેલાવવા તથા ખેડૂતોને મિલેટ્સના પ્રોસેસિંગ માટે પ્રોત્સાહિત કરવા 'મિલેટ ડેવલપમેન્ટ સ્કીમ' અમલમાં મૂકી છે તેની પણ વિગતો આપી હતી.


## અંબાજી-ગબ્બર શક્તિ કૉરિડૉરને ગુજરાત હાઈ કોર્ટે આપી લીલી ઝંડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટે અંબાજી-ગબ્બર શક્તિ કોરિડોરનો માર્ગ મોકળો કર્યો છે, જેમાં રાજ્ય સરકાર દ્વારા મહત્ત્વાકાંક્ષી યાત્રાધામ પ્રોજેક્ટ માટે જમીન સંપાદન ફરી શરૂ કરવાના નિર્ણયને પડકારતી અરજીઓ ફગાવી દેવામાં આવી છે. હાઈ કોર્ટે બનાસકાંઠા કલેક્ટર દ્વારા પસાર કરાયેલા આદેશોમાં દખલ કરવાનો ઇનકાર કર્યો હતો, જેમાં સરકારને અંબાજી મંદિર અને ગબ્બર મંદિરને જોડતા કોરિડોર માટે જમીન સંપાદન આગળ વધારવાની મંજૂરી આપવામાં આવી હતી. આ અરજીઓ અંબાજી કેળવણી મંડળ દ્વારા દાખલ કરવામાં આવી હતી, જેમાં દલીલ કરવામાં આવી હતી કે આ જમીનનો ઉપયોગ મંડળ તેમની કન્યા શાળા અને રમતના મેદાન માટે કરી રહ્યું છે.

રાજ્ય વતી હાજર રહેલા સરકારી વકીલે રજૂઆત કરી હતી કે જમીન સરકારની છે, મોટા જાહેર હેતુ માટે જરૂરી હતી અને રાજ્ય દ્વારા તેનો કબજો લેવામાં આવ્યો હતો.

શક્તિ કોરિડોર અંબાજીની વિકાસ યોજનાનો એક ભાગ છે.



## સુરતની ડાયમંડ કંપનીના ડિરેક્ટર સાથે ₹ ૭૬ લાખના સ્ટેમ્પ પેપરના નામે વિશ્વાસઘાત, દંપતી સામે ગુનો નોંધાયો

અમદાવાદઃ રાજ્યસભાના સાંસદ અને એસઆરકે કંપનીના માલિક ગોવિંદ ધોળકિયાના પુત્ર શ્રેયાંસ ધોળકિયા સાથે ઈ સ્ટેમ્પ પેપર વેચાણથી આપવાના બહાને ૭૬.૪૫ લાખની કથિત છેતરપિંડી આચરવામાં આવી હતી. પાલનપુર પાટિયામાં રહેતા મેવાવાલા દંપતી સામે ડીસીબી પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. કતારગામ વસ્તાદેવડી રોડ પર આવેલી એસ.આર.કે. કંપનીના મેનેજર કનુ બાલા માલવીયા દ્વારા સુરત ક્રાઈમ બ્રાંચમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમની એસઆરકે કંપનીના ડિરેક્ટર શ્રેયાંશ ગોવિંદ ધોળકિયાને પલસાણા ખાતે આવેલ જમીન ખરીદવા માટે કુલ રૂ. ૭૬,૪૪,૯૦૦ના ઈ-સ્ટેમ્પ પેપરની જરૂરિયાત ઊભી થઈ હતી. તેઓ વર્ષ ૨૦૨૦થી વકીલ મારફતે જનરલ સ્ટેમ્પ વેન્ડરનું લાઇસન્સ ધરાવતા સલોની રામકૃષ્ણ મેવાવાલા તથા રામકૃષ્ણ કિરીટકુમાર મેવાવાલા પાસેથી સ્ટેમ્પ પેપર્સ ખરીદતા હતા.

શ્રેયાંશ ધોળકિયાએ જમીન ખરીદવા માટે કુલ રૂ. ૭૬,૪૪,૯૦૦ના ઈ-સ્ટેમ્પ પેપર મેવાવાલા દંપતી પાસેથી લેવા માટે તૈયારી દર્શાવી હતી. મેવાવાલા દંપતીએ 'સ્ટોક હોલ્ડીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ'ના એકાઉન્ટમાં પૈસા જમા કરાવવાનું જણાવતા શ્રેયાંશ ધોળકિયાએ પોતાના બેંક એકાઉન્ટમાંથી રૂ. ૭૬,૪૪,૯૦૦ નો ચેક આપી રકમ જમા કરાવી હતી.

## જામનગરમાં ગટરનું ઢાંકણ ખોલતા નીકળ્યો નવજાતનો મૃતદેહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગરઃ શહેરના રણજીત સાગર રોડ પર આવેલા મહાવીરનગર વિસ્તારમાં ગટરમાંથી નવજાત શિશુ મૃત અવસ્થામાં મળી આવતા ચકચાર મચી ગઈ હતી. બનાવની જાણ થતાં પોલીસ કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો. અજાણી મહિલાએ નવજાત શિશુને ત્યજી દીધા બાદ ત્યાંથી પલાયન કરી લીધું હોવાનું જાણવા મળી રહ્યું છે. ગટરના ઢાંકણ ખોલતા જ શિશુનો મૃતદેહ મળી આવતાં તેને જોવા આસપાસના લોકોનાં ટોળાં એકઠાં થઈ ગયાં હતાં. પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહનો કબજો મેળવી આગળની કાર્યવાહી હાથ ધરી છે. નવજાત શિશુને કોણે અને કયા સંજોગોમાં ત્યજી દીધું તે અંગે તપાસ શરૂ કરવામાં આવી છે. પોલીસે આસપાસના વિસ્તારના સીસીટીવી કેમેરાના ફૂટેજ તેમ જ અન્ય વિગતોના આધારે અજાણી મહિલા અથવા બાળકને ત્યજી દેનારની શોધખોળ હાથ ધરી છે.

## બ્રિક્સ સમિટમાં બૉમ્બની ધમકીનો ઈમેલ મોકલવાના કેસમાં પોલીસે એક સંદિગ્ધને ઝારખંડથી દબોચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાંચી/અમદાવાદઃ ગુજરાત પોલીસે શનિવારે ઝારખંડના દેવઘર જિલ્લામાંથી એક વ્યક્તિની ધરપકડ કરી હતી. આ શખ્સના ઈમેલ આઈડીથી ગાંધીનગરમાં સચિવાલયમાં વિસ્ફોટ કરવાની અને નવી દિલ્હીમાં ચાલી રહેલા બ્રિક્સ સમિટમાં વિસ્ફોટ કરવાની ધમકીઓ મળી હતી, એમ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. અધિકારીના જણાવ્યા અનુસાર બિહારના જમુઈના વતની આ વ્યક્તિની ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી હતી. ગુજરાત પોલીસના અધિકારીઓ શુક્રવારે રાત્રે ઈમેલના સંદર્ભમાં દેવઘર પહોંચ્યા હતા અને શનિવારે તે વ્યક્તિને પકડી પાડ્યો હતો, તેમ એસપી પ્રવીણ પુષ્કરે જણાવ્યું હતું. પુષ્કરે જણાવ્યું હતું કે તેમણે મુખ્ય આરોપીને પોતાનું અંગત ઇમેઇલ આઈડી વેચ્યું હતું, જેણે ગુજરાતના ગાંધીનગર સચિવાલયના સત્તાવાર આઈડી પર ધમકીભર્યો ઇમેઇલ મોકલ્યો હતો. આ કથિત મેલ મોકલનાર વ્યક્તિની અગાઉ ગાંધીનગરમાં ધરપકડ કરવામાં આવી હતી.

## ગાંધીનગરમાં એક જ દિવસમાં ₹ ૧,૮૪૮ કરોડના વિકાસકામની જાહેરાત

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે એક જ દિવસમાં ગાંધીનગરમાં કુલ રૂ.૧,૮૪૮ કરોડના જનહિતલક્ષી વિકાસ કામોની જાહેરાત કરી હતી.

જેમાં ગાંધીનગર મહાનગર-પાલિકાના રૂ. ૭૯૮ કરોડ તેમજ માર્ગ અને મકાન હસ્તકના રૂ. ૧૦૫૦ કરોડ એમ કુલ રૂ. ૧,૮૪૮ કરોડના વિવિધ પ્રજાલક્ષી કામોનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે. મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે ગાંધીનગરમાં અગાઉ વિકાસકાર્યો માટેની પ્રક્રિયા ધીમી હતી અને નાનાં કામો માટે પણ લાંબો સમય રાહ જોવી પડતી હતી. આજે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં કરોડો રૂપિયાનાં વિકાસકાર્યો ઝડપથી સાકાર થઈ રહ્યાં છે. નાગરિકોએ સરકાર અને મહાનગરપાલિકા પર જે વિશ્વાસ મૂક્યો છે, તેના પરિણામે વિકાસનાં કાર્યો જમીન પર સાકાર કરીને બતાવવામાં આવ્યા છે. એક સમયે ગિફ્ટ સિટીના વિચાર અંગે અનેક લોકો આશ્ચર્ય વ્યક્ત કરતા હતા, પરંતુ આજે ગિફ્ટ સિટી વૈશ્વિક ફાઇનાન્સિયલ હબ તરીકે ઊભરી આવ્યું છે. વૃક્ષારોપણ, તળાવોના ઇન્ટરલિંકિંગ, તળાવોમાં પાણી ભરવા, રિચાર્જ બોર સહિતનાં વિવિધ કાર્યો દ્વારા પર્યાવરણ સંરક્ષણ અને જળસંચયને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. સાથે જ ગામડાં સુધી લાઇબ્રેરીની સુવિધા પહોંચાડવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે, જ્યાં લાઇબ્રેરી હોય ત્યાં જ્ઞાન વધે છે અને જ્ઞાન વધે ત્યાં વિકાસની ગતિ પણ વધે છે. તેમણે કરેલી જાહેરાત અનુસાપ ગાંધીનગર-કોબા-એરપોર્ટ રોડ પર વધતા ટ્રાફિક ભારણને પહોંચી વળવા ભાટ કોટેશ્વર ક્રોસિંગ પર અંડરપાસ માટે રૂ. ૨૦.૭૬ કરોડ, રક્ષાશક્તિ સર્કલથી ગિફ્ટ સિટી-શાહપુર જતા સાબરમતી નદી પરના બ્રિજના મજબૂતીકરણ માટે ૧૨.૮૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવશે.

# અફઘાનિસ્તાન ચેતી જાય...બુમરાહે રન-અપ વધાર્યો છેઃ ‘કાળી બાટલી, લાલ બાટલી અને કૅપ’ આ બધું વળી શું છે?



બુમરાહે પ્રૅક્ટિસમાં રન-અપ લંબાવ્યો હતો



દિલ્હીમાં ગઈ કાલે અફઘાનિસ્તાનના ખેલાડીઓ. (પીટીઆઇ)

નવી દિલ્હીઃ ૩૨ વર્ષનો અમદાવાદી જસપ્રીત બુમરાહ વર્તમાન ક્રિકેટનો સૌથી ડેન્જરસ ફાસ્ટ બોલર છે અને તે ૫૮ દિવસે પાછો રમવા આવ્યો હોવાથી આજે પાટનગર દિલ્હીમાં (સાંજે ૭.૩૦ વાગ્યાથી) રમાનારી ટી-૨૦ સિરીઝની પ્રથમ મૅચમાં અફઘાનિસ્તાનનો જે પણ ઓપનિંગ બૅટ્સમૅન સ્ટ્રાઇક પર હશે તે થર થર કાંપશે જ અને તેનો ભય વધારી દે એવું વધુ એક કારણ પણ છે.

વાત એવી છે કે ક્રિકેટને લગતી એક ખૂબ જ જાણીતી વેબસાઇટના અહેવાલ અનુસાર યૉર્કર-સ્પેશ્યાલિસ્ટ બુમરાહે રન-અપમાં થોડો વધારો કર્યો છે. તેણે શુક્રવારે દિલ્હીમાં પ્રૅક્ટિસ સેશન દરમ્યાન નવા રન-અપ પરથી દોડી આવીને બૉલ ફેંકીને વૈભવ સૂર્યવંશી સહિત ઘણા ભારતીય બૅટ્સમેનોને મુશ્કેલીમાં મૂકી દીધા હતા.

## તીરની જેમ હાથમાંથી છૂટે ઘાતક બૉલ

ધનુષ્યધારી જેમ પણછ (દોરી) તાણીને તીર ગોઠવે અને નિશાન તાકે એ આખી પ્રક્રિયાને આપણે અહીં બુમરાહના રન-અપ તરીકે ઓળખાવીશું. ત્યાર બાદ ધનુષ્યધારી તીર છોડે એને આપણે (બૅટ્સમૅનને ગૂંચવી નાખતી ઍક્શનમાં) બુમરાહના હાથમાંથી (હાઇપર-એક્સ્ટેન્ડેડ જમણા હાથમાંથી) છૂટતા બૉલ તરીકે ઓળખાવીશું. આ આખી પ્રક્રિયા બૅટ્સમૅન માટે જાણે ઘાતક હોય છે જેમાં તેની જરા અમથી નજરચૂક થાય કે બૉલને સમજવામાં તે ભૂલ કરી બેસે તો વિકેટ ગુમાવી બેસે છે.

## અર્શદીપથી પણ લાંબો રન-અપ

બુમરાહ સામાન્ય રીતે રન-અપ શરૂ કરે ત્યારે ઝડપથી થોડું ચાલે છે અને પછી દોડવાનું શરૂ કરીને છેલ્લે પૂરપાટ દોડીને હળવો જમ્પ મારીને બૉલ ફેંકે છે અને બૅટ્સમૅનના તો મોતિયા જ મરી જતા હોય છે. આવી સ્થિતિમાં હરીફ બૅટ્સમેનોને ખબર પડે કે ઝંઝાવાતી બોલર બુમરાહે રન-અપ વધાર્યો છે તો તમે જ સમજી શકો છો કે તેમની કેવી હાલત થતી હશે! અફઘાનિસ્તાનના બૅટ્સમેન જરૂર ચિંતિત હશે. બુમરાહે રન-અપ થોડો વધારીને સૌને આશ્ચર્યમાં મૂકી દીધા છે. શુક્રવારે ક્યારેક તો તેણે અર્શદીપ સિંહથી પણ વધુ લાંબા અંતરેથી દોડવાનું શરૂ કરીને બૉલ ફેંક્યો હતો.

## ગૌતમ ગંભીર સ્ટૅન્ડ સામેથી સફર શરૂ

યોગાનુયોગ, બુમરાહે દિલ્હીના મેદાન પર જ્યાંથી રન-અપ શરૂ કર્યો ત્યાં સામે ગૌતમ ગંભીર સ્ટૅન્ડ હતું. ગંભીર ભારતીય ટીમનો હેડ-કોચ છે. બુમરાહે રન-અપમાં ક્યારેક એક-તૃત્યાંશ જેટલું અંતર વધાર્યું હતું અને એ માટે તેણે ત્રણ પ્રકારના માર્કર રાખ્યા હતા. તેણે સૌથી વધુ દૂર જ્યાંથી રન-અપ શરૂ કર્યો હતો ત્યાં કાળી બાટલી રાખી હતી. તેણે સ્ટમ્પથી થોડે જ દૂર લાલ બાટલી રાખી હતી અને એવું તેણે એ માટે કર્યું કે ત્યાંથી પોતે હળવો જમ્પ મારવાનો હતો. બન્ને બાટલી વચ્ચે તેણે એક ઇન્ડિયા કૅપ રાખી હતી જ્યાંથી તેણે (ચાલીને આવ્યા બાદ) દોડવાનું શરૂ કર્યું હતું. જોકે શુક્રવારની પ્રૅક્ટિસ દરમ્યાન બુમરાહે જૂના શૉર્ટ રન-અપનો પણ ઉપયોગ કર્યો હતો અને થોડી વાર બાદ અચાનક લાંબા રન-અપ પરથી દોડી આવીને બૉલ ફેંક્યો હતો.

## ૨૦૨૬નું વર્ષ મિશ્ર રહ્યું

બુમરાહ માટે ૨૦૨૬નું વર્ષ મિશ્ર રહ્યું છે. માર્ચમાં ભારતને ટી-૨૦ વર્લ્ડ કપ અપાવવામાં મોટું યોગદાન આપ્યા પછી આઇપીએલમાં તે (મુંબઈ ઇન્ડિયન્સ વતી) ૧૦૨.૫૦ની અત્યંત ખરાબ બોલિંગ સરેરાશે કુલ માત્ર ચાર વિકેટ લઈ શક્યો હતો. એ ટૂર્નામેન્ટમાં તેના બૉલમાં ન તો અસલ ઝડપ હતી અને ન તેના બૉલ જોઈએ એવા સચોટ હતા. ત્યાર બાદ તેને ડાબા ઘૂંટણની ઈજા નડી હતી. તેણે ઇંગ્લૅન્ડ સામેની એક વન-ડે અને શ્રીલંકા સામેની ટેસ્ટ શ્રેણી ગુમાવી હતી. તેણે ઘણા દિવસો સુધી બેંગ્લૂરુના સેન્ટર ઑફ એક્સેલન્સમાં રિહૅબિલિટેશનમાં હાજરી આપી અને ફિટ જાહેર થયા બાદ બીજા જ દિવસે દિલ્હીમાં પ્રૅક્ટિસમાં લાંબા અંતરેથી બોલિંગ કરવાનું શરૂ કરી દીધું. હવે તે રવિવારે અફઘાનિસ્તાન સામે લાંબા રન-અપ પરથી દોડી આવીને બૉલ ફેંકશે કે ટૂંકો રન-અપ અપનાવશે એ જોવું રહ્યું. હા, શુક્રવાર તેણે આઇપીએલ-૨૦૨૬માં સૌથી વધુ ૭૭૬ રન બનાવનાર સર્વોત્તમ બૅટ્સમૅન વૈભવ સૂર્યવંશીને ખૂબ પરેશાન તો કર્યો જ હતો. ■

# આજે સૅમસનને રમવા મળશે કે સૂર્યવંશીને? કિશન નહીં રમે તો બન્ને ફાવી જશે

નવી દિલ્હીઃ અહીં ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે આજે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) ત્રણ મૅચવાળી ટી-૨૦ સિરીઝનો જે પ્રથમ મુકાબલો થશે એમાં અનુભવી ઓપનર અને વિકેટકીપર સંજુ સૅમસનને રમવાનો મોકો મળશે કે ટીનેજ સ્ટાર વૈભવ સૂર્યવંશીને તક મળશે એના પર સૌનું ધ્યાન રહેશે અને જો વિકેટકીપર-બૅટ્સમૅન ઇશાન કિશન પીઠની ઈજાને કારણે નહીં રમે તો સૅમસન અને સૂર્યવંશી, બન્નેને રમવા મળશે એવી શનિવારે ભારતીય ક્રિકેટમાં ચર્ચા હતી. ટૂંકમાં, ઓપનિંગમાં અભિષેક શર્મા સાથે કોણ રમશે એ જોવું રહ્યું.

તાજેતરમાં ઇંગ્લૅન્ડમાં સૅમસનના ભોગે જ સૂર્યવંશીને ડેબ્યૂ કરવાની તક અપાઈ હતી. સૂર્યવંશી ઇંગ્લૅન્ડના એ પ્રવાસમાં સદંતર નિષ્ફળ રહ્યો હતો, જેમાં તે ત્રણ મૅચમાં અનુક્રમે ૧૪, ૧૩ અને ૧૫ રન બનાવી શક્યો હતો. જોકે ત્યાર બાદ ઝિમ્બાબ્વેના પ્રવાસની ત્રણ ટી-૨૦ મૅચમાં તેણે ૫૦, ૨૦ અને ૮૧ રનની ઇનિંગ્સ સાથે ભારતને ૩-૦થી સિરીઝ જિતાડી હતી અને સર્વશ્રેષ્ઠ ખેલાડીનો પુરસ્કાર જીત્યો હતો.

વૈભવ રેડ બૉલથી રમાયેલી દુલીપ ટ્રૉફીની બૅક-ટુ-બૅક ત્રણ મૅચ રમ્યા પછી હવે વાઇટ બૉલથી રમવા આવ્યો છે. પ્રૅક્ટિસમાં તેના કરતાં સૅમસન વધુ સારું રમી રહેલો જોવા મળ્યો હતો.



દિલ્હીમાં શનિવારે ટ્રૉફી સાથે ભારતનો કૅપ્ટન શ્રેયસ ઐયર (જમણે) અને અફઘાનિસ્તાનનો ઇબ્રાહિમ ઝડ્રાન. (પીટીઆઇ)

શ્રેયસ ઐયરના સુકાનમાં ભારતની આ જ ટી-૨૦ ટીમ આ મહિને જાપાનમાં એશિયન ગેમ્સમાં રમવા જવાની છે. અફઘાનિસ્તાન પાસે રાશીદ ખાન, નૂર અહમદ તથા મુજીબ-ઉર-રહમાનના રૂપમાં અવ્વલ કક્ષાનું સ્પિન-આક્રમણ છે અને તેમના પેસ અટૅકમાં ફઝલહક ફારુકી, નવીન-ઉલ-હક તેમ જ ઑલરાઉન્ડરો ગુલબદિન નઇબ અને અઝમતુલ્લા ઓમરઝાઈ સામેલ છે.

**બન્ને દેશની સ્ક્વૉડઃ**

**ભારતઃ** શ્રેયસ ઐયર (કૅપ્ટન), તિલક વર્મા (વાઇસ કૅપ્ટન), અભિષેક શર્મા, સંજુ સૅમસન (વિકેટકીપર), વૈભવ સૂર્યવંશી, ઇશાન કિશન (વિકેટકીપર), નીતીશ કુમાર રેડ્ડી, વૉશિંગ્ટન સુંદર, શિવમ દુબે, અક્ષર પટેલ, જસપ્રીત બુમરાહ, અર્શદીપ સિંહ, યશ ઠાકુર, રવિ બિશ્નોઈ અને વરુણ ચક્રવર્તી.

**અફઘાનિસ્તાનઃ** ઇબ્રાહિમ ઝડ્રાન (કૅપ્ટન), દાર્વિશ રસૂલી, નૂર-અલ-રહમાન, રહમનુલ્લા ગુરબાઝ (વિકેટકીપર), સેદિકુલ્લા અટલ, અઝમતુલ્લા ઓમરઝાઇ, રાશીદ ખાન, મોહમ્મદ નબી, ગુલબદીન નઇબ, નૅન્ગેલિયા ખારોટે, અબ્દુલ્લા અમહદઝાઇ, ફઝલહક ફારુકી, નવીન-ઉલ-હક, મુજીબ-ઉર-રહમાન અને નૂર અહમદ. ■

# આજે મહિલાઓની ફાઇનલ ભારત-શ્રીલંકાને સ્પિન-આક્રમણ પર ભરોસો

દુબઈઃ ભારત અને શ્રીલંકા વચ્ચે આજે (રાત્રે ૮.૦૦ વાગ્યાથી) અહીં ટી-૨૦ એશિયા કપની ફાઇનલ રમાશે જેમાં બન્ને દેશની બૅટર્સ ચડિયાતી પુરવાર થવા કોઈ કસર નહીં છોડે. જોકે એનાથી પણ વિશે બાબત એ છે કે ભારત પાસે દીપ્તિ શર્મા, શ્રી ચરની અને પ્રેમા રાવતના રૂપમાં વર્લ્ડ-ક્લાસ સ્પિનર છે તો શ્રીલંકાએ જીતવા માટે બે સ્પિનર હર્ષિતા સમરવિક્રમા અને કવિશા દિલહારી પર આધાર રાખવો પડશે. જોકે સ્મૃતિ મંધાના, શેફાલી વર્મા, હરમનપ્રીત કૌર અને પ્રતીકા રાવલ તેમ જ દીપ્તિ શર્મા અને રિચા ઘોષ બૅટિંગના જોરે ભારતને આઠમું એશિયા કપ ટાઇટલ અપાવી શકે એમ છે.

૩૬ વર્ષીય કૅપ્ટન ચમારી અથાપથ્થુ પોતે શ્રીલંકાની બહુ સારી ઑફ સ્પિનર છે. તેણે અને ૧૭ વર્ષની ચામુડી પ્રાબોદાએ શુક્રવારે પાકિસ્તાન સામેની સેમિ ફાઇનલમાં બે-બે વિકેટ લીધી હતી. શ્રીલંકાએ એ સેમિમાં પાકિસ્તાનને ચાર વિકેટે હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ■

# જો રૂટે સ્મિથ પછી સચિનનો પણ વર્લ્ડ રેકૉર્ડ તોડ્યો

### ઇંગ્લૅન્ડની ૩-૦થી ક્લીન સ્વીપઃ બે પ્લેયરને સિરીઝનો અવૉર્ડ



બર્મિંગમઃ ઇંગ્લૅન્ડે અહીં શનિવારે પાકિસ્તાન સામેની ત્રીજી અને અંતિમ ટેસ્ટ પણ જીતીને એનો ૩-૦થી વાઇટવૉશ કર્યો એ પહેલાં ઇંગ્લિશ ટીમે થોડો સંઘર્ષ કરવો પડ્યો હતો, પરંતુ કૅપ્ટન અને ટીમના મુખ્ય બૅટ્સમૅન જો રૂટે (૬૨ અણનમ, ૬૯ બૉલ, આઠ ચોગ્ગા)એ ઉપરાઉપરી બે વિશ્વ વિક્રમ તોડીને આ સંઘર્ષ ભુલાવી દીધો હતો.

જો રૂટે ગુરુવારે ટેસ્ટ ક્રિકેટમાં વિકેટકીપર સિવાયના ફીલ્ડરોમાં સૌથી વધુ કૅચ ઝીલનાર સ્ટીવ સ્મિથનો વિશ્વવિક્રમ તોડી નાખ્યો હતો. સ્મિથના નામે ૨૧૯ કૅચ છે, જ્યારે રૂટના નામે ૨૨૦ કૅચ થઈ ગયા છે. શનિવારે રૂટે સચિન તેન્ડુલકરનો વર્લ્ડ રેકૉર્ડ પણ તોડ્યો હતો. અત્યાર સુધી સચિન ટેસ્ટમાં ૬૮ હાફ સેન્ચુરી સાથે મોખરે હતો, પણ રૂટે શનિવારે ૬૯મી અડધી સદી ફટકારી હતી.

## બે રનમાં બે વિકેટ પડી

પાકિસ્તાન બીજા દાવમાં ૪૪૯ રનના સ્કોર પર ઑલઆઉટ થતાં ઇંગ્લૅન્ડને જીતવા ૧૩૦ રનનો લક્ષ્યાંક મળ્યો હતો જે એણે ૨૪.૨ ઓવરમાં બે વિકેટના ભોગે મેળવી લીધો હતો. રૂટ અને જોર્ડન કૉક્સ (૫૯ અણનમ, ૭૬ બૉલ, આઠ ચોગ્ગા) વચ્ચે ૧૨૮ રનની અતૂટ ભાગીદારી થઈ હતી. રાઇટ-આર્મ ફાસ્ટ બોલર મોહમ્મદ અબ્બાસે ઇનિંગ્સની પહેલી જ ઓવરમાં બન્ને બ્રિટિશ ઓપનરને શૂન્યમાં આઉટ કરીને સનસનાટી મચાવી દીધી હતી. તેણે પ્રથમ બૉલમાં બેન ડકેટ (૦)ને વિકેટકીપર ગાઝી ઘોરીના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો અને છઠ્ઠા બૉલ પર એમિલિયો ગે (૦)ની વિકેટ એલબીડબ્લ્યૂમાં લીધી હતી. જોકે પછીથી રૂટ-કૉક્સની જોડીએ ધબડકો રોકીને

ટીમનો સ્કોર ૨/૨ પરથી ૨/૧૩૦ સુધી લઈ ગયા હતા અને ઇંગ્લૅન્ડને જિતાડ્યું હતું. એ સાથે, ઇંગ્લૅન્ડે ૩-૦થી ક્લીન સ્વીપ કરી હતી. ઇંગ્લૅન્ડે પ્રથમ દાવમાં ૪૫૩ રન બનાવ્યા પછી ૩૨૦ રનની લીડ લીધી હતી. ઇંગ્લૅન્ડે બે વર્ષે ફરી એક વખત ત્રણ ટેસ્ટની શ્રેણી ૩-૦થી જીતી લીધી છે. શનિવારે ઇંગ્લૅન્ડના પેસ બોલર ઑલી રૉબિન્સનને અને પાકિસ્તાનના મોહમ્મદ અબ્બાસને મેન ઑફ ધ સિરીઝનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

## નવ નંબરના પાકિસ્તાનીની નવ સિક્સર

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ગયા અઠવાડિયે ટેસ્ટ ટીમમાંથી સાત ખેલાડીને કાઢી નાખીને આ છેલ્લી ટેસ્ટ માટેની ટીમમાં નવા ખેલાડીઓને સમાવ્યા હતા અને રાઇટ-હૅન્ડ બૅટ્સમૅન રઝાઉલ્લા ખાન એમાંનો એક હતો. તેણે આ ડેબ્યૂ ટેસ્ટમાં શુક્રવારે નવ છગ્ગાની મદદથી ૬૩ બૉલમાં ૮૧ રન બનાવ્યા હતા. ખાસ કરીને શાન મસૂદના ૯૫ રન તેમ જ રઝાઉલ્લાના ૮૧ રન અને મોહમ્મદ અબ્બાસના ૪૨ રનની મદદથી જ પાકિસ્તાન બ્રિટિશરોને ૧૩૦ રનનો લક્ષ્યાંક આપી શક્યું હતું. ગસ ઍટકિન્સને સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી. ઑલી રૉબિન્સન તેમ જ જોશ ટન્ગ અને ડેન લૉરેન્સે બે-બે વિકેટ મેળવી હતી. ■

# એશિયન ગેમ્સ પહેલાં જ ભારતીય મહિલા ઍથ્લીટ દિવ્યાંશીએ કેમ આત્મહત્યા કરવાની ધમકી આપી?

નવી દિલ્હીઃ વુશુ એક પ્રકારની માર્શલ આર્ટસની રમત છે અને એની ૧૮ વર્ષીય ભારતીય ઍથ્લીટ દિવ્યાંશી ચૌધરીએ પોતાનો જ જીવ લઈ લેવાની ધમકી આપી હોવાની શૉકિંગ ઘટના સોશ્યલ મીડિયા પર વાઇરલ થઈ છે.

૧૯મી સપ્ટેમ્બરે જાપાનમાં શરૂ થઈ રહેલી એશિયન ગેમ્સ માટેની ભારતની વુશુ ટીમમાંથી પોતાનું નામ છેલ્લી ઘડીએ નીકળી જવાને પગલે દિવ્યાંશીએ આ ધમકી આપી હોવાનું મનાય છે. એક જાણીતી વેબસાઇટના અહેવાલ મુજબ ટીમમાં ૬૦ કિલો સૅન્ડા કૅટેગરીમાં તેના સ્થાને રૉશિબીના દેવીને સામેલ કરવામાં આવી છે.

પાછલી એશિયન ગેમ્સ સપ્ટેમ્બર, ૨૦૨૩માં ચીનની હાન્ગઝોઉમાં યોજાઈ હતી. મૂળ તો આ રમતોત્સવ સપ્ટેમ્બર, ૨૦૨૨માં જ યોજાવાનો હતો, પરંતુ કોવિડ-૧૯ની મહામારીને પગલે રમતોત્સવ એક વર્ષ વિલંબમાં મુકાયો હતો અને રેકૉર્ડ-બુકમાં એ ‘૨૦૨૨ની એશિયન ગેમ્સ’ તરીકે જ ઓળખાય છે. રૉશિબીના અર્જુન પુરસ્કાર વિજેતા પણ છે અને ૨૦૨૨ની એશિયન ગેમ્સમાં તે વુશુની સ્પર્ધામાં સિલ્વર મેડલ જીતી હતી.

રૉશિબીનાએ નવ મિનિટના વીડિયોમાં કથની કહી છે. શુક્રવાર, ૧૧મી સપ્ટેમ્બરના આ વીડિયોમાં તે ખૂબ રડી રહેલી બતાવવામાં આવી છે અને પોતાની સાથે અન્યાય થયો હોવાનો આક્ષેપ તેણે કર્યો છે.

રાષ્ટ્રીય શિબિરમાં પોતાની માનસિક સતામણી થઈ હોવાનો આક્ષેપ પણ તેણે કર્યો છે. રૉશિબીના તાજેતરમાં ચીનની એક આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં પ્રથમ રાઉન્ડમાં જ હારી ગઈ હતી.



રૉશિબીના દેવી



દિવ્યાંશી ચૌધરી

## દિવ્યાંશીના કોચ શું કહે છે?

એક અહેવાલમાં વુશુ ફેડરેશનને ટાંકીને જણાવાયું છે કે તબીબી ચકાસણી દરમ્યાન દિવ્યાંશીને સાથળ અને ઘૂંટણના સ્નાયુઓ સાથે જોડાયેલા સ્નાયુઓમાં ઈજા હોવાનું જાણવા મળ્યું હતું. જોકે દિવ્યાંશીના કોચ અશોક ગૌતમના મતે આ ઈજા ગંભીર નથી.

## આક્ષેપમાં બીજું શું કહ્યું?

દિવ્યાંશી ચૌધરીએ આક્ષેપોમાં એવું કહ્યું છે કે ‘તમે મારું નામ એશિયન ગેમ્સની ટીમમાંથી કાઢી નાખ્યું અને મને કહ્યું પણ નહીં? શા માટે? મને કહેવું તો જોઈતું હતું, મારે કંઈક કહેવું હતું. હું ૧૮ વર્ષની છું અને મને મારી વ્યથા વ્યક્ત કરવાનો હક છે. મારે ડૉક્ટરનો રિપોર્ટ પણ બતાવવો હતો. મારી ખૂબ માનસિક સતામણી થઈ છે. હવે જીવવાનો શું મતલબ? જૂનથી આ હાલત હતી અને હવે સપ્ટેમ્બર પણ આવી ગયો. તેને (રૉશિબીના)ને એશિયન ગેમ્સમાં જવું હતું એટલે તે સતતપણે મારી પાછળ પડી હતી. તે સ્પોર્ટ્સ મિનિસ્ટર પાસે જવાની હતી અને જેનો પણ સંપર્ક થઈ શકે એ કરવાની પેરવીમાં હતી. હું વુશુ ફેડરેશનને બે હાથ જોડીને કહું છું કે એશિયન ગેમ્સ માટેની અંતિમ સિલેક્શન ટ્રાયલમાં મેં તેને હરાવી દીધી હતી. ત્યાર બાદ તેણે મારી શારીરિક સતામણી શરૂ કરી હતી. શ્રીનગરમાં નૅશનલ કૅમ્પ પૂરો થવાને ૧૦ દિવસ બાકી હતા ત્યારે તેણે જાણી જોઈને મારા ખભાને ઘાયલ કર્યો હતો જેને લીધે હું ચાર-પાંચ દિવસ પ્રૅક્ટિસ નહોતી કરી શકી.’

દિવ્યાંશીના કોચ અશોક ગૌતમે કહ્યું છે, ‘છેલ્લાં એક વર્ષમાં દિવ્યાંશી દરેક ટ્રાયલમાં નંબર-વન બની છે. રૉશિબીના તો ચોથા નંબર પર છે અને દિવ્યાંશી સામે હારી ચૂકી છે. રૉશિબીનાએ દિવ્યાંશીને ટીમની બહાર કરાવવા અને પોતાનું નામ સામેલ કરાવવા પોતાની સત્તાનો ખોટી રીતે ઉપયોગ કર્યો છે. ખુદ રૉશિબીનાને ઈજા થઈ છે, તેને બન્ને પગમાં ઈજા છે એમ છતાં તે ટીમમાં સામેલ કરાઈ અને ફેડરેશન તેને એશિયન ગેમ્સ માટે જાપાન મોકલશે. છેલ્લાં બે વર્ષમાં આંતરરાષ્ટ્રીય ચંદ્રક જીતનારને જ એશિયન ગેમ્સમાં જવા મળે. રૉશિબીના પાસે એક પણ ચંદ્રક નથી. છેલ્લાં ચાર વર્ષમાં તે નૅશનલ મેડલ પણ નથી જીતી.’ ■

# રોહિત પર ટીવી શૉ બદલ પ્રતિબંધ મૂકાશે? જાણો હકીકત



મુંબઈઃ ‘હિટમૅન’ રોહિત શર્મા આજકાલ બૅટિંગની કમાલને કારણે કે ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપની ટીમમાં જોવા મળશે કે ખુદ નિવૃત્તિ લઈ લેશે? એવા સવાલોને લીધે ચર્ચામાં નથી, પણ તેના ટીવી શૉ બદલ ક્રિકેટના અને મનોરંજન ક્ષેત્રના ચાહકોમાં ખૂબ ચર્ચાઈ રહ્યો છે. એમાં પણ એક અફવા એવી ઊડી છે કે આ ટીવી શૉ બદલ બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ) તેના પર પ્રતિબંધ મૂકશે.

સોશ્યલ મીડિયા પરની એક પોસ્ટમાં તો એવો દાવો કરવામાં આવ્યો છે કે બીસીસીઆઇએ રોહિત શર્મા વિરુદ્ધ તેના આગામી ટેલિવિઝન શૉ બદલ પગલાં ભરવાની શરૂઆત પણ કરી દીધી છે. પોસ્ટમાં દાવો કરાયો છે કે રોહિતે સેન્ટ્રલ કૉન્ટ્રૅક્ટમાં લખવામાં આવેલા નિયમોનો ભંગ કર્યો છે જેને લીધે તેના પર બીસીસીઆઇ આજીવન પ્રતિબંધ મૂકશે અને તે વન-ડે ઉપરાંત આઇપીએલમાં પણ નહીં રમી શકે. જોકે હકીકત સાવ જુદી જ છે. આ બધા દાવામાં કોઈ તથ્ય નથી. રોહિત શર્મા બાબતમાં આ મુદ્દે બીસીસીઆઇ તરફથી કોઈ સત્તાવાર નિવેદન પણ બહાર નથી પાડવામાં આવ્યું.

## રોહિતનો કયો શૉ આવે છે?

જુલાઈ ૨૦૦૬માં ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં, જૂન ૨૦૦૭માં ભારત વતી વન-ડેમાં, સપ્ટેમ્બર ૨૦૦૭માં ટી-૨૦માં, નવેમ્બર ૨૦૧૩માં ટેસ્ટમાં અને ૨૦૦૮માં આઇપીએલમાં ડેબ્યૂ કરનાર રોહિત શર્મા હવે ટેલિવિઝનમાં ડેબ્યૂ કરી રહ્યો છે. એક જાણીતી ટીવી ચૅનલ પર તેનો શૉ ‘ફૅમિલી ફુલ હાઉસ’માં તે મુખ્ય પાત્ર તરીકે (હૉસ્ટ તરીકે) જોવા મળશે તેમ જ એ શૉમાં બીજા કેટલાક ખેલાડીઓ અને અન્ય સેલિબ્રિટીઝ પણ જોવા મળશે.

અફવા એવી ઊડી છે કે રોહિતે બીસીસીઆઇ સાથેના સેન્ટ્રલ કૉન્ટ્રૅક્ટનો ભંગ કર્યો છે. જોકે ઉપલબ્ધ અહેવાલો અનુસાર બીસીસીઆઇના કૉન્ટ્રૅક્ટમાં એવી કોઈ જોગવાઈ નથી કે જે મુજબ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સક્રિય કોઈ ક્રિકેટર કોઈ ટીવી શૉનું ઍન્કરિંગ ન કરી શકે. બીસીસીઆઇ તરફથી ક્રિકેટરને આવી કોઈ જ સીધી મનાઈ નથી કરવામાં આવતી. ખેલાડીઓને કમર્શિયલ (એન્ડોર્સમેન્ટ) તથા શેડ્યૂલની બાબતમાં કૉન્ટ્રૅક્ટના નિયમો પાળવા પડે છે, પણ ટીવી શૉમાં પર્ફોર્મ કરવા બદલ તેમણે કરારનો ભંગ કર્યો હોય એવું કંઈ જ નથી. ■

# ભારત સામેની મેચ જાપાનના ક્રિકેટ માટે બની શકે છે ગેમ ચેન્જરઃ જાપાની કેપ્ટન

નવી દિલ્હી : જાપાનના કેપ્ટન કેન્ડલ કાદોવાકી-ફ્લેમિંગ અને યુવા ઓલરાઉન્ડર ચાર્લી હારા-હિન્ઝેનું માનવું છે કે ૨૨ સપ્ટેમ્બરે ભારત સામેની ઐતિહાસિક ટી૨૦ મેચ માત્ર એક યાદગાર તક જ નહીં પરંતુ બેઝબોલ પ્રેમી દેશમાં ક્રિકેટના વિકાસ માટે એક મહત્ત્વપૂર્ણ શરૂઆત પણ સાબિત થઈ શકે છે. ભારતીય ટીમ બંને દેશો વચ્ચેની પ્રથમ પુરુષ આંતરરાષ્ટ્રીય મેચ માટે જાપાનની મુલાકાત લેશે. આ મેચ આઈચી-નાગોયામાં એશિયન ગેમ્સ પહેલા સાનો ઇન્ટરનેશનલ ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાશે.

કાદોવાકી-ફ્લેમિંગ માટે એશિયન ગેમ્સમાં ભારતની સાથે અફઘાનિસ્તાન અને નેપાળની યજમાની કરવાનું એ વાતનો પુરાવો છે કે જાપાનમાં ટૂંકા ગાળામાં ક્રિકેટે કેટલી પ્રગતિ કરી છે. તેમણે પીટીઆઈ વીડિયોને કહ્યું હતું કે ‘‘તે ખૂબ જ રોમાંચક છે અને મને લાગે છે કે અફઘાનિસ્તાન અને નેપાળ જેવા



દેશોને જાપાનમાં આવવું એ અહીં ક્રિકેટ માટે એક મોટો વિકાસ છે. થોડાં વર્ષો પહેલા અમે કદાચ વિચાર્યું નહોતું કે આનું આયોજન કરવું શક્ય બનશે.’’

જ્યારે આ એક ઐતિહાસિક પ્રસંગ હશે ત્યારે જાપાનના કેપ્ટને ભારપૂર્વક કહ્યું કે તેમની ટીમ ફક્ત ઉજવણી કરવા માટે મેદાનમાં ઊતરશે નહીં. ભારત સામે રમવું ગમે તેટલું રોમાંચક હોય, અમે ફક્ત ઉજવણી કરવા માટે ત્યાં જઈ રહ્યા નથી. અમે પુરુષોની ટીમ તરીકે શું કરી શકીએ છીએ તે દર્શાવવા માટે ત્યાં જઈ રહ્યા છીએ. ભારત જેવી ટીમમાં ચોક્કસપણે દરેક વિભાગમાં ઉત્તમ ખેલાડીઓ છે. ઝડપી બોલિંગ, બેટિંગ અને સ્પિનમાં સારા ખેલાડીઓ છે. તેથી અમારા માટે વિશ્વ કક્ષાના ખેલાડીઓ અને તે ફોર્મેટમાં વિશ્વની શ્રેષ્ઠ ટીમને રમતા જોવું એક મહાન અનુભવ હશે.’’

હારા-હિન્ઝે ભારતની યુવા પ્રતિભાથી વાકેફ છે. જાપાને ૨૦૨૪ અંડર-૧૯ એશિયા કપના ગ્રુપ સ્ટેજમાં ભારતનો સામનો કર્યો હતો, જેમાં આયુષ મ્હાત્રે અને વૈભવ સૂર્યવંશી જેવા યુવા ખેલાડીઓ હતા. ■



કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

ચીનના પ્રમુખ શી જિનપિંગની ભારત યાત્રાઃ

# ક્યા ઈરાદા હૈ આપકા ?

**છેલ્લી મિનિટે આપણા આમંત્રણને ‘માન’ આપીને ‘બ્રિક્સ’ની સમિટમાં હાજર રહેવા ચીનના પ્રમુખ જિનપિંગ દિલ્હી પધાર્યા એટલે આપણે બહુ ખુશ થવાની જરૂર નથી, કારણ કે મનના મેલા એવા કોઈ પણ ચીની નેતા ભરોસાપાત્ર રહ્યા નથી એનો આપણને અગાઉ પણ કડવો અનુભવ થયો છે. આપણી સાથે કામચલાઉ મિત્રતા કેળવીને અમેરિકાનું નાક દબાવવાની ચીન પેરવીમાં છે ત્યારે આપણા રાજનેતાઓએ સાવચેત રહીને કળથી આપણો ફાયદો રોકડો કરવો પડશે.**



ભારત સહિતના ૧૧ દેશોના બનેલા સંગઠન ‘બ્રિક્સ’ની સમિટનો આપણે ત્યાં નવી દિલ્હીના ‘ભારતમંડપમ’ ખાતે પ્રારંભ થઈ ગયો છે. આ સમિટ પર આખી દુનિયાની નજર મંડાયેલી છે. અમેરિકા સહિતના દુનિયાના અતિ ધનાઢ્ય દેશો પણ બ્રિક્સ સમિટમાં શું રંધાય છે એ જાણવા ઊંચાનીચા થઈ રહ્યા છે કેમ કે ૧૧ દેશોના બનેલા આ સંગઠનની આર્થિક તાકાત જબરદસ્ત છે.

બ્રિક્સ મૂળ તો ૨૦૦૯માં બ્રાઝિલ, રશિયા, ભારત અને ચીનએ ચાર દેશોના બનેલા બ્રિક (BRIC) સંગઠન તરીકે અસ્તિત્વમાં આવેલું, પણ ૨૦૧૧માં દક્ષિણ આફ્રિકા પણ જોડાયું પછી બ્રિક્સ (BRICS) બન્યું. ત્યારબાદ એક પછી એક દેશ સભ્ય તરીકે ઉમેરાતા ગયા ને અત્યારે ૫ મુખ્ય દેશ ઉપરાંત ઇજિપ્ત, ઇથોપિયા, ઈરાન, સઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત અને ઇન્ડોનેશિયા મળીને કુલ ૧૧ દેશો આ સંગઠનના સભ્ય છે.

અમેરિકા સહિતના અન્ય દેશ બ્રિક્સ સમિટથી ઊંચાનીચા થઈ રહ્યા છે તેનું કારણ બ્રિક્સના સભ્ય દેશોની સંયુક્ત તાકાત છે. બ્રિક્સના સભ્ય દેશોની જીડીપીનો સરવાળો કરો તો વૈશ્વિક જીડીપી (GDP)ના લગભગ ૪૦ ટકા હિસ્સો થાય છે જ્યારે૧૧ સભ્ય દેશ વિશ્વની કુલ વસતિના લગભગ ૪૯.૫ ટકા હિસ્સો ધરાવે છે. મતલબ કે, વિશ્વમાં સૌથી મોટું માર્કેટ અને વર્ક ફોર્સ એટલે કે કામદારો બંને બ્રિક્સ દેશો પાસે છે.

એ જ રીતે સઉદી અરેબિયા, ઈરાન, રશિયા અને યુએઈ એ ચાર ક્રૂડ ઓઈલના મુખ્ય નિકાસકાર દેશોના કારણે બ્રિક્સ એનર્જી બિઝનેસ પર વર્ચસ્વ ધરાવે છે. બ્રિક્સના દેશો દ્વારા ઊભી કરાયી ‘ન્યૂ ડેવલપમેન્ટ બેંક’ (NDB)જેવી સંસ્થાઓ વિકાસશીલ રાષ્ટ્રોને નાણાકીય સહાય આપે છે તેથી આઈએમએફ અને વર્લ્ડ બેંક જેવી સંસ્થાઓ પર વર્ચસ્વ કરીને દાદાગીરી કરતા અમેરિકાની સર્વોપરિતા સામે પડકાર ઊભો થયો છે.

વિશ્વના વ્યાપારમાં અમેરિકન ડૉલરના એકચક્રી શાસનને પડકારવા બ્રિક્સ દેશો એક સામાન્ય ચલણ પ્રચલિત કરવા અને સભ્ય દેશોમાં ડૉલરનો ઉપયોગ બંધ કરીને તેનાથી જ વ્યાપાર કરવાની વ્યૂહરચનાને અમલી બનાવવા માટે પણ મથી રહ્યા છે. આ બધાં કારણોસર બ્રિક્સ અમેરિકા સહિતના દેશો માટે માથાનો દુઃખાવો બની ગયું છે.

બીજી તરફ. ભારત માટે ‘બ્રિક્સ સમિટ’ અલગ રીતે મહત્ત્વનું છે. રશિયા અને ચીન બંને બ્રિક્સના સ્થાપક દેશોમાં છે તેથી રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિન અને ચીનના પ્રમુખ શી જિનપિંગ બંને બ્રિક્સ સમિટમાં ભાગ લેવા માટે ભારત આવ્યા છે. રશિયા અને ચીન બંને અમેરિકાના ઘોર વિરોધી છે. ભારતના રશિયા સાથેના સંબંધો સારા છે, પણ અમેરિકા અને ચીન સાથેના સંબંધો તણાવપૂર્ણ છે. આ માહોલમાં જિનપિંગ ભારત આવ્યા છે ત્યારે ચીન અને ભારતના સંબંધોમાં નવું શું થાય છે એ ભારત માટે સૌથી મહત્ત્વનું છે.

ચીન લુચ્ચાઈ માટે જાણીતું છે. ચીન ભારત પાસેથી આર્થિક ફાયદો લેવા માગે છે, પણ સામે પોતે કશું આપવા માટે તૈયાર નથી. ભારત દેશના નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો માટેના કાચા માલથી માંડીને સોલર એનર્જી જેવા વૈકલ્પિક ઊર્જા માટેની પેનલો સહિતનાં ઉત્પાદનો માટે ચીન પર નિર્ભર છે. ચીનને પણ ભારતના વિશાળ માર્કેટની જરૂર છે, પણ સરહદી સમસ્યાના કારણે બંને દેશો વચ્ચે સતત તણાવ રહ્યા કરે છે.

ભારતના પ્રદેશોમાં ઘૂસણખોરી કરીને ચીન આપણા પ્રદેશ પચાવી રહ્યું હોવાના આક્ષેપો સતત થયા કરે છે ત્યારે ભારતના પ્રદેશોને પોતાના ગણાવીને ચીન તેમના પર દાવો કર્યા કરે છે તેના કારણે પણ બંને દેશ વચ્ચે છમકલાં થયા કરે છે. સરહદી સમસ્યાના ઉકેલ માટે બંને દેશ વચ્ચે મંત્રણાઓ થાય છે પણ તેનો કોઈ ઉકેલ આવતો નથી. તેનું કારણ એ કે, ભારતના પચાવી પાડેલા પ્રદેશ ચીન પાછા આપવા તૈયાર જ નથી પણ બીજા પ્રદેશો પચાવી પાડવાના કારસા પણ કર્યા કરે છે.

ભારત અને ચીન હાથ મિલાવે તો અમેરિકા સહિતના દેશોનો આર્થિક મોરચે પછડાટ આપી શકે કેમ કે ભારત પાસે વિશાળ બજાર અને વર્કફોર્સ છે જ્યારે ચીન પાસે કુદરતી સંસાધનોનો ઉપયોગ કરવાની ક્ષમતા અને ટેકનોલોજી છે. કમનસીબે ચીનના સામ્રાજ્યવાદી વલણના કારણે બંને દેશ નજીક આવી શકતા નથી અને ભારતના દુશ્મન એવા પાકિસ્તાન, બાંગ્લાદેશ, મ્યાનમાર સહિતના દેશોને થાબડી રહ્યું છે અને ભારતને ચોતરફથી ઘેરી રહ્યું છે.

બ્રિક્સ સમિટમાં ભાગ લેવા આવેલા જિનપિંગ આ સમસ્યાઓ અને ભારતની ચિંતાઓના ઉકેલ માટે કંઈ કરે તો બંને દેશ એકઠા થઈને દુનિયામાં ક્રાંતિ કરી શકે, પણ અત્યાર સુધી ચીનનો આપણને સારો અનુભવ નથી. શી જિનપિંગ ૨૦૧૪માં ભારત પહેલી વાર આવ્યા ત્યારે આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સાબરમતીના કિનારે તેમને હિંચકે ઝૂલાવેલા ને કેક કાપીને બર્થ -ડે પણ ઉજવેલો. ૨૦૧૯માં જિનપિંગને ચેન્નાઈ પાસેના મમાલ્લાપુરમમાં આવકારવા માટે તો મોદીએ દક્ષિણ ભારતીયોની જેમ લુંગી ને શર્ટ પહેરવા સહિતના ખેલ પણ કરી નાખ્યો છતાં પણ ચીને તેનો બદલો ૨૦૨૦માં ગલવાન ખીણમાં ૨૦ ભારતીય સૈનિકોની હત્યા કરીને આપેલો. ચીનની આ હરકતના કારણે અવિશ્વાસનો માહોલ જે ઊભો થયો છે એ હજુ યથાવત્ છે ત્યારે વિશ્વાસ ઊભો કરવા જિનપિંગે જ કશુંક કરવું પડે, ભારતને તેનો પ્રદેશ પાછો આપવા સહિતની શુભ ચેષ્ટાઓ કરવી પડે.

## ચીન ‘બ્રિકસ’માં શું શું ફેરફાર કરવા ઈચ્છે છે?

જિનપિંગે ભારત આવવાનો નિર્ણય લઈને આશ્ચર્ય સર્જ્યું છે કેમ કે ગયા વર્ષે બ્રાઝિલના ‘બ્રિક્સ સમિટ’માં જિનપિંગ નહોતા ગયા. આ વખતે પણ છેલ્લી ઘડી સુધી સસ્પેન્સ રાખ્યા પછી છેક શુક્રવારે જિનપિંગ ભારત આવશે એવી જાહેરાત કરવામાં આવી. વિશ્લેષકોના મતે, જિનપિંગે ભારત સાથેના સંબંધો મજબૂત બનાવવા માટે તો ‘બ્રિક્સ સમિટ’માં આવવાનો નિર્ણય લીધો જ છે પણ સાથે સાથે અમેરિકાને પછાડવા માટે ભારત સાથે ધરી રચવાનો પણ ઈરાદો સ્પષ્ટ છે.

ચીન ‘બ્રિક્સ સમિટ’ને ગ્લોબલ સાઉથ ધરીને મજબૂત કરવાના એજન્ડા માટેનું મજબૂત પ્લેટફોર્મ માને છે. વિશ્વનો નકશો ઉત્તર ગોળાર્ધ (નોર્થ ગ્લોબલ) અને દક્ષિણ ગોળાર્ધ (સાઉથ ગ્લોબલ) એમ બે ભાગમાં વહેંચાયેલો છે. નોર્થ ગ્લોબલના દેશો સમૃદ્ધ અને વિકસિત છે જ્યારે સાઉથ ગ્લોબલના દેશો અલ્પ વિકસિત અથવા વિકાસશીલ છે. સાઉથ ગ્લોબલમાં મુખ્યત્વે એશિયા, આફ્રિકા, લેટિન અમેરિકા અને ઓશેનિયાના દેશો આવે છે. એશિયાના જાપાન, સાઉથ કોરીયા, ઈઝરાયલને અને ઓશેનિયાના ઓસ્ટ્રેલિયા અને ન્યૂ ઝીલેન્ડ જેવા સમૃદ્ધ દેશો ભૌગૌલિક રીતે દક્ષિણમાં હોવા છતાં નોર્થ ગ્લોબલમાં ગણાય છે તેથી નોર્થ ગ્લોબલ અને સાઉથ ગ્લોબલ ભૌગૌલિક નહીં પણ આર્થિક ધોરણે થયું વિભાજન છે.

સાઉથ ગ્લોબલમાં ૧૦૦થી વધારે દેશ છે પણ મોટા ભાગના અત્યંત પછાત અને ગરીબ છે. અલબત્ત, આ દેશોમાં વસતિ વધારે છે તેથી ચીનને આ દેશોમાં ભવિષ્યમાં જબરદસ્ત વિકાસની તકો દેખાય છે. ચીનનો એજન્ડા પોતાની ટેકનોલોજીની તાકાતનો ઉપયોગ આ દેશોના કુદરતી સ્રોતનો ઉપયોગ કરીને તેમનો વિકાસ કરવાનો છે. એ માટે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ) અને વર્લ્ડ બેંક જેવી સંસ્થાઓ મદદ કરે એવી ચીનની માગ છે, પણ અમેરિકાની તાબેદાર આ સંસ્થાઓ ચીનની વાત માનતી નથી.

જિનપિંગ ભારત સહિતના દેશોને સાથે લઈને આઈએમએફ અને વર્લ્ડ બેંકના વહીવટી માળખામાં ફેરફાર કરાવવા માગે છે. બ્રિક્સનો વિસ્તાર કરીને ગ્લોબલ સાઉથના બહુમતી દેશોને સમાવવાનો પણ જિનપિંગનો એજન્ડા છે. આ સિવાય વિશ્વ વ્યાપારમાં અમેરિકાના ડૉલરનું એકચક્રી શાસન ખતમ કરવાનો પણ ચીનનો ઈરાદો છે. બ્રિક્સના દેશો અંદરોઅંદરના વ્યવહારો અમેરિકન ડૉલરના બદલે પોતાના એક સામાન્ય ચલણમાં કરે એ માટેના પ્રયત્નો લાંબા સમયથી ચાલે છે. જિનપિંગ ‘બ્રિક્સ સમિટ’માં આ તમામ મુદ્દાઓ અંગે ચર્ચા કરશે અને આ મહિનાના અંતમાં ડોનલ્ડ ટ્રમ્પને મળે ત્યારે અમેરિકા પર દબાણ લાવવા તેનો ઉપયોગ કરશે એવું મનાય છે.

ટૂંકમાં ચીન બ્રિક્સ પ્લેટફોર્મ દ્વારા અમેરિકાનું નાક દબાવવાની પેરવીમાં છે ત્યારે આપણા રાજનેતાઓ પણ એમનો દાવ પણ ચતુરાઈથી રમે તો ફાયદો આપણને પણ છે... ■




# મારો એકરાર... પરિવારને બનાવીશ પ્રભુ પરિવાર!

**પર્વાધિરાજ** પર્યુષણ મહાપર્વ આપણને પ્રેરણા આપે છે, જ્યાં સુધી ‘પ્રભુ’ ન બનો, ત્યાં સુધી પરિવારને ‘પ્રભુ પરિવાર’ બનાવવો જોઈએ અને પરિવારના સભ્યોમાં ભાવિના ભગવાનનાં દર્શન કરવાં જોઈએ.

પરિવારને પ્રભુ પરિવાર બનાવવા અત્યંત જરૂરી હોય છે, વિનય ગુણ!

જ્યાં વિનય હોય, ત્યાં વિજય હોય.

જ્યાં વિનય હોય, ત્યાં સ્નેહ, શાંતિ અને સમાધિ હોય. વિનય એક એવું યંત્ર છે, જેના એકના આધારે સંસારની સફળતાની દરેક factory ચાલતી હોય છે.

જે પરિવારમાં એકબીજા પ્રત્યે વિનય હોય, એ પરિવારમાં ક્યારેય problem ન હોય.

વિનય માત્ર શબ્દોમાં નહીં, વિનય તમારી આંખોમાં, તમારી વાણીમાં, તમારા વ્યવહારમાં અને તમારા રોમ-રોમમાં વ્યાપ્ત હોવો જોઈએ.

ગુરુ સમક્ષ તમે 100% વિનય કરો છો, પણ એ 100% વિનયનું result તમારી સંસારની lifeમાં 1% પણ નથી આવતું, શા માટે?

કેમ કે બાકીના અન્ય એટલે કે રિક્ષાવાળા, watchman, liftman, peon, servants, cook આદિ સાથે હજારગણો અવિનય કરો છો.

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ એ ભૂલોને realise કરી, ભૂલોનો એકરાર કરવા માટે તો હોય છે. જે એકરાર કરે છે, તેમની ભૂલો ક્ષમ્ય બની જાય છે.

આજે બે કાન પકડી, પ્રભુ સમક્ષ એકરાર કરો કે હે પ્રભુ! આજે પકડેલા કાન ફરી ન પકડવા પડે એવા ભાવ સાથે, પ્રભુ! મેં જ્યાં-જ્યાં, જેની-જેની સાથે અવિનય કર્યો છે, રિક્ષાવાળાને પૈસાનો power બતાવ્યો છે, salary આપીને અહંકાર કર્યો છે, પરિવારમાં વડીલોનો disrespect કર્યો છે, નાનાની વાતોને સમજવામાં અહમ્ નડ્યો છે. તે સર્વ મારા અવિનયી વ્યવહાર, અવિનયી શબ્દો અને અવિનયી actionsનું **तस्स भंते, पडिक्कमामि, निंदामि, गरिहामि, अप्पणं वोसिरामि!**

પર્વાધિરાજ પર્યુષણ lifeમાં change લાવવા માટે હોય છે.

જ્યાં વિનય હોય, ત્યાં understanding હોય.

જ્યાં અવિનય હોય, ત્યાં misunderstanding હોય.

ઇતિહાસના પ્રસંગો પર દૃષ્ટિ કરીએ તો સમજાય કે વિનયના અભાવે misunderstanding થાય અને misunderstanding strong બની જાય તો સંથારા જેવી શ્રેષ્ઠ સાધના પણ સદ્ગતિ ન અપાવી શકે.

ચંપાનગરીના મહારાજા ઉદાયને જ્યારે સંસારનો ત્યાગ કરી, સંયમનો સંકલ્પ કર્યો ત્યારે તેમણે પુત્રના હિત, શ્રેય અને કલ્યાણની હિતચિંતા કરી, એને કર્મબંધથી અટકાવવા પુત્રના બદલે ભત્રીજાને રાજ્ય સોંપ્યું.

પુત્ર, પિતાના હિત અને કલ્યાણકારી ભાવોને સમજી ન શક્યો એટલે પિતા પ્રત્યે અત્યંત ક્રોધ આવ્યો અને પિતાનું રાજ્ય છોડી, બીજા ક્ષેત્રમાં પોતાનું રાજ્ય સ્થાપિત કર્યું, રાજા બની ગયા.

એક સમયે ભગવાન મહાવીર સ્વામીના શરણમાં આવ્યા અને પ્રભુનાં પ્રેરક પ્રવચનોથી પ્રભાવિત અને ભાવિત થઈ, સંથારો ગ્રહણ કર્યો સંથારાની શ્રેષ્ઠ સાધનામાં, જીવના અંતિમ સમયે, સર્વ જીવોની ક્ષમાપના કરવા લાગ્યાં.

**खामेमि सव्वे जिवा, सव्वे जिवा वि खमंतु मैं...**

હું જગતના સર્વ જીવોની ક્ષમાપના કરું છું, સિવાય મારા પિતાની!

Misunderstandingના કારણે એના મનમાં અંતિમ સમય સુધી એ જ ખટકો હતો કે મારા પિતાએ મારી સાથે અન્યાય કર્યો છે. એમનામાં જો પિતા પ્રત્યે respect હોત તો પિતાને વિનમ્રભાવે રાજ્ય ન સોંપવાનું કારણ પૂછ્યું હોત અથવા એમના આંતરિક વિનયે એમના visionને clear કર્યું હોત કે જે મારા હિતનું હશે એ જ મારા પિતાએ મારા માટે કર્યું છે.

એક વાત યાદ રાખજો, તમે સંસારમાં છો, પરિવારમાં બધા સાથે છો ત્યારે ક્યારેક તમારું ધાર્યું થાય અને ક્યારેક ન પણ થાય!

સંબંધોમાં જ્યારે ધાર્યું થાય ત્યારે પુણ્ય ઘટે અને જ્યારે ધાર્યું ન થાય ત્યારે પાપ ઘટે!

ધાર્યું થાય ત્યારે અહમ્ ન કરવો અને ધાર્યું ન થાય ત્યારે અફસોસ ન કરવો, માત્ર selfને command આપવો... મારું કે એમનું નહીં, ‘કર્મનું ધાર્યું થાય છે!’

Fruitsની value વધારે હોય કે Dry fruitsની? Dry fruitsની value હંમેશાં વધારે હોય.

એમ જેમ-જેમ વડીલો મોટા થતા જાય, તેમ-તેમ જો પરિવારમાં એમની value વધતી હોય તો એ પરિવાર વિનયથી સમૃદ્ધ હોય અને એ પરિવાર પ્રભુ પરિવાર હોય!

જે પરિવારમાં વડીલોની value હોય, એ પરિવારમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ હોય.

પરિવારના સભ્યો વચ્ચે એકબીજાને એકબીજાનો fear હોવો જોઈએ કે એકબીજાના dear હોવો જોઈએ?

જે પરિવારમાં fear હોય, એ પરિવારામાં relations fail હોય.

જે પરિવારમાં બધા એક બીજાના dear હોય, એ પરિવારના relations divine હોય, એ પરિવાર પ્રભુ પરિવાર હોય અને એ પરિવાર progressive હોય.

જે પરિવારમાં respectનો અભાવ હોય, એ પરિવારમાં જ્યારે બે સભ્યો એકબીજાને સમજતા ન હોય ત્યારે બંને વચ્ચે egoના કારણે cold war ચાલતી હોય અને જ્યારે બંને એક બીજાને સમજાવતા હોય, ત્યારે ક્રોધના કારણે hot war ચાલતી હોય.

જે પરિવારમાં વિનય હોય, જ્યાં પ્રભુવીરનું શાસન હોય, જે પ્રભુનો પરિવાર હોય ત્યાં કર્મોના ઉદયના કારણે કદાચ hot war કે cold war થાય પણ વધારે સમય ટકે નહીં.

કેટલાક પરિવારના વડીલો આજે વૃદ્ધાશ્રમમાં શા માટે છે?

જે વડીલો મીઠા હોય, એમને ક્યારેય કડવા વૃદ્ધાશ્રમમાં જવું ન પડે અને જે વડીલો કડવું બોલતાં હોય એમને ક્યારેય મીઠાં ઘરમાં રહેવા ન મળે.

પરિવારને પ્રભુનો પરિવાર બનાવવા શું કરવું જોઈએ?

૧. દરરોજ રાત્રે 10 minutes ઘરના દરેક સભ્યોની એક ‘ઘર સભા’ થવી જોઈએ, જેમાં બધા સાથે બેસીને સમૂહમાં પ્રથમ ધ્યાન અને મંત્રોચ્ચાર કરે. પછી એકબીજાની mistakes clear કરે, suggestionsની આપ-લે કરે, માંગલિકનું શ્રવણ કરો અને lastમાં બધા એકબીજાને SORRY કહી ક્ષમાપના કરે.

૨. આખા દિવસમાં એકવાર ઘરના દરેક સભ્યોએ સાથે બેસીને, mobilesને sideમાં મૂકીને, પ્રસન્નતા સાથે ભોજન કરવું જોઈએ.

અન્ન જેના ભેગા... મન એના ભેગા!

૩. વિનયને ઉત્કૃષ્ટ બનાવવા ઘરના દરેક સભ્યોએ નિત્ય સવારે દેવ-ગુરુ-ધર્મના સ્મરણ સાથે 9 અથવા 27 વંદના કરવી જોઈએ.

પરિવારને પ્રભુ પરિવાર બનાવવા માટે નાનાએ મોટાઓનો respect કરવો જોઈએ અને મોટાઓએ નાનાની વાતોનેસમજી એમની વાતનું સન્માન કરવું જોઈએ.

પ્રભુ પરિવાર એ હોય, જે પરિવારમાં suggestions ઓછાં અને support વધારે હોય!

જે સંતાનોની શક્તિ અને ક્ષમતાને ખીલવવામાં supporter બને છે, તે ક્યારેય મુરઝાતા નથી.

નાનાઓએ સમજવું જોઈએ કે વડીલો પાસે જે experiencesનું knowledge હોય છે, તે schoolના educationથી અનેકગણું વધારે શ્રેષ્ઠ હોય છે.

જ્યાં વિનય હોય, ત્યાં એકબીજાને સમજવાની સમજ હોય.

પરિવારને પ્રભુ પરિવાર બનાવવાનો સંકલ્પ અને પુરુષાર્થ એ આ પર્યુષણની સાર્થકતા છે, પ્રભુ સમક્ષ એકરાર કર્યા પછીનો પ્રભુને આપવાનો કરાર છે.■


# વિયેતનામ - એક એવું હોલિડે જ્યાં દરેક માટે કંઈક ખાસ છે



ઑરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા

*ધુમ્મસથી ઢંકાયેલા પર્વતો, યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સ્થળો, કુદરતી સૌંદર્ય, આધુનિક મનોરંજન, સુંદર દરિયાકિનારા અને સમગ્ર પરિવારને ગમે એવો પ્રવાસ - આ બધું એક જ દેશમાં અનુભવવાની તક મળે છે. આખરે વિયેતનામ કેમ છે દરેક પેઢી માટે આદર્શ સ્થળ? ચાલો પૂછીએ ઑરોરા ટ્રાવેલ્સના મેનેજિંગ ડિરેક્ટર ધવલ જાંગલાને.*

**★ પ્રશ્નઃ થોડાં વર્ષો પહેલાં ભારતીય પ્રવાસીઓ માટે થાઇલેન્ડ અને સિંગાપુર સૌથી લોકપ્રિય વિકલ્પ ગણાતા હતા. આજે દરેક વ્યક્તિ વિયેતનામની જ વાત કરે છે. એવું કેમ?**

**ધવલભાઈઃ** છેલ્લાં કેટલાંક વર્ષોમાં વિયેતનામ એશિયાના સૌથી ઝડપથી લોકપ્રિય બનતા પ્રવાસનાં સ્થળોમાં સ્થાન મેળવી ચૂક્યું છે. વર્ષ ૨૦૨૫માં વિયેતનામે આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓના આગમનની સંખ્યામાં નવો રેકોર્ડ નોંધાવ્યો, જ્યારે ટૂરિઝમ ક્ષેત્રના નિષ્ણાતોનું માનવું છે કે ૨૦૨૬નું વર્ષ આથી પણ વધુ સફળ સાબિત થશે. તેનું સૌથી મોટું કારણ એ છે કે વિયેતનામ એક જ પ્રવાસમાં ખૂબ વિવિધતા આપે છે. એક તરફ ઠંડા ડુંગરાળ પ્રદેશો છે, જ્યાંનું વાતાવરણ જાણે હિલ સ્ટેશનની યાદ અપાવે છે. બીજી તરફ નીલમ જેવા દરિયાકિનારા, યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સ્થળો, હરિયાળા ટાપુઓ, વિશ્વસ્તરીય મનોરંજન, આધુનિક શહેરો, શૉપિંગ , સ્વાદિષ્ટ ભોજન અને સ્થાનિક લોકોની પ્રેમાળ મહેમાનગતિ આ બધું એક જ પ્રવાસમાં માણી શકાય છે. તમે નાનાં બાળકો સાથે ફેમિલી હોલિડે પર હો કે નવપરિણીત દંપતી તરીકે હનીમૂન પર હો, મિત્રોના ગ્રૂપ સાથે પ્રવાસે નીકળ્યા હો કે પછી માતા-પિતા અને દાદા-દાદી સાથે પારિવારિક પ્રવાસનું આયોજન કર્યું હોય - વિયેતનામ દરેકને પોતાની રીતે ગમી જાય છે.

**★ પ્રશ્નઃ વિયેતનામને દરેક પેઢીના પ્રવાસીઓ માટે આદર્શ સ્થળ કેમ માનવામાં આવે છે?**

**ધવલભાઈઃ** પરિવાર સાથેના પ્રવાસમાં સૌથી મોટો પડકાર એક જ હોય છે કે દરેક સભ્યની પસંદ જુદી હોય છે. નાનાં બાળકોને રમૂજી પ્રવૃત્તિઓ અને મનોરંજન ગમે છે. યુવાનોને સોશ્યલ મીડિયા માટે આકર્ષક સ્થળોની શોધ હોય છે. માતા-પિતા સાઈટસિઇંગ, ખરીદી અને આરામ વચ્ચેનું સંતુલન ઇચ્છે છે, જ્યારે વડીલો શાંતિ, સુંદર દૃશ્યો અને આરામદાયક પ્રવાસને વધુ મહત્ત્વ આપે છે. વિયેતનામની વિશેષતા એ છે કે એ આ તમામ અપેક્ષાઓને એકસાથે સંતોષી શકે છે. અહીં દરેક માટે કંઈક એવું છે, જે પ્રવાસને માત્ર રજાઓ નહીં, પરંતુ આખા પરિવાર માટે એક યાદગાર અનુભવ બનાવી દે છે.



**★ પ્રશ્નઃ વિયેતનામ માત્ર દરિયાકિનારા માટે જ જાણીતું નથી. અહીં એવી કઈ જગ્યાઓ છે, જેનો દરેક પ્રવાસીએ અવશ્ય જોવી જોઈએ.**

**ધવલભાઈઃ** વિયેતનામની સૌથી મોટી ખાસિયત એ છે કે દેશનો દરેક વિસ્તાર એક અલગ જ અનુભવ કરાવે છે. ઉત્તરથી દક્ષિણ સુધીની સફરમાં પ્રકૃતિ, સંસ્કૃતિ અને જીવનશૈલી સતત બદલાતી રહે છે, જેના કારણે દરેક સ્થળ એક નવી દુનિયામાં પ્રવેશ કરાવતું હોય એવું લાગે છે. ઉત્તર વિયેતનામમાં આવેલું ‘‘સા પા’’ વર્ષના મોટાભાગના સમય દરમિયાન તેના ઠંડા અને સુખદ વાતાવરણ માટે જાણીતું છે. હરિયાળા પર્વતો, ટેરેસનાં આકારનાં ચોખાનાં ખેતરો અને ધુમ્મસથી ઘેરાયેલી ખીણો વચ્ચે પહોંચતાં જ એવું લાગે કે તમે દક્ષિણ-પૂર્વ એશિયામાં નહીં, પરંતુ કોઈ સુંદર પર્વતીય પ્રદેશમાં આવી ગયા છો. સા પાની સૌથી મોટી ઓળખ છે **ફાન્સીપાન પર્વત**, જેને **‘રૂફ ઓફ ઇન્ડોચાઇના’** તરીકે ઓળખવામાં આવે છે. અહીંની આધુનિક કેબલ કાર પ્રવાસીઓને લગભગ શિખર સુધી લઈ જાય છે. કેબલ કારમાં સફર દરમિયાન નીચે પથરાયેલા હરિયાળા પહાડો, વાદળોથી ઘેરાયેલી ખીણો અને દૂર સુધી ફેલાયેલા નજારાઓ આંખો સામે જીવંત થઈ ઊઠે છે. શિખર પરથી દેખાતું દૃશ્ય એવો અનુભવ કરાવે છે, જે પ્રવાસ પૂરો થયા પછી પણ લાંબા સમય સુધી યાદોમાં તાજો રહે છે. ક્રૂઝના ડેક પર બેસીને ભોજનનો આનંદ માણવો હોય કે પછી માત્ર આસપાસના નજારાઓને નિહાળતાં સમય પસાર કરવો હોય - **હા લોંગ બે** દરેક પ્રવાસીને જીવનની ભાગદોડમાંથી થોડો વિરામ આપતું સ્થળ બની જાય છે. આગળ દક્ષિણ તરફ વધતાં **દા નાંગ** એક જુદા જ સ્વરૂપમાં વેલકમ કરે છે. સ્વચ્છ અને સુંદર દરિયાકિનારા, આધુનિક શહેર, પહોળા રસ્તાઓ અને શાંત વાતાવરણ તેને વિયેતનામના સૌથી લોકપ્રિય ટુરિસ્ટ પ્લેસિસમાં સ્થાન અપાવે છે. દા નાંગથી થોડે જ અંતરે આવેલું હોઈ-આન, જે યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકે ઓળખાય છે, જાણે સમયને પાછળ લઈ જતું નગર છે. સાંજ પડતાં જ જ્યારે આખું શહેર રંગબેરંગી લેન્ટર્નનાં અજવાળાથી ઝગમગી ઊઠે છે, ત્યારે તેની સુંદરતા અનેકગણી વધી જાય છે. નદીકિનારે આવેલા કેફે, પરંપરાગત બજારો અને સદીઓ જૂની ઐતિહાસિક ઇમારતો વચ્ચે નિરાંતે ફરવાનો અનુભવ હોઈ-આનને વિયેતનામના સૌથી રોમેન્ટિક અને યાદગાર સ્થળોમાં સ્થાન અપાવે છે.

**★ પ્રશ્નઃ આજકાલ દરેક પ્રવાસી ફુ ક્કોક વિશે વાત કરે છે. આખરે આ ટાપુ એટલો લોકપ્રિય કેમ બન્યો છે?**

**ધવલભાઈ-** થોડાં વર્ષો પહેલાં સુધી ફુ ક્કોક માત્ર એક શાંત આઈલેન્ડ તરીકે ઓળખાતો હતો. પરંતુ આજે તે માત્ર વિયેતનામ જ નહીં, સમગ્ર એશિયાના સૌથી આકર્ષક હોલિડે ડેસ્ટિનેશન્સમાં સ્થાન મેળવી ચૂક્યો છે. અહીંના સ્વચ્છ, સ્ફટિક જેવા પારદર્શક દરિયાકિનારા તો પ્રવાસીઓને આકર્ષે જ છે, પરંતુ આજે ફુ ક્કોકની સાચી ઓળખ તેનાં વિશ્વસ્તરીય આકર્ષણો અને અનોખા અનુભવો બની ગયા છે. અહીંનું સૌથી મોટું આકર્ષણ છે **હોન થોમ કેબલ કાર**-જે વિશ્વની સૌથી લાંબી સમુદ્ર ઉપરથી પસાર થતી કેબલ કાર તરીકે જાણીતી છે. સમુદ્રની સપાટીથી ઊંચે હવામાં તરતી આ સફર દરમિયાન નીચે દેખાતાં આછાં વાદળી પાણી, રંગબેરંગી માછીમારોની હોડીઓ અને નાના-નાના ટાપુઓનું દૃશ્ય એટલું મનમોહક હોય છે કે ઘણી વખત પ્રવાસીઓ પોતાના મોબાઇલ કેમેરા પણ બાજુએ મૂકી દે છે અને માત્ર આ અદ્ભુત નજારાને માણવામાં ખોવાઈ જાય છે. **સનસેટ ટાઉન** તેની મેડિટેરેનિયન શૈલીની રંગીન ઇમારતો, સુંદર કેફે, દરિયાકિનારે આવેલા વોકવે અને જીવંત વાતાવરણ માટે જાણીતું છે. દરરોજ સાંજે અહીં પ્રવાસીઓ સૂર્યાસ્તના અદભુત નજારાને માણવા એકત્ર થાય છે. આ પછી દરેકની નજર જાય છે **કિસ બ્રિજ** તરફ જે સમુદ્રની વચ્ચે લગભગ એકબીજાને સ્પર્શતા બે સુંદર પુલો, જે આજે વિયેતનામના સૌથી વધુ ફોટોગ્રાફ લેવામાં આવતાં સ્થળોમાં સામેલ છે. રાત્રે યોજાતો **‘કિસ ઓફ ધ સી’** શો ફુ ક્કોકની સૌથી ભવ્ય રજૂઆતોમાંનો એક છે. ફુવારા, લેસર લાઇટ્સ, પ્રોજેક્શન મેપિંગ, લાઇવ પરફૉર્મન્સ, સંગીત અને આતશબાજીનો અદ્ભુત સમન્વય આ શોને વર્લ્ડ ક્લાસ બનાવે છે. પ્રવાસ પૂરો થયા પછી પણ પરિવારના સભ્યો વર્ષો સુધી જે સાંજને સૌથી વધુ યાદ કરે છે, તેમાં ફૂ ક્કોકની આ જાદુઈ સાંજનો સમાવેશ જરૂરથી થાય છે.

**★ પ્રશ્ન- વિયેતનામની સફર પછી પ્રવાસીઓ પોતાના સાથે કઈ યાદો લઈને પરત ફરે છે?**

**ધવલભાઈ-** વાત કરે છે એવી ક્ષણોની, જે તેમના મનમાં કાયમ માટે ઘર કરી જાય છે. કોઈને **ફાન્સીપાન પર્વત**ની ટોચ સુધી પહોંચ્યાનો રોમાંચ યાદ રહે છે. કોઈને **હા લોંગ બે**ના નીલમ જેવા પાણી વચ્ચેની શાંત ક્રૂઝની ક્ષણો ભૂલાતી નથી. ઘણા પ્રવાસીઓ **હોઈ-આન**ની સાંજે રંગબેરંગી ફાનસોથી ઝગમગતી ગલીઓમાં વિતાવેલો સમય આજે પણ એટલી જ આત્મીયતાથી યાદ કરે છે, તો કેટલાક માટે **દા નાંગ**ના સ્વચ્છ અને સુંદર દરિયાકિનારા સફરની સૌથી યાદગાર ભેટ બની રહે છે.

બીજી તરફ **હોન થોમ કેબલ કાર**માં સમુદ્રની ઉપરથી કરેલી રોમાંચક સફર અને **‘કિસ ઓફ ધ સી’** શોની ભવ્ય રજૂઆત દરેક પ્રવાસીના મનમાં અલગ જ સ્થાન બનાવી લે છે. આ એવી ક્ષણો છે, જેને માત્ર તસવીરોમાં નહીં, પરંતુ લાગણીઓમાં સાચવી રાખવામાં આવે છે.

**★ પ્રશ્ન- એક જ વાક્યમાં કહેવું હોય તો આગામી રજાઓ માટે વિયેતનામ જ કેમ પસંદ કરવું જોઈએ?**

**ધવલભાઈ -** કારણ કે વિયેતનામ માત્ર એક ડેસ્ટિનેશન નથી, પરંતુ અનેક અદ્ભુત પ્રવાસોનો સંગમ છે.

**ઑરોરા ટ્રાવેલ્સ ટુર્સ પ્રા. લી. : ઓફિસ નંબર : ૭૦૨, ૭મે માળે, મહાલક્ષ્મી ચેમ્બર્સ, ભૂલાભાઈ દેસાઈ માર્ગ, તિરુપતી અપાર્ટમેન્ટની સામે મુંબઈ-૨૬, મહારાષ્ટ્ર. ફોન : +912223519710/11/12 - 91376 01052**

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# છટકીને ક્યાંક ક્યાંક જઈએ...

હાજી... તમે બિલકુલ પકડી વાત. પ્રફુલ્લ પંડ્યાના એક સુંદર ગીતનો જ આ ઉપાડ છે...

**બંધાયા હોય નહીં તોય એમ લાગે કે છટકીને ક્યાંક ક્યાંક જઈએ...**

પ્રફુલ્લની વાત આગળ કરું એ પહેલાં હિંદી ફિલ્મોના હિંદુ-મુસ્લિમ વાતાવરણમાં જેમને બહુ જ ઓછું મહત્ત્વ અપાયું છે હંમેશાં અને મારા મતે જે સાહિર કે મજરુહથી સહેજ પણ ઓછા ન્હોતા, નથી અને નહીં હોય એવા શૈલેન્દ્ર અને આનંદ બક્ષીમાંથી બક્ષીની સૌપ્રથમ ફિલ્મ 'જબ જબ ફૂલ ખિલે'માં એમણે લખેલી એક સુપર ડુપર સુંદર કવિતાનો અંશ તમારી સાથે વહેંચવાનો લોભ હું જતો નથી કરી શકતો આજે. સંગીતકાર તો તમને ખબર જ છે ને! નહીં? કલ્યાણજી-આણંદજી... અને સ્વરાંકનો એટલે કેવા! રાજા ભોજ જો હોય હયાત તો આનંદ બક્ષી-કલ્યાણજી આણંદજી અને રફીને સૂર અને અક્ષર દીઠ એક એક લાખ સોનામહોર ઓછી કરે ખજાનામાંથી જેથી ખજાનો થોડો હળવો બને...

**યહાં મૈં અજનબી હું... મૈં જો હું બસ વો હી હું...
યહાં મૈં અજનબી હું.**

**તેરી બાંહોંમેં દેખું, સનમ ગૈરોંકી બાંહેં મૈં લાઉંગા કહાં સે, ભલા ઐસી નિગાહેં
યે કોઈ રકસ હોગા, કોઈ દસ્તુર હોગા મુઝે દસ્તુર ઐસા, કહાં મંઝુર હોગા**

**ભલા કૈસે યે મેરા લહુ હો જાય પાની? મૈં કૈસે ભૂલ જાઉં મૈં હું હિન્દુસ્તાની
યહાં મૈં અજનબી હું...**

બેડમિન્ટનની રમત ખરી ને! એ રમતમાંથી અમને લગભગ ૪૮ વરસ પહેલા અમારો પ્રેમ મળવા આવેલો. તે આપણે તો ઇ. સ. ૧૭૦૦ આસપાસની સાલના જગતનાં પૂર્વજોપાર્જિત માલિકીભાવ ના પૂરેપૂરા રખેવાળ અને વારસદાર... તે રમત પછી અનિવાર્યપણે હાથ મેળવવા પડે ત્યારે અમને જે કાળઝાળ બળતરા થાય એની તો વાત જ જવા દો. પણ મૂળ મુદ્દો આટલા લંબાણ પછીનો જો કોઈ છે તો એ કે દંભથી જીવવાનું મારે મોત બરાબર. ભલે અમારી સ્પષ્ટ શૈલીની કદર થઈ કે નહીં, પણ...


આણંદજી-કલ્યાણજી


આનંદ બક્ષી




***ખરા કે ખોટાની મરજાદ રાખતો જ નહીં
તું બોલ સાચું, કશું યાદ રાખતો જ નહીં
છે શબ્દ ઓછા પરંતુ છે કીમિયો અકસીર
સુખી થવું હો તો ફરિયાદ રાખતો જ નહીં***
**- શોભિત દેસાઈ**

એટલે કોઈ પણ વાત મોત સુધ્ધાં ગંભીરતાથી લેવાની અમને આદત જ નથી. તે હવે આટલા લંબાણ પછી મૂળ વાત. ગુજરાતી કવિતાને યુગમાં વિભાજિત કરવાની એક ભયંકર કુટેવ મહાપ્રચલિત છે અને એ 'યુગ'નો ગાળો કેટલો, ખબર છે? ૪-૫ વર્ષ. તો મુંબઈમાં એક નવી કવિતાનો 'યુગ' આરંભાયો ૧૯૭૪-૭૫માં, એમાં ચંદુ (ચંદ્રકાંત શાહ)-પ્રફુલ્લીયો (પ્રફુલ્લ પંડ્યા)અને હું, અને આ ત્રણેય પેદાશો છપ્પનની (છપ્પનિયો?!), ચંદુ જુલાઈમાં, પ્રફુલ્લ ઓક્ટોબરમાં અને હું નવેમ્બરમાં. બાકીનાં બધા ત્યારે કદાચ છંદ ઘૂંટવામાં વ્યસ્ત હોઈ શકે, પ્રગટ્યા ૧૯૭૯-૮૦ની આસપાસ. (મેં કહ્યું ને! યુગ પાંચ પાંચ વરસના જ...) જવામાંય બાકીના બે બહુ માનપૂર્વક ક્રમ જાળવી શક્યા જતી વેળાય એનો તો 'અનહદ આનંદ'. ચંદુ ૨૦૨૩માં, પ્રફુલ્લ ૨૦૨૬માં અને ક્રમ પ્રમાણે જો ૨૦૨૯માં હું હોઉં તો આ ઊભા રાહ જોતા.

**મોતને ઘૂંટ્યા કરીશું તો બધું બગડી જશે
પર્ણની માફક પડયા રહીશું, પવન ઘસડી જશે
- શોભિત દેસાઈ**


પ્રફુલ્લ પંડ્યા

તો આજે તા. ૮ સપ્ટેમ્બરે અહીંથી નીકળી ગયા છે બીજા જનમ કાજે એ પ્રફુલ્લ પંડ્યા છેલ્લાં ઘણાં વર્ષોથી અમુક વ્યાધિઓથી ખૂબ પરેશાન પણ રહ્યા અને અમુક ઉપાધિઓ એમને બહુ ગમતી પણ હતી. પણ એકલતા 'ભોગવવામાં' એ મહાસમર્થ નીકળ્યા. ખુદની અનેક શારીરિક મર્યાદા સાથે એમનું જીવવાનું જોમ અવર્ણનીય. 'પ્યારે'ના સંબોધનના તો એ એવડા વ્યસની કે ત્રેંતાલીસ વર્ષ પહેલાં એમની પધરામણી મારાં, માંડ ફ્લેટમાં (મારો પહેલો) થઈ હતી ત્યારે એઓશ્રીએ મારા પિતાશ્રીને પણ કદાચ 'પ્યારે અનુકાકા' કહીને સંબોધ્યા હોય એવું આછું સ્મરણમાં છે. મારા બાપાને તો જવા દો, પ્રફુલ્લે, અમે ભારતીય વિદ્યાભવનની અમારી ઓટલાબેઠક પતાવીને નીકળ્યા ત્યારે એમના પિતાશ્રીને પણ 'ઓકે પ્યારે! કલ મિલતે હૈ' કહીને વિદાય આપી હોય એવું યાદ આવે છે.

પ્રફુલ્લને અત્યાર સુધી ઊભો રાખવામાં મદદ કરનાર સ્વ. જયવદન તકતાવાલા, શોભનાબેન મજીઠીયા, સર્વશ્રી ભિખુ ચિતલીયા, દિપક શાહ, જૂહુ લાયન્સ ક્લબ, દર્શન જરીવાલા, કેતન ગાંધી, પીયૂષ કોઠારી, અરવિંદ શાહ, આશિત મહેતા, ભરત મહેતા, હિતેન દલાલ, ચંદુ શાહ અને અન્ય મારા સિવાયના જેમને હું મળ્યો નથી એ બધાને હું એટલું જ કહું છું - થેન્ક યુ ઓલ.

શરૂઆતનો પ્રફુલ્લ એટલે કેવો ગીતકાર-ખબર છે? કોઈક ગળાડૂબ પ્રેમ કરતા અને સંપૂર્ણ ભરોસો કરતા પાત્રે તમને ચાહતથી બાંધ્યા હોય તો પ્રફુલ્લ ઉવાચ...

**બંધાયા હોય નહીં તોય એમ લાગે કે છટકીને ક્યાંક ક્યાંક જઈએ**

**એક શીશીમાં પૂરી ધુમાડો હાથથી એનો ઘા કરીએ ને ભીંત ફૂટે તો માની લઈએ એક સદીનું મોત થશે એ સાચું...**

**ક્યાંક સાચો પણ હઈશ ક્યાંક ખોટો પણ હોઈશ,
શૂળ વાગે ત્યારે તો નહીં, પાછળથી રોઈશ**

**મૂળ પકડવું હોય તો લીલા છોડને જોયા કરવો બાકી થડ જેવું થડ સાવ નકામું ખોટું
ભાવ પકડવો હોય તો ભીનો માણસ જોયા કરવો, બાકી ઘડ જેવું ઘડ સાવ નકામું ખોટું**

**ક્યાંક પાંદડા નીચે રે જઈ બેસીએ,
એકલતા સોંસરવી ભીંસ્યા કરે છે તો ભીંસમાંથી મોકળાશ ખેંચીએ**

અલવિદા... પ્રફુલ્લ પંડ્યા! ધ પોએટ!

આજે આટલું જ ■

વલો કચ્છ

ગિરિરાજ
feedback@bombaysamachar.com

# સંસ્કાર - શ્રદ્ધા ને સેવા વારસાને જાળવી રાખતું વ્યક્તિત્વ

આપણા સમાજમાં એવી ઘણી વ્યક્તિઓ હોય છે જે કોઈ અતિ મહાન વિભૂતિ કે બહુ મોટી સેલિબ્રિટી નથી હોતી, પરંતુ પોતાના સરળ સ્વભાવ, પરિશ્રમ, સંસ્કાર અને ઈશ્વર પ્રત્યેની અખંડ શ્રદ્ધાથી પોતાના પરિવાર અને સમાજમાં એક સુંદર ઉદાહરણ પૂરું પાડતી હોય છે. આવા જ એક મહેનતુ અને શ્રદ્ધાળુ મહિલા એટલે અલ્પાબેન નાગડા. એક એવું વ્યક્તિત્વ જેણે બાળપણથી મેળવેલા સંસ્કારો, મા અંબા પ્રત્યેની અગાઢ શ્રદ્ધા અને પરિવાર તરફથી મળેલા સેવા વારસાને પોતાના જીવનનો મુખ્ય આધાર બનાવ્યો છે. મુંબઈ જેવા મહાનગરમાં ઉછરેલી અને બિઝનેસ ક્ષેત્રે પોતાની ઓળખ ઊભી કરનારી આ મહિલા પ્રતિભાનું હૃદય હંમેશાં ગોધરાસ્થિત 'અંબેધામ' અને ત્યાં ચાલતી માનવસેવામાં ધબકે છે.

અલ્પાબહેનનો જન્મ અને ઉછેર મુંબઈમાં. ગુજરાતી માધ્યમમાં અભ્યાસ. પિતા ભાઈલાલ મેઘજી છેડા તરફથી સાદગી અને માનવીય મૂલ્યોનો વારસો મળ્યો અને માતાએ વ્યવહારુ અને જીવનઉપયોગી પાઠ ભણાવ્યા. બાળપણથી ધર્મ અને ભક્તિ તરફ સહજ લગાવ રહ્યો હોવાથી ત્રીજા ધોરણમાં ભણતી દીકરી અલ્પા અંબા ચાલીસા, ચામુંડા ચાલીસા અને અન્નપૂર્ણા મંત્રના જાપ, આરતી કંઠસ્થ રટતી અને આ બાળસંસ્કારો જ આગળ જતાં તેના આધ્યાત્મિક નિયમોનો આધાર બન્યા. આજે પણ મા પ્રત્યેની શ્રદ્ધા દૃઢ છે. જીવનમાં ગમે તેવી મુશ્કેલી કે કટોકટી આવે, મા અંબા સમક્ષ સાચા હૃદયથી પ્રાર્થના કરવાથી માર્ગ સરળ બની જાય છે. જૂન ૨૦૧૪થી બેને અંબેધામ ખાતે પૂનમ ભરવાનો અખંડ નિયમ શરૂ કર્યો છે. આ આસ્થાથી પ્રેરાઈને અન્ય શ્રદ્ધાળુઓ પણ આ ધાર્મિક પ્રવાસમાં જોડાતા હોય છે. અલ્પાબેન કહે છે કેઃ 'માના ખોળામાં બેસું ત્યારે જે શાંતિ અને આભાસ થાય છે, તે વર્ણવી શકાય તેમ નથી. મારી મા પાસે બસ એ જ પ્રાર્થના છે કે મારો આવતો જન્મ પણ મને આ જ માના ખોળામાં મળે તો મારું જીવન ધન્ય થઈ જાય.'

વિપુલભાઈ શાંતિલાલ નાગડા સાથે તેના લગ્નજીવનને ૨૬ વર્ષ પૂર્ણ થયાં છે, પરંતુ વિવાહ બંધન પાછળ પણ એક આધ્યાત્મિક પ્રસંગ જોડાયેલો છે. જૈન ભક્તિ ઉત્સવ દરમિયાન મહારાજ સાહેબે શાંતિલાલ નાગડા પરિવારના પરોપકારી કાર્યોની અને તેમના પુત્ર સાથે લગ્નનો પ્રસ્તાવ મૂકેલો જે આશીર્વાદ બની પરિણયમાં પરિણમ્યા હતા. એક સિદ્ધાંતવાદી અને શ્રદ્ધાળુ વ્યક્તિત્વ ધરાવતા સસરા; મૂળ ગોધરા (કચ્છ)ના વતની પણ વ્યવસાય અર્થે મુંબઈ સ્થાયી થયેલા પરિવારનો સંઘર્ષ અલ્પાબહેને નિહાળેલો. સાસુ પાસેથી 'સમતા' જાળવવાની કળા અને સસરા પાસેથી કામ પ્રત્યેનું 'સાહસ' શીખ્યા. પર્સનો બિઝનેસ. શાંતિલાલભાઈનું એક સપનું હતું કે પોતાના વતન ગોધરામાં મા અંબાનું મંદિર બનાવવું. સાઈકલ પર ફેરી કરતા કરતા વેપારમાં જે કંઈ પણ નાની-મોટી બચત થતી એ તે મંદિર નિર્માણ માટે અકબંધ રાખી દેવાતી. જે ૩૫ વર્ષ પહેલાં એક નાનકડા મંદિર તરીકે અંબેધામની સ્થાપનામાં પરિણમી.

વર્ષ ૧૯૯૧માં એક નાના મંદિર તરીકે શરૂ થયેલું અંબેધામ આજે ૨૧ એકરમાં ફેલાયેલું છે. અહીં ચાલી રહેલી સેવા અને સંસ્કૃતિ સંબંધિત પ્રવૃત્તિઓ મુખ્યત્વે બે સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા સંચાલિત થાય છેઃ 'જય અંબે સાર્વજનિક ટ્રસ્ટ' (મંદિર સંચાલન) અને 'મા અન્નપૂર્ણા સાર્વજનિક ટ્રસ્ટ' (અન્નક્ષેત્ર અને સેવાકાર્યો). બે પુત્રીઓ છે, પરંતુ 'ગરીબી કે ભૂખ શું વસ્તુ છે' અને 'અન્નનું મહત્ત્વ શું છે' તેનો વાસ્તવિક અનુભવ કરાવવા માટે અલ્પાબહેન અને વિપુલભાઈ દર દિવાળી વેકેશનમાં પોતાની બંને દીકરીઓને મુંબઈથી ગોધરા અંબેધામ લાવે છે. ત્યાં દીકરીઓ પોતાના હાથે અન્નક્ષેત્રમાં લોકોને ભોજન પીરસે છે અને સેવાનો પ્રત્યક્ષ અહેસાસ મેળવે છે.

એક ગૃહિણી તરીકે ઘરની જવાબદારીઓ સંભાળવાની સાથે સાથે અલ્પાબહેને તાજેતરમાં ઇવેન્ટ મેનેજમેન્ટ ક્ષેત્રે કદમ માંડ્યા છે, જેના સંચાલનમાં તે પોતાની ક્ષમતા અનુસાર કામ કરી રહ્યા છે. અલ્પાબહેનનું જીવન એ વાતની પ્રતીતિ કરાવે છે કે વ્યક્તિએ પોતાના મૂળ અને સંસ્કારોને ક્યારેય ભૂલવા ન જોઈએ. મુંબઈ જેવા મોટા શહેરમાં રહેવા છતાં, પોતાના પરિવારના સેવાકાર્યોમાં સાથ આપવો, નિષ્ઠાપૂર્વક વેપાર કરવો અને ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા રાખવી; આ સાદો અને સરળ અભિગમ જ વ્યક્તિના જીવનની સાચી ઓળખ છે. ■





અલ્પાબહેન - વિપુલભાઈ



સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




**વહેલી સવારે** યામિની લખતરિયાએ યમુના ધરમશાળાના કાઉન્ટર પર હાથ થપથપાવ્યો. 'કોઈ છે...?' છોકરીનો અવાજ સાંભળીને બાજુના પલંગ પર સોડ તાણીને સૂતેલા જગદીશે ડોકું બહાર કાઢ્યું. યામિનીની ખૂબસૂરતી જોઈને આંખો પટપટાવતો સફાળો બેઠો થઈ ગયો.

'બોલોને, રૂમ જોઈએ છે?' એણે પૂછ્યું.

'રાધાને મળવું છે...' થોડી ક્ષણો પહેલાં યામિનીનું સૌંદર્ય માણી રહેલી એની આંખો શંકાથી યામિનીના પગથી માથા સુધી ફરી વળી. એનો ખૂબસૂરતીનો ખ્યાલ ઠંડી હવા થઈ ગયો.

'તમે કોણ, ક્યાંથી આવો છો?'

'હું એની ફ્રેન્ડ છું... બરોડાથી. તમે મને એનો રૂમ નંબર કહોને ભઈ.'

દુનિયામાં કોઈએ સૌથી વધુ દગો આપ્યો હોય તો એ યુવતીઓની ખૂબસૂરતીએ... એવું એણે ક્યાંક વાંચેલું. રાધાને જાણ કર્યા વિના મળવા દેવાનું જોખમ ન લેવાય. એણે વિચાર્યું.

જગદીશે ટચલી આંગળી બતાવીઃ 'હું બાથરૂમ જઈને આવું. પછી રજિસ્ટર ચેક કરીને કહું કે એવી કોઈ વ્યક્તિ અહીં ઊતરી છે કે નહીં.' જગદીશ દોડ્યો... બાથરૂમ જવા નહીં, પણ રાધાને ખબરદાર કરવા.

એણે રાધાની રૂમનો દરવાજો બે-ચાર વાર જોરથી ખખડાવ્યો. રાધાએ દરવાજો ખોલ્યો. જગદીશ કંઈ બોલે તે પહેલાં જ જગદીશની પાછળથી અવાજ આવ્યોઃ 'રાધા? 'જગદીશે આશ્ચર્યથી પાછળ જોયું. યામિની લખતરિયા ઊભી હતી.

'આવ યામિની' રાધાએ નવા નામથી બોલાવીને આવકાર આપ્યો. યામિનીને નવાઈ ન લાગી. એણે જગદીશને તોફાની-મારકણું સ્મિત આપ્યું. જગદીશને ગમ્યું અને ન પણ ગમ્યું. યામિની અંદર જઈને બધે નજર ફેરવતાં બેઠી.

રાધાએ જગદીશને થૅન્ક યુ કહીને જવાનો સંકેત આપતાં દરવાજો બંધ કર્યો. આ નવા ડેવલપમેન્ટથી દંગ રહી ગયેલા જગદીશે બાથરૂમ તરફ દોટ મૂકી. યામિનીએ બૅગમાંથી બૉક્સ કાઢીને રાધાને આપ્યું. રાધાએ પલંગ નીચે મૂકેલી બૅગમાં સંભાળીને મૂક્યું. યામિની બૉક્સમાં શું છે એવું પૂછવા માગતી હતી, પણ સંદિગ્ધ સ્માઇલ આપીને અટકી ગઈ. સિક્રેટ મિશનમાં સિક્રેટનું મહત્ત્વ મિશન કરતાંય વધુ હોય છે. મિશન જેટલું સિક્રેટ, સફળ થવાના ચાન્સ એટલા વધુ...

********************

યામિનીનું મન ચકરાવે ચડેલું હતું. રાધા રોકાવાનું કહેશે કે જવાનું...? મૂંઝવણ મનમાં સળવળી રહી હતી. અજમલ અહીં ક્યાંક છે. રાધા અહીં છે. યામિની બે સામસામી છાવણીઓની વચ્ચે હતી. રાધા પાછી મોકલી દેશે તો સમંદરને કાઈ બહાનુ આપીને છટકી જઈશ, પછી ચીફને સમંદર મારો કઝીન છે અને એ ગોપાલેશ્ર્વરમાં જ છે, એવી ગુપ્ત બાતમી આપી દઇશ, પણ રાધા રોકાવાનું કહે તો અજમલનો સામનો કઈ રીતે કરવો...? એના કરતાં સામેથી જ રાધાને સમંદરવાળી વાત કહી દઉં તો, પણ આઇબી ચીફને અવગણીને સીધું રાધાને કહેવું પ્રોટોકોલનો ભંગ કહેવાશે... ઝૈનાબના મનનો વંટોળિયો માત્ર રાધાના જવાબથી શાંત થઈ શકે એમ હતો. એ ચૂપ બેસી રહી. ઘણીવાર સામેવાળી વ્યક્તિના મનની વાત જાણવા માટે ચૂપકિદી જરૂરી બને છે.

ઝૈનાબની કશ્મકશ વચ્ચે રાધાએ જ વાત છેડીઃ 'તારા અબ્બુ-અમ્મીએ કરેલાં પાપનું પ્રાયશ્ચિત કરવાની તક તને મળી છે.' સાંભળીને ઝૈનાબ ચમકી ઊઠી કેમ કે સમંદરે અબ્બુ-અમ્મીના મોતનો બદલો લેવાનું કહ્યું હતું ને રાધા અબ્બુ-અમ્મીના પાપનું પ્રાયશ્ચિત કરવાની વાત કરી.

'હું એ વાતે બહુ શરમિંદા છું... હું એમના પાપને ધોઈ નહીં શકું'. ઝૈનાબ નીચું જોઈ ગઈ. ઝૈનાબ શું વિચારતી હશે એના પર રાધા વિચારવા લાગી.

'કોઈ મુંઝવણમાં છો?, કોઇ કશ્મકશ તને સતાવે છે?' રાધાએ કહ્યું.

'હું તમારા મિશનમાં મદદ કરવા માગું છું,' ઝૈનાબે ખામોશીમાં મહત્ત્વનો નિર્ણય લઈ લીધો હતો.

'એ તારું કામ નથી...' રાધાએ સ્મિત કર્યું.

'હું એ કામ કરવા માગું છું, જે મારું નથી છતાં મારું છે... અને મારે એ કામ કરી બતાવવું છે.' રાધાને ઝૈનાબના અવાજમાં દૃઢતા લાગી. રાધા ઝૈનાબની વાતે વિચાર કરવાનો સમય લેવા માગતી હોય એમ કહ્યુઃ 'તું ચા-પાણી પીને ફ્રેશ થઈ જા...' રાધાએ જગદીશને કૉલ કર્યોઃ 'ચાય નહીં પીલાઓગે.'

'અભી લાયા....' કહીને જગદીશે કૉલ કટ કર્યો. જગદીશને રાધાની નવી ફ્રેન્ડ વિશે જાણવાની ઉતાવળ હતી કે એને ફરી મન ભરીને જોવાની... કદાચ બંને.

**********************

જગદીશ ખુદ નીચે જઈને સ્પેશ્યલ ચા બનાવડાવીને લાવ્યો. દરવાજે બે ટકોરા માર્યા. રાધાએ દરવાજો ખોલ્યો કે તરત જ એ ચાની કિટલી ટીપોઈ પર મૂકતાં યામિનીની સામે જોવા લાગ્યો. રાધાએ ચપટી વગાડીને એનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું. 'તમે કહેલી વસ્તુઓનો બંદોબસ્ત કરી લીધો છે. હમણાં લાવું?' ઝંખવાણો પડી ગયેલો જગદીશ બોલ્યો.

'ના, હું તને કૉલ કરું પછી... અત્યારે અમારી ઇમ્પોર્ટન્ટ મીટિંગ ચાલે છે.' રાધાએ જગદીશને વિદાય લેવાનો ઇશારો કર્યો. જગદીશ યામિની પર નજર નાખીને નીકળી ગયો.

'સબકૂછ છોડ કર સબસે પહેલે ચાય પી લેની ચાહિયે.' રાધાએ હસીને કહ્યું. ઝૈનાબે કિટલીમાંથી ચા કપમાં કાઢીને ચુસકી મારી.

'વાહ, ફુદીનાવાલી ચાય....' ઝૈનાબ બોલી ઊઠી. રાધા ઝૈનાબે થોડીવાર પહેલાં કરેલી વાતે સંશયમાં હતી, અવઢવમાં હતી, ચિંતામાં પણ હતી. અગાઉ પુરોહિત અને ગુપ્તાજીના મોતથી એ વ્યથિત હતી જ. સામે પક્ષે ઝેનાબ પણ રાધાના જવાબની રાહમાં હતી. એણે ચર્ચા શરૂ કરવાના આશયથી ઝડપથી ચા ખતમ કરી.

'તું ઇચ્છે છે એ શક્ય નથી યામિની.' રાધાએ મક્કમ સ્વરે કહ્યું. રાધાના નિર્ણયે ઝૈનાબની મૂંઝવણ વધારી દીધી.

'હું કેટલાક સીક્રેટ જાણું છું જે આપણા મિશનમાં કામ લાગશે, પણ શરત માત્ર એટલી છે કે સીક્રેટ આપણા બે વચ્ચે જ રહેવું જોઈએ.' એણે કિટલીમાંથી થોડી વધુ ચા કપમાં રેડતાં કહ્યું. રાધા ઝૈનાબના ચહેરાને તાકી રહી... ઝૈનાબ પાસે એવું તો કયું સીક્રેટ હશે જે મિશનમાં ઉપયોગી બને, રાધાની આંખોમાં વિસ્મય હતું. એણે ઠંડે કલેજે ગરમ ચાની ચુસકી મારતાં ઘણું વિચારી લીધું... એને રાઘવ સાથેનું સીક્રેટ યાદ આવી ગયું... એ પોતે રાઘવની સાચી ઓળખ છુપાવીને એની મદદ લઈ જ રહી હતી ને... આઇબી ચીફ રાઠોડથી છુપાવીને પ્રોટોકૉલનો ભંગ કરવાનું જોખમ ઉઠાવ્યું જ હતું ને...

> **સિક્રેટ મિશનમાં, સિક્રેટનું મહત્ત્વ મિશન કરતાંય વધુ હોય છે, મિશન જેટલું સિક્રેટ, સફળ થવાના ચાન્સ એટલા વધુ.**

રાધાએ ચાનો કપ ઉપાડીને યામિનીના કપ સાથે ટકરાવ્યો. ચિયર્સ બોલીને બંનેએ એકીસાથે ચાની ચુસકી મારી અને ગુપ્તતા જાળવવાનાં એકમેકને વચન અપાઈ ગયાં.

**********************

અજમલે આપેલા અણસારને અનુસરીને અમરબાબુ શંકરના મંદિરે પહોંચ્યો. એ શંકરના મંદિરમાંથી પૅકેટ લઈ લેવાની ઉતાવળ હતી. શંકરનું મંદિર એનું જાણીતું હતું. એ સીધો અંદર ગયો. જલધારીમાં પૅકેટ કાઢીને ચૂમી લીધું. પછી સાથે રાખેલા થેલામાં મૂકીને આસપાસ નજર દોડાવતો ત્યાંથી નીકળી ગયો.

**********************

રાધાએ જગદીશને કૉલ કરીને બોલાવ્યો. જગદીશ આવ્યો એટલે ઝૈનાબનો પરિચય કરાવતાં કહ્યુઃ 'મારી ફ્રેન્ડ યામિની છે... હવેથી યામિની આ રૂમમાં રહેશે અને હું ઉપરની રૂમમાં ટ્રાન્સફર થાઉં છું.' ઝૈનાબની જાણ બહાર જ રાધાએ નિર્ણય લીધો. ઝૈનાબ કંઈક પૂછવા ગઈ, પણ એને અટકાવતાં કહ્યુઃ 'ટેક્નિકલ કારણસર આમ કરવું પડશે... હું આ રૂમની એક્ઝેક્ટ ઉપરની રૂમમાં છું અને જગદીશ આપણી સાથે જ છે.'

'તમે કહેલો સામાન તમારી રૂમમાં મુકાવી દીધો છે,' જગદીશે કહ્યું.

'અહીંનો મારો સામાન ઉપરની રૂમમાં મુકાવી દે...' રાધા બોલીને જવા લાગી. ઝૈનાબે એને અટકાવી. જગદીશ સામાન લઈને ગયો.

'આપણે એક રૂમમાં સાથે કેમ સાથે નથી રહેતા તારે એ જ પૂછવું છેને, પણ તને એ બહુ જલદી સમજાઈ જશે.' રાધાએ ઝૈનાબના મનમાં રમતા પ્રશ્નનો જવાબ આપ્યો.

**************************

અમરબાબુ શંકરના મંદિરમાંથી પૅકેટ લઈને ગોપાલેશ્વર તરફ જઈ રહ્યો હતો ત્યારે એને માર્ગમાં અજમલ મળી ગયો. અમરબાબુને જોઈને એ ગાંડાની ભૂમિકામાંથી અજમલના રોલમાં આવી ગયો.

'શંકર શંભો. પૂરી ભાજી નહીં ખિલાઓગે...?' અમરબાબુએ પૂરી ભાજી લાવીને આપી અને વાત કરવાના ઇરાદે એની સામે બેસી ગયો.

'અબ હમેં ઝ્યાદા ટાઇમ નહીં લગના ચાહિયે' અજમલે ચકળવકળ આંખો કરતાં કોળિયો મોંમાં મૂક્યો.

'અપના અન્વરૂલ અઝીઝ નહીં રહા...' અમરબાબુએ એને શંકરના મોતથી વાકેફ કર્યો.

'ઇન લોગોં કો સબકા હિસાબ ચુકાના હોગા...' અજમલે કોળિયો થૂંકી નાખતાં કહ્યું.

'અન્વરૂલને આખિરી કામ કો અન્જામ દેને કે લિયે સુરંગ બના લિયા થા... અબ અન્વરૂલ કા કામ મુઝે કરના હોગા...' અમરબાબુએ કહ્યું.

'ઉસ કામ કે લિયે મેરે પાસ એક લડકી હૈ... શાયદ વો કામ આ જાયે....' અજમલ બોલ્યો. અજમલે કહ્યું.

**********************

રાધાના ગયા પછી ઝૈનાબ બેડ પર સૂતી. એનાથી દરવાજો અડધો ખુલ્લો રહી ગયો હતો. રાતની મુસાફરીમાં પૂરતી ઊંઘ થઈ નહીં હોવાથી ક્યારે આંખ લાગી ગઈ એનો ખ્યાલ ન રહ્યો. અચાનક એની આંખ ખૂલી. એણે મોં ધોઈને ચટાઈ પાથરી. માથા પર ચુપટ્ટો ઓઢીને નમાઝ પઢવા લાગી. જગદીશ કોઈ કામસર ત્યાંથી પસાર થયો. એની નજર પડી. એ ચોંકી ઊઠ્યો. એણે માથું ધુણાવ્યું. પછી હળવેકથી દરવાજો ખેંચી લીધો. ઝૈનાબનું નમાઝમાંથી ધ્યાન હટ્યું નહીં. બેબાકળો બની ગયેલો જગદીશ રાધાના રૂમમાં ગયો.

'યામિની... યામિની... યામિની... નમા...' બોલતાં એની જીભ થોથવાઈ.

રાધા કાંઈ સમજી ન શકી...' શું થયું યામિનીને?' એણે પૂછ્યું.

'યામિની નમાઝ પઢે છે...'

રાધા એની સામે જોતી... વિચારતી રહી. કદાચ ઝૈનાબ વિશે, કદાચ એને રોકવાના નિર્ણય વિશે, કદાચ બંનેએ એકબીજાને આપેલા ગુપ્તતાના વચન વિશે...

'તમારી આ ફ્રેન્ડ કોણ છે...?' 'તમે એને બરાબર ઓળખો તો છો ને...?' જગદીશે સાવધાનીના સૂરમાં પૂછ્યું.

'જગદીશ, દરેક મુસ્લિમને નમાઝ પઢવાનો જન્મસિદ્ધ અધિકાર છે, પણ ત્રાસવાદ ફેલાવવાનો હરગીઝ નહીં. યામિની આપણી ફ્રેન્ડ છે... આપણી ફ્રેન્ડ...' રાધાએ આપણી શબ્દ પર ભાર મૂક્યો. (ક્રમશઃ)■



મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# K-Dramaની ડિજિટલ લતઃ સ્ક્રીન પરનું 'પરફેક્ટ' જીવન ને બાળકોની અધૂરી વાસ્તવિકતા?

થોડા દિવસ પહેલાં, ગાઝિયાબાદની ત્રણ બહેનની આત્મહત્યાએ દેશના પરિવારોને ઝકઝોરી નાખ્યાં છે. ત્રણે ૧૨-૧૪ અને ૧૬ વર્ષની હતી. ત્રણેય તેમના બિલ્ડિંગના નવમા માળેથી એક સાથે કૂદી ગઈ હતી. તે ભણવામાં નબળી હતી અને 'કોરિયન લવ ગેમ' પાછળ ગાંડી હતી. ત્રણે ખાવા-પીવાનું, નાહવાનું બધું જ સાથે કરતી હતી. મરી પણ સાથે જ ગઈ. તે અગાઉ બ્લુ વ્હેલ નામની એક કોરિયન ગેમ આવી હતી, જેમાં ટાસ્ક પૂરો કરતાં લોકો પોતાનો જીવ આપવા તૈયાર થઈ જતા હતા. તે પ્રકારની આત્મહત્યાના અનેક કિસ્સાઓ નોંધાયા છે.

મોબાઇલ સ્ક્રીનો પર ચમકતી વાર્તાઓ, પરફેક્ટ ચહેરાઓ, ઇન્ટરેક્ટિવ ગેમ્સ અને દરેક ક્ષણે સાથ આપવા માટે તૈયાર વર્ચ્યુઅલ પાત્રોએ તેમને વાસ્તવિક દુનિયાની જટિલતામાંથી છટકી જવાની સરળતા કરી આપી હતી. જ્યારે આ છટકી જવાનું આદત બની જાય છે ત્યારે વાપસી કઠિન બની જાય છે. ત્રણે બહેનો એવું માનતી હતી કે તે ખુદ 'કોરિયન લવ ગેમ'નું પાત્ર છે અને ગેમની સ્ટોરી પ્રમાણે તેમણે મરી જવાનું છે!

ત્રણે બહેનને કોરિયન પોપ કલ્ચરની લત પડી ગઈ હતી અને તે એકલી નથી. ભારતમાં લાખો છોકરા-છોકરીઓ કે-ડ્રામા અને કે-પોપની પાછળ ગાંડા છે. સ્કૂલ-કોલેજના વિદ્યાર્થીઓ હોય કે યુવા વ્યવસાયિકો- સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ પર સૌથી વધુ જોવાતી સૂચિમાં કોરિયન સિરીઝ સૌથી વધુ લોકપ્રિય છે.

કોરિયન ડ્રામા (K-Drama) ખરેખર ખૂબ જ એડિક્ટિવ હોય છે. ઘણા લોકો તેને મજાકમાં 'ખતરના K' કહે છે, કારણ કે એકવાર તમે જોવાનું શરૂ કરો, પછી તેને છોડવું મુશ્કેલ બની જાય છે. કે-ડ્રામામાં રોમાન્સ, થ્રિલર, ફેન્ટસી અને હિસ્ટોરિકલ જેવા અનોખા વિષયો




પર વાર્તાઓ હોય છે જે તમને જકડી રાખે છે.

મોટાભાગના આવા ડ્રામા માત્ર ૧૬ થી ૨૦ એપિસોડના જ હોય છે, જેથી વાર્તા ખેંચાતી નથી અને ઝડપથી પૂરી થાય છે. કલાકારોની એક્ટિંગ અને ડાયરેક્શન એટલું સરસ હોય છે કે દર્શકો પાત્રો સાથે ઈમોશનલી જોડાઈ જાય છે. તેના ઓરિજિનલ સોંગ્સ અને સુંદર લોકેશન્સ જોવાની ખૂબ મજા આવે છે.

તેમાં કેવળ સંગીત અથવા અભિનય જ નથી, પરંતુ યોજનાપૂર્વક રચવામાં આવેલું ઈમોશનલ વર્લ્ડ છે. કે-પોપને કહેવાય છે તો મનોરંજન, પરંતુ તે એક 'એન્જિનિયર્ડ ઈમોશનલ ઇકોસિસ્ટમ' છે- જ્યાં કલાકારોની ઈમેજ, તેમની કથિત નાજુકતા, (પ્લોટમાં જરૂર ન હોય તેવું કન્ટેન્ટ આપવાની) ફેન સર્વિસ, લાઈવ ઇન્ટરેક્શન અને લગાતાર અપડેટ્સ જોનારાની અંદર (આનંદના હોર્મોન) ડોપામાઇનનું કાયમી ચક્ર બનાવે છે. આ ચક્ર એ જ કરે છે જે એક વ્યસની કરે છે- ક્ષણિક રાહત, પછી વધુ માટેની ઇચ્છા. માનસશાસ્ત્ર તેને પેરાસોશિયલ રિલેશનશિપ કહે છે- એક એવો એક તરફી સંબંધ, જેમાં દર્શકોને એવું લાગે કે તેના કલાકારો અથવા વર્ચ્યુઅલ પાત્રો તેમની સાથે જોડાયેલાં છે, તેમને સમજે છે, તેમની જ વાત કરે છે- હકીકતમાં કોરિયન કસબીઓ વિષય, મ્યુઝિક અને ટેકનોલોજીના સહારે ઇરાદાપૂર્વક આ પ્રકારની 'જીવંત દુનિયા' રચતા હોય છે.

'લવ ગેમ્સ' આ ભ્રમને વધારે ગંભીર બનાવે છે, કારણ કે અહીં પ્રતિક્રિયા મળે છે- નામ લઈને બોલાવવું, વિકલ્પ પસંદ કરીને વાર્તા બદલવી અને એક કૃત્રિમ નજીકપણું. મન તેને વાસ્તવિક સંબંધ માની લે છે. અહીંથી જ મનોરંજન લતમાં ફેરવાઈ જાય છે.

આ પૂરી પ્રક્રિયામાં અલગોરિધમની ભૂમિકા અવગણવા જેવી નથી. સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ એ બતાવે છે જે યુઝર્સને બાંધી રાખે- આગળનો એપિસોડ, આગળનું ગીત, આગળનું લાઈવ. તેની ભાવનાત્મક તીવ્રતા ધીરે-ધીરે વધતી જાય છે અને પાછળ વળવાનું બટન ધૂંધળું પડતું જાય છે. સવાલ એ નથી કે યુવાઓએ શું પસંદ કર્યું, સવાલ એ છે કે તેમના માટે શું- શું બનાવવામાં આવ્યું છે. કે-પોપ અને કે-ડ્રામાના દરેક એપિસોડ અને કોરિયન લવ ગેમના દરેક સ્તરને એવી રીતે ડિઝાઇન કરવામાં આવે છે કે મગજને વારંવાર નાનાં નાનાં આનંદ મળે. અચાનક ઊભરતું સંગીત, ભાવુક સંવાદ, જીવસટોસટની બાજી પર પર સમાપ્ત થતા એપિસોડ અને ગેમમાં મળતા રિવોર્ડ- આ બધું મળીને ડોપામિનનું એવું ચક્ર બનાવે છે, જેમાં મગજ વારંવાર એ જ અનુભવને દોહરાવવા માગે છે. અહીંથી 'બસ એક વધુ એપિસોડ' અથવા બસ પાંચ મિનિટ વધુની આદત જન્મ લે છે, જે પછી નિયંત્રણથી બહાર થઈ જાય છે.

કોરિયન કન્ટેન્ટની એક મોટી ખાસિયત એ છે કે તે પ્રેમને 'સેફ' બનાવીને રજૂ કરે છે. વાસ્તવિક જીવનમાં સંબંધો જટિલ હોય છે-ભય, નકારાત્મક, નિષ્ફળતા અને સમજૂતીઓથી ભરેલા. તેનાથી વિપરીત, કે-ડ્રામા અને લવ ગેમની દુનિયામાં પ્રેમ સાફ, સંવેદનશીલ અને લગભગ પરફેક્ટ હોય છે. ત્યાં ભાવનાઓને સમય મળે છે, લોકો એકબીજાને સમજે છે અને દુઃખ પણ સુંદર દેખાય છે. આ દુનિયા એવા યુવાઓ માટે શરણ બને છે જે વાસ્તવિક જીવનની કઠોરતાઓથી થાકેલા હોય છે.

ગાઝિયાબાદની ઘટના આપણને એક અગત્યની ચેતવણી આપે છે કે આ પ્રકારની લત નશાની જેમ દેખાતી નથી. ઘણીવાર તો ગુલાબી રોશની, મધુર સંગીત અને મનોરંજનના નામે તે સ્વીકૃત પણ હોય છે. પરિવારો માટે સ્પષ્ટ સંકેત છે કે વધુ પડતો સ્ક્રીનટાઈમ, સામાજિક અંતર, ઊંઘ અને ખાવાની પેટર્નમાં બદલાવ, ચીડિયો સ્વભાવ અને અસલી સંબંધોથી અરુચિ નવી પેઢીનો વિદ્રોહ નથી, મદદ માટેનો પોકાર છે.

અહીં એ પણ કહેવું જરૂરી છે કે કોઈપણ સંસ્કૃતિ, સંગીત અથવા દેશને દોષી ઠેરવવો ન તો યોગ્ય છે અને ન ઉપયોગી છે. સમસ્યા સંસ્કૃતિની નહીં, પરંતુ વપરાશની રીત અને ભાવનાત્મક ખાલીપણાની છે. ઉકેલ પણ ત્યાં જ છે- ખુલ્લી ચર્ચા અને પ્લેટફોર્મ્સની જવાબદારી- આ ત્રણેયને સાથે જ આગળ વધવું પડશે.

ભારતીય સંદર્ભમાં આ સમસ્યા વધુ જટિલ બની જાય છે. આપણે ત્યાં પરિવારે હજુ પણ ભાવનાત્મક આધારનો મુખ્ય સ્રોત માનવામાં આવે છે, પરંતુ શહેરી જીવનની ઝડપી ગતિ, માતા-પિતાનું કામનું દબાણ, અને બાળકો પર પરીક્ષા કેન્દ્રિત અપેક્ષાઓ- આ બધા વચ્ચે સંવાદ ઘટતો ગયો છે. બાળકોને પૂછવામાં આવે છે- 'ભણવાનું કેવું ચાલે છે?' પણ કદાચિત જ એવું પૂછવામાં આવતું હશે કે 'તને અંદરથી કેવું લાગે છે?' સાર્થક સંવાદની આવી ગેરહાજરીમાં શહેરી બાળકો ડિજિટલ સ્ક્રીન પોતાની જગ્યા શોધી લે છે- એવી જગ્યા જ્યાં ન કોઈ રોકટોક છે, ન તો નૈતિકતાનું ભાષણ.

વાસ્તવિક જીવનની અસ્પષ્ટતાઓથી થાકેલા મન માટે આ જગ્યા સુરક્ષિત આશ્રય બની જાય છે, પરંતુ આ આશ્રય, જો કાયમી નિવાસ બની જાય તો વ્યક્તિ ધીરે ધીરે વાસ્તવિક સંબંધોથી કપાઈ જાય છે. ગાઝિયાબાદની બહેનોની કરુણ કથા એ યાદ અપાવે છે કે ટેકનોલોજીના આ યુગમાં સૌથી મોટી જવાબદારી આપણી માનવીય ઉપસ્થિતિની છે- એક બીજાની પાસે વાસ્તવિક, ઉપલબ્ધ અને સંવેદનશીલ રહેવું. આ જ દવા છે જે કોઈપણ 'એન્જિનિયર્ડ ઈમોશનલ ડ્રગ'થી વધારે અસરકારક છે.■




ભરત મહેતા feedback@bombaysamachar.com

# અંતરિક્ષમાંથી વસુંધરાનું પલકારાવિહોણું અનોખું દર્શન

ISRO એ રિમોટ સેન્સીંગ ઉપગ્રહને લોન્ચ કરીને વધુ એક સિદ્ધિ હાંસિલ કરી છે -એ છે 'EOS-05' (Earth Observation Satellite- 05), જેના લોન્ચ સાથે પૃથ્વી નિરીક્ષણના નવા યુગનો આરંભ. આ દ્વારા અનંત આકાશમાં ભારતની ઐતિહાસિક છલાંગ લગાવી છે. બ્રહ્માંડનાં રહસ્યો ઉકેલવા અને માનવ કલ્યાણ અર્થે વિજ્ઞાનને નવી ઊંચાઈએ પહોંચાડવામાં ભારતીય અંતરિક્ષ સંશોધન સંગઠન (ISRO) હંમેશાં અગ્રેસર રહ્યું છે. તાજેતરમાં ૪ સપ્ટેમ્બરના રોજ શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી ઇસરોનાં શક્તિશાળી રોકેટ GSLV દ્વારા અત્યાધુનિક અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઇટ EOS-05 (GISAT-1A) નું સફળ પ્રક્ષેપણ થઈ ગયું. ભૌતિક વિજ્ઞાનમાં પ્રક્ષેપણ એટલે laucha - કોઈ પણ પદાર્થને આકાશમાં ફેંકવા /છોડવાની ક્રિયા. આ પ્રક્ષેપણ માત્ર એક નવા ઉપગ્રહનું ભ્રમણકક્ષામાં સ્થાપન નથી, પરંતુ ભારતની વૈજ્ઞાનિક ક્ષમતાનું એવું શિખર છે જે પૃથ્વી નિરીક્ષણના સમગ્ર દ્રષ્ટિકોણ બદલી નાખશે. વિજ્ઞાન જ્યારે માત્ર પ્રયોગશાળા પૂરતું સીમિત ન રહેતાં સમગ્ર સૃષ્ટિના રક્ષણનું માધ્યમ બને છે ત્યારે આવી ઐતિહાસિક સિદ્ધિઓ આકાર લેતી હોય છે.

## અર્થ ઓબ્ઝર્વેશન શું છે?

સામાન્ય વાચકના મનમાં સહજ પ્રશ્ન જાગે કે આ 'અર્થ ઓબ્ઝર્વેશન' એટલે વળી શું? એક વાક્યમાં સમજાવીએ તો એ છે અવકાશમાંથી ધરતીના ધબકારા ઝીલવાની કળા... પ્રકૃતિની વિશાળતા અને તેના સૂક્ષ્મ પરિવર્તનોને ધરતી પર ઊભા રહીને સંપૂર્ણપણે પામી શકાતા નથી. જેવી રીતે કોઈ કલાકાર આખા કેન્વાસનું સૌંદર્ય નિહાળવા થોડો દૂર જઈને ઊભો રહે છે, બરાબર તેવી જ રીતે પૃથ્વીથી હજારો કિલોમીટર ઊંચે રહીને સમગ્ર વસુંધરા, તેના ઘૂઘવતા મહાસાગરો, વાતાવરણનાં તોફાનો અને વનરાજીનું અવિરત નિરીક્ષણ કરવાની પદ્ધતિ એટલે 'અર્થ ઓબ્ઝર્વેશન' અથવા 'રિમોટ સેન્સિંગ'. ઉપગ્રહમાં ગોઠવાયેલા અતિસંવેદનશીલ કેમેરા અને સેન્સર્સ સૂર્યપ્રકાશના પરાવર્તન કે કૃત્રિમ રડાર તરંગોના માધ્યમથી ધરતીના પ્રત્યેક ખૂણાની સ્થિતિનું જીવંત ચિત્રણ કરે છે, જે માનવજાત માટે સુરક્ષા અને સમૃદ્ધિની નવી બારીઓ ખોલે છે.

## ૩૬,000 કિલોમીટર દૂરથી 'જીઓસિંક્રોનસ' ઉપગ્રહની ક્રાંતિ

અત્યાર સુધી ભારતના મોટા ભાગના




**વિશેષઃ** * સમગ્ર ભારતની આશરે દર 30 મિનિટે ઈમેજ લેવાની ક્ષમતા.
* પસંદ કરેલા વિસ્તારોની આશરે દર પાંચ મિનિટે ઈમેજ લેવાની ક્ષમતા.

રિમોટ સેન્સિંગ ઉપગ્રહો પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષા એટલે કે 'લો અર્થ ઓર્બિટ' (LEO) માં કાર્યરત હતા. આ ઉપગ્રહો દિવસમાં નિયત સમયે જ ભારત પરથી પસાર થતા અને ચોક્કસ અંતરાલ પછી જ ફરીથી તે વિસ્તારનું ચિત્ર ઝડપી શકતા, પરંતુ EOS-05 એ ભારતનો પ્રથમ એવો ઇમેર્જિંગ સેટેલાઇટ છે જેને ભૂ-સમન્વિત ભ્રમણકક્ષા (Geosynchronous Orbit) માં આશરે ૩૬,૦૦૦ કિલોમીટરની અત્યંત ઊંચાઈએ સ્થાપિત કરવામાં આવ્યો છે. પૃથ્વીના પોતાની ધરી પરના પરિભ્રમણની ગતિ સાથે જ તાલ મિલાવીને ગતિ કરતો હોવાથી આ ઉપગ્રહ હંમેશાં ભારતીય ઉપખંડની બરાબર સામે એક જ સ્થાને અડગ રહેશે. આ અદ્ભુત ભૌગોલિક સ્થિતિને કારણે તે દર અડધા કલાકે સમગ્ર ભારતીય ભૂમિભાગની તાજી તસવીરો મોકલશે અને કોઈ સંકટ સમયે નિયત વિસ્તારનું દર પાંચ મિનિટે હાઇ-રિઝોલ્યુશન ચિત્ર પૂરું પાડવાની અસાધારણ ક્ષમતા ધરાવે છે. આમ આપણા માટે એ પલકારાવિહોણી આંખ બની રહેશે.

## આ ટેક્નોલોજીની અનેક અનોખી તકનિકી વિશેષતા

EOS-05 એ ઇસરોના ઈજનેરોની વર્ષોની સાધના અને સ્વદેશી વિજ્ઞાનનો જીવંત પુરાવો છે. આ ઉપગ્રહમાં અત્યાધુનિક વિશાળ ઓપ્ટિકલ ટેલિસ્કોપ સાથે મલ્ટિસ્પેક્ટ્રલ અને હાઇપરસપેક્ટ્રલ સેન્સર્સ જોડવામાં આવ્યા છે, જે દૃશ્યમાન પ્રકાશથી લઈને ઇન્ફ્રારેડ તરંગો સુધીની વિશાળ શ્રેણીમાં સૂક્ષ્મતાથી માહિતી એકત્ર કરે છે. આ ગાઢ વાદળો, ધુમ્મસ કે રાત્રિના અંધકાર વચ્ચે પણ ભૂમિ પર થતી ભૌગોલિક ગતિવિધિઓનું સચોટ વિશ્લેષણ કરવામાં સક્ષમ છે. આ ઉપરાંત તેમાં સ્થાપિત હાઈ-સ્પીડ ડેટા ટ્રાન્સમિશન સિસ્ટમ અવકાશમાંથી મેળવેલી વિશાળ માહિતી ક્ષણાર્ધમાં ગ્રાઉન્ડ સ્ટેશન સુધી પહોંચાડે છે, જેથી વૈજ્ઞાનિકો અને નીતિ-નિર્માતાઓ ક્ષણભરનો પણ વિલંબ કર્યા વિના નિર્ણાયક પગલાં ભરી શકે.

## ધરતીપુત્રો માટે આશીર્વાદ સ્માર્ટ કૃષિનું નવું પ્રભાત

ભારત જેવા કૃષિપ્રધાન દેશ માટે જ્યાં ખેડૂતનો પરસેવો અર્થતંત્રનું સિંચન કરે છે ત્યાં EOS-05 એક અદૃશ્ય દેવદૂત બનીને રહેશે. પાકની વાવણીથી લઈને લણણી સુધીના પ્રત્યેક તબક્કે આ ઉપગ્રહ જમીનમાં રહેલા ભેજનું પ્રમાણ, પોષક તત્ત્વોની સ્થિતિ અને પાક પર આવનારા રોગચાળા અંગે ખેડૂતોને અગાઉથી ચેતવણી આપશે. આ ઉપરાંત ભૂગર્ભજળ સ્તરની વધ-ઘટનું સતત મૂલ્યાંકન કરીને તે સિંચાઈ વ્યવસ્થાપનને વધુ સક્ષમ બનાવશે, જેનાથી દેશના છેવાડાના ખેડૂતને પાક બગાડથી બચાવી આર્થિક રીતે સધ્ધર કરી શકાશે.

## કુદરતી આપત્તિઓમાં અડીખમ રક્ષક કવચ

પ્રકૃતિ જ્યારે રૌદ્ર સ્વરૂપ ધારણ કરે છે ત્યારે માનવજીવન અત્યંત લાચાર બની જતું હોય છે. ચક્રવાત, અણધાર્યું પૂર, મેઘતાંડવ, જંગલની દાવાનળ કે ભૂસ્ખલન જેવી આપત્તિઓ વખતે થોડી મિનિટોનો સમય પણ હજારો માનવ જિંદગી બચાવી શકે છે. EOS-05 અવકાશમાંથી વાદળોની રચના, સાગરનાં તોફાન અને ચક્રવાતની ગતિવિધિઓનું રીઅલ-ટાઇમ ટ્રેકિંગ કરશે. પૂરના સમયે કયા રસ્તાઓ ધોવાયા છે અને કયાં ગામો સંપર્કવિહોણા બન્યા છે તેની ક્ષણે-ક્ષણની માહિતી આપીને આ ઉપગ્રહ આપત્તિ વ્યવસ્થાપન ટીમો માટે સંકટમોચક રક્ષક કવચ બની રહેશે.

## પર્યાવરણની સુરક્ષા સાથે સરહદનો પ્રહરી

વૈશ્વિક તાપમાન અને આબોહવા પરિવર્તનના આ ગંભીર યુગમાં હિમાલયના ગ્લેશિયર્સનું પીગળવું, નદીઓના પ્રવાહમાં બદલાવ અને જંગલોના નિકંદન પર ચાંપતી નજર રાખવાનું કામ આ ઉપગ્રહ કરશે.

દરિયાકાંઠાના મેન્ગ્રોવ્સ અને દરિયાઈ પરિસ્થિતિનું રક્ષણ કરવામાં પણ તેની ભૂમિકા મહત્ત્વની રહેશે. સાથોસાથ, દેશની હજારો કિલોમીટર લાંબી સંવેદનશીલ સરહદો અને વિશાળ સમુદ્રી સીમાઓ પર સતત નજર રાખીને તે રાષ્ટ્રીય સુરક્ષા અને વ્યુહાત્મક આયોજનમાં અવિરત જાગતા સરહદી પ્રહરીની ફરજ અદા કરશે.

## વિજ્ઞાન થકી લોકકલ્યાણનો અમર સંકલ્પ

EOS-05 માત્ર ધાતુ અને સોલાર પેનલોથી બનેલો યંત્ર-પિંડ નથી, પરંતુ સવા સો કરોડ દેશવાસીઓની આકાંક્ષાઓ, સુરક્ષા અને આત્મનિર્ભરતાનું અવકાશી પ્રતિબિંબ છે. ૪ સપ્ટેમ્બરના પ્રક્ષેપણ સાથે ભારતે સાબિત કરી દીધું છે કે સ્વદેશી જ્ઞાન અને સંકલ્પબળ થકી કોઈ પણ વૈશ્વિક પડકારને પાર કરી શકાય છે. અવકાશના અનંત પટ પર સ્થાપિત થયેલી આ દિવ્ય આંખ આવનારા લાંબા સમય સુધી ભારતની ધરા, તેના ખેતરો અને સરહદોનું રક્ષણ કરતી એક જાગૃત જ્યોત બનીને ચમકતી રહેશે. ઇસરોની આ અપ્રતિમ સિદ્ધિ ભારતની વૈજ્ઞાનિક વિકાસયાત્રામાં સદાકાળ સુવર્ણ અક્ષરે અંકિત રહેશે. ■




જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

# વૈશ્વિક જોખમી પરિબળોના સંજોગોમાં... ઈન્વેસ્ટમેન્ટની તક મળે ત્યારે કેવા સ્માર્ટ બનશો ?

**એનએસઈના આઈપીઓનું કાઉન્ટડાઉન ચાલુ થયું છે. ત્યારે અનેકવિધ વૈશ્વિક સમસ્યાઓ વચ્ચે આપણા દેશનું અર્થતંત્ર મજબૂત હોવાનાં આંકડાની હાલ કોઈ પોઝિટિવ અસર જણાતી નથી ત્યારે શું કરવું?**

વરસ ૨૦૨૬-૨૭ના પ્રથમ કવાર્ટરમાં દેશે વિવિધ પડકારો વચ્ચે પણ ૭.૮ ટકાનો વૃદ્ધિ દર હાંસલ કર્યો છે, જે રોકાણ જગત માટે મોટો આશાવાદ જગાડ્યો છે. આ કવાર્ટરમાં સર્વિસ સેકટરે ૧૦ ટકા જેવો ઊંચો ગ્રોથ પ્રાપ્ત કર્યો છે. આમ હવે ભારતનું સર્વિસ સેકટર ગ્રોથનું એન્જિન બની રહ્યું છે. ઉત્પાદન ક્ષેત્ર, બાંધકામ ક્ષેત્ર, હોટેલ્સ, ટ્રાન્સપોર્ટ, કોમ્યુનિકેશન અને બ્રોડકાસ્ટિંગ સંબંધી સર્વિસીસ સેગમેન્ટ, કૃષિ અને ફોરેસ્ટ્રી, ફિશીંગ ક્ષેત્ર, ફાઇનાન્સિયલ, રિઅલ એસ્ટેટ, પ્રોફેશનલ સર્વિસીસ, જાહેર વહીવટ, ડિફેન્સ અને અન્ય સર્વિસીસનો વિકાસદર બહેતર નોંધાયા છે. માત્ર માઈનિંગ સેકટર નબળું રહ્યું છે. આ વૃદ્ધિના આંકડાનું મહત્ત્વ વિશેષ નોંધપાત્ર એ માટે ગણાય કે આખું વિશ્વ વેસ્ટ એશિયાના તનાવનો સામનો કરી રહ્યું છે, ક્રૂડ-એનર્જીના ભાવો આડેધડ વધી રહ્યા છે ત્યારે ભારતની ઈકોનોમિક ગ્રોથ સ્ટોરી તમામ પડકારોનો સામનો કરતા આગળ વધી રહી છે.

## ફોરેક્ષનો પ્રવાહ

દરમિયાન રિઝર્વ બૅન્કે ડૉલરનો પ્રવાહ આકર્ષવા માટે ફોરેન કરન્સી એનઆરઆઈ બૅન્ક ડિપોઝિટ માટે વધુ વ્યાજદર ઓફર કર્યા હતા, તેને અચ્છો પ્રતિભાવ પ્રાપ્ત થયો છે. આ પ્રવાહ સૌથી વધુ યુએઈ, સિંગાપોર અને હોંગકોંગથી આવ્યો છે. આ કલેકશન ભારતની ઈકોનોમીમાં અને બૅન્કિંગ સિસ્ટમમાં વિશ્વાસની સાક્ષી પૂરે છે. રિઝર્વ બૅન્ક પાસે એફસીએનઆર (બી) બૅન્ક ડિપોઝિટ ૧૨૭ અબજ ડૉલર પહોંચી છે, જે એક વિક્રમ ગણાય. આ પોઝિટિવ સંજોગોને ધ્યાનમાં રાખી જપાન ક્રેડિટ રેટિંગ એજન્સીએ ભારતનું સોવરિન રેટિંગ અપગ્રેડ કર્યું છે.

## માર્કેટ વોલેટિલિટી ઘટી

શૅરબજારની વાત છે ત્યાં રોજેરોજની વધઘટ અગાઉ કરતાં સ્થિર થઈ છે. તેમ છતાં ગ્લોબલ અનિશ્ચિતતા વિશે વિચારીને જેઓ રોકાણ કરવાનું ટાળતા હોય તો તેમણે કમસે કમ ભારતીય ઈકોનોમીની ગતિવિધિ પર વિશ્વાસ રાખવો જોઈએ, જેની હકીકત છેલ્લા એકાદ વરસના કપરાં સમયમાં પણ વૃદ્ધિના પોઝિટિવ આંકડાઓ દર્શાવે છે. લોંગટર્મ રોકાણ માટે સમય-સંજોગ ઉત્તમ કહેવાય. અલબત્ત, સિલેકટિવ બનવું પણ જરૂરી.

## એફપીઆઈનો આશાસ્પદ પ્રવાહ

વધુ એક પોઝિટિવ હકીકતમાં ફોરેન ઈન્વેસ્ટર્સ ભારતીય માર્કેટમાં રોકાણ માટે પાછાં સક્રિય થઈ રહ્યા છે. છેલ્લા બે જ મહિનામાં ૫૦ જેટલા નવા એફપીઆઈ (ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સ) સેબીમાં રજિસ્ટર્ડ થયા છે. જ્યારે કે ૨૦૨૬ના પ્રથમ છમાસિક ગાળામાં કુલ બાવન ફંડસ (એફપીઆઈ) નોંધાયા હતા. આમ કુલ ફોરેન ફંડસની સંખ્યાં સેબીના રેકોર્ડમાં ૧૨ હજાર ઉપર પહોંચી ગઈ છે. એફપીઆઈ અને એફઆઈઆઇ સતત લાંબો સમય નેટ સેલર્સ રહ્યા બાદ હવે નેટ બાયર્સ બનતા જાય છે અથવા સેલ્સ ઘટવા લાગ્યું છે. એફપીઆઈની બાબતે એક વધુ વાત પણ નોંધવી રહી, તેઓ સેકન્ડરી માર્કેટમાં નેટ સેલ્સ કરી રહ્યા હતા અને હજી પણ કરી રહ્યા છે ત્યારે તેમણે ભારતીય કંપનીઓના આઈપીઓમાં રોકાણ કરવાનું રાખ્યું હતું. આશરે ૪.૯ અબજ ડૉલર (૪૫૮૦૦ કરોડ રૂપિયા)નું રોકાણ તેમણે આઈપીઓમાં કર્યું. જોકે તેમનું આ વધુ રોકાણ જુલાઈ-ઓગસ્ટમાં આવ્યું છે.

## આઈપીઓનો કરન્ટ

હવે આ મહિનામાં એનએસઈ ઉપરાંત પણ સંખ્યાબંધ આઈપીઓ માર્કેટમાં આવશે, એનએસઈ એકલું ૩૦ હજાર કરોડ રૂપિયા ઊભા કરી જશે. જ્યારે બાકીના આઈપીઓનું લક્ષ્ય અંદાજિત ૨૫૦૦૦ કરોડ રૂપિયા ઊભા કરવાનું છે. આ આઈપીઓની સાઈઝ ૧૦૦૦ કરોડથી પાંચ હજાર કરોડ રૂપિયા સુધીની છે. આ કંપનીઓમાં મિડ-સાઈઝડ અને લાર્જ-સાઈઝડ કંપનીઓ છે. આ આઈપીઓનો આ પ્રવાહ પણ સેન્ટિમેન્ટના સુધારાનું પ્રતિબિંબ છે. આ વરસે પ્રથમ છ મહિના માર્કેટ માટે યુએસ-ઈરાન અને ઓવરઓલ ગ્લોબલ માહોલમાં આઈપીઓ લાવવા માગતી કંપનીઓને રિસપોન્સ વિશે ચિંતા હતી, પણ હવે બદલાયેલા સંજોગો અને સેન્ટિમેન્ટમાં આશા વધી રહી છે. જોકે રોકાણકારોએ આઈપીઓને લઈને સાવચેત અને સિલેકટિવ રહેવામાં વધુ સાર રહેશે. એ જ રીતે સેકન્ડરી માર્કેટમાં પણ ખરીદી વખતે ફંડામેન્ટલ્સ પર જ વધુ ભાર મૂકવામાં શાણપણ રહેશે. અમુકના કેસમાં પ્રાઈસ ફેકટર કે વેલ્યૂએશન જોવું મહત્ત્વનું બને છે, કારણ કે દર વખતે તેજી યા આશાના માહોલમાં ઘોડાં ભેગા ગધેડા ઘૂસી જતા જ હોય છે.

## ચિંતાનાં પરિબળ પણ ખરાં

ઈકોનોમીનો ગ્રોથ સારી વાત છે, પરંતુ આ સાથે વધતી મોંઘવારીની કે સંભવિત વ્યાજદરના વધારાની ચિંતા પણ કરવી પડે. યુએસ-ઈરાનના યુદ્ધની અસર ક્રૂડ અને કરન્સીની ચિંતા વધારતી જાય છે. બજાર નેગેટિવ પરિબળોને અને ઘટાડાને તરત સ્વીકારી લે છે. બીજીબાજુ સરકાર અને રિઝર્વ બૅન્કના સંકેત કહે છે કે વધુ રિફોર્મ્સ પણ આવશે. મ્યુચ્યુઅલ ફંડસ પાસે આવતો રોકાણ પ્રવાહ અને ફંડસ તરફથી માર્કેટમાં આવતો રોકાણ પ્રવાહ બહુ મોટો સપોર્ટ છે.

મિડકેપ અને સ્મોલ કેપ સ્ટોકસમાં પણ સુધારો જોવાયો છે. અમેરિકાની ઈકોનોમી અને એની ગતિવિધિ પર પણ નજર રાખવી જોઈશે, જેની અસર સતત રહે છે. AIનું પરિબળ પણ ચિંતાનું જ ગણાય.

> **એનએસઈના શૅરની પ્રાઇસ બેન્ડ રૂપિયા ૧૭૦૦-૧૭૮૫**
>
> એનએસઈનો આઇપીઓ ૧૭ સપ્ટેમ્બરે ખૂલશે અને ૨૧ સપ્ટેમ્બરે બંધ થશે. તેની પ્રાઇસ બેન્ડ શૅર દીઠ રૂપિયા ૧૭૦૦-૧૭૮૫ નક્કી થઈ છે.

## માર્કેટને લાંબા ગાળા માટે જુઓ

જોકે ઈકોનોમી મજબૂત અને ઊંચો વિકાસદર છતાં શૅરબજાર ઘટવાનું કારણ યુએસ બોન્ડસની ઊંચા વ્યાજની ઓફર પણ છે, જ્યાં ગ્લોબલ ઈન્વેસ્ટર્સ ખેંચાય છે. લોકો આઈપીઓ માટે પણ નાણાં રાખી મૂકી રહ્યા છે. જોકે આ શોર્ટટર્મ કારણો ગણાય. સ્ટોક માર્કેટનો સવાલ છે ત્યાં સુધી તેને તો લાંબાગાળાની દૃષ્ટિએ જોવું-મૂલવવું જોઈએ. તેથી જ ચોકકસ સંજોગોમાં કરેકશન એ ખરીદીની તક ગણાય છે. બાય ધ વે, એનએસઈનો આઈપીઓ તક છે, એલોટમેન્ટમાં મળે નહીં તો બજારમાંથી ખરીદી પણ કરી શકાય, લોંગટર્મ માટે આ સ્ટોક સંપત્તિસર્જનનું નિમિત્ત બની શકે એવા અંદાજ અને આશા માર્કેટ એકસપર્ટસ મૂકી રહ્યા છે. ■

સર્જકના સથવારે
રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# તો ય વરસે ગમ અહીં ને ત્યાં ખુશી એક છે વાદળ અહીંથી ત્યાં સુધી

## ગઝલના રંગમંડપમાં દબદબો છે 'બાબુ' રાઠોડ

ગુજરાતી ગઝલમાં કામ કરી રહેલાં કેટલાંક એવાં નામો છે જે એક ખૂણામાં બેસીને સાધના - આરાધના કર્યા કરે છે. પ્રસિદ્ધિનો કોઈ મોહ નહીં, મુશાયરોમાં છવાઈ જવાની વૃત્તિ નહીં, સામયિકમાં પણ ભાગ્યે જ મોકલે, આવી જંગલમાં આપમેળે ઊગી નીકળેલી જડીબુટ્ટીઓ જેવા અનેક શાયરો કામ કરી રહ્યા છે જેમાં એક મહત્ત્વનું નામ બાબુલાલ ખીમજીભાઈ રાઠોડ. એમણે તખલ્લુસ પણ 'બાબુ' રાખ્યું છે.

એમની મોટાભાગની ગઝલોનું સંવેદન સંતર્પક અનુભવ કરાવે છે. રોજ બોલાતી ભાષામાં ગઝલનું પ્રત્યાપન ભલભલાને પસીનો છોડાવી દે છે. બાબુલાલ રાઠોડ આપકર્મી છે અને સ્વયંના તેજે ઝળહળે એટલી એમની રચનાઓમાં ઉછી-ઉધારના થીંગડા દેખાતા નથી.

એમના જીવન વિશેની થોડી હકીકતો તવારીખની દૃષ્ટિએ નોંધવી જરૂરી છે. સુરેન્દ્રનગરમાં ૬ એપ્રિલ ૧૯૬૫ના રોજ જન્મ. માતા-પિતા મોતીબેન અને ખીમજીભાઈ રાઠોડે એમને અભ્યાસ માટે પ્રોત્સાહિત કર્યા અને વાણિજયના સ્નાતક બન્યા. ઓરિએન્ટલ ઈન્સ્યુરન્સ કંપનીમાં દીવ ખાતેથી કારકિર્દીની શરૂઆત કરી ને હાલમાં વયનિવૃત્તિ લીધા પછી સો ટકા સમય સાહિત્ય સર્જનને આપી રહ્યા છે.

પોતાના 'દિલની વાત' કરતા આ કવિ કહે છે કે જિંદગીના સોળમાં વર્ષે ગઝલ અને મજૂરી બંને એક સાથે મળ્યાં એ કદાચ કુદરતને આધીન હશે. સપના જોવાના સમયે મળી નક્કર પાષાણ જેવી પીડા. કઠોર થઈ ગયેલા ટેરવે રમવા લાગ્યા છંદો ને વહી વેદનાની નદી... દુનિયાની કઠોરતા સામે કુદરતે મને અભિવ્યક્તિ આપી. 'અહીંથી ત્યાં સુધી'ની સફરમાં ઘણું ભટક્યો... ઘણું જોયું - જાણ્યું... જિંદગીને નજીકથી જોઈ. ભરી ભીડમાં કદી એકલો રહ્યો તો કદી ભરચક એકલતામાં ભીડ અનુભવી. જિંદગીની સફરમાં ઘણાંય લોકો સાથે રહ્યા છે. ઘણાંએ ઠોકર મારી છે તો ઘણાંએ ગળે લગાડયો છે પણ મારા હમસફરના નાતે હું સૌનો હૃદયપૂર્વક આભારી છું.'



બાબુલાલ ખીમજીભાઈ રાઠોડ

એમનો પ્રથમ ગઝલ સંગ્રહ ૨૦૦૬માં 'અહીંથી ત્યાં સુધી' પ્રકાશિત થયો અને એકીસાથે પાંચ ગઝલ સંગ્રહો પ્રકાશિત થઈ રહ્યા છે. 'બાબુ'એ આમ તો ૧૯૮૨થી ટૂંકી વાર્તાઓ લખવાનું શરૂ કર્યું હતું અને તે પ્રતિષ્ઠિત સામયિકોમાં પ્રગટ પણ થઈ હતી. ત્યારપછી ધીરે ધીરે ગઝલમાં મન લાગતું ગયું અને પ્રતિષ્ઠિત અને પ્રેમાળ કવિઓના પ્રોત્સાહનથી સંઘેડા ઉતાર ગઝલો લખવા માંડી.

'બાબુ'ની ગઝલના જે વિશેષો છે તેની વાત કરીએ તો પ્રથમ છે ભાષાની સરળતા, વિચારોની સ્પષ્ટતા, સંવેદના સભર અભિવ્યક્તિ અને ભાવ અને ભાવનાના આંતરિક રૂપની, નિષ્ઠાપૂર્વકની જાળવણી.

મેં એક સંપાદન કર્યું છે જેમાં ઘાયલ સાહેબથી લઈને તમામ શાયરોએ ગઝલ સર્જનની પ્રક્રિયા સ્પષ્ટ કરતી ગઝલ પરની ગઝલ આપી છે. ભાઈ 'બાબુ'એ આવી બે ગઝલ શરૂઆતમાં આપી છે જેમાં એ ગઝલ કેમ સર્જાય છે તેના પ્રોસેસની વાત કરે છે અને બીજી ગઝલમાં ગઝલના અવતરણની વાત કહે છે. બન્ને ગઝલો કાબિલે દાદ છે. જોઈએ ચાર શેર:

*આહ દિલથી નીકળે, ત્યારે ગઝલ સર્જાય છે*
*જામ ચીસોના ઢળે, ત્યારે ગઝલ સર્જાય છે*
*વેદના ટોળે વળે, ત્યારે ગઝલ સર્જાય છે*
*સેંકડો સપના બળે, ત્યારે ગઝલ સર્જાય છે*

* * *

*વેદનાની કુખે અવતરી છે ગઝલ,*
*શબ્દ થૈ ભગ્ન દિલથી ખરી છે ગઝલ*
*ઝંખનાને હવે નીંદ આવી જશે*
*સ્વપ્નની સેજ પર પાથરી છે ગઝલ.*

ગઝલ એક એવી કલા છે કે એ જે કહે છે તેના કરતાં વધારે છૂપાવે છે. ગઝલ સમજવાના સ્વરૂપગત ઓજારો તો આપણી પાસે છે જ, પણ ગઝલકાર છંદ, મત્લા-મકતા, રદીફ-કાફિયા વગેરે બાહ્ય સ્વરૂપને નિભાવીને તગઝ્ઝુલ, તસવ્વુફ, મૌસિકી, અંદાઝે-બયાં, શેરીયત, ગઝલિયત જેવા અંતરગ ઉપકરણોને ઓળંગીને પોતાના મૌલિક ઉન્મેષો કેટલા અંશે પ્રગટાવી શકે છે તે જોવું જોઈએ. 'બાબુ'ના ભાષાકર્મ, શેરીયત વગેરેમાં રહેલા રસસ્થાનોને ઓળખીયે તો એમણે સિત્તેર ગઝલોમાં સારું એક કાઠુ કાઢયું છે એમ કહી શકાય.

આપણા લબ્ધ પ્રતિષ્ઠ કવિ અને વિવેચક રમેશ આચાર્યે પ્રસ્તાવનામાં નોંધ્યું છે કે 'અહીંથી ત્યાં સુધી' સંગ્રહમાં સમાવિષ્ટ અને જે પરથી સંગ્રહનું નામાભિધાન થયું છે તે ગઝલ 'અહીંથી ત્યાં સુધી' આ સંગ્રહની સર્વશ્રેષ્ઠ કૃતિ છે...

*ઝાંઝવા થૈ જળ અહીંથી ત્યાં સુધી;*
*ઝળહળે છે છળ અહીંથી ત્યાં સુધી.*
*ટળવળે છે હર કળીની બાંહમાં,*
*આંસુ થૈ ઝાળક અહીંથી ત્યાં સુધી*
*એ મળે તો કયાં મળે બ્રહ્માંડમાં?*
*વિસ્તરી અટકળ અહીંથી ત્યાં સુધી*
*તો ય વરસે ગમ અહીં ને ત્યાં ખુશી*
*એક છે વાદળ અહીંથી ત્યાં સુધી*
*બેય છેડે એકસરખા હાલ છે*
*જોઈ લે, બે પળ અહીંથી ત્યાં સુધી.*

આ ગઝલનો ચોથો શે'ર જેની પાસે મારે રોકાઈ જવું પડ્યું તે નિજી ગમને વાદળ કહેલું ત્યાં સુધી તો ઠીક છે પણ તે વાદળનો અહીંથી ત્યાં સુધીનો વ્યાપ વિસ્તારવો એમાં જ સર્જકતા છે... આ ગઝલમાં પ્રયોજાયેલ રદીફ 'અહીંથી ત્યાં સુધી' અંગદના પગ સમાન છે. તેને સાથ દેતા વિવિધ કાફિયાથી જે ભાવ વિશ્વ રચાય છે અને ગઝલ જેમ - જેમ આગળ વધે છે તેમ ગાઢ અને ગૂઢ થતું જાય છે તેથી ગઝલના રદીફ - કાફિયાનો 'નહિ સાંધો નહિ રેણ' જેવું વિશ્વ અનાયાસ રચાઈ આવે છે અને તે જ આ ગઝલની વિશેષતા છે.'

બાબુભાઈની કાવ્ય નિષ્ઠા, સર્જક પ્રતિભા અને અનોખા ભાવ - વિશ્વમાં રસાયેલા અને કસાયેલા ઘણાં બધા શેર આપણને રોકી રાખે છે. ચાલો, આવા થોડાક શેરોનું રસપાન કરીએ:

*ત્યાં મને બોલાવ અથવા આવ તું*
*અંત અરધી વારતાનો લાવ તું*

* * *

*જોઈને જોતાં રહે સૌ દંગથી*
*નખ સજાવી લે રક્તના રંગથી*

* * *

*'બાબુ' તારા દર્દની વાતો ઘડીભર સાંભળી*
*આંસુ એના ઓગળે છે માનવું પડશે હવે*

* * *

*લાલ આંખો થૈ હતી કે ધૂબકા માર્યા પછી*
*આંખ આ ચોળી જરીને બાળપણ બેઠું થયું*

* * *

*ચડી ઠોકરે લાગણી જ્યાં હૃદયની*
*નદી બે ય કાઠે વહી વેદનાની*

* * *

*આજ ઈચ્છાનો સમંદર આપણી વચ્ચે નથી*
*એ હિસાબે કોઈ અંતર આપણી વચ્ચે નથી*

* * *

*એ મળે જો કોઈ મારગ, એટલું એને કહેજો*
*તું છે રોમ રોમ રગ રગ, એટલું એને કહેજો*

* * *

*એમની પણ કૈંક મજબૂરી હશે*
*જિંદગી ત્યાં પણ ભલા તૂરી હશે*
*થૈ હશે કત્લેઆમ ઈચ્છા ત્યાંય પણ*
*ત્યાંય પણ મન પર ફરી છૂરી હશે*

* * *

*કરું તો કરું વાત કેમે તમારી?*
*હવા કાન દઇને બધુ સાંભળે છે*

* * *

*છોડી મને, સૌને મળો છો, દુઃખ તો થાય ને*
*મારું કહ્યું ક્યાં સાંભયો છો, દુઃખ તો થાય ને*

* * *

*ખૂબ રઝળીને ઉકેલ્યો ભેદ છે*
*ઝાંઝવા રણને વળ્યો પ્રસ્વેદ છે*

* * *

*જિંદગીનો સાવ ટૂંકો સાર છે*
*તન અહીં ને જીવે પેલે પાર છે*

* * *

*એ હતાં તો હતું પ્રણય જેવું*
*એ ગયા તો થયું પ્રલય જેવું*

* * *

*જાતથી અળગી હજી થાતી નથી*
*આફતો સ્હેજેય શરમાતી નથી*

* * *

*જોઈને મારી દશા, સ્હેજેય હરખાતા નથી*
*પ્રશ્ન પૂછે છે ઉપરથી, કેમ દેખાતા નથી*

* * *

*તે કહીં જે વારતા સારી હતી*
*સત્ય ઘટના એ જ તો મારી હતી*

* * *

*ત્યાં જતાં ભૂલી ગયો શું શું કહેવાનું હતું?*
*યાદ ના આવ્યું કે એને 'તું' કહેવાનું હતું.*

* * *

*નામ લઈ ક્યારેય બોલાવે નહીં,*
*એ નદી છે, ઘર સુધી આવે નહીં*

* * *

*પ્રથમ પાનું હશે કોરું, વ્યથાનો સાર છે એમાં*
*અમે જે ભોગવી છે એ સજાનો સાર છે એમાં*

* * *

*ભેટી પડી છે આફતો સગપણ નથી છતાં*
*વળગી છે વાદે વેદના વળગણ નથી છતાં*

*મસ્ત છળથી લગાવ છે તો છે*
*રણ વચ્ચે પડાવ છે તો છે*

* * *

*વાંચ પૂરી વારતા આખર સુધી*
*કાં પછી તું ચાલ ઘરડાંઘર સુધી*

* * *

*શું બોલું એનાં બારામાં?*
*રાખ્યો જેણે અંધારામાં*

* * *

*સૂરજ ઉપર છે ઘાત, સાચું માનશો તમે?*
*પાછળ પડી છે રાત, સાચું માનશો તમે?*

* * *

*સફરમાં ક્યાંય પણ સીધા સરળ રસ્તા નહીં આવે*
*તને મારા વિના માફક કદી દુનિયાં નહીં આવે*

* * *

*ચાલ્યા કરું છું હોંશથી ભરચક અભાવમાં,*
*બેસી જવું ક્યાંયે નથી, મારા સ્વભાવમાં*

* * *

*પૂછ્યાં કરું છું રોજ, ઉત્તર આપતો નથી*
*માંગી હતી એ ચીજ, ઈશ્વર આપતો નથી*

* * *

*છું આવવા તૈયાર, લેવાં આવ તો ખરો*
*લૈ નામ મારું બારણું ખખડાવ તો ખરો.*

* * *

*હા, આરતી છે, પ્રાર્થના છે ને અઝાન છે*
*જેને કહે છે તું ગઝલ દિલનું બયાન છે*

* * *

*ખુશી કેટલી દુશ્મનોને મળે છે?*
*તમારી કથામાં મને સાંકળે છે*

* * *

*ચાલી રહ્યા છે શ્વાસ, બીજું કંઇ નથી*
*છે તાકમાં આકાશ, બીજું કંઈ નથી* ■

---

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@bombaysamachar.com

# દુનિયા સ્વીકારે એ પહેલાં પોતાની ક્ષમતા પર વિશ્વાસ રાખવો પડે

આજે વાત કરવી છે અનોખા આઇએએસ અધિકારી ઇરા સિંઘલની. ઇરા સિંઘલને બાળપણથી જ સ્કોલિયોસિસ નામની બીમારી થઈ હતી. જેને કારણે તેમની કરોડરજ્જુ સીધી રહી શકતી નહોતી. ઈરાએ પ્રાથમિક શિક્ષણ મેરઠની સોફિયા ગર્લ્સ સ્કૂલમાં લીધું. તેમનું બાળપણ સામાન્ય રીતે ન વીત્યું. શારીરિક અક્ષમતા હતી એટલે બધા તેમને વિચિત્ર નજરે જોતાં. જોકે ઈરાના મનમાં બાળપણથી જ ઉચ્ચ સરકારી અધિકારી બનવાની મહત્ત્વાકાંક્ષા જાગી હતી. એ નાનાં હતાં ત્યારે મેરઠ જિલ્લામાં અવારનવાર તોફાનો થતાં હતાં અને એને કારણે મેરઠમાં અવારનવાર કર્ફ્યૂ લાગતો હતો.

જ્યારે જ્યારે કર્ફ્યૂ અમલમાં મુકાય ત્યારે ઈરા દરેક વખતે સાંભળતા હતા કેડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટ (એટલે કે જિલ્લા કલેક્ટરે) કર્ફ્યૂનો આદેશ આપ્યો છે એટલે બાળપણથી જ તેમને લાગતું હતું કે ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટ પાસે ખૂબ સત્તા હોય છે. ત્યારથી તેમના મનમાં મહત્ત્વાકાંક્ષાનું બીજ રોપાયું કે મોટા થઈને મારે પણ ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટ બનવું છે.




ઈરા સિંઘલ

એ પછી મોટા થઈને દિલ્હી સ્થળાંતર કર્યું. એ પછી તેમણે દિલ્હીની લોરેટો કોવેન્ટ સ્કૂલમાં અભ્યાસ કર્યો. ત્યાર બાદ નેતાજી સુભાષ ઇન્સ્ટિટ્યુટ ઑફ ટેક્નૉલૉજીમાંથી બી.ટેકની ડિગ્રી લીધી. એ પછી તેમણે દિલ્હી યુનિવર્સિટીમાંથી એમબીએની ડિગ્રી પણ મેળવી લીધી. તેમણે ફેકલ્ટી ઑફ મૅનેજમેન્ટ સ્ટડીઝમાંથી એમબીએની ડિગ્રી મેળવી એ પછી તેમને એક મોટી કન્ફેક્શનરી કંપનીમાં સ્ટ્રેટેજી મૅનેજર તરીકે જૉબ મળી.

જોકે તેમને એ નોકરીથી સંતોષ નહોતો. તેમના મનના ઊંડા ખૂણે મહત્ત્વાકાંક્ષા હતી કે મારે સરકારી અધિકારી બનવું છે. એટલે તેમણે 'યુનિયન પબ્લિક સર્વિસ કમિશન' એટલે કે યુપીએસસીની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી શરૂ કરી. એ વખતે તેમના પરિચિતો અને ઓળખીતા-પાળખીતાઓ તેમની શારીરિક અક્ષમતાને કારણે તેમની મજાક ઉડાવતા હતા.

જોકે એ બધાને જડબાતોડ જવાબ આપતા હોય તેમ ૨૦૧૦માં તેમણે યુપીએસસીની પરીક્ષા પાસ કરી અને તેમની પસંદગી આઇઆરએસ (ઇન્ડિયન રેવન્યુ સર્વિસ) અધિકારી તરીકે થઈ, પરંતુ તેમની ૬૨ ટકા શારીરિક અક્ષમતાને કારણે રેવન્યુ ડિપાર્ટમેન્ટે તેમને અધિકારી તરીકે સ્વીકારવાની ના પાડી.

એ પછી તેમણે ફરી વાર ૨૦૧૧ના વર્ષમાં યુપીએસસીની પરીક્ષા પાસ કરી. ફરી વાર તેમની પસંદગી આઇઆરએસ અધિકારી તરીકે થઈ, પણ ફરી વાર તેમને અડિયલ ઉચ્ચ અધિકારીઓએ પોસ્ટિંગ આપવાની ના પાડી. વળી તેમણે ૨૦૧૩માં પણ યુપીએસસીની પરીક્ષા પાસ કરી, પરંતુ તેમને રેવન્યુ ડિપાર્ટમેન્ટે ફરજ પર લીધા નહીં. દરેક વખતે તેમને શારીરિક અક્ષમતાનું કારણ અપાયું. આમ તેમણે ત્રણ વખત યુપીએસસીની પરીક્ષા પાસ કરી અને ત્રણેય વખતે તેમને ઇન્ડિયન રેવન્યુ સર્વિસમાં પોસ્ટિંગ અપાઈ, પરંતુ શારીરિક અક્ષમતાનું કારણ આપીને ઉપરી અધિકારીઓએ તેમને પોસ્ટ જૉઇન કરવા દીધી નહીં.

આ પરિસ્થિતિમાં બીજી કોઈ વ્યક્તિ હોત તો માનસિક રીતે ભાંગી પડી હોત. વર્ષોની મહેનત કરીને પરીક્ષા પાસ કર્યા પછી પણ જો માત્ર શારીરિક અક્ષમતાને કારણે તક ન મળેતો માણસ તૂટી જાય, પરંતુ ઈરા તૂટ્યાં નહીં. ત્રણ-ત્રણ વખત રેવન્યુ સર્વિસમાં પસંદ થવા છતાં પોસ્ટિંગ ન મળ્યું એટલે અકળાઈ ઊઠેલાં ઈરાએ 'સેન્ટ્રલ ઍડ્મિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલ'માં કેસ દાખલ કર્યો અને સરકારના રેવન્યુ ડિપાર્ટમેન્ટ સામે કાનૂની લડાઈ શરૂ કરી. લાંબી કાનૂની લડાઈ ચાલી. આ દરમિયાન તેમણે પોતાની ક્ષમતા સાબિત કરવા માટે જરૂરી પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડ્યું. છેવટે ૨૦૧૪ના વર્ષમાં કેસ જીતીને ઈરા આઇઆરએસ અધિકારી બન્યા. જોકે એનાથી તેમણે સંતોષ ન માની લીધો. તેમનું સપનું આઇએએસ અધિકારી બનવાનું હતું. તેમણે ૨૦૧૪માં ફરી વખત યુનિયન પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષા આપી અને યુપીએસસીના ટૉપર બન્યા. એટલે કે તે આખા દેશમાં પ્રથમ સ્થાને આવ્યાં! તેઓ સિવિલ સર્વિસિસ પરીક્ષામાં પ્રથમ સ્થાન મેળવનાર પ્રથમ દિવ્યાંગ મહિલા બન્યાં.

એક પ્રેરક વાત એ છે કે ઈરા સિંઘલે ક્યારેય પોતાની શારીરિક અક્ષમતાનો અનામતના આધાર માટે ઉપયોગ ન કર્યો. ૨૦૧૪માં તેમણે યુપીએસસીની પરીક્ષા આપીને જનરલ કૅટેગરીમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આઇએએસ અધિકારી બન્યા પછી તેમને કસ્ટમ્સ ઍન્ડ સેન્ટ્રલ એક્સાઇઝ સર્વિસમાં આસિસ્ટન્ટ કમિશનર તરીકે પોસ્ટિંગ મળ્યું. આગળ જતાં તે દિલ્હીના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર બન્યાં. હવે તે અરુણાચલ પ્રદેશમાં ફરજ બજાવી રહ્યાં છે.

ઈરાજી મહિલાઓ, બાળકો અને શારીરિક રીતે અક્ષમ વ્યક્તિઓને મદદરૂપ બનવા માટે તત્પર રહે છે. એમણે સાબિત કર્યું કે માણસની ક્ષમતા તેના શરીરની મર્યાદાથી નક્કી થતી નથી, પરંતુ તેના આત્મવિશ્વાસ, મહેનત અને પોતાના લક્ષ્ય માટે લડવાની તૈયારીથી નક્કી થાય છે.

'યુનિયન પબ્લિક સર્વિસ કમિશન'ની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા લાખો યુવાનો પરિણામની અનિશ્ચિતતા અને લાંબી તૈયારી છતાં મળતી નિષ્ફળતાને કારણે નિરાશ થઈ જાય છે અને ઘણા તો હતાશામાં સરી પડે છે. એવાં યુવક-યુવતીઓએ ઇરા સિંઘલનો કિસ્સો નજર સામે રાખવો જોઈએ. તે એ વાતનું પણ શ્રેષ્ઠ ઉદાહરણ છે કે ઘણી વાર ખૂબ પ્રયાસ કર્યા પછી પણ સફળતા મળતી નથી. અને ક્યારેક આકરી પરીક્ષા પાસ કર્યા પછી પણ લડવું પડે છે. પોતાનો હક મેળવવા માટે ક્યારેક કાયદાની મદદ લેવી પડે છે. ક્યારેક ફરીથી પરીક્ષા આપવી પડે છે અને સૌથી મહત્ત્વની વાત એ છે કે દુનિયા આપણી ક્ષમતા સ્વીકારે એ પહેલાં આપણે પોતાની ક્ષમતા પર વિશ્વાસ રાખવો પડે. ■

---

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com


# આમચી માટી... આમચી બોલીઃ ભાષાની ભૂંડી ભવાઈ

**ટાઇટલ્સઃ**
**ઉશ્કેરાટની ભાષા, સંસ્કાર છતાં કરી દે છે, જો સંસ્કાર હોય તો! (છેલવાણી)**

એક હિબ્રૂ વારતામાં રાજા, પોતાની પ્રજાને છેક સ્વર્ગ સુધી ઊંચો ટાવર બનાવવા માટે લલકારે છે. પછી રાજ્યના લોકો સંપીને મહામહેનતે સ્વર્ગને આંબતો ટાવર બનાવે છે ને પોતાને દુનિયાની શ્રેષ્ઠ પ્રજા માનવા માંડે છે ત્યારે ઈશ્વરને થાય છે કે હવે આ અભિમાની લોકો મને પણ નહીં ગણકારે ને મનફાવે એમ કરશે! ત્યારે ઈશ્વર એક ઉપાય કરે છે કે જેથી લોકોમાં સંપ તૂટી જાય.

ઈશ્વર શાપ આપે છે કે એ રાજ્યના લોકો અચાનક એકબીજાની ભાષા સમજવાનું ભૂલી જાય! હવે કોઈને કોઈની વાત સમજાતી નથી. રાજ્યમાં બધે બડબડાટ ને ગેરસમજણો ઊભી થાય છે. છેવટે સૌ લડી-ઝઘડીને છૂટા પડી જાય છે ને દુનિયાના અલગ અલગ ખૂણે જઈ પોતપોતાની ભાષાવાળી દુનિયા રચે છે. આપણે સૌ આ 'ટાવર ઑફ બાબેલ (બેબીલોન)'ની પેદાઇશ છીએ.






દક્ષિણ ભારતમાં હિન્દી વિરુદ્ધ પ્રદર્શન

આજકાલ મુંબઈમાં મરાઠી ભાષાનું આંદોલન ફરી જાગ્યું છે. રિક્શા, ટૅક્સી, ઉબર જેવી સર્વિસના ડ્રાઇવરોએ ફરજિયાત મરાઠી બોલવું જ રહ્યું એવો પહેલાં ફતવો ને હવે સરકારી ફરમાન આપવામાં આવ્યું છે. પહેલાં ૬ મહિનાની મુદત અપાયેલી, જે ખતમ થઈ ગઈ. હવે એ વધારીને એક વરસ કરી છે. રિક્શા, ટૅક્સીવાળાઓ સતત ભયમાં છે, કારણ કે અમુક જગ્યાએ ઝઘડા ને મારામારીની ઘટનાઓ બની છે.

વરસેક અગાઉ મુંબઈમાં હિન્દી ભાષા સમાચારમાં હતી. કેન્દ્ર સરકાર નવી શિક્ષણ નીતિ હેઠળ ત્રિભાષા નીતિ લાગુ કરવા કહી રહી છે. તેમાં હિન્દી, અંગ્રેજી તેમ જ સ્થાનિક ભાષાનો સમાવેશ થશે.

મહારાષ્ટ્ર સરકારે અગાઉ ધોરણ ૧થી ૫ સુધી શાળાઓમાં હિન્દીને ત્રીજી ભાષા તરીકે ફરજિયાત બનાવવાનો આદેશ આપ્યો હતો, પણ પછી તીવ્ર વિરોધ બાદ પાછો ખેંચી લીધો. જમીની કહીકત એ છે કે ગુજરાતી, મારવાડી, બિહારી લોકો પર લોકલ પાર્ટીના વર્કરો મરાઠી બોલવા હિંસક રીતે મજબૂર કરે છે. વેલ, હિંસાની કોઈ ભાષા નથી હોતી!

થોડાં વરસ પહેલાં એક રાજકીય રૅલી બાદ મુંબઈના કાંદિવલીમાં એક ભડકાઉ ભાષણ પછી 'રાજુભાઈ ઢોકળાવાળા' બોર્ડને કારણે કારણ વિના હુમલો થયેલો. થોડા વખત પહેલાં મુંબઈ લોકલ ટ્રેનમાં સીટ માટેની રોજિંદી લડાઈ, ભાષાકીય લડાઈમાં ફેરવાઈ ગઈ હતી. એમાં એક મહિલાએ બીજીને ધમકાવી, 'જો અમારા મુંબઈમાં રહેવું હોય તો મરાઠી બોલો, નહીં તો નીકળી જાઓ,' પછી અન્ય મહિલાઓ ઝઘડામાં જોડાઈ. આમાં છે કોઈ લૉજિક ?

આ ભાષાની ભવાઈની આગ ભડકી તમિળનાડુથી. સ્ટાલિન સરકારે ત્રિભાષી નીતિ અપનાવવાની ના પાડી અને રાજ્યના બજેટમાંથી '₹'ના પ્રતીકને તમિળમાં બદલી નાખ્યું! તમિળનાડુમાં વરસોથી હિન્દીનો વિરોધ છે. છેક ૧૯૩૭માં, સી રાજગોપાલાચારીની સરકારે માધ્યમિક શાળાઓમાં હિન્દીને ફરજિયાત બનાવવાની વાત કરેલી ત્યારે જસ્ટિસ પાર્ટીએ વિરોધમાં ઉગ્ર આંદોલન કરેલું ને બે યુવાનોના જાન ગયેલા. રાજગોપાલાચારીએ રાજીનામું પણ આપવું પડેલું. આઝાદી પછી હિન્દીને સત્તાવાર ભાષા બનાવવાનો અમલ ૨૬-૧-૧૯૬૫થી થવાનો હતો તો તમિળનાડુમાં હિંસક આંદોલન થયેલું, જેમાં ૭૦ લોકો મૃત્યુ પામ્યા ને કેન્દ્રએ ત્યારે પણ પીછેહઠ કરેલી.

ભાષાનો વિવાદ-વિખવાદ આપણા દેશમાં જ છે એવું નથી. બે વર્ષ પહેલાં બેલ્જિયમની ટ્રેનમાં મુસાફરોનું સ્વાગત કરવા માટે એક ટ્રેન એટેન્ડન્ટે 'ગુડ મૉર્નિંગ' કહેવા ડચ અને ફ્રેન્ચ 'હુડ્મોર્ખન' અને 'બોન્જોર' એમ બંને શબ્દનો ઉપયોગ કર્યો. એક ડચ-ભાષી મુસાફરને આ વાતનું ખોટું લાગ્યું. એણે એટેન્ડન્ટ ઇલ્યાસ આલ્બાને કહ્યું, 'બોન્જોર' ડચ-ભાષાનો શબ્દ નથી. આ વાતને લઈને પેલા મુસાફરે બેલ્જિયમના ભાષાકીય નિયંત્રણ માટેના આયોગને ફરિયાદ નોંધાવી. પાંચ મહિના પછી, ત્યાંના ભાષાના આયોગે કહ્યું કે પેલા મુસાફરની ફરિયાદ યોગ્ય હતી.

**ઇન્ટરવલઃ**
**મુહબ્બત મેં ઝુબાં ચૂપ હો તો**
**આંખેં બાત કરતી હૈ (સાહિર)**

એક માણસ ઘણી બધી ભાષાઓનો જાણકાર હતો. કોઈ પણ ભાષામાં એ એટલું સરસ, એટલું જલદી બોલી શકતો કે લોકોને થતું કે એ માણસની મૂળ-માતૃભાષા કઈ છે? વાત બિરબલ પાસે પહોંચી. બિરબલે આઇડિયા કાઢ્યોઃ પેલો ભાષાનો એક્સપર્ટ રાત્રે ઘસઘસાટ સૂતેલો ત્યારે એના પર ગરમાગરમ પાણી ફેંકવામાં આવ્યું. પેલો સફાળો જાગી ગયો ને પોતાની માતૃભાષામાં ગાળો આપવા માંડ્યો. આવેશમાં એની સાચી ભાષા પકડાઈ ગઈ. ભાષાની જીદ પણ આવેશ જ છે.

વરસોથી મુંબઈ કે મહારાષ્ટ્રમાં રહેતા કે જે તે પ્રદેશમાં સ્થાઇ થયેલા બીજા રાજ્યના લોકોને લોકલ ભાષા આવડવી જોઈએ એ સારી ભાવના છે, આદર્શ સ્થિતિ છે પણ જીવન કે સમાજ ભાવનાઓ કે આદર્શોથી નથી ચાલતાં. વળી મુંબઈમાં મરાઠીની ૩૫ સ્કૂલો બંધ થઈ છે, કોલ્હાપુરમાં પણ અનેક શાળા બંધ થઈ ને બધે અંગ્રેજી શાળાઓ ખૂલી રહી છે. મુંબઈમાં ગુજરાતી શાળાઓ ખૂબ ઓછી બચી છે. એટલે ખરેખર તો ભારતીય ભાષાઓને અંગ્રેજી સામે બચાવવાની ચર્ચા થવી જોઈએ.ઉર્દૂ લેખિકા ઇસ્મત ચુગતાઇએ બહુ કડવું સત્ય કહેલુંઃ 'જો ઝુબાં (ભાષા) રોટી કમાકર નહીં દે સકતી, વો આખિર મર જાતી હૈ!'

હિંદી વ્યંગકાર શરદ જોશી કહેતા કે - 'આ દેશમાં લોકો ધર્મ પર લડીને કંટાળે તો પછી ભાષા પર ઝઘડે. ગમે તે થાય પણ આપણને ઝઘડવું જ છે ને એમાંય હવે તો ભાષા વિશે ઝઘડનારને પોતાનેય સાચી ભાષા નથી આવડતી! ભાષાપ્રેમીઓને અભિમાન કે ફાંકા ફોજદારી કરવામાં મોટાંમોટાં નામોની રેડીમેઇડ હેલ્પ મળી રહે છે. તમે હિન્દી પર બોલશો તો ૨-૪ લાઇન પછી સૂરદાસ, તુલસીદાસ ને નિરાલાના નામનો જાપ જપવા માંડશો. બંગાળી વિશે બોલતા ટાગોર ને શરદચંદ્રની પ્રશંસા કરવામાં આવશે. ભાષાઝનૂની વક્તાઓ ભાષા બોલાનારાની સંખ્યાથી જ લડે રાખે છે. બિચારી ભાષાને ખુદને જ નથી ખબર કે એણે પોતાનાં ગુણગાન કેવી રીતે ગાવાં?' ■

**એન્ડ - ટાઇટલ્સ**

*આદમઃ સૌથી સાચી ભાષા?*
*ઇવઃ સ્પર્શની...*




## ગણેશજીની મૂર્તિનું વિજ્ઞાનદર્શન




આવતી કાલે ગણેશ ચતુર્થી છે. મૂર્તિ સ્વરૂપે ગણપતિ બાપ્પા અનેક ઠેકાણે પધારી ચૂક્યા છે. આપણે ગણેશજીની મૂર્તિને વિજ્ઞાનથી સમજવાનો - ઓળખવા જોઈએ. દોઢ, પાંચ, સાત અને દસ દિવસ પછી મૂર્તિનું વિસર્જન કરવામાં આવતું હોય છે. પ્લાસ્ટર ઑફ પૅરિસની બનતી મૂર્તિનું વિસર્જન એની ઊંચાઈ અનુસાર કરવા અંગે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. સાથે પ્લાસ્ટર ઑફ પૅરિસને બદલે શાડૂ માટીનો ઉપયોગ કરી મૂર્તિ બનાવવા માટે આગ્રહ રાખવામાં આવે છે.

### શાડૂ માટીઃ ધર્મ - વિજ્ઞાનનો સમન્વય

શાડૂ માટીની મૂર્તિ બનાવવાનો આગ્રહ કેમ રાખવામાં આવે છે? એની પાછળ કોઈ ધાર્મિક - પૌરાણિક નહીં, પણ વૈજ્ઞાનિક કારણ છે. શાડૂ માટી વિશિષ્ટ કુદરતી ચીકણી માટી છે. આ માટી મુખ્યત્વે પર્યાવરણને અનુકૂળ (અંગ્રેજી પ્રયોગ ઇકો ફ્રેન્ડ્લી જાણીતો છે) મૂર્તિઓ અને શિલ્પો બનાવવા માટે લોકપ્રિય છે. સામાન્ય રીતે આ માટી નદી કિનારે અથવા પર્વતીય વિસ્તારોમાં મળે છે. એનો રંગ હલકો રાખોડી કે પીળાશ પડતો સફેદ હોય છે. આ માટી મુલાયમ અને લવચીક હોવાથી મૂર્તિઓ બનાવતી વખતે અત્યંત બારીક અને આકર્ષક ડિઝાઇન સરળતાથી કંડારી શકાય છે.પ્લાસ્ટર ઑફ પૅરિસ (અંગ્રેજીમાં 'પીઓપી' તરીકે પ્રચલિત છે)ની સરખામણીમાં શાડૂ માટી પાણીના સંપર્કમાં આવતાં અત્યંત ઝડપથી અને સંપૂર્ણપણે ઓગળી જાય છે. ગણેશોત્સવ દરમિયાન પર્યાવરણની જાળવણી માટે શાડૂ માટીના ગણપતિની મૂર્તિઓ બનાવવાનો આગ્રહ રાખવામાં આવે છે. વિસર્જન વખતે આ માટી પાણીને દૂષિત કરતી નથી અને જળચર જીવોને નુકસાન પણ નથી પહોંચાડતી. જોકે એક તકેદારી રાખવી જરૂરી છે. શાડૂ માટી નૈસર્ગિક હોવાથી એ સુકાઈ ગયા પછી એમાં તિરાડો પડવાની સંભાવના હોય છે. આ કારણસર મૂર્તિઓ બનાવતી વખતે કારીગરો કાગળનો માવો અથવા સુતરાઉ કાપડના ટુકડા કે રૂનું મિશ્રણ કરે છે. પરિણામે મૂર્તિ મજબૂત અને ટકાઉ બને છે. પર્યાવરણ-અનુકૂળ મૂર્તિઓ બનાવવા ઉપરાંત માટીકામ (પોટરી) અને રમકડાં કે કલાકૃતિઓ શીખવવા માટે આ માટી અનુકૂળ અને ઉત્તમ ગણાય છે. ગણેશ મૂર્તિ ઘરે લાવી ઘરમાં જ વિસર્જન કરવાને પ્રાધાન્ય આપતા શ્રદ્ધાળુઓએ શાડૂ માટીનો વિકલ્પ અપનાવવા જેવો છે. ધર્મ અને વિજ્ઞાનનો સમન્વય ઉત્સવને બહેતર બનાવે છે.

## સ્વિંગ - સિમ બોલિંગનું સાયન્સ




તમને ક્રિકેટ માટે રુચિ હશે તો મૅચ જોવા સ્ટેડિયમમાં ગયા હશો. એ અનુકૂળ ન હોય તો ઘરે સ્માર્ટ ટીવી પર તો ટી-૨૦ની કે બીજી કોઈ મૅચ તો જરૂર જોઈ હશે. રમત વિશે જાણકારી હશે તો ક્રિકેટ કૉમેન્ટરી સાંભળતી વખતે 'સ્વિંગ બોલિંગ - સીમ બોલિંગ' જેવા શબ્દો જરૂર કાન પર પડ્યા હશે. આપણા જસપ્રીત બુમરાહ કે ઑસ્ટ્રેલિયાના મિશેલ સ્ટાર્કએ શાનદાર સ્વિંગ બોલિંગથી પ્રતિસ્પર્ધી ટીમના ખેલાડીઓને આઉટ કર્યા એનું વર્ણન સાંભળ્યું હશે. મોહમ્મદ શમીની સિમ બોલિંગ કે ભૂતકાળમાં કપિલ દેવની સ્વિંગ બોલિંગના કિસ્સા સાંભળ્યા હશે. હિન્દી કૉમેન્ટેટરો 'બોલિંગ કા જાદુ' એવું પણ કહેતા હોય છે. હકીકતમાં આ કોઈ જાદુ-કરામત નથી, પણ વિજ્ઞાનના એક સિદ્ધાંતની કમાલ છે. ક્રિકેટમાં સ્વિંગ બોલિંગ ખાસ પ્રકારની આવડત છે. બૉલ જમીન પર ટપ્પો પડતાં પહેલાં હવામાં ડાબે કે જમણે વળે એ 'સ્વિંગ' કહેવાય છે. બે પ્રકારની સ્વિંગ બોલિંગ હોય છે, આઉટસ્વિંગ અને ઇનસ્વિંગ. અહીં વિજ્ઞાનનો એરોડાયનામિક્સનો સિદ્ધાંત કામ કરે છે. શરૂઆતની ઓવરોમાં બૉલ નવો હોય ત્યારે બંને બાજુ સરખી ચમકતી હોવાથી સીમ (સિલાઈ) સીધી રાખી હવામાં સ્પીડથી ફેંકીને સ્વિંગ મેળવવામાં આવે છે. બૉલ જેમ જેમ જૂનો થતો જાય એમ એમ ફિલ્ડરો બૉલની એક બાજુને લાળ કે પરસેવાથી ઘસીને ચમકદાર રાખે છે અને બીજી બાજુને ખરબચડી થવા દે છે. આવો બૉલ ફેંકાય ત્યારે હવા ચમકતી બાજુ પરથી ઝડપથી પસાર થાય છે અને ખરબચડી બાજુ પર દબાણ ઊભું થવાથી બૉલ હવામાં વળાંક લે છે જે સ્વિંગ થયો એમ કહેવાય છે. સ્વિંગ અને સીમ બોલિંગ વચ્ચેના તફાવતની જાણ ન હોવાથી અનેક લોકો એને એક જ સમજે છે, પણ વિજ્ઞાનની દૃષ્ટિએ બંને અલગ છે. સ્વિંગ બોલિંગ હવામાં થાય છે, જ્યારે સીમ બોલિંગમાં બૉલ પિચ પર ટપ્પો પડ્યા પછી પોતાની દિશા બદલે છે. બોલર બૉલને બિલકુલ સીધી સીમ સાથે ફેંકે ત્યારે બૉલ હવામાંથી પસાર થઈને સીધો સીમના ભાગ પર પિચ સાથે અથડાય છે. પિચની સપાટી ક્યારેય બિલકુલ લીસી નથી હોતી. ઊપસેલી સીમ પિચના કોઈ નાના કાંકરા, ઘાસ અથવા અસમાન ભાગ સાથે અથડાય ત્યારે બૉલને અચાનક આંચકો લાગતાં બોલ કાં તો અંદરની તરફ (ઇન કટર) અથવા બહારની તરફ (ઑફ કટર) ફંટાય છે.

## તુચ્છ ગણાતી માટી વિજ્ઞાનની દૃષ્ટિએ?



માટીને સામાન્ય રીતે તુચ્છ ગણવામાં આવે છે. હકીકતમાં પૃથ્વી પરના જીવનનો એ આધાર છે. માટી વિના વનસ્પતિ, ખોરાક કે માનવ જીવનનું અસ્તિત્વ શક્ય નથી.માટી પૃથ્વીની સપાટી પર જોવા મળતું એક ઉપયોગી મિશ્રણ છે. આ મિશ્રણ ખનિજ, કાર્બનિક પદાર્થ (હ્યુમસ), પાણી અને હવાના મિશ્રણનું બનેલું હોય છે. પૃથ્વીના પોપડાનું સૌથી ઉપરનું સ્તર છે અને વનસ્પતિ તેમ જ વૃક્ષોના વિકાસ માટે આધાર અને જરૂરી પોષક તત્ત્વો પૂરાં પાડે છે.માટીના પ્રકાર મુખ્યત્વે તેના કણોના કદ, બંધારણ, રંગ અને ગુણધર્મોના આધારે નક્કી કરવામાં આવે છે. ભારતમાં જોવા મળતી માટીના મુખ્ય ચાર પ્રકાર છેઃ રેતાળ માટી જેમાં પોષક તત્ત્વો ઓછાં હોય છે. ચીકણી માટીમાં પાણી લાંબા સમય સુધી ટકી રહે છે. સુકાઈ જતાં ખૂબ કઠણ થઈ જાય છે અને ભીની થતાં ચીકણી બને છે. નદીઓ દ્વારા ઘસડાઈને આવેલા ઝીણા કણથી બનતી કાંપની માટી ફળદ્રુપ હોય છે અને ખેતી માટે ઉત્તમ ગણાય છે. ચોથી છે ગોરાળુ (ધોળાશ કે પીળાશ રંગની) માટી. આ રેતી ચીકણી માટી અને કાંપનું સંતુલિત મિશ્રણ છે. છોડના વિકાસ અને ખેતી માટે આ જમીન શ્રેષ્ઠ માનવામાં આવે છે. આ તુચ્છ સમજવામાં આવતી માટી કેટલી મહાન છે એ વિજ્ઞાન સિદ્ધ કરે છે. વિજ્ઞાનને વિશેષ જ્ઞાન અમથું નથી કહ્યું.

## વિદ્યાર્થીઓને વૈદિક કાળનું શિક્ષણ

'નૅશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેઇનિંગ (એનસીઇઆરટી) આપણા દેશની શિક્ષણ પદ્ધતિમાં તળિયાઝાટક ફેરફાર કરવા મક્કમ છે. સાતમા ધોરણ માટે રજૂ કરવામાં આવેલા નવા પાઠ્યપુસ્તક 'ગણિત પ્રકાશ - ભાગ ૨'માં વિદ્યાર્થીઓ માટે 'શુલ્વ સૂત્રો' શીખવવાની તજવીજ કરવામાં આવી છે. આ સૂત્રો યજ્ઞની અગ્નિવેદી અને મંડપોના સચોટ ભૌમિતિક બાંધકામ અને માપન સાથે સંબંધિત છે. શુલ્વ શબ્દનો સંસ્કૃતમાં અર્થ માપવાની દોરી, દોરડું કે તાંતણો થાય છે. ભારતીય ગણિતના ઇતિહાસમાં આ શબ્દ મહત્ત્વપૂર્ણ છે, કારણ કે તે મુખ્યત્વે 'શુલ્વ સૂત્રો' સાથે જોડાયેલો છે. વૈદિક કાળમાં યજ્ઞ કરવા માટે વિવિધ આકારની અગ્નિવેદી (યજ્ઞકુંડ) બનાવવામાં આવતી હતી. આ વેદીઓને ચોક્કસ માપ અને ભૌમિતિક આકારો (જેમ કે ચોરસ, લંબચોરસ, વર્તુળ)માં દોરડા કે દોરીની મદદથી માપીને બનાવવામાં આવતી હોવાથી આ વિજ્ઞાન અને તેના ગ્રંથોને શુલ્વ સૂત્ર કહેવામાં આવ્યા હતા. ■

હેં... ખરેખર!


પ્રફુલ શાહ

feedback@bombaysamachar.com

# મહાસત્તા અમેરિકા ટચુકડા 'દેશ' મોલોસિયાને સહન શા માટે કરે છે?

શું અમેરિકા લાચાર છે? શું અમેરિકમાં સહનશીલતા છે? શું ઉદારતા છે? રમૂજવૃત્તિ છે? ભાઈચારો, અનુકંપા, સહ-અસ્તિત્વ કે વસુધૈવ કુટુંબકમ (આખું વિશ્વ એક પરિવાર છે)ની ભાવના છે? ના, ના, ના... તો પછી આ મહાસત્તા ટચુકડા 'દેશ' મોલોસિયાના અસ્તિત્વને સહન શા માટે કરે છે? આના જવાબ મેળવવા અગાઉ મોલોસિયા વિશે વધુ થોડું જાણીએ

૨૦૦૦માં મોલોસિયાએ પોતાની ઇન્ટરનૅશનલ ઑલિમ્પિક ગેમ્સનું આયોજન કર્યું હતું .૨૦૦૧માં તેણે ઇન્ટરનૅશનલ વર્લ્ડ એક્સપોઝિશનનું આયોજન કર્યું હતું, જેમાં અન્ય માઇક્રોનેશન્સને સામેલ કરવામાં આવ્યા હતા. આ રીતે નાનકડું હોવા છતાં મોલોસિયા 'દેશ'ની લગભગ દરેક વસ્તુ ધરાવવાનો દાવો કરે છે.




અરે, ૨૦૧૦માં તો 'યુદ્ધ' પણ થયું હો. આ મોલોસિયાના ઇતિહાસનું અત્યંત રસપ્રદ મજેદાર છે. કિકઆસિયા (Kickassia)ના આક્રમણ કે સરકાર પલટા તરીકે મોલોસિયાના સત્તાવાર ઇતિહાસમાં આ ઘટનાનું વર્ણન કરાયું છે. કિકએસિયા વળી શું છે?

કિકએસિયા વર્ષ ૨૦૧૦માં રિલીઝ થયેલી અમેરિકન ઍક્શન-કૉમેડી ફિલ્મ છે! આ ફિલ્મ 'નોસ્ટાલ્જિયા ક્રિટિક' તરીકે વધુ જાણીતા ઇન્ટરનેટ સમીક્ષક ડગ વૉકરે બનાવી હતી. આ ફિલ્મ તેમની 'ચૅનલ ઓસમ'નાં બે વર્ષ પૂર્ણ થવાની ખુશીમાં બનાવવામાં આવી હતી. આ ફિલ્મની ખૂબ જ રમૂજી વાર્તામાં ક્રિટિક ડગ વૉકર અમેરિકાના નેવાડા રણમાં આવેલા 'મોલોસિયા'નામના એક નાનકડા માઇક્રોનેશન પર કબજો કરવાનું વિચારે છે. તે સાથી ઇન્ટરનેટ વિવેચકો અને યુટ્યૂબર્સની એક સેના બનાવે છે અને મોલોસિયા પર હુમલો કરે છે. મોલોસિયાના રાષ્ટ્રપતિને હરાવીને તે તે દેશનું નામ બદલીને કિકએસિયા રાખે છે અને પોતાને ત્યાંનો સરમુખત્યાર જાહેર કરે છે. જોકે સત્તા મેળવ્યા પછી તેનામાં ઘમંડ આવી જાય છે. યછી સાથીદારો તેની સામે બળવો કરે છે અને તેને સત્તા પરથી હટાવવાનો પ્રયાસ કરે છે. આ ફિલ્મમાં ૨૦૧૦ની પ્રખ્યાત ઇન્ટરનેટ પર્સનાલિટીઝ જોવા મળી હતી. સમ ખાવા પૂરતુંય બજેટ ન ધરાવતી આ પેરોડી ફિલ્મ શરૂઆતમાં છ ભાગની સિરીઝ તરીકે ઑનલાઇન રિલીઝ થઈ હતી અને બાદમાં આખી ફિલ્મ રૂપે આવી હતી, પરંતુ એમ કંઈ પ્રમુખ કેવિન બો ગાજ્યા જાય ખરા? તેમણે બેરોન ફ્રિટ્ઝ નામનો ઓલ્ટર ઈગો કરીને દેશ પાછો જીતી લીધો હતો!

૨૬ મે ૧૯૭૭થી ગણીએ તો આજે ૨૦૨૬માં ૪૯ વર્ષના થયેલા 'રાષ્ટ્ર' મોલોસિયાની વધુ થોડી યુદ્ધલક્ષી મજેદાર વાતો છે.

મોલોસિયાના ઇતિહાસમાં મુસ્તાચિસ્તાન સામેનું અ યુદ્ધની નોંધ છે. મુસ્તાચિસ્તાને મેરિકાના નેવાડા રાજ્યના એક મોટા હિસ્સા પર પોતાનો દાવો કર્યો હતો. તેની સ્થાપના સુલતાન અલી-અલી અચ્સેનફ્રીએ કરી હતી, જે મોલોસિયા રાષ્ટ્રપતિ કેવિન બોના મિત્ર હતા. ૨૨૦૬ના મુસ્તાચિસ્તાન સામેના આ યુદ્ધમાં મોલોસિયાએ પોતાની જીત થયાનો દાવો કર્યો હતો.

અને ઈસ્ટ જર્મની સામે ઉપરાંત ૧૯૮૩માં જાહેર થયેલું મોલોસિયાનું યુદ્ધ આજે પણ સૈદ્ધાંતિક રૂપે પૂરું થયું નથી, કારણ કે ઈસ્ટ જર્મનીનું તો અસ્તિત્વ જ ખતમ થઈ ગયું!

સૌથી મહત્ત્વનો વ્યવહારુ સવાલ એ છે કે શું ખરેખર મોલોસિયા ખરેખર સ્વતંત્ર દેશ છે?

આંતરરાષ્ટ્રીય કાયદાની દૃષ્ટિએ નહીં જ.

મોલોસિયાને સંયુક્ત રાષ્ટ્રસંઘના કોઈ સભ્ય દેશે તેને સાર્વભૌમ દેશ તરીકે માન્યતા આપી નથી. તે નેવાડાની જમીન પર આવેલું માઇક્રોનેશન છે અને અમેરિકાની સત્તા હેઠળ જ આવે છે. આથી તેને નકશા પર અલગ દેશ તરીકે શોધશો તો મુશ્કેલી પડશે, કારણ કે ભૌગોલિક રીતે તે અમેરિકાની જમીનની અંદર આવેલું છે, અમેરિકાનો જ ભાગ છે.

ભલે મોલોસિયા પોતાને સાર્વભૌમ દેશ કહે, પરંતુ આંતરરાષ્ટ્રીય કાયદા અને વ્યવહારમાં તે માન્ય દેશ નથી. હકીકતમાં સરળ ભાષામાં મોલોસિયા પરંપરાગત વ્યાખ્યાના 'દેશ' કરતાં વધુ એક માઇક્રોનેશન છેઃ એક વ્યક્તિના કલ્પનાશીલ વિચારોમાંથી વિકસેલું વાસ્તવિક જમીન ધરાવતું નાનું રાષ્ટ્ર-સ્વરૂપ. ખરું કહીએ તો મોલોસિયા ટકી રહ્યું છે તેનું કારણ એ નથી કે અમેરિકા તેને સ્વીકારે છે.

મોલોસિયાની જમીન મૂળ ખાનગી માલિકીની મિલકત છે. તેના સ્થાપક કેવિન બોએ ૧૯૭૭થી તે જમીનના ટુકડાને પોતાનું 'રાષ્ટ્ર' જાહેર કર્યું. અમેરિકાને મોલોસિયાથી કોઈ ગંભીર સુરક્ષા કે રાજકીય જોખમ પણ નથી. મોલોસિયાના વાસ્તવિક રાજદ્વારી સંબંધો કે સ્વતંત્ર રાજ્ય તરીકેની કાનૂની સ્થિતિ નથી.

નોંધપાત્ર હકીકત એ છે કે મોલોસિયાની પ્રવૃત્તિઓ મોટાભાગે પ્રતીકાત્મક અને મનોરંજનાત્મક છે. મોલોસિયાના ચલણ વાલોરા વાસ્તવિક આંતરરાષ્ટ્રીય ચલણ નથી અને સામાન્ય દુકાનોમાં તેનો ઉપયોગ કરી શકાતો નથી. તે પાસપોર્ટ તથા અન્ય સરકારી દસ્તાવેજો બનાવે છે, પરંતુ તે આંતરરાષ્ટ્રીય પ્રવાસ માટે માન્ય નથી. મોલોસિયાની 'મિલિટરી' વાસ્તવિક લશ્કરી શક્તિ નથી. તેમાં થોડા પ્રતીકાત્મક હોદ્દા અને વિધિઓનો સમાવેશ થાય છે. ભલે મોલોસિયા પોતાના બંધારણ અને કાયદાઓ હોવાનો દાવો કરે, પરંતુ અમેરિકાના કાયદા ઉપર મોલોસિયાના કાયદાની કોઈ કાનૂની સત્તા નથી. ત્યાં પ્રવેશતા મુલાકાતીઓને ઇમિગ્રેશન જેવી પ્રક્રિયાનો અનુભવ કરાવવામાં આવે છે. પરંતુ અમેરિકાની વાસ્તવિક આંતરરાષ્ટ્રીય સરહદ જેવી કાનૂની વ્યવસ્થા નથી.

તો પછી અમેરિકાએ તેને બંધ કેમ નથી કર્યું?

કારણ કે મોલોસિયા અમેરિકા માટે કોઈ વાસ્તવિક પડકાર નથી. તે ન તો અમેરિકાની જમીન પર સત્તા જમાવવાનો પ્રયાસ કરે છે, ન અમેરિકાના કાયદાને પડકારે છે, ન સૈન્ય જોખમ ઊભું કરે છે. અમેરિકા તેને એક નિર્દોષ ખાનગી પ્લસ વિચિત્ર માઇક્રોનેશન તરીકે સહન કરે છે.

જો મોલોસિયા ખરેખર અમેરિકાથી અલગ થવા, ટૅક્સ ન ભરવા, પોતાની સૈન્ય વ્યવસ્થા ઊભી કરવા કે અમેરિકાના કાયદાનો અમલ રોકવા લાગે તો પરિસ્થિતિ સંપૂર્ણપણે અલગ બની જાય.

મોલોસિયા ખરેખર એક એવો અદ્‌ભુત 'દેશ' છે કે જેના મોટાભાગનાં રાષ્ટ્રીય પ્રતીકો મજાકિયા અને પ્રતીકાત્મક છે. અને હા, આમ કરનારું મોલોસિયા સાવ એકલું નથી. આ તો 'જાનમાં કોઈ જાણે નહીં ને હું વરની મા' જેવો આ ઘાટ છે. ■




જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

# તમે રિસામણાં તરફથી કે મનામણાં તરફથી?!

મહેંદી, સંગીત, ગ્રહશાંતિ, ગણેશ માટલી અને આજે આવી ગયો લશમનો દિવસ. સંધ્યાબહેનની દીકરી માયાનાં લગ્નની જાન માંડવે આવી ચૂકી છે. સંધ્યાબહેન એમની દેરાણી, જેઠાણી, બહેન, ભાભી બધાની સાથે જાનૈયાઓના સ્વાગત અને વરરાજાને પોંખવા માટે હોંશે હોંશે વરઘોડા તરફ જઈ રહ્યાં છે. વેવાણ સામસામા ભેટે એ સમયે સંધ્યાબહેનનું ધ્યાન જાય છે કે એમનાં નણંદ મધુબહેન તો દેખાતાં જ નથી. મધુબહેનને બોલવવા ભાણેજને મોકલ્યા, પણ મધુબહેન ના મળ્યાં. લગભગ અડધા કલાકની જહેમત પછી મધુબહેન આવ્યાં અને ઉદાસ ચહેરે વેવાણને ભેટ્યાં.

સંધ્યાબહેનની તો ચિંતાનો પાર ના રહ્યો. બે ઘડી લગ્ન પડતાં મૂકીને એમણે મધુબહેનને બાજુએ બોલાવીને પૂછ્યું કે 'મધુબહેન, આજે તો તમારી લાડકી માયાનાં લગ્ન છે. એમાં કેમ આટલા ઉદાસ દેખાઓ છો?' મધુબહેન રડી પડ્યાં. કહે : 'સંધ્યાભાભી, ગઈ કાલે તમે ગ્રહશાંતિનું જમાઈનું કવર કર્યું એ માયાના ફુવાને ઓછું લાગ્યું. અરે, મારી ગણેશ માટલીની સાડી જોઈને પણ કહે કે વહેવારે સગી ફોઈને આવી સસ્તી સાડી આપી છે સાવ. એ તો આજે લગ્નમાં આવવા પણ તૈયાર નહોતા. મેં એમને માંડ મનાવ્યા અને મારા સમ આપી ભેગા લાવી છું અને કહ્યું છે કે આ ઓછા વહેવારની વાત કોઈને ના કરે. પ્રસંગ પતે પછી ઘેર જઈને વાત કરીશું.'

સંધ્યાબહેન આખો મામલો સમજી ગયાં. મધુબહેનના ધર્મસંકટ માટે એમને દુઃખ થયું. સમય સાચવી લેવા સંધ્યાબહેન અને એમના પતિ જયેશભાઈ જાનૈયા માંડવા તરફ આવી રહ્યા હતા એ જ સમયે જમાઈની માફી માગી એમને મનાવી લીધા. મધુબહેનનું મન હળવું થયું અને જમાઈ વટથી પ્રસંગમાં જોડાયા. આમ સુખરૂપ લગ્ન પાર પડી ગયા.

બીજા દિવસે સવારે સંધ્યાબહેન અને જયેશભાઈ રિસાયેલા ફુવા સાથે વાત કરવા ગયાં. એમને અપેક્ષિત કવર અને સાથે મધુબહેન માટે નવી સાડી આપી અને સાથે જાણ કરી દીધી કે આજ દિનથી આપણી વચ્ચે ફક્ત સ્નેહનો સંબંધ રહેશે, પ્રસંગે કે તહેવારે વહેવારના નામે કોઈ પણ જાતના કવર કે ભેટ સોગાતો નહીં આપીએ. ફુવા વિચારતા જ રહી ગયા અને મધુબહેન મનમાં રાજી થયાં.

સંધ્યાબહેન અને મધુબહેનના ઘરનો પ્રશ્ન તો હલ થઈ ગયો, પરંતુ આપણા સમાજમાં એવા કેટકેટલા પરિવારો હશે કે જે વાજબી-ગેરવાજબી અપેક્ષાઓના કારણે ભાંગ્યા હશે. રિસાવું, ખોટું લાગવું, અબોલા લેવા, એકબીજાનું મોઢું ના જોવું એ બધી પ્રતિક્રિયાઓ છે જે કોઈ તો એવી અણગમતી ક્રિયા કે પ્રવૃત્તિનો વિરોધ નોંધાવવા જાણતાં અજાણતાં થઈ હોય. જેટલી અપેક્ષાઓ વધારે એટલાં દુઃખ પણ વધારે, જેમ કે અમુક લોકોને ખૂબ માન જોઈએ તો અમુક લોકોને 'મને બધું પૂછીને જ કરવાનું કે પછી મારી સલાહ લેવાની...', સૌથી પહેલાં વાત મને જ કરવાની' જેવી વિવિધ અપેક્ષાઓ હોય છે. એ પૂરી ના થાય તો એમને ખરાબ લાગી જાય છે. બીજું કે જે લોકો અંતર્મુખી છે, પોતાની મનની વાત કરતાં કે વિરોધ કરતાં ખચકાય છે, જે વાતથી મનદુઃખ થયું હોય એ સ્પષ્ટપણે ના કહી શકતા હોવાથી અબોલા, રિસાઈ જવું કે મૌનને પોતાની લાગણીની ભાષા બનાવે છે. કેટલાક લોકો માટે રિસાવું એ પોતાની તરફ ધ્યાનાકર્ષણનું માધ્યમ બની જાય છે તો કોઈના માટે સામે વાળી વ્યક્તિને નિયંત્રિત કરવા કે પોતાનો અહમ્ સંતોષવા લોકો રિસાતા હોય છે,

અલબત્ત, આ માનસિક પ્રક્રિયા મોટેભાગે એમની જાણ બહાર જ થતી હોય છે. અમુક લોકોને બહુ જૂની વાતો યાદ રાખીને સમય આવે એના વિશે ફરિયાદો કરવાની પણ આદત હોય છે . જે અંતે મતભેદ કે મનભેદ સુધી દોરી જાય છે.

હવે અહીં પ્રશ્ન એ થાય છે કે રિસાવાનો હક કરવો કેટલો વાજબી છે? ખરાબ લાગવું એ સહજ પ્રતિક્રિયા છે. રિસાવું એ શીખેલું વર્તન છે, પરંતુ અવારનવાર રિસાઈ જવું એ વ્યાજબી નથી. જો કોઈ વાત ના ગમી હોય તો નિખાલસતાથી ખુલાસો કરી શકાય. જો કોઈએ ઓછું મહત્ત્વ આપ્યું હોય તો અપેક્ષા છોડી સાનુકૂળ થઈ શકાય.

રિસાઈને સામેની વ્યક્તિને સજા આપવી એના કરતાં બંને પક્ષે સહમતી સ્થાપવી વધુ યોગ્ય ગણાય. એમ તો દરેક રિસામણું ખોટું ના પણ હોય. ધારોકે કોઈને વારંવાર અવગણવામાં આવે, અપમાનિત કરવામાં આવે અથવા નિર્ણયોમાં સતત બહાર રાખવામાં આવે તો તેની નારાજગી યોગ્ય હોઈ શકે. એમ કહીએ તો ખોટું નથી કે રિસાવાનો અધિકાર સૌને છે, પણ દરેક વખતે બીજાને મનાવવાની ફરજ હોતી નથી.

જોકે પહેલેથી કોઈ પણ રિસાય તો એમને મજાકમાં 'રિસાયેલા ફુવા' કહે છે ને, પણ હકીકતે જે રિસાય એ હંમેશાં ફુવા જ નથી હોતા. કોઈ વાર ભાઈ, ભાભી, કાકા, કાકી, માસા, માસી, મામા, મામી, ભાઈ, બહેન કે પછી પતિ પત્ની પણ હોય છે. કોઈનું પણ રિસાવવું સ્વાભાવિક રીતે ન જ ગમે. તો પછી કોઈના ખાસ પ્રસંગે ખોટું લગાડીને પ્રસંગ બગાડવો શા માટે? રિસાયા, પણ કોઈ મનાવવા જ ના આવે તો? ક્યાંક ને ક્યાંક આપણું મન પણ જાણે છે કે આપણે રિસાઈએ ત્યાં જ જ્યાં મનાવવાની ખાતરી હોય છે!

**આ વિશે બોલો, તમે શું કહો છો?** ■

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# આજના યુવાનોમાં છૂપકે-છૂપકે... ચોરી-ચોરી આ શું ચાલી રહ્યું છે?

## અત્યાર સુધીમાં આપણે ત્યાં ૪૫૦થી વધુ મોબાઈલ ઍપ્સ પર પ્રતિબંધ મુકાઈ ગયો હોવા છતાં ડિજિટલ યુગની યુવાપેઢી અજાણી ઍપ્સ કે પ્લૅટફૉર્મ્સ પર અજાણતાં જ ઑનલાઈન કેવા કેવા ખતરનાક ખેલ કરી રહ્યા છે એની સ્ફોટક ઝલક...



જેના પ્રેસિડેન્ટ એવા સર્વોચ્ચ નેતા શી જિનપિંગ આજે ભારતમાં છે અને જેની આંખમાં સતત સાપ રમે છે એવું આપણું પાડોશી લાલ ચીન અનેક વિરોધાભાસ ધરાવતો દેશ છે.

કોરોના પ્રકોપને લીધે સતત લૉકડાઉનમાં રહેલી ચીનની યુવા પેઢી એકદમ એકાકી થઈ ગઈ પછી

સોશ્યલ મીડિયા પર ફેસબુક-X-કે વૉટ્સએપ જેવી સુવિધા ચીનમાં ન હોવાથી ત્યાંના યુવાનો મિત્રો બનાવવા માટે ડેટિંગ ઍપનો સૌથી વધારે ઉપયોગ કરે છે. એક સમયે અહીં માંડ ૭૫-૮૦ આવી ડેટિંગ ઍપ હતી. આજે એમાં ૩૪૦ ટકાનો ઉછાળો આવ્યો છે...! આવી ઍપ ઉપરાંત ઑનલાઇન ચૅટિંગ દ્વારા ચીની તરુણ-તરુણીઓ વર્ચ્યુઅલ પાર્ટી યોજીને ટાઇમ પાસ કરે છે તો એમાંથી અનેક સાઇબર ક્રાઇમ તરફ ફંટાઈ પણ ગયા છે

એક જમાનો હતો, જ્યારે માણસની આયુ માત્ર બે શબ્દથી ગણાતી. એક : જુવાન-નવી પેઢી અને બીજી : વૃદ્ધ જૂની પેઢી!

આજે સિનારિયો સાવ પલટાઈ ગયો છે. તમે કયા વર્ષમાં જન્મ્યા એના પરથી તમારી આયુનું વર્ગીકરણ થાય. ઉદાહરણ તરીકે, ૧૯૬૫ની પહેલાં જન્મેલા (૧૯૪૬ ૧૯૬૪ ) 'બુમર્સ' તરીકે ઓળખાય છે. ૧૯૬૫-૧૯૮૦ દરમિયાન જન્મેલા વ્યક્તિ એની યુવાવસ્થામાં પહોંચે તો એ 'જનરેશન X' તરીકે ઓળખાય છે. એ જ રીતે, ૧૯૮૧-૧૯૯૬ની પેઢી 'મિલેનિયલ્સ' ગણાય જેને ઘણા 'જનરેશન Y' પણ કહે છે. જ્યારે ૧૯૯૭થી ૨૦૧૨ વચ્ચે જન્મેલી યુવા પેઢી 'જનરેશન Z' તરીકે ઓળખાય છે.



'નીટ' જેવી પરીક્ષાના પેપર લીક થયા પછી આપણી સરકરની સામે થઈ એને હંફવી નાખનાર આ 'જનરેશન -જી (Z)' આજકાલ સમાચારોમાં બહુ ગાજી રહી છે.

આ તો થયું વયનું વર્ગીકરણ. હવે મૂળ વાત પર પરત ફરીએ તો આ ડિજિટલ જમાનામાં આજની જનરેશન હવે વધુ ને વધુ ગુપ્તતા જાળવતી થઈ ગઈ છે એવું આજના સમાજશાસ્ત્રીઓ કહી રહ્યા છે. દસેક વર્ષ પહેલાં 'ફેસબુક' કે 'ટિવટર' (હવે X) જેવાં સોશ્યલ મીડિયા પ્લૅટફૉર્મનો જે દબદબો હતો એ હવે ઝડપથી ઘટી રહ્યો છે. હવે એ પહેલાં જેવાં સુરક્ષિત પણ રહ્યાં નથી. આજની ટેક્નૉલૉજી જાણતો કોઈ નવોદિત હેકર પણ એમના સુરક્ષાચક્રમાં સહેલાઈથી છીંડું પાડી શકે છે. પરિણામે આજના જુવાનિયા એમની ગુપ્તતા જાળવવા નવી એટલે ઓછી જાણીતી નેટવર્કિંગ સાઇટ્સ પસંદ કરી રહ્યા છે. જોકે આવી કેટલીક અજાણી ઍપ્સ પણ આજની પેઢી માટે ફસામણીનો ફંદો પણ બની રહ્યો છે.

સાઇબર ફ્રૉડ- ક્રાઇમ જે ઝડપે વધી રહ્યાં છે એ જોતાં આપણી સરકારે ઢગલાબંધ ઍપ્સ પર પ્રતિબંધ મૂકીને એને ફરજિયાત બંધ કરાવી દીધી છે. આવી ઍપ્સની ફસામણી કેવી ખતરનાક અને જોખમી છે એનો અંદાજ સરકારે બંધ કરાવેલી ૪૫૦થે વધુ ઍપ્સના આંકડા પરથી આવશે.

આ બધા વચ્ચે પણ આજે અનેક એવી ઍપ્સ પણ છે કે જેણે આપણાં અનેક રોજિંદાં કામ ઘણાં ઝડપી અને સરળ બનાવી દીધાં છે... એમાંય 'વૉટ્સઍપ'ની મેસેજિંગ-ચેટ-વીડિયો કૉલની સુવિધા વધી છે. વાપરનારાની અમુક માહિતી લીક ના થઈ જાય-બહાર ન પડી જાય એ માટે 'વૉટ્સઍપ' જેવાં પ્લૅટફૉર્મ્સ અવારનવાર એની ફરતે વધારાના બે-ત્રણ સુરક્ષા ચક્ર રચી દેતાં હોય છે.

'વૉટ્સઍપ' જેવી જ સુરક્ષા અને સુવિધા ધરાવતી બીજી કેટલીક ઍપ્સ કે પ્લૅટફૉર્મ્સ છે. આમ છતાં આજનાં તરુણ-તરુણીઓ જાહેરમાં ઓછી જાણીતી એવી 'ડિસ્કૉર્ડ' અને 'વિકર' કે પછી 'હાઇસાઇડ' ઍપ વાપરી રહ્યા છે. નિષ્ણાતો અનુસાર આ ત્રણેય ઍપ્સ 'હેંગઆઉટસ' અને 'વૉટ્સઍપ' કરતાં વધુ સુરક્ષિત છે. કેટલાક દેશની જાસૂસી એજન્સીઓ તો 'વિકર' તથા 'હાઇસાઇડ' પર જ પહેલી પસંદગી ઉતારે છે...!



આમ છતાં 'ટિન્ડ્રર' 'બુમ્બલ' જેવી લોકપ્રિય અને નિર્દોષ એવી ડેટિંગ ઍપ પર પણ સાઇબર ગઠિયાઓ વિજાતીય વ્યક્તિના સેક્સી ફોટા સાથે નકલા પ્રોફાઇલ પોસ્ટ કરીને આકર્ષે પછી દોસ્તી કરી એના અકાઉન્ટમાં છીંડું પાડીને બૅન્ક બૅલૅન્સ સફાચટ કરી નાખે... આવી જ કમાલ 'નાઇટ પ્લે' 'રિ-લૂપ' અને 'નેક્ક્ષો' જેવી ઓછી જાણીતી ડેટિંગ ઍપ્સ પણ દેખાડે છે.

પોતાની અમુક વાત પોતાના પૂરતી જ સીમિત રહે- ગામ આખાને ખબર પડે એ તો કોઈ પણ ન ઇચ્છે એ ખરું, પણ યુવા પેઢીમાં વ્યાપક થઈ રહેલી વધુપડતી ગોપનીયતા માત્ર વડીલો માટે જ નહીં, સમાજશાસ્ત્રીઓ ઉપરાંત કાયદાના રક્ષકો માટે પણ ચિંતાનો વિષય બન્યો છે

જોકે અહીં આપણી ચર્ચા કે વાતનો મુખ્ય મુદ્દો છે : શા માટે આજની પેઢી વધુ ને વધુ ગુપ્તતા જાળવે છે કે જાળવવા ઇચ્છે છે અને આવી એમની વૃત્તિ-રીતિ કેવી જોખમી પણ પુરવાર થઈ શકે એની કદાચ આ પેઢીને જાણ નથી.

જોકે આ દિશામાં પોતાની રીતે તપાસ કરનારી સરકારી તેમ જ ખાનગી જાસૂસી એજન્સીઓની નજર સામે જે રહસ્ય બહાર આવી રહ્યું છે એ બહુ વિસ્ફોટક છે.

ઉદાહરણ તરીકે પ્રતિષ્ઠિત ઑનલાઇન એન્ટ્રન્સ ટેસ્ટનાં પેપર્સ કેમ ડી-કોડ કરવાં (એટલે કે ફોડવા)થી માંડીને ઈ-ડેટિંગ-સેક્સ ટેક્સિંગ પૉર્નોગ્રાફીથી લઈને રેવ (ડ્રગ્સ) પાર્ટી ક્યાં-ક્યારે યોજાવાની છે ઉપરાંત ક્રિપ્ટો કરન્સીની બે નંબરી લેતી-દેતી ઇત્યાદિ ખાનગી પ્રવૃતિમાંય મોટા ઘરના કહેવાય એવા અને મનોરંજનની દુનિયામાં તાજેતાજી પ્રસિદ્ધિ મેળવી હોય એવા જુવાનિયા પણ સંડોવાયા છે.

આવી યુવા પેઢી ખુદ લેટેસ્ટ ડિજિટ ટેક્નૉલૉજીથી પરિચિત છે એટલે પોતાના ભેદ અકબંધ રાખવા ઑનલાઇનનાં નવાં અને અજાણ્યાં સાધનો વધુ વાપરે છે.

'જેન-ઝેડર્સ' જેવાં ટૂંકાક્ષરે ઓળખાતા 'જનરેશન ઝેડ'ના યુવાનોમાં 'ડિસ્કોર્ડ' અને 'વિકર'ની જેમ 'રેડિટ' ઍપ પણ ખાસ્સી લોકપ્રિય છે. ૪૦ લાખથી વધુ યુવાનો આવી ઍપ સાથે સક્રિય સંકળાયેલા છે. અહીં મોટાભાગના યુવાનો પોતાની ઓળખ સંતાડવા વિચિત્ર લાગે એવાં ભળતાં જ નામ-વાક્ય મૂકે છે, જેમ કેઃ 'ફેટ ઘોસ્ટ' 'સ્લિમ બ્યૂટી', 'હોર્ની' વગેરે. 'વૉટ્સઍપ'ની જેમ અહીં કોઈ પોતાના 'ડીપી' (ડિસ્પ્લે પિક્ચર)માં સેલ્ફી મૂકવાને બદલે પ્રાણી-પક્ષીની આકૃતિ કે રેખાંકન મૂકે છે.

એ જ રીતે અત્યંત ખાનગી વાત માહિતી-સેક્સ કે હાર્ડ પૉર્નો ક્લિપ્સ માટે કે પછી ડ્રગ્સ પાર્ટીના આયોજન માટે થોડી વાર પછી આપમેળે 'ભૂંસાઈ' જતી ચેટ-ફોટા કે વીડિયો ક્લિપની સુવિધા ધરાવતી 'વિકર' સરકારના ગુપ્તચરોની જેમ યુવાનોમાં પણ પ્રિય છે.

આ બધા વચ્ચે, દોઢ કરોડથી વધુ સક્રિય મેમ્બર્સ ધરાવતી 'ડિસ્કોર્ડ' ઍપ અવનવી ગેમિંગ માટે કિશોરો-તરુણોમાં જાણીતી છે. જોકે ઑનલાઇન ગેમિંગ-રમતનું આ પ્લૅટફૉર્મ ઘણી વાર નાદાન કિશોર-તરુણોને અજાણતાં જ ગૅમ્બલિંગ (જુગાર)ની લત તરફ પણ ધકેલી દીધાં હોવાના દાખલા બન્યા છે અને એક વાર લાગેલી જુગારની લત કાચી વયના કિશોરોને ડ્રગ્સ-પૉર્નોગ્રાફી જેવાં કેવાં કેવાં દૂષણોમાં ડુબાડી દે છે એનાથી એનાં મા-બાપ ખુદ અજાણ હોય છે.

તાજેતરમાં પ્રાઇવેટ સર્વરની મદદથી ચાલતી એક પિક્ચર અને લખાણવાળી ચૅનલ (ઍપ)માં દિલ્હી-મુંબઈ-બેંગ્લોર-હૈદરાબાદ-કોલકાતા તથા ગૌહાટીની સ્કૂલ-કૉલેજનાં તરુણ-તરુણીઓ સંકળાયેલા હોવાની વાત બહાર આવી છે. આવા દોઢેક હજારથી વધુ મેમ્બર્સ ધરાવતી આ ચૅનલ પર અશ્લીલ ફોટા અને ઇંગ્લિશ-હિંદીમાં ગંદી-ગલીચ ભાષાનો છૂટથી ઉપયોગ થાય છે. સાઇબર ક્રાઇમ સેલ પાસે આની બાતમી પહોંચી જતાં હમણાં આ સાઇટ બંધ છે.



બીજી તરફ, રાતોરાત શ્રીમંત બની જવાનાં સપનાં દેખાડતી ક્રિપ્ટો કરન્સી કમાવાની લત પણ બીજાં દૂષણોમાં પેટ્રોલ હોમવાનું કામ કરે છે. આજ રીતે, 'ડાર્કનેટ' તરીકે ઓળખાતી ગુપ્ત નેટવર્કની એક સિન્ડિકેટ ભારતમાં કામ કરી રહી છે. ૨૫૦ જેટલી વ્યક્તિની આ સિન્ડિકેટ ડ્રગ્સની હેરાફેરીનું કામ કરી રહી છે.



આ ટોળકીમાં સૉફ્ટવેર ઇજનેર-ડૉક્ટર અને આર્થિક નિષ્ણાત જેવા ૨૦ યુવાનને આપણા નાર્કોટિક બ્યૂરોએ ઝડપી લીધા પછી ઘણી ચોંકાવનારી માહિતી આપણી સાઇબર ક્રાઇમ એજન્સીને મળી છે. ડ્રગ્સની લેતી-દેતીમાં રૂપિયા બે કરોડનો ક્રિપ્ટોકરન્સીમાં ધંધો કરનારી આ ટોળકીનો બૉસ રઘુનાથ કુમાર છે, જેણે 'ડાર્કનેટ ગીતા' નામનું પુસ્તક પણ લખ્યું છે અને આશ્ચર્યની વાત એ છે કે મિસ્ટર રઘુનાથ અત્યાર સુધી કર્ણાટકની બેલારી જેલમાંથી એનો આ બે નંબરી ધંધો પણ ચલાવતો હતો! ■

કેનવાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# સર્જકની અંતિમ ઇચ્છાની હત્યા

## સાહિત્યિક દ્રોહ જેણે વિશ્વના વારસાને સમૃદ્ધ કર્યો!

કોઈ પણ સામાન્ય માણસ જ્યારે મૃત્યુ પામે છે ત્યારે તેની પાછળ મુકાયેલી વસિયત કે તેની અંતિમ ઇચ્છાને કાયદો અને સમાજ બંને પવિત્ર માને છે. જો કોઈ પિતા પોતાની સંપત્તિ વિશે કોઈ આદેશ આપીને જાય તો વારસદારો માટે તે શિલાલેખ બની જાય છે, પરંતુ જ્યારે એ સંપત્તિ, બૅન્ક-બૅલૅન્સ કે જમીન ન હોય, પણ કોઈ મહાન લેખકના અપ્રકાશિત લખાણો હોય ત્યારે એક બહુ જ મોટો અને જટિલ નૈતિક પ્રશ્ન ઊભો થાય છે. જો કોઈ સર્જક મૃત્યુ પહેલાં એવી વસિયત કરે કે 'મારા મૃત્યુ પછી મારી તમામ અપ્રકાશિત નવલકથાઓ, ડાયરીઓ કે હસ્તપ્રતોને વાંચ્યા વિના જ બાળી નાખવી', તો શું કરવું? એ કાગળોને નષ્ટ કરી દેવા એ સર્જકની અંતિમ ઇચ્છાનું સન્માન છે, પરંતુ કદાચ એ કાગળોમાં દુનિયાની કોઈ મહાન વાર્તા છુપાયેલી હોય તો તેને સળગાવી દેવી એ વિશ્વસાહિત્ય અને માનવજાતના વારસા સાથેનો સૌથી મોટો ગુનો નથી? લેખકની ગોપનીયતા અને દુનિયાના કળા-પ્રેમ વચ્ચેની આ મથામણ કલા જગતનો સૌથી વજનદાર વિવાદ છે.

આ નૈતિક દ્વિધા સમજવા માટે ઇતિહાસનો સૌથી પ્રખ્યાત અને ક્લાસિક દાખલો ફ્રાન્ઝ કાફકાનો લેવો પડે. વીસમી સદીના આ વિચક્ષણ સર્જક જ્યારે માત્ર ચાલીસ વર્ષની વયે મૃત્યુશય્યા પર હતા ત્યારે તેમણે પોતાના પરમ મિત્ર મેક્સ બ્રોડને બોલાવીને એક કડક આદેશ આપ્યો હતો. કાફકાએ કહ્યું હતું કે 'મારા મૃત્યુ પછી મારી તમામ ડાયરીઓ, હસ્તપ્રતો અને અધૂરી વાર્તાઓ કોઈને પણ વાંચવા દીધા વિના સીધી જ આગમાં હોમી દેવી.'

મેક્સ બ્રોડ માટે આ ધર્મસંકટ હતું. એક તરફ પરમ મિત્રને આપેલો શબ્દ હતો અને બીજી તરફ એ કાગળોમાં ધરબાયેલું કાફકાનું અસાધારણ સર્જન હતું. અંતે મેક્સ બ્રોડે મિત્ર સાથે 'દ્રોહ' કર્યો અને એ કાગળો બાળવાને બદલે તેને પ્રકાશિત કર્યા. આજે કાફકાનું જે મહાન સાહિત્ય (જેમાં 'ધ ટ્રાયલ' જેવી માસ્ટરપીસ સામેલ છે) દુનિયા વાંચી રહી છે, તે મેક્સ બ્રોડના એ દ્રોહને આભારી છે.




મેક્સ બ્રોડનો તર્ક એવો હતો કે કાફકાની પ્રતિભા માત્ર કાફકાની જાગીર નહોતી, તે સમગ્ર માનવજાતની સંપત્તિ હતી.

આવો જ એક બીજો વિવાદ તાજેતરમાં જ નોબેલ પારિતોષિક વિજેતા લેખક ગેબ્રિયલ ગાર્સિયા માર્કેઝના કિસ્સામાં સામે આવ્યો છે. માર્કેઝ જ્યારે જીવનના અંતિમ વર્ષોમાં હતા ત્યારે તેમની સ્મૃતિ સાથ છોડી રહી હતી (ડિમેન્શિયા). તે અવસ્થામાં તેમણે એક નવલકથા લખેલી. તેમણે પોતાના દીકરાઓને સ્પષ્ટ કહી દીધું હતું કે 'આ નવલકથા બકવાસ છે. આમાં મારું ધાર્યું કામ નથી થયું. મારા ગયા પછી આને કચરાપેટીમાં નાખી દેજો.' પણ માર્કેઝના મૃત્યુના દાયકા પછી તેમના દીકરાઓએ પિતાની ઇચ્છા વિરુદ્ધ જઈને એ નવલકથા પ્રકાશિત કરી દીધી! દીકરાઓની દલીલ એવી હતી કે પિતાની યાદશક્તિ જતી રહી હોવાથી તે પોતાની જ કૃતિનું સાચું મૂલ્યાંકન કરી શકે તેવી માનસિક સ્થિતિમાં નહોતા.

આવું જ વ્લાદિમીર નાબોકોવની અધૂરી નવલકથા સાથે પણ થયેલું, જેને બાળી નાખવાના આદેશ છતાં તેમના દીકરાએ છાપી મારી. અહી પ્રશ્ન એ થાય છે કે શું વારસદારો ખરેખર કળાને બચાવવા માગે છે કે પછી મહાન લેખકના નામનો ઉપયોગ કરીને બજારમાંથી આર્થિક ફાયદો ઉઠાવવા માગે છે? એ પાતળી ભેદરેખા કોણ નક્કી કરશે?

કોઈ પણ લેખક પોતાની જ કૃતિને નષ્ટ કરવા કેમ માગતો હોય છે તેનું મનોવિજ્ઞાન બહુ રસપ્રદ છે. દરેક સાચા સર્જકને પરફેક્શનીઝમ-સંપૂર્ણતાનો અતિરેક હોય છે. જે લખાણ અધૂરું છે, જેના પર છેકછાક થયેલી છે કે જેમાં વાક્યોને હજુ મઠારવાં બાકી છે, તે લખાણ કોઈની સામે આવવું એ લેખક માટે જાહેરમાં નગ્ન ઊભા રહેવા સમાન છે. અપ્રકાશિત ડાયરીઓ કે કાચાં લખાણોમાં લેખકની નબળાઈઓ, તેના ભ્રમ અને તેની બૌદ્ધિક ખામીઓ છુપાયેલી હોય છે. લેખક ક્યારેય નથી ઇચ્છતો કે દુનિયા તેને તેની નબળાઈઓ સાથે જુએ, છતાં ફિલોસોફી એમ પણ કહે છે કે કળા જ્યારે સર્જાય છે ત્યારે તે એક જીવંત અસ્તિત્વ બની જાય છે. જેમ કોઈ માતા-પિતા બાળકને જન્મ આપ્યા પછી માત્ર એટલા માટે તેને મારી ન શકે કે બાળક સંપૂર્ણ નથી તેમ કોઈ સર્જક પણ પોતાની કલાકૃતિને નષ્ટ કરવાનો નિરપેક્ષ અધિકાર ધરાવતો નથી. સર્જન એકવાર કાગળ પર ઊતરી જાય પછી તે બ્રહ્માંડની માલિકીનું બની જાય છે.

એક વાચક તરીકે આપણે અત્યંત સ્વાર્થી છીએ. આપણે મેક્સ બ્રોડના એ દ્રોહને માફ કરી દઈએ છીએ, કારણ કે તેના ગુનાના ફળસ્વરૂપે આપણને કાફકાનું અદ્ભુત સાહિત્ય વાંચવા મળ્યું, પણ જ્યારે આપણે આવી કોઈ અપ્રકાશિત કે અધૂરી કૃતિ વાંચીએ છીએ ત્યારે ક્યાંક અંદરખાને એક અપરાધભાવ પણ હોવો જોઈએ કે આપણે કોઈની અંગત સરહદમાં ગેરકાયદે પ્રવેશ કરી રહ્યા છીએ. કળાના વારસાને બચાવવાની અને મૃત વ્યક્તિને આપેલા વચનને પાળવાની આ નૈતિક મથામણમાં કોઈ અંતિમ સત્ય નથી. કદાચ મહાન સાહિત્યની કરુણતા જ એ છે કે કેટલીક વાર તેને જીવંત રાખવા માટે, વારસદારોએ કોઈકના વિશ્વાસની હત્યા કરવી પડે છે. લેખકની એ અંતિમ ઇચ્છા ભલે કાગળ પર મટી ગઈ હોય, પણ એ પ્રકાશિત થયેલા દરેક પાનાની પાછળ એક અદૃશ્ય મૌન હંમેશાં ફરિયાદ કરતું રહે છે. ■


બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@bombaysamachar.com

# વિઘ્નહર્તાને ચરણે બ્રાન્ડ આડેનાં અનેકવિધ વિઘ્ન

વિઘ્નહર્તાના દિવસો આવતી કાલથી શરૂ થશે. કોઈ પણ કાર્યમાં વિઘ્નો ના આવે તે માટે સૌપ્રથમ વિઘ્નહર્તા ગણપતિ બાપાનું પૂજન થાય છે. જે-તે કાર્ય આપણે કરવા જઈ રહ્યા હોય તેનાં વિવિધ વિઘ્નો હોઈ શકે, જેના પર વિચાર કરી બાપાના આશીર્વાદથી તે દૂર કરી શકાય. જેમ કાર્યોમાં વિઘ્નો આવે તેમ બ્રાન્ડ બનાવવા માટેના પણ વિઘ્નો હોઈ શકે. તો ચાલો, આજે તે વિઘ્નોને જાણવાનો પ્રયાસ કરીએ

બધાં વિઘ્નો વચ્ચે સૌથી મોટું વિઘ્ન એટલે સ્પષ્ટતા. મારે બ્રાન્ડ બનાવવી જોઈએ કે નહીં અને જો બનાવવી હોય તો શા માટે બ્રાન્ડ બનાવવી, તેની સ્પષ્ટતા. આથી આગળનું વિઘ્ન એટલે ગેરસમજ કે બ્રાન્ડ એટલે મેં એક નામ આપી દીધું અને તેનો લોગો બનાવી દીધો એટલે બ્રાન્ડ બની ગઈ. કોઈ બ્રાન્ડને ફક્ત લોગો અથવા ટેગલાઇન તરીકે ગણી ના શકાય, કોઈ વૅલ્યુ પ્રોપોઝિશન કે તેના પોઝિશનિંગ પર કામ ના કરવાથી ગ્રાહકો મૂંઝવણમાં મુકાય છે કે તમારી બ્રાન્ડ શું છે, શું કહેવા માગે છે અને શા માટે તેનું મહત્ત્વ છે. આથી બ્રાન્ડને વ્યવસ્થિત રીતે વ્યાખ્યાયિત કરો.

બીજી ગેરસમજ જે વિઘ્ન ઊભું કરે અને તે એટલે કન્ટેન્ટમાં સામ્યતા ના હોવી. વિવિધ પ્લૅટફૉર્મ, મીડિયા પર વિવિધ મેસેજો આપવા. આપણને લાગે કે આપણે તો કન્ટેન્ટ બનાવી રહ્યા છીએ પણ સામ્યતા ના હોવાથી ગ્રાહક અહીં પણ મૂંઝવણ અનુભવે છે અને કન્ટેન્ટનો સુર એક ના હોવાથી ગ્રાહકનો વિશ્વાસ અને ઓળખ નાશ પામે છે.



બ્રાન્ડ બનાવવાનું વિઘ્ન એટલે મારે જેને માલ વેચવાનો છે અર્થાત્ ગ્રાહકોની વાસ્તવિક સમસ્યાઓને અવગણવી અને તમારી પાસે જે છે તે વેચવા પર ભાર આપવો. આનાથી ઘરાક નારાજ થઈ વેપારથી દૂર થાય છે. તે સમજે છેકે મને જોઈએ છે તે આપવામાં આ વેપારીને રસ નથી. આથી આગળનું વિઘ્ન એટલે, સમય સાથે સુસંગત ના રહેવું. મોટે ભાગે આપણું ધ્યાન ટૂંકા ગાળાના નફા પર હોય છે અને તેથી આપણે ઇનોવેશન અને બદલાતા ગ્રાહક વલણો ના સમજી શકતાં બ્રાન્ડ સુસંગત નથી રહેતી. આમ સ્પષ્ટતા અને ગેરસમજની જેમ ત્રીજું વિઘ્ન એટલે આંતરિક સહમતી. જે કોઈ પણ વેપાર સાથે જોડાયેલા છે- તે પછી પરિવારના લોકો હોઈ શકે, ભાગીદાર હોય, અથવા માલિક અને કર્મચારીઓ હોઈ શકે, બધા એક અવાજે બ્રાન્ડ બનાવવાની તરફેણમાં અને તે વિઝનને આકાર આપવા તૈયાર હોવા જોઈએ.

આનાથી આગળનું વિઘ્ન જે નાના વ્યવસાયો માટે વધુ હોય છે અને તે એટલે ઓછા બજેટ સાથે કામ કરવું. આના કારણે બ્રાન્ડને પ્રમોટ કરવાના વ્યાપક માર્કેટિંગ પ્રયાસોમાં રોકાણ કરવું મુશ્કેલ બને છે. આનાથી તે પોતાની સાથેના અને મોટા સ્પર્ધકોની તુલનામાં જેમની પાસે વધુ નોંધપાત્ર માર્કેટિંગ સંસાધનો છે તેમની પાછળ રહી જાય છે. આવા સમયે જો તેમ વિચારવામાં આવે કે નાણાકીય મર્યાદાઓ હોવા છતાં, અસરકારક માર્કેટિંગ વ્યૂહરચના અપનાવીને નોંધપાત્ર પરિણામો મેળવી શકાય છે. આજે સોશ્યલ મીડિયા જેવા પ્લૅટફૉર્મનો ઉપયોગ કરીને, આકર્ષક કન્ટેન્ટ બનાવી તેમના પ્રેક્ષકો સુધી પહોંચી શકાય છે. વધુમાં, આજે ઇનફ્લુએન્સરોના સહારે બનાવેલા કન્ટેન્ટનો ઉપયોગ કરીને, બજેટમાં રહીને, બ્રાન્ડ એક્સપોઝરને વધુ વધારી શકાય છે.

નાના કદની કંપનીઓના કિસ્સામાં, આ વિષયના આવડતવાળા કર્મચારીઓ અને નિષ્ણાતોની અછતને કારણે તેમને બ્રાન્ડિંગ વ્યૂહરચનાના અમલીકરણમાં વિઘ્ન આવી શકે છે. મોટી કંપનીઓ જે વિશાળ બ્રાન્ડ્સ અને જોઈતા રોકાણકારો સાથે જોડાયેલી હોય છે તેમની પાસે જે કુશળતા અને સંસાધન હોય છે તે નાના વેપારીઓ પાસે ના હોવાથી બ્રાન્ડ વિકસાવવી મુશ્કેલ થઈ શકે છે.

ઉપરનાં અને તેવાં ઘણાં વિઘ્નો વિચારી શકાય પણ સૌથી મોટું વિઘ્ન બ્રાન્ડ બનાવવા માટેનું છે. તે બ્રાન્ડ બનાવવાની ઇચ્છા નહીં, માનસિકતા હોવી જોઈએ. ઘણા વેપારીઓને મન આ બધી નક્કામી વાતો છે. બ્રાન્ડ એટલે ખોટો ખર્ચો અને એવા ખર્ચા ના કરાય. માલ વેચાઈ રહ્યો છે, ધંધો વધી રહ્યો છે તો પછી બ્રાન્ડ બનાવવાની શી જરૂર છે? આટલા વર્ષોથી હું સફળતાથી ધંધો કરી રહ્યો છું અને ધંધો વધાર્યો પણ છે તે પણ બ્રાન્ડ બનાવ્યા વગર. આવી વિચારધારા અનેક આજના સમયે ઘણા વેપારી ધરવે છે જે દૂર કરી બ્રાન્ડ બનાવવાની માનસિકતા કેળવવી પડશે, કારણ કે આપણે વર્ષો સુધી એક સ્થાપિત માનસિકતા સાથે વેપાર કરીએ છીએ અને બ્રાન્ડ સાથે વેપાર કરવાની પદ્ધતિમાં બદલાવ લાવવો પડશે.

બ્રાન્ડ બનાવવી એ ખરેખર એક પડકાર છે ખાસ કરીને નાના વ્યવસાયો માટે, પરંતુ યોગ્ય વ્યૂહરચના, સમય સાથે બદલાવની તૈયારી, થોડી ધીરજ, જે વિઘ્નો છે તેને સમજીને અને નિશ્ચિત કરેલા ઉકેલોનો અમલ કરીને, કોઈ પણ વ્યવસાયો મજબૂત બ્રાન્ડ સ્થાપિત કરીને પોતાના ગ્રાહકો સાથે અસરકારક રીતે જોડાઈ શકે છે અને બજારમાં પોતાનું સ્થાન બનાવી શકે છે. પછી ભલે તે ઓછા ખર્ચે વિચારેલી અસરકારક માર્કેટિંગ યુક્તિઓનો ઉપયોગ હોય, ટેક્નૉલૉજી અપનાવવી હોય અથવા સુસંગતતા જાળવી રાખવી હોય, સર્જનાત્મકતા અને બ્રાન્ડ વિઝન પ્રત્યે અવિરત પ્રતિબદ્ધતા સફળતાની ચાવી છે.

વિઘ્નહર્તાને પ્રાર્થના કરીએ કે અમારી માનસિકતા બદલવામાં અને બ્રાન્ડ બનાવવા આડે જે પણ વિઘ્નો આવે તેને દૂર કરવામાં અમારી મદદ કરજો જેથી અમે એક મજબૂત બ્રાન્ડ બનાવવાના શ્રીગણેશ કરી શકીએ. ■

# કાગડાને ખરીદી શકાતો નથી...

## હાસ્ય વિનોદ

વિનોદ ભટ્ટ
feedback@bombaysamachar.com

એક ઇન્ટરવ્યુઅરે અમને એકવાર પૂછ્યું હતું કે તમારે પુનર્જન્મ લેવાનો થાય તો તમે કયા પક્ષી તરીકે અવતરવાનું પસંદ કરો? 'કાગડો...' અમે જવાબ આપ્યો હતો. 'કોયલ કેમ નહીં?' બીજો સવાલ કરવામાં આવ્યો, જેનો ઉત્તર અમે એ વખતે નહોતો આપ્યો. આજે આપીએ છીએ. અમારા મતે કોયલ પાસે સારું ગળું છે એટલું જ, એ સિવાય આકર્ષી શકે એવું એની પાસે કશું નથી. અમને તો એ પણ ડર છે કે તેનો મધુર અવાજ સતત સાંભળનારને ડાયાબિટીસ કહેતાં મધુપ્રમેહ થઈ જાય. જોકે કવિઓ સદીઓથી કોયલના ગળા પાછળ ગાંડા છે. મહાકવિ કાલિદાસે જ્યાં તક મળી ત્યાં કોયલની ગળાની પ્રશંસા મન મૂકીને કરી છે. 'વિક્રમોર્વશિયમ'માં તેને મધુરપ્રલાપિની અને મંજુસ્વરા કહી છે, તો 'માલવિકાગ્નિમિત્ર'માં તેને મધુરસ્વરાનો ખિતાબ આપ્યો છે, ને 'કુમારસંભવ'માં તેને બોલવામાં આપણને અઘરી પડે એવી મધુરાલાપનિસર્ગપંડિતા કહી છે. આ છેલ્લી ઉપમા વાંચીને તો ખુદ કોયલ પણ શરમાઈને હસી પડે!

આ કોયલ આમ તો શરમાળ નથી. તેમ છતાં વૃક્ષોની ઘટામાં છુપાઈને, પ્લેબૅક સિંગરની જેમ ટહુકે છે. ખબર જ પડે કે કોણ ગાય છે, નરકોકિલ તે માદા? આપણે એવું માનીએ છીએ કે માદા કોયલ જ મધુર અવાજે કૂજે છે, પણ વાસ્તવમાં જે ગાય છે એ તો નરકોકિલ છે. માદા પાસે સૂરીલું ગળું નથી. કવિ કાલિદાસ પક્ષીવિદ્ નહોતો, છતાં આ હકીકતમાં તેને જાણ હતી. એટલે તો તેણે કુમારસંભવ અને ઋતુસંહારમાં પુંસ્કોકિલના ટહુકવાનો વારંવાર ઉલ્લેખ કર્યો છે. માદાકોયલ કિક-કિક-કિક જેવો તીખો અવાજ માંડ કાઢી શકે છે, જે સાંભળવામાં આપણને અરુચિકર લાગે, નરકોકિલને માદાનો અવાજ કેવો લાગતો હશે એ વિશે તો કોઈ પક્ષીની ભાષા જાણનાર જ કહી શકે.

પક્ષીશાસ્ત્રના પંડિતોએ તો એ પણ શોધી કાઢ્યું છે કે સારસ કે ચક્રવાક જેવાં કેટલાંક પંખીઓ એક પાત્ર શોધી લે છે ને પછી સુખેદુખે તેની સાથે જીવી નાખે છે, પડ્યું પાનું નિભાવી લે છે. તેમના શબ્દકોશમાં ડાઇવૉર્સ જેવો શબ્દ નથી. આર્યનારી જેવું, એક ગુજરી જાય તો બીજું તેની પાછળ માથું પટકી પટકીને પોતાનો પ્રાણ આપી દે છે, પણ કોયલ આ બાબત પાશ્ચાત્ય વિચારો ધરાવે છે. જે કોઈ નર (યા નારી) અડફેટે ચડી જાય એ તેનો પ્રેમી. મન ફાવે ત્યાં સુધી સાથે રહેવાનું, પછી તું તારે ઘેર ને હું મારે ઘેર-એકબીજાને ભૂલતાંય વાર નહીં.

અને કુમારસંભવ કે વાઇસેવર્સા હોય ત્યારે આપણી બહેન-દીકરીઓ નજીકના મૅટરનિટી હોમમાં પહોંચી જાય છે, જ્યારે કોયલ કાગડાનો માળો પાસે ક્યાં છે એની ભાળ મેળવવાના કામે લાગી જાય છે ને માળો શોધીને એના પર નજર રાખ્યા કરે છે. આ વખતે કયા કાગડાને મૂર્ખ બનાવવો છે એ નર અને માદા કોયલ બન્ને સાથે બેસીને નક્કી કરી નાખે છે. જોકે કાગડાની મથરાવટી મેલી છે. તેને મહાધૂર્ત અને વધુ પડતો ચાલાક માનવામાં આવે છે. સંસ્કૃતમાં એક ઉક્તિ એવી છે કે 'નરાણાં નાપિતો ધૂર્તઃ પક્ષિણાં ચૈવ વાયસઃ!' પણ કોયલ આ કહેવાતા ચતુર કાગડાને બેવકૂફ શ્રેષ્ઠ બનાવીને પોતાનાં બચ્ચાં તેની પાસે ઉછેરાવે છે. પોતાનાં બચ્ચાનું બેબી સીટિંગ તે કાગડા પાસે ને એ પણ સાવ મફતમાં, છેતરપિંડીથી કરાવે છે.

કોયલની મોડસ ઑપરેન્ડી રસપ્રદ છે, માણસને પણ છક્કડ ખવડાવી દે એટલી તે ક્રિમિનલ છે. શરૂઆત તે આ રીતે કરે છે... કાગડા માળાની નજીક બેસીને નર કોકિલ ટહુકવાનું શરૂ કરે છે. કોયલનો અવાજ આપણને ગમે છે, પણ કાગડાને આ અવાજની સખત એલર્જી છે એટલે કોયલનો અવાજ કાને પડતાં જ કાગડો અને કાગડી તેના પર હુમલો કરવા ધસી જાય છે, તેની પાછળ પડે છે. કાગડાના મુકાબલે કોયલના ઊડવાની સ્પીડ વધારે છે. આ કારણે કોયલ ઝડપ વધારીને કાગડા-કાગડીને દૂર સુધી ખેંચી જાય છે અને પછી દૂરથી નર કોકિલ 'કર્ર કર્ર' બોલીને તેની માદાને સંદેશો આપી દે છે કે હવે તું બાજી સંભાળી લે અને માદા કોયલ તરત જ કાગડાના માળામાં ટ્રેસપાસ (અનધિકૃત પ્રવેશ) કરીને પોતાના ઇંડાં ત્યાં ગોઠવી દે છે એટલું જ નહીં, કાગડાનાં ઇંડાંને ચાંચમાં લઈ નીચે ફગાવી દે છે. પોતાનું આ કામ પતાવ્યા બાદ આ માદા કોયલ વિશિષ્ટ અને સાંકેતિક અવાજમાં તેના નરને માહિતી આપી દે છે કે 'ઑપરેશન ઇડિયટ ઓવર...' બાત બન ગઈ હૈ, એટલે નર કોકિલ પોતાની ઝડપ એકદમ વધારીને કોઈ ઘટાદાર ઝાડની ડાળીઓમાં સંતાઈ જાય છે. શિકાર છટકી ગયાની હતાશા સાથે કાગડો-કાગડી પોતાના ઘેર પાછાં ફરે છે, ત્યારે એમને બાપડાંને અણસાર પણ નથી આવતો કે તે કોયલના ષડ્યંત્રનો શિકાર બની ગયાં છે. ઇંડાની હેરાફેરીની પણ તેમને લેશમાત્ર શંકા જતી નથી, કેમ કે કોયલ બે ઇંડાં લાવી હોય તો તે કાગડાનાં બે ઇંડાં જ નીચે પાડી નાખે છે. સંખ્યામાં કોઈ ફેર પડતો નથી, કર્ણ મરે કે અર્જુન-પાંડવો તો પાંચના પાંચ જ રહેવાના છે. અને ઇંડાંની સંખ્યા ધારો કે વધી જાય. તો પણ કાગડા-કાગડીને આની ખબર પડતી નથી, કારણ કે એટિકન નામના પક્ષીશાસ્ત્રીના જણાવ્યા પ્રમાણે કાગડાઓનું ગણિત કાચું હોય છે, તે ત્રણથી આગળ ગણી શકતા નથી. આથી તેમના ગણિતના અજ્ઞાનનો લાભ લઈને કોયલ ક્યારેક ૧૩ જેટલાં ઇંડાં પણ કાગડાના માળામાં મૂકી આવે છે! કાગડા-કોયલના ઇંડામાં પણ બહુ ફેર નથી હોતો. કોયલનું ઇંડું સાધારણ નાનું હોય છે. અને કોયલના સદ્ભાગ્યે કાગડા કરતાં તેનું ઇંડું થોડું વહેલું ફૂટે છે. આ બચ્ચાને પણ તેની માના પેટમાંથી જ ધૂર્તતા મળી ગઇ હોય છે. એટલે જન્મજાત ધૂર્તતાને લીધે શરૂઆતમાં આ બચ્ચાં કોયલનો અવાજ કાઢવાને બદલે કાગડાના અવાજની મિમિક્રી કરે છે, કાગડાની બોલી બોલવાની ચેષ્ટા કરે છે. આથી છેતરાઈને કાગડી પોતાનાં સંતાનોની સાથે આ બચ્ચાંને ખવરાવે-પિવરાવે છે, પછી જ્યારે ઊડવાની ક્ષમતા આવી જાય ત્યારે કાગડા-કાગડીએ લાડકોડમાં ઉછેરેલ કોયલનાં બચ્ચાં પોતાની ખરી મા પાસે પહોંચી જાય છે. કેટલાક ધનપતિઓ અનાથાશ્રમોને ઉદાર સખાવતી કરે છે, જેમાં ક્યારેક તેમની જાણ બહાર, તેમનાંય બે નંબરનાં બાળકો ઉછેરાતાં હોય છે, જ્યારે આ કાગડા તો વગર અનાથાશ્રમ ખોલ્યે અન્યનાં સંતાનોને પોતાનાં સમજીને સાચા વહાલથી ઉછેરે છે.

ટૂંકમાં, કોયલ વિશે જેમ જેમ અમે જાણતા ગયા તેમ તેમ કાગડા તરફનો અમારો આદર, અમારો અનુરાગ વધતો ગયો છે. કોઈને છેતરવા કરતાં કાઈથી છેતરાવાનું અમે હંમેશાં પસંદ કરીએ છીએ, આ કારણે કાગડાની બાઘાઈ, બેવકૂફી યા મૂર્ખાઈ જે ગણો તે, અમને વિશેષ ગમે છે. પેલા ઇસપે પણ પોતાની કહેવાતી એક નીતિકથામાં કહ્યું છે કે કાગડાના અવાજનાં ખોટાં વખાણ કરીને શિયાળવું તેની પાસેથી પૂરી પડાવી ગયું હતું. પણ અમને ખાતરી છે કે ઇસપે તેની વાર્તામાં કાગડાને ચીતર્યો છે એટલો બેવકૂફ તે નહીં જ હોય. આમ તો શિયાળે તેના અવાજમાં મિથ્યા વખાણ કરવાની શરૂઆત કરી એ ક્ષણે જ તે પામી ગયો હશે કે આ બદમાશને મારી પૂરી સિવાય કશામાં રસ નથી. તેણે ધાર્યું હોત તો તે પૂરી પોતાના પગના પંજા નીચે દબાવી, એટલો સમય ભોજન મુલતવી રાખીને પોતાના સંગીતનો લાભ શિયાળને આપી શક્યો હોત, પણ તેણે એમ ન કર્યું, કેમ કે માત્ર એક જ પૂરીમાં તેને મહાજ્ઞાન મળતું હતું કે જીવનમાં સંગીત એ સેકન્ડરી વસ્તુ છે, ભૂખ્યા પેટે ગીત ગાવાની કે સાંભળવાની વાત જ વાહિયાત છે. પણ- પણ પૂરી કરતાંય માંસ કાગડાને વધારે પ્રિય હોવા છતાં તે શિયાળવેડા નથી કરતો. કાગડો ક્યારેક અન્ય કાગડાનું માંસ નથી ખાતો, એકબીજાનું ખૂન નથી કરતો. કાગડામાં સંપ ઘણો હોય છે. એક કાગડા પર કોઈ મોટું પક્ષી હુમલો કરી તેને ઘાયલ કરે તો અન્ય કાગડાઓનું ઝુંડ પેલા ઘવાયેલા કાગડાની મદદે પહોંચી જાય છે. એક કાગડો મરી જાય તો સેંકડો કાગડા ભેગા મળીને કાગારોળ કરી મૂકે છે. મરી ગયેલો કાગડો આપણા કવિને મન એક કવિતાનો વિષય માત્ર હશે, પણ કાગડાઓ માટે તો એ એક મસમોટી ઘટના હોય છે. અમે તો કાગડાઓની શોકસભાઓ પણ જોઈ છે.

કાગડાઓમાં કાળા અને વધુ કાળા એવો ભેદ નથી હોતા. કાગડાઓનો ધર્મ એકબીજાથી અલગ નથી હોતો, તેમને ધર્મ છે માત્ર કા...કા... કરવાનો. એ લોકો અંદર અંદર કોઈની ધાર્મિક લાગણી નથી દુભાવતા. આ કારણે કોઈ કાગડો અન્ય કાગડાનું સ્ટેબિંગ નથી કરતો, કોઈ કોઈને દગો નથી દેતા, એકબીજાની પીઠમાં ખંજર નથી ભોંકતા. એક પુખ્ત કાગડો સગીર કાગડીને નસાડી ગયો હોય યા દહેજ માટે કોઈ કાગડાએ કાગડીને બાળી મૂકી હોય એવો એક કિસ્સો પક્ષીવિદોએ નોંધ્યો નથી.

કાગડાને પાળી શકાતો નથી કે ખરીદી શકાતો નથી, છતાં કોઈ કાગડાએ સદાચારી હોવાનો ક્યારેક દાવો નથી કર્યો. એક કાગડો બીજા કાગડાની પૂરી ઝૂંટવી લેવાનો વિચાર સુધ્ધાં નથી કરતો. કાગડો મને કેમ ગમે છે એનાં અઢળક કારણો હજીય હું આપી શકું એમ છું, પણ હવે તેનું છેલ્લું કારણ આપીને અટકવા માગું છું. કાગડાને જૂઠ પ્રત્યે ખીજ પણ હોવી જોઈએ, એટલે તો પેલા લોકગીતમાં કહેવાયું છે કે 'જૂઠ બોલે કૌઆ કાટે, કાલે કૌએ સે ડરિયો...' 'સત્યમ્ બ્રુયાત્, પ્રિયમ્ બ્રુયાત્'માં કાગડાને શ્રદ્ધા નથી હોતી, કદાચ એટલે જ તેનો અવાજ કર્કશ છે, સત્યનો અવાજ પણ સાંભળનારને આટલો જ કર્કશ લાગતો હોય છે... કિ મૈં ના જૂઠ બોલિયા!!! ■

# પરથમ પહેલા સમરીએ સ્વામી તમને સૂંઢાળા

## ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

આવતી કાલે ૧૪ સપ્ટેમ્બર, ભાદરવા સુદ ચોથ. ગણેશ ચતુર્થી. ભાદરવા મહિનાના શુક્લ પક્ષની ચોથ વિઘ્નહર્તા ભગવાન શ્રી ગણેશના પ્રગટોત્સવ અને સ્થાપનાના પવિત્ર દિવસ તરીકે ઊજવવામાં આવે છે. ગણપતિ બાપ્પા વિઘ્નનો નાશ કરનાર માનવામાં આવતા હોવાથી સર્વ કાર્યને આરંભે એમનું આરાધન થાય છે. સર્વ દેવોમાં એ પ્રથમ પૂજાય છે. ગણેશજી ભાષામાં પણ સુંદર રીતે વણાઈ ગયા છે. **ગણેશ બેસાડવા** એટલે સારા કામનો આરંભ કરવો. ગણપતિ બાપ્પા મોરયા, મંગલમૂર્તિ મોરયા બોલાય છે એમાં એક કથા જોડાયેલી છે. મહારાષ્ટ્રના પુણે શહેરથી ૧૫ કિલોમીટરના અંતરે આવેલા ચિંચવડ ગામમાં જન્મેલા મોરયા ગોસાવી પરમ ગણેશ ભક્ત હતા. દર વર્ષે ગણેશ ચતુર્થીએ તેઓ ૯૫ કિ.મી. દૂર આવેલા મોરગામમાં મયૂરેશ્વર મંદિરમાં ગણપતિનાં દર્શન માટે જતા. આ મંદિર મહારાષ્ટ્રના અષ્ટવિનાયક ગણપતિ પૈકી એક છે. જોકે વૃદ્ધાવસ્થાને કારણે મંદિર નહીં જઈ શકવાથી તેમને દુઃખ થતું હતું. ભક્તની પીડા જોઈ ગણેશજીએ સપનામાં દર્શન આપીને કહ્યું કે 'આવતી કાલે તું સ્નાન કરતો હોઈશ ત્યારે હું તને દર્શન દઈશ. સ્નાન કરતી વખતે મોરયા ગોસાવીને એક નાનકડી ગણેશજીની મૂર્તિ હાથ લાગી જેનું તેમણે મંદિરમાં સ્થાપન કર્યું. આમ ગણેશજી સાથે મોરયા ગોસાવીનું નામ જોડાતા લોકો **ગણપતિ બાપ્પા મોરયા** બોલવા લાગ્યા અને આજે દેશભરમાં એ બોલાય છે.



**પરથમ પહેલા સમરીએ સ્વામી તમને સૂંઢાળા** એ ગુજરાતી લોકસાહિત્ય અને ભક્તિ પરંપરાનું એક અત્યંત લોકપ્રિય ગણેશ ભજન છે. સનાતન ધર્મમાં કોઈપણ શુભ કાર્યની શરૂઆત ભગવાન ગણેશની આરાધનાથી થાય છે, તેથી જ આ ભજનમાં તેમને સૌથી પહેલા યાદ (સમરણ) કરવાની વાત કરવામાં આવી છે. આ સુંદર ભજનની રચના ભક્ત કવિ રાવત રણશી દ્વારા કરવામાં આવી છે. ગણેશજીનું મુખ હાથીનું હોવાથી તેમની લાંબી સૂંઢને કારણે લોકભાષામાં તેમને આદરપૂર્વક **'સૂંઢાળા'** કે **'સૂંઢાળા સ્વામી'** તરીકે સંબોધવામાં આવે છે.

શબ્દકોશમાં **ગણપતિન્યાય** શબ્દ છે. એનો અર્થ યુક્તિથી કોઈ મોટું કામ જલદી થાય એવું દૃષ્ટાંત. એક નાનકડી કથા એવી છે કે એક વારે દેવોમાં વિવાદ ચાલ્યો કે બધામાં પૂજ્ય કોણ ? બ્રહ્માએ કહ્યું કે જે પૃથ્વીની પ્રદક્ષિણા પહેલી કરી આવે તે શ્રેષ્ઠ. આથી બધા દેવો પોતપોતાનાં વાહન ઉપર ચાલ્યા. ગણેશજીએ ઉંદર ઉપર સવારી કરી, પણ બધાની પાછળ રહ્યા. એવામાં તેમને નારદ મળ્યા. તેમણે ગણેશજીને યુક્તિ બતાવી કે રામ નામ લખી તેની પ્રદક્ષિણા કરી જલદી બ્રહ્મા પાસે પહોંચી જાઓ. ગણપતિએ આ પ્રમાણે કર્યું અને દેવોમાં પ્રથમ પૂજ્ય થયા. આ રીતે જ્યાં થોડી યુક્તિથી ઘણું મોટું કામ થાય ત્યાં આ ન્યાયનો પ્રયોગ થાય છે.

**ગણપતિમૂષકયોગ** એટલે સારાનો નરસા સાથે સંબંધ. મોટા શરીરવાળા ગણપતિજીનું વાહન ઉંદર માનવામાં આવ્યું છે. ગણપતિ માટે અલ્પ પરિમાણ ઉંદરની સવારીનો ભાવાર્થ સમજવા જેવો છે. મૂષક (ઉંદર)નો સ્વભાવ કાપવાનો, વેતરી નાખવાનો છે. ઉંદર વસ્તુના મહત્ત્વને જાણતો નથી. ઉંદર એટલે કુતર્ક બુદ્ધિ તથા ગણપતિ એટલે સુબુદ્ધિના દેવતા. કુબુદ્ધિને સુબુદ્ધિ દબાવી દે છે એ પ્રમાણની શિક્ષા આ **ગણપતિમૂષકયોગ**થી મળે છે.

## ભાષા વૈભવ

# પાંચનો મહિમા

ચોથ પછી પાંચમ આવે. **પાંચ આંગળીએ પૂજવું** એટલે સારી સેવા ભક્તિ કરવી, ઘણી ભક્તિ કરી ઈશ્વરની મહેરબાની મેળવવી, શ્રદ્ધાથી પરમેશ્વરને ભજવા એવા અર્થ છે. પંચ બોલે તે પરમેશ્વર એટલે અનેક લોકો કહે એ સાચું. પાંચ ભાષામાં અલગ અલગ ભાવ પ્રગટ કરે છે. **પાંચ પાપઃ** ચૂલો, ઘંટી, સાવરણી, ખાંડણિયો અને પાણિયારું એ પાંચ સાધનમાં જાણે-અજાણે જીવાત મરતી હોવાથી તે પાંચ પાપ ગણાય છે. **અમ્લ પંચક** એટલે ખાવાની પાંચ ખાટી વસ્તુ જેમાં બોર, દાડમ, કોકમ, ચૂકો અને અમ્લવેતસનો સમાવેશ હોય છે. અમ્લવેતસ આયુર્વેદમાં વર્ણવેલી મહત્ત્વની અને ગુણકારી ઔષધીય વનસ્પતિ છે. સ્વાદમાં ખૂબ જ ખાટી અને પાચનતંત્રના રોગો માટે ગુણકારી ગણાય છે. ચૂકો એટલે એક જાતની વનસ્પતિ. તેની ખાટી ભાજી થાય છે. **ક્ષાર પંચક** એટલે ખાખરાનો, કમળનો, જવનો, તલસરાંનો ક્ષાર અને સાજીખાર. તલસરાં એટલે તલ ખંખેરી લીધેલા છોડવા. સાજીખાર એટલે સોડા બાય કાર્બ જે રસોઈમાં વપરાય છે. **દેવ પંચક** એટલે ગણપતિ, ગૌરી, ભાનુ, હરિ અને હર એમ પાંચ દેવનો સમૂહ. **મિત્ર પંચક** એટલે ઘી, મધ, ગૂગળ, ચણોઠી અને ટંકણખાર. ગૂગળ એટલે બાળતાં સુગંધ આપનારો એક જાતનો ગુંદર. ટંકણખાર એક જાતનો ક્ષાર છે. આ પાંચેય વસ્તુ શરીરને સાથ આપનારી હોવાથી **મિત્ર પંચક** તરીકે ઓળખાય છે. **લવણ પંચક** એટલે સિંધાલૂણ, સંચળ, બિડલવણ, વરાગડું અને દરિયાનું મીઠું.



બિડલવણ એટલે એક જાતનું બનાવટી મીઠું. લવણની સાથે પ્રસારણીના કલ્કનો સંજોગ કરી તેને અગ્નિ આપવાથી બિડલવણ તૈયાર થાય છે. પ્રસારણી એટલે એક જાતની લતા અને કલ્ક એટલે એ લતાના ફૂલ. વડાગરું એટલે એક પ્રકારનું મીઠું. **સુગંધી પંચક** એટલે કેસર, અગર, કપૂર, કસ્તૂરી અને ચંદન. અગર એટલે ભુટાન, આસામ, બાંગ્લાદેશ વગેરે સ્થળે થતું સુગંધી લાકડાવાળું વૃક્ષ. જોકે પંચક શુભ નથી માનવામાં આવતું. દર ૨૭ દિવસે કુંભ અને મીન રાશિમાં ચંદ્ર આવે ત્યારે તે પાંચ દિવસ પંચકના કહેવાય છે. આ પંચકમાં શુભ કર્યો કરવાની મનાઈ છે. એવી માન્યતા છે કે પંચક દરમિયાન શરૂ કરેલાં કાર્યોમાં અવરોધો આવે છે અથવા તેનું અશુભ પરિણામ મળી શકે છે. ■

# ગૂગલ સર્ચ બેસ્ટ કે AI?

### પરિણામથી લઈને પ્રોસેસ સુધીનાં દરેક પગલામાં છે મોટો તફાવત

## ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

ઈન્ટરનેટ પર કોઈપણ વિષયને સર્ચ કરવાની શૈલી બદલાઈ રહી છે. ખાસ કરીને મોબાઈલમાં AI ટુલ્સ આવતા સર્ચ કરવા માટેનો એક બેસ્ટ વિકલ્પ મળી રહ્યો છે. કઠિન સવાલના સરળ ભાષામાં જવાબ અને યોગ્ય વેબસાઈટની લિંકથી ઘણા કામ કરવા હવે ગણતરીની મિનિટનો ખેલ છે. ઘણીવાર એવો સવાલ થાય : ગૂગલ સર્ચ બેસ્ટ છે કે AI.?



ભરસોપાત્ર પરિણામ ક્યુ એ પણ મુદ્દો છે, હકીકતથી ખૂબ નજીક હોય એવી લિંક્સ અને માહિતી દરેક વ્યક્તિ સ્વીકારે છે. ઈન્ટરનેટ શરૂ થયાને સતત ૨૫ વર્ષ સુધી સર્ચ કરવા માટેનો એકમાત્ર બેસ્ટ વિકલ્પ ગૂગલ સર્ચ હતું. આ સાથે બીજી સર્ચ એન્જિન વેબસાઈટ તો હતી જ, છતાં સૌથી વધારે ભરોસો લોકોને ગૂગલ સર્ચ પર રહ્યો છે. ગૂગલ પર કીવર્ડ દ્વારા સર્ચ કરવું, નીચે આવતી લિંકસની લિસ્ટમાં જવાબ શોધવા આ એક પરંપરાગત શૈલી હતી.

હવે આ રીતમાં પરિવર્તન આવી રહ્યું છે. ખાસ કરીને યુવાવર્ગમાં, લોકો ડાયરેક્ટ જે તે સવાલ કરીને સીધા જ AI ટૂલ્સ પર જવાબ મેળવે છે.

મુદ્દો પરિણામની વિશ્વસનીયતા પર આવીને અટકે છે. આ માટે પણ હવે લોકો જે તે પુસ્તકનો સંદર્ભ ચકાસે છે અને જે તે મીડિયા રિપોર્ટને ટાંકીને એક સરસ પોતાનો રિપોર્ટ તૈયાર કરે છે. ચેટજીપીટી, પરપ્લેક્સસિટી, ગૂગલ જેમિની, ડિપસેક, ઓપન એઆઈ જેવા ટુલ્સની એપ્લિકેશન મોબાઈલ પર આવતા હવે સર્ચ કરવા માટે ભાગ્યે જ કોઈ સાઈટ સુધી પહોંચે છે. કમ્પ્યુટર કે લેપટોપ જેવી સિસ્ટમ પર બેઠેલા લોકો હજુ ફર્સ્ટ ચોઈસ ગૂગલ સર્ચને આપે છે. ગૂગલમાં પણ હવે પહેલા AIમાં સર્ચ થાય છે અને પછી લિંક્સનું લિસ્ટ આવે છે. ગૂગલે પણ હવે ડાયરેક્ટ લિંક આપવાનું બંધ કરી દીધું છે. જોકે ગૂગલ સર્ચ અને AIની સર્ચ પેટન્ટ બિલકુલ અલગ છે. ગૂગલ સર્ચ આજે પણ કીવર્ડ બેઝ્ડ સિસ્ટમને અનુસરે છે. જ્યારે કોઈ સવાલ ટાઈપ કરવામાં આવે છે તો ગૂગલ પહેલા લાગતા-વળગતા અને સૌથી વધુ એને સર્ચ રૂપે મળેલા શબ્દો જેમાં હોય તે વેબપેજ સર્ચ કરે છે. ઘણીવાર પરિણામમાં જે તે શબ્દ ન હોય એના નજીકનો શબ્દ હોય તો પરિણમમાં નીચે એ શબ્દને ભૂંસાયેલો પણ બતાવે છે.

AI સર્ચ એક લેંગ્વેજ મોડલ છે. ટૂલ્સ પહેલાં ઈન્ટરનેટ પર રહેલી તમામ સંબંધિત જાણકારીને ભેગી કરે છે. આ માટે ટુલ્સ પોતે અલગ અલગ વેબસાઈટમાં જઈને સર્ચ કરે છે. એટલા માટે આપણે કોઈ જુદી જુદી સાઈટમાં અંદર જવાની જરૂર પડતી નથી. ઘણીવાર તે જે તે રિસોર્સની લીંક પણ આપી દે છે. આ એ જ લિંક હોય જેમાં સર્ચ કરવા માટે આપેલા વિષયની મહત્તમ જાણકારી હોય. જવાબ રૂપે આપેલી માહિતીને તે લિંક સાથે મેચ પણ કરી શકાય છે.

હવે આવે છે વાત ભાષાની. ગૂગલમાં જે ભાષામાં સર્ચ કરો એ જ ભાષામાં જવાબ મળે. AIમાં પણ એવું જ છે પણ તફાવત ત્યાં છે જ્યારે AIમાં તે ચોક્કસ ફોર્મેટને અનુસરે છે. ગૂગલમાં આવું કોઈ ફોર્મેટ નથી આવતું. તે લિંક્સનો ઢગલો કરી દે છે અને પછી એમાંથી સર્ચ આપણે કરવું પડે છે. જ્યારે AI ડાયરેક્ટ જે તે ભાષામાં જવાબ આપે છે. જોકે ટેક એક્સપર્ટ એવું કહે છે કે, બને ત્યાં સુધી અંગ્રેજીમાં જ સર્ચ કરવું જોઈએ, જેથી દુનિયાભરની વિગતનો એક મોટો અવકાશ મળી રહે. પછી તેનું સરળતાથી ભાષાંતર તો કરી જ શકાય છે.

AIના સર્ચનું જોખમ એ છે કે, તે ક્યારેક ભરાવી પણ દે છે. ખોટી એવી વિગત આપી દે છે કે, આંખ બંધ કરીને વિશ્વાસ કરીએ તો ખોટું પડે. ચેટજીપીટી અને જેમિની જેવા ટૂલ્સ નીચે લખેલું આવે છે કે, 'ટૂલ્સ ભૂલ કરી શકે છે એટલે ધ્યાન રાખીને સર્ચ કરવું.' ભ્રામક જાણકારી પણ તે ભરોસાપાત્ર રીતે એવી રીતે આપી દે છે કે ઘડીકમાં લાગતું નથી કે, આ ખરેખર શું છે. ગૂગલ સર્ચમાં યુઝર જુદા-જુદા રિસોર્સને ચકાસી શકે છે. AIમાં આવેલા જવાબમાં કોઈ સોર્સ નથી દેખાતા. જે લિંક તે આપે છે એ એક જ રિસોર્સની હોય છે. સંવેદનશીલ માહિતી અને એક્યુસેરીના મામલે હજુ પણ એક વર્ગ એવો છે જે અખબાર, પ્રિન્ટ મીડિયા, પુસ્તકો અને સંદર્ભ ગ્રંથનો સહારો લે છે.

હવે સવાલ થાય કે, બેસ્ટ ક્યું? એડ્રેસ, દુકાનનો સમય, ઓફિશિયલ વેબસાઈટ, લિંક, ફેક્ટચેક માટે ગૂગલ સર્ચ બેસ્ટ છે. રિસર્ચ, ડેટા પ્રોડક્શન, તુલના, ઈન્ફોગ્રાફિક્સ, મલ્ટિમીડિયા એ માટે AI બેસ્ટ છે. ■

**આઉટ ઓફ ધ બોક્સ**

*એન્ડ્રોઈડનો લોગો ગ્રીન રોબોટ છે જે વર્ષ ૨૦૦૭માં રોલઆઉટ કરાયો હતો.*

# બક્ષિસખતમાં માતા-પિતાનાં ભરણપોષણની શરતો સ્પષ્ટપણે હોવી જોઈએ?

## મિલકતની નોંધપોથી

નજમુદ્દીન મેઘાણી (એડવોકેટ)
feedback@bombaysamachar.com

આનો સ્પષ્ટ જવાબ છે : ના. જમીન-મિલકત ખરીદ-વેચાણનાં વ્યવહારની જેમ જમીન-મિલકતને બક્ષિસ કરવી, ગીફ્ટ કરવી જેવા વ્યવહાર પણ આજકાલ વધી રહ્યા છે. તેમાંય ખાસ કરીને માતા-પિતા પોતાની આયુ અને પોતાના દ્વારા મિલકતની વહીવટી સરળતાઓ રહે અને વયોવૃદ્ધ ઉંમરના કારણે કુટુંબના સભ્યો પ્રત્યે સ્નેહ અને લાગણીને વશ થઈ માતા-પિતા પોતાની હયાતીમાં જ જમીન/મિલકત બક્ષિસ કરી દેતાં હોય છે.

આ રીતે માતા-પિતા દ્વારા સ્થાવર મિલકતની બક્ષિસ દસ્તાવેજ કરી દેવાથી અને બક્ષિસ સ્વીકારનારના નામે બક્ષિસ દસ્તાવેજ થઈ ગયા હોવાથી માતા-પિતાની કાળજી અને સાર-સંભાળમાંથી એમનાં સંતાન જવાબદારીમાંથી છુટી શકે નહીં.

સિનિયર સિટિઝન્સ દ્વારા દેખભાળ કરવાની શરતો બક્ષિસ દસ્તાવેજોમાં ઉલ્લેખ ન પણ હોય, છતાં સંતાનોની માતા-પિતા પ્રત્યેની નૈતિક ફરજ અને જવાબદારી બને છે.

'બક્ષિસ' એટલે તે સ્વેચ્છા પૂર્વક અને પોતાની રાજીખુશીથી તેમજ કોઈપણ જાતના અવેજ વગર કરવામાં આવેલી હોવી જોઈએ અને તેવી 'બક્ષિસ' જે વ્યકિતને પ્રાપ્ત થતી હોય તે વ્યકિતએ પણ રાજીખુશીએ તે સ્વીકારેલી હોવી જોઈએ. એમ બક્ષિસનો વ્યવહાર અસર-પરસની સોંપણી અને સ્વીકાર ઉપર નિર્ભર રહેલ છે. તેમ જ સ્થાવર મિલકતની 'બક્ષિસ' સ્ટેમ્પ એકટ તથા રજિસ્ટ્રેશન એકટની જોગવાઈ મુજબ કાયદેસર રીતે સબ-રજિસ્ટ્રારશ્રી સમક્ષ નોંધાયેલી હોવી જોઈએ.

માતા-પિતાને એમ હોય કે જે વ્યક્તિને તે મિલકત બક્ષિસ કરે છે તે વ્યક્તિ તેની પૂરેપૂરી કાળજી અને સાર-સંભાળ લેશે, પરંતુ કેટલાક સંજોગોમાં બક્ષિસ દસ્તાવેજ થયા બાદ તે બક્ષિસ સ્વીકારનાર દ્વારા માતા-પિતાનું યોગ્ય રીતે દેખરેખ રાખતા નથી કે સાર-સંભાળ લેતા નથી. તેમ જ બક્ષિસ સ્વીકારનાર એમ માની બેસે છે કે, સ્થાવર મિલકતનો બક્ષિસ દસ્તાવેજ રજિસ્ટર્ડ થઈ ગયો છે અને તે મિલકતના એકમાત્ર માલિક બની ગયા છે, પણ માતા-પિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ તેમ જ કલ્યાણ અધિનિયમની જોગવાઈ જોતા કુટુંબના માતા-પિતાની પૂરેપૂરી કાળજી અને સાર-સંભાળ રાખવાની જવાબદારી કુટુંબના સભ્યની હોય છે.

આમ, માતા-પિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ તેમ જ કલ્યાણ અધિનિયમની જોગવાઈ સુસંગત શરતોને બક્ષિસખતમાં ફરી ફરીને સ્પષ્ટપણે લખવાનો આદેશ આપતી નથી, તેમજ આવી શરતોના ઉલ્લેખને ફરજિયાત ગણવાનું આ લાભપ્રદ જોગવાઈ પાછળ રહેલા કાનૂની ઈરાદાને જ નિષ્ફળ બનાવી મુકશે. જેથી માતા-પિતા દ્વારા કરવામાં આવતા બક્ષિસખતમાં તેમનાં ભરણપોષણની શરતો સ્પષ્ટપણે લખાયેલ ન હોય તો પણ કુટુંબના સભ્યોની માતા-પિતા (વડીલો)ના ભરણપોષણ તથા સાર-સંભાળ રાખવાની કાનૂની જવાબદારી છે અને એમ જો ન થાય તો તે કાનૂની ફરજ અને જવાબદારીનો ભંગ ગણાય. આવા સંજોગોમાં નામદાર કોર્ટ કુટુંબના સભ્યને માતા-પિતા(વડીલ)ની ભરણપોષણ/સાર-સંભાળ રાખવાનો આદેશ કરી શકે છે.

(સંદર્ભઃ તર્જિંદર સિંઘ બક્ષી વિ. દલજીત કૌર નામદાર દિલ્હી હાઈ કોર્ટ) ■

## ૬. પરચુરણ

■ અંધેરી રીક્રીએશન ક્લબ, ભવન્સ કોલેજ નજીક, અંધેરી પશ્ચિમનું આજીવન સભ્યપદ મેળવવાની દુર્લભ તક. આવી જ કલબના ઓરિજ ખર્ચ. સુસજ્જિત, સારી જાળવણી. સંપર્ક: 9820057703. (૧૩૬૧-એ)

## ૯. લગ્ન સંબંધી

**39 વર્ષ સુધીની**

સુશિક્ષિત, સંસ્કારી મહિલા જુહુના વેલસેટલ્ડ વૈષ્ણવ માટે જોઈએ છે. 9324570328. (દહેજ નહીં.) (બી-૧૮૧૦૧)

■ અમેરિકામાં 1992, BEMS, હેન્ડસમને ક્વોલીફાઈડ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૩૬૭-ઈ)

■ એટલાન્ટામાં 1994, MIS Computer, 6'2", હેન્ડસમને કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૩૬૭-ઈ)

■ Ph.d., 1986 બ્યુટીફુલ એક્ટિવ કચ્છી જૈનને ક્વોલીફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૩૬૭-ઈ)

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૩૪૮-સી)

**DESI JODI**

Matrimony Services (New Jersey, America) Roshni Joshi. Whatsapp - 0017187556940. (No Dowry) (1318-C)


**SAPTPADI**

Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry) (1342-A)

## ૧૨. યાત્રા સહેલગાહ

**કોસબાડ દહાણુ**

કુદરતનાં ખોળે ડુંગરની ટોચે, શ્રી મલ્લીનાથ જૈન તીર્થમાં સેવા, પૂજા, દર્શન માટે પધારો. ચૈત્યપરિપાટી, ગ્રૂપો માટે ધર્મશાળા, ભોજનશાળાની સુંદર વ્યવસ્થા ઉપરાંત તીર્થમાં સિદ્ધચક્ર પૂજન 50 વ્યક્તિઓનાં બપોરનાં જમણવાર સાથે ફક્ત ₹ 28500/- નકરામાં ભણાવવાની ઉત્તમ તક. બુકિંગ - વિગત માટે: પૂનમબેન 9226297975/ સેજલબેન 9820119529. (એસડીબી-૩૫૦૨)




(B-18083)

## ૧૪. નોકરી ખાલી છે

**આવક વધારો**

(વય: 25-65), પાર્ટ/ ફુલટાઈમ, આકર્ષક આવકની સંધી, તાલીમ/ સંપૂર્ણ માર્ગદર્શન:- 9920062154. (૧૩૫૧-એ)

## ૧૪. નોકરી ખાલી છે

**REAL ESTATE**

Sales Wanted 10 Male Candidates to Work at a Reputed Real Estate Company at Juhu Scheme earn 10 Lacs annually, on Commission basis. Field Job 10 am to 7 pm Profile - Site Visits, Inspections, Meetings Whatsapp CV 9819554066. (1368-A)

**PURCHASE ASSISTANT**

FOR ELECTRONIC EQUIPMENT MANUFACTURING CO.

AT LOWER PAREL (WEST)

WITH MINIMUM 5 YEARS OF EXPERIENCE.

EMAIL RESUME: hdg251940@gmail.com

(SDB-3529)

## ૧૭. જગ્યા આપવી છે

**કાંદિવલી (વેસ્ટમાં)**

નવામાં, રેડીમાં 2 બેડરૂમ (705' - કાર્પેટ), ફુલ્લી ફર્નિશ્ડ (વીથ ઈલેક્ટ્રોનિક્સ), હાયર ફ્લોર, બ્રોકર્સ આવકાર્ય. 9320424455. (૧૩૨૨-એ)

**મુલુન્ડ (વેસ્ટ)**

2 BHK, 705 ચો. ફૂટ અને 3 BHK, 951 ચો. ફૂટ ફ્લેટ સાથે 2 સરફેસ પાર્કિંગ 2-વે રેમ્પ પોડિયમ પર. વાલજી લધા રોડ. ફિટ-આઉટ રેડી પઝેશન. સંપર્ક- 9930333456 (P51800055546). (૧૩૫૭-એ)

**કાંદિવલી (વેસ્ટ)**

સ્ટેશન થી 5 મિનિટ

મુનિસુવ્રત ટેરેસ પાસે, 2 પાર્કિંગ સાથેના

**1 RK અને 1 BHK**

સંપૂર્ણ ફર્નિશ્ડ જોડી ફ્લેટ્સ

(હાલમાં 3 BHK તરીકે વપરાશમાં) ઉપલબ્ધ છે.

સિંગલ ફ્લેટ પણ અલગથી મળી શકશે.

બિલ્ડિંગમાં રીડેવલપમેન્ટની વાતચીત ચાલી રહી છે.

સંપર્ક : 83695 56755

(બી-૧૮૦૯૮)

**ઘાટકોપર ઈસ્ટ-વેસ્ટ**

૧ થી ૫ બેડરૂમના ફ્લેટ્સ, ઓફિસ, દુકાન, રેડી, બંધાતામાં, લેવા, વેચવા, ભાડેથી હિતેશભાઈ 9920927958, 9820008003 Since 1992. (એસડીબી-૩૫૨૦)

**ખાર (વેસ્ટ)**

લક્ષ્મી નગર સોસાયટી - માત્ર ગુજરાતીઓ માટે - ૨ બેડરૂમ એરિયા ૮૬૫' કાર્પેટ, ૩ બાથરૂમ સાથે, ૩ બેડરૂમ એરિયા ૧૧૫૦' કાર્પેટ, તદન નવા બિલ્ડિંગમાં, વ્યવસ્થિત પાર્કિંગ, જીમ, એરકન્ડીશન્ડ લોબી, તુરંત વેચવાના. ઓનર:- ૯૮૨૦૧૫૬૧૩૩. (બી-૧૮૦૫૨)

**વેચાણથી**

અંધેરી વેસ્ટ ૨ બેડરૂમ ૭૧૧, ૬૨૫, પાર્લા ઈસ્ટ ૨ ૧/૨ BHK પાર્લા વેસ્ટ 3 BHK, પવઈ ૨૦૦૦ રીડેવલપ પ્લોટ વેચવાનો જીતુભાઈ શાહ 9820613128. (એસડીબી-૩૫૧૭)

■ સ્પેશ્યાલીસ્ટ ચિંતનભાઈ GHATKOPAR, VIDYAVIHAR, CHEMBUR, વેચાણથી/ ભાડેથી, RESIDENTIAL, COMMERCIAL. 9321234567. (૧૧૯૪/સી)

**વિરારમાં**

1 બેડ 390 / 4000000/- 2 બેડ 490/ 5500000/- શોપ 115 / 20000000/ - તેજસ એસોસિયેટ્સ 8806349777. (બી-૧૮૦૯૬)

**REDEVELOPMENT ગયેલા**

બિલ્ડીંગોમાં ફ્લેટ, શોપ અમારા ઈન્વેસ્ટર્સ માટે જોઈએ છે. (પેમેન્ટ રેડી છે.) 7666644727. (૧૩૭૭-જી)

**HEAVY DEPOSITE**

નાલાસોપારા (ઈસ્ટ) તુલીજ રોડ, રાધેકિષ્ણા હોટલની સામે, 2 બેડરૂમ (લિફ્ટ નથી). 9 લાખ હેવી ડીપોઝીટથી આપવાનો. (ઓનર) 7666644727. (૧૩૭૭-એચ)

**ઈન્ડિયાબુલ્સ પ્રભાદેવી**

સ્કાઈ ફોરેસ્ટ, 4.5 બેડરૂમ, 2450' કાર્પેટ, મિડલ ફ્લોર, સુપર્બ કરેલ, રેડી ટુ મુવ ઈન, બધી સુવિધાઓ - એમેનિટીઝ, આકર્ષક ભવ્ય લોબી, 16.50 કરોડ. ફોટો વિડિયો - ઉપલબ્ધ, સુભાષ શાહ 9833312345 / 8422012345. (૧૩૮૪-એ)

**જે વી પી ડી ગુલમોહર**

4/5 બેડરૂમ 2000/ 2500/ 2850/ 3200/ 3700 કાર્પેટ તૈયાર કબજો/ અન્ડર કન્સ્ટ્રક્શન હાયર ફ્લોર બધી સુવિધાઓ પૂલ, બેન્ક્વેટ, જીમ, મીની થિયેટર, પિકલ બોલ કોર્ટ - ઓપન વ્યૂ - 50000 થી 75000 psf "MIHIR" 7021919015. (૧૩૬૭-એ)

**વિલેપાર્લે (ઈસ્ટ)**

3/ 4/ 5/ 6 બેડ 1000'/ 1500/ 2000/ 2500' જૈન મંદિર પાસે સ્વિમિંગ પૂલ સાથે, જીમ, બેન્કવેટ, ગાર્ડન, 45,000 psf (નિગોશિએબલ) "MIHIR" 7021919015. (૧૩૬૭-બી)

## ૧૭. જગ્યા આપવી છે

**જુહુ સર્કલ**

ડી એન નગર @ પ્રોજેક્ટ્સ સાથે ઈન્ફિનિટી પૂલ, જીમ, ટેરેસ, ગાર્ડન, બેન્ક્વેટ, ઈન્ડોર ગેમ્સ, મીની થિયેટર, ક્રિકેટ ટર્ફ, 3 બેડ 1100/ 1200 4 બેડ 1600/ 2000 5/ 6 બેડ 2200 થી 2500 @ 42000 psf. 12-18 મહિનામાં કબજો "MIHIR" 7021919015. (૧૩૬૭-સી)

**સાન્તાક્રુઝ/ ખાર**

લક્ઝરી પ્રોજેક્ટ્સ 3/ 4/ 5/ 6 બેડ/ પેન્ટહાઉસ, ઈન્ફિનિટી પૂલ, જીમ, બેન્ક્વેટ, મીની થિયેટર, ટેરેસ ગાર્ડન, 2000 થી 6000 કાર્પેટ, મધુપાર્ક પાસે, લિંક રોડની સામે, સી વ્યૂ, એમ્પલ સરફેસ પાર્કિંગ. બજેટ 10-30 કરોડ. "MIHIR" 7021919015. (૧૩૬૭-ડી)

**સી ટચ ફ્લેટો**

એક્સક્લુઝિવ સી ફેસિંગ ૧૮૦ ડિગ્રી સમુદ્રનો નજારો સાથેના પ્રોજેક્ટ્સ. પ્રાઈમ લોકેશન્સ: જુહુ, વર્સોવા, કાર્ટર રોડ, બેન્ડસ્ટેન્ડ, પાલી હિલ, પ્રભાદેવી, વર્લી ૩૦૦૦ થી ૧૦,૦૦૦ કાર્પેટ સિંગલ ફ્લોર પર. ૨૦+ સુવિધાઓ: બેન્ક્વેટ, ઈન્ફિનિટી પૂલ, જીમ, ગેમઝોન, બજેટ ૨૫-૧૦૦. માત્ર સાચા ખરીદદારો "MIHIR" 7021919015. (૧૩૬૭-ઈ)

**Borivali West**

**HUGE 3Bhk**

With Balcony

Brand new Untouched

1196 Sq ft - Nr Devidas lane

Price: 5.25cr

મોટા બજેટ વાળાજ કોલ કરો

Borivali Kandivali Malad 3-4-5 BHK 3+3 BHK

Call Raj Soni: 73040 62862

Instagram @RAJSONIREALTY

(૧૩૫૩-સી)

**Rustomjee Elements**

જુહુ સર્કલ પાસે સુવિધાઓ સાથે 3 એકર, 5 BHK 3800' @ 42 કરોડ, 4 BHK, 2350' @ 21 કરોડ. "MIHIR" 7021919015. (૧૩૬૭-એફ)

**Kalpataru Solitaire**

જુહુ સ્કીમ સુવિધાઓ સાથે 1 એકર, 3600' ફ્લેક્સ 32 કરોડ, 3 BHK 1900' 13 કરોડ, "MIHIR" 7021919015. (૧૩૬૭-જી)

**વિલે પાર્લે (વેસ્ટ)**

તૈયાર કબજો સંપૂર્ણપણે સજ્જ 3 BHK 1300' 6 કરોડ, 3.5 BHK 1400' 6.5 કરોડ, 4 BHK 1700' 8.5 કરોડ, તેમજ 2000/ 2200'/ 2500'/ 3000' પૂલ, જીમ, ટેરેસ, ગાર્ડન, ઈન્ડોર ગેમ્સ સાથેના પ્રોજેક્ટ્સમાં કબજો 1 વર્ષ. "MIHIR" 7021919015. (૧૩૬૭-એચ)

**ANDHERI**

બજેટમાં સ્ટેશન નજીક Flats / Offices લેવા વેચવા 9820601794 Bharat Mayani. (એસડીબી-૩૫૧૧)

**અંધેરી - પાર્લા (વેસ્ટ)**

1-2 BHK ગાર્ડન ફેસીંગ (450' - 820') ઓનરશીપથી. હરેશ કટારિયા 9820703801. એજન્ટ. (૧૩૮૦-એ)

- LE, VECH, RENT, LODHA Upper Thana Mankoli 9767318010, 9374718010 Ketaan Patel Broker. (B-18109)

**BYCULLA, INVESTORS UNIT**

Luxurious Spectacular Interiors, Ready OC Units Palatial Size, Great Views 3100 cpt 17 Cr., 2500 cpt 12 Cr. 12 Acre Township Pool, Gym Play Area Beach Volleyball, Banquet, Largest Clubhouse +918976908501. (B-18053)

**JUHU - GULMOHAR**

3 BHK -1240/ 1458/ 1537/ 1626 Carpet area Exclusive Ready Possession with OC and All Amenities - 50 k to 60 k psf negotiable Prices Mihir - 7021919015. (1367-I)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399, જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૨૯૨-સી)

**BHIWANDI SARAVALI**

MIDC, Ground - 23500 & First 23500 available 500 HP Power Outright available for Sale. Contact - Shah - 9823617052. (1385-A)

**WALIV, VASAI**

Independent Well Maintained Industrial Building for Sale. G+2 - 50,000+ sq ft. 400 HP with Conveyance, 7/12, Ferfar, for Immediate Possession. Ideal for Electrical, Pharma M/C, Plastic, Light Engg Industry, 9821161388. (B-18064)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**REQUIRE**

Industrial Premises on Rent / Outright area 8000 sqft to 15000 sqft in Andheri to Borivali 9167723483 / 9869070123. (1373-C)

**વસઈ**

ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી

રૂષભ ઉપાધ્યાય 9049625073

હિતેષ ઉપાધ્યાય 9326470109

(એસડીબી-૩૫૨૧)

## ૨૦. ધંધાદારી જગ્યા

**બોરીવલી (વેસ્ટ)**

યોગી નગર અને એક્સર રોડના જંકશને જુના ભાડામાં 250' કારપેટ (ટ્રાન્સફર સાથે 68,00,000/-) 7666644727. (૧૩૭૭-એફ)

■ ગોરેગાંવ વેસ્ટમાં ૨૫૦ ચોરસ ફૂટની ૨ ઓફિસ જગ્યાઓ ઉપલબ્ધ છે. સ્થળ: ૧૧/૧૨, આઝાદ શોપિંગ સેન્ટર, બીજો માળ, ગોરેગાંવ સ્ટેશન વેસ્ટની સામે, મુંબઈ. જોવા માટે સંપર્ક અંકિત ઠક્કર 9702507878. (બી-૧૮૦૮૪)

**ઘાટકોપર (ઈસ્ટ)**

દામજી શામજી કોર્પોરેટ સ્ક્વેર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200' - 2000' ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578/ 9987254333. (૯૮૦-સી)

**JUHU/VILEPARLE/ ANDHERI**

Exclusive Commercial, High End Glass Facade Bldg. with Ramp and Terrace Garden Choice of Over 10 RERA Registered Projects Offices 500 to 8000 sqft, Retail Showroom 5000 to 20000 sqft Mihir 9819554066. (1368-D)

**CHURCHGATE**

One Office for Rent 60000 Carpet 230 Fully Furnished Jolly Bhavan No. 1 New Marine Lines Whatsup 70218 31500. (B-18097)

## ૨૩. મનોરંજન

**સાઉથ મુંબઈ**

વર્ષના કુલ 6 નાટક, અત્યારે માત્ર 1000/- ભરીને મેમ્બરશિપ મેળવો. (First 350 Entries) 9619538663, 9820419608. (બી-૧૮૦૮૭)

**વેસ્ટર્ન સબર્બ**

વર્ષના કુલ 10 પ્રોગ્રામ, અત્યારે માત્ર 1000/ - ભરીને મેમ્બરશિપ મેળવો. (First 350 Entries) 9619538663, 9820419608. (બી-૧૮૦૮૬)

**પ્રાર્થના - 4500/-**

ગણપતિ, નવરાત્રી દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થડે, એનિવર્સરી. કમલેશ માંડલીયા:- 9820889938. (૧૩૬૪-એ)

## ૨૭. ઔષધ ઉપચાર

■ "ઓપરેશન વગર" ગોલ્બ્લેડર/ કીડની સ્ટોન વનસ્પતિનાં અર્કથી પેશાબથી આઉટ. 9137725086. (બી-૧૭૯૮૮)

## ૩૨. જમીન - મિલકત

■ સુરતમાં પ્લોટમાં રોકાણ, સુરતમાં પ્રતિષ્ઠિત ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં રોકાણ કરવાની સોનેરી તક. ગુજરાત સરકારની ટેક્સટાઈલ પોલીસીનો લાભ પણ 42x130ના દસ્તાવેજવાળા પ્લોટ્સ ધ્લસાણામાં cetp સુવિધા સાથે 9773413847. (બી-૧૮૧૦૮)

■ જોઈએ છે 30-40 એકર જમીન સારા લોકેશન અને વાતાવરણ ધરાવતા વિસ્તારમાં ફાર્મ હાઉસ રીસોર્ટના પ્રોજેક્ટ ડેવલોપમેન્ટ (સંયુક્ત રીતે જોઈન્ટ વેન્ચર) માટે (જમીનની મહત્તમ કિંમત ૩૦ લાખ પ્રતિ એકર) Mobile- 9825015507. (બી-૧૮૧૦૭)

**૧,૦૦,૦૦૦ ફૂટ પ્લોટ વેચવાનો.** જગત તપોભૂમિ. બનાવેલું પ્રચલિત મંદિર, ગૌશાળા (તાનસા નદી કિનારે તીર્થ) દ્રાક્ષના કાલી હલદી વૃક્ષો, [ચમત્કારિક પ્રાચીન કલ્પવૃક્ષ] ઘણું બધું. હાઈવે ટચ, વિરાર (ઈસ્ટ) ટોલનાકા પાસે. 8108156699. (૧૩૭૭-સી)

**જમીનપાત્ર મિલકત**

દહાણુ તાલુકામાં આવેલ દહાણુ અંબેસરી ગામ - મુંબઈ, અમદાવાદ હાઈવેથી માત્ર 8 કિમીના અંતરે, અંબેસરી ગામ દેરાસર પાસે 52 એકર ખેતીલાયક જમીન, નિર્વિવાદ માલિકી / સ્પષ્ટ માલિકી સાથે ઉત્તમ જમીન, કૂવો (બારે મહિના પાણી પુરવઠા સાથે) વેચાણથી ઉપલબ્ધ છે. સંપર્ક: રવિન્દ્ર શાહ: 9820042314, હસમુખભાઈ: 9322201223, કીર્તિભાઈ: 9987347614. (જેપી/૪૫૭૯-એ)

## બીએસપીમાં ભત્રીજાઓને કોઈ હોદ્દા નહીં: માયાવતી

લખનઊ: બહુજન સમાજ પાર્ટી(બીએસપી)નાં વડાં માયાવતીએ શનિવારે પોતાનો અંતિમ નિર્ણય ગણાવતા કહ્યું કે તેમના ભાઇ આનંદ કુમારના પુત્રો આકાશ આનંદ અને ઇશાન આનંદને પાર્ટીમાં કોઇ રાજકીય હોદ્દા આપવામાં આવશે નહીં. માયાવતીએ આ જાહેરાત તેમના ભત્રીજા આકાશને પાર્ટીની જવાબદારીઓમાંથી દૂર કર્યાના થોડા દિવસો બાદ કરી છે. આકાશ પાસે મુખ્ય હોદ્દાઓ હતા. પાર્ટીમાંથી તેની હકાલપટ્ટીથી ઉત્તર પ્રદેશમાં ચૂંટણીઓ પહેલા પક્ષના નેતૃત્વ સામે ઊભી થતી સમસ્યાઓ ઉજાગર થાય છે.

માયાવતીએ સોશ્યલ મીડિયા પર હિન્દીમાં એક પોસ્ટમાં કહ્યું કે તેમને દિવસ-રાત માત્ર બહુજન સમાજ પરિવારનાં હિતો અને કલ્યાણની ચિંતા રહે છે. તેમણે કહ્યું કે કાંશીરામજીની જેમ મેં હંમેશા મારા ભાઇઓ, બહેનો, પરિવારના યુવાન સભ્યો અને નજીકના સંબંધીઓને સાંસદ, ધારાસભ્ય, મંત્રી અથવા ગમે તે રાજકીય લાભવાળા પદથી દૂર રાખ્યા છે. તેમને માત્ર પક્ષના કાર્ય સુધી મર્યાદિત રાખ્યા છે. ■

## ૩૨. જમીન - મિલકત

**PLOTS REQUIRED**

Budget 100-500 Cr for A+ Category Developer minimum 2500 sqr mtr Prime Location within Bandra to Borivali and South Mumbai only Mihir 9819554066. (1368-C)

4 BHK, 3300 SQ.FT. BUILT up area Independent House Fully Furnished - on Sama Savli Road in Vadodara, Gujarat for Sale - M-9879611492. (B-18050)

## ૩૩. ધંધાદારી

**"પ્રતાપ પેકર્સ-મુવર્સ"**

53 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૯૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (બી-૧૮૦૬૩)

**હોમ મેડ મીઠાઈઓ**

માવા, ડ્રાયફ્રુટ શુદ્ધ ઘીની મુંબઈમાં મંગાવો: 9274793095 / 9427577771. (૧૩૨૬-ઈ)

**સીનીયર સીટીઝન**

10,00,000નો અનલીમીટેડ મેડીક્લેમ 31673 તથા 10000000નો લાઈફ ઈન્શ્યોરન્સ 19349, ફેક્ટરી, ફ્લેટ, બિલ્ડિંગ શોપ, હોમકાર, ટ્રક, બાઈક ઈન્શ્યોરન્સ કરીશું ભાનુભાઈ 8451922872/ 9167739876. (૧૩૫૮-એ)

**મેડિક્લેઈમ પોલિસી**

ફેમેલી ફ્લોટર મેડિક્લેમ પોલિસી ૦ થી ૧૦ એજ લિમિટ, ૧૦ લાખથી 50 લાખ અને ઉપર. ૩ વર્ષની પોલિસીમાં, EMIની સગવડતા ઉપલબ્ધ. શું આપનો દાવો LIC અને GIC માંથી નકારાયો કે વિલંબિત થયો છે? તો અમે આપને યોગ્ય વળતર મેળવી આપીશું. વિગત માટે સંપર્ક:- "દિલીપભાઈ" - 9136621227. (૧૩૭૬-એ)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**સચોટ જ્યોતિષ**

જન્મતારીખ, સમય વોટસએપ કરો. લગ્નયોગ ક્યારે- ક્યા મહિનામાં- સાલમાં થશે? તેનું માર્ગદર્શન (ફી લેવામાં નથી આવતી) વાતો ન કરો, રિપ્લાઈ માંગો. 7304586200. (૧૩૭૭-આઈ)

## ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**MODULAR KITCHEN**

Range 25000 onwards in Laminateln Acrylic 8652762577. (1386-A)

**FESTIVAL OFFER**

Interior Layout 5000/2 options 3D / 10000/ 1 Bedroom, 15000/ 2 Bedroom 8652762577. (1386-C)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, મેડિસિન, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૭૯૯૨)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તેથીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

## કાશ્મીરમાં દસ સ્થળે એનઆઈએના દરોડા

શ્રીનગર: નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઇએ) એ આતંકવાદના કેસમાં શનિવારે જમ્મુ-કાશ્મીરમાં ૧૦ સ્થળે દરોડા પાડ્યા હતા.

આ કાર્યવાહી પ્રતિબંધિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાના પાકિસ્તાન સ્થિત સંચાલકો અને તેમના સ્થાનિક 'ઓવર ગ્રાઉન્ડ વર્કર્સ' (ઓજીડબ્લ્યુ)ના કથિત નેટવર્ક સાથે સંકળાયેલા સરહદ પારના આતંકવાદી કાવતરાના સંદર્ભમાં કરવામાં આવી હતી. એનઆઇએ દ્વારા જારી કરાયેલા નિવેદન અનુસાર, આ કાવતરાને લગતા વધુ પુરાવા મેળવવા અને ઘૂસણખોરી કરનારા આતંકવાદીઓને લોજિસ્ટિકલ અને અન્ય સહાય પૂરી પાડતી વ્યક્તિઓની ભૂમિકા જાણવા માટે કુપવાડા, ફુલગામ, બાંદીપોરા, બારામુલ્લા અને સોપોરના વિસ્તારોમાં દરોડા પાડવામાં આવ્યા હતા. નિવેદનમાં જણાવાયું છે કે, દરોડા દરમિયાન કેસને લગતી વાંધાજનક સામગ્રી જપ્ત કરવામાં આવી હતી, જેની તપાસ કરવામાં આવી રહી છે અને તપાસ દરમિયાન એકત્રિત કરાયેલા અન્ય પુરાવાઓ સાથે તેની ખરાઈ કરવામાં આવી રહી છે.

આ તપાસ ૩૧ માર્ચ ૨૦૨૬ની રાત્રે એક ચેક પોઇન્ટ પર લશ્કર-એ-તૈયબા સાથે સંકળાયેલા એક ઓજીડબ્લ્યુની ધરપકડ બાદ શરૂ કરવામાં આવી હતી. તેની પાસેથી હેન્ડ ગ્રેનેડ અને જીવંત દારૂગોળો મળી આવ્યો હતો. નિવેદનમાં જણાવાયું છે કે, ત્યારબાદની તપાસમાં કાવતરા સાથે સંકળાયેલા પાકિસ્તાની નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી અને સ્થાનિક સહાયક નેટવર્કના સભ્યોની ઓળખ તથા તેમની શંકાસ્પદ ભૂમિકાઓનો ખુલાસો થયો હતો.

તપાસમાં પાકિસ્તાનસ્થિત એલઇટી સંચાલકો અને તેમના સ્થાનિક સાગરીતો વચ્ચેના જોડાણનો ખુલાસો થયો છે. ■

## અમેરિકામાં ભારતીય મૂળની મહિલાની હત્યા

લોસ એન્જલસ: અમેરિકામાં કેલિફોર્નિયાના સેક્રામેન્ટોમાં મંગળવારે ભારતીય મૂળની શાલિની ઠાકુર નામની ૩૮ વર્ષીય મહિલાનો પીછો કરીને રેસ્ટોરાંની બહાર તેની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. હત્યારાની ઓળખ ૨૨ વર્ષીય રોહિત તરીકે થઇ છે. જ્યારે એક વ્યસ્ત હાઇવે પર રોહિતને પોલીસની ટીમે ઘેરી લેતા તેણે આત્મહત્યા કરી લીધી હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે.

સેક્રામેન્ટો કાઉન્ટી શેરિફ ઓફિસ અનુસાર શાલિની સેક્રામેન્ટોના આર્ડન આર્કેડ વિસ્તારમાં એક શૉપિંગ પ્લાઝામાં કામ કરતી હતી. રોહિત નામના શકમંદે કામ પર જતી વખતે તેણીનો પીછો કર્યો અને તેની હત્યા નીપજાવી હતી. અધિકારીઓના જણાવ્યા મુજબ રોહિત ગેરકાયદે પ્રવાસી હતો. અગાઉ તેની એરિઝોનામાં અટકાયત કરવામાં આવી હતી.

અધિકારીઓએ જણાવ્યું કે શાલિની પોતાનો જીવ બચાવવા માટે ભાગી હતી, પરંતુ રોહિતે તેનો પીછો કર્યો અને ગોળીઓ મારી હતી. અધિકારીઓને શાલિની પનેરા બ્રેડ રેસ્ટોરાંની બહાર બેભાન હાલતમાં મળી આવી હતી. તબીબી ટીમે તેને ઘટનાસ્થળે જ મૃત જાહેર કરી હતી.

શાલિનીની માતા સુદેશ કુમારીએ જણાવ્યું કે રોહિત એક વર્ષથી ૩૮ વર્ષીય શાલિનીનો પીછો કરી રહ્યો હતો અને તેને હેરાન કરતો હતો. તેણીએ કહ્યું કે રોહિત તેની પુત્રી સાથે લગ્ન કરવા માંગતો હતો. પરંતુ ઉંમરના તફાવતને કારણે તેણીએ ના પાડી દીધી હતી. જેથી રોહિત રોષે ભરાયો હતો. ■

## મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝ્ડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722

DAHISAR
KENIA AD AGENCY
Mobile: 9870155993

BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.

KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.

MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 8169644470/9820735565 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.

GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899

JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.

ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960

VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941

SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.

KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675

MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.

MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Mobile: 9820809477

DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.

TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032

OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769

GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470

BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.

BYCULLA
COLOR SPOT
Mobile: 8369834661
Tel: 40032511
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.

ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.

C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500

KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755

NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.

MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070

THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269

MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105

GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819157581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116

VIDYAVIHAR
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.

CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2

BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986

NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684

## ક્લાસિફાઈડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

### ક્લાસિફાઈડ રેટ કાર્ડ

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેકસીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેકસીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે

૧લી મે, ૨૦૨૬ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૭ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# અમેરિકામાં ઑગસ્ટ મહિનાનો ફુગાવો વધતાં વ્યાજદર વધારાની શક્યતા પ્રબળ બની

## વૈશ્વિક સોનામાં સપ્તાહાંતે ઘટ્યા મથાળેથી ચમકારો, બજારની નજર ફેડરલની બેઠક પર

**કોમોડિટી**

રમેશ ગોહિલ

આંતરરાષ્ટ્રીય સ્તરે ગત સપ્તાહે અમેરિકા અને ઈરાન વચ્ચેનાં ભૂરાજકીય તણાવમાં થયેલા વધારાની સાથે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદાના ભાવમાં તેજીનું વલણ રહ્યું હતું. ક્રૂડતેલની તેજી સાથે વૈશ્વિક અર્થતંત્રોમાં ફુગાવામાં વધારો થવાની ભીતિ સપાટી પર આવવાની સાથે વધતા ફુગાવાને ડામવા માટે અમેરિકી ફેડરલ રિઝર્વ સહિતની કેન્દ્રવર્તી બૅન્કો વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા પ્રબળ બનતાં ગત સપ્તાહે વૈશ્વિક બજારમાં સોના અને ચાંદીના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું. વધુમાં સપ્તાહના અંતે શુક્રવારે અમેરિકામાં ઑગસ્ટ મહિનાના ફુગાવામાં આગલા જુલાઈ મહિનાના ૦.૧ ટકાના વધારા સામે ૦.૪ ટકાનો વધારો થયો હોવાનાં અમેરિકી શ્રમ મંત્રાલયના અહેવાલને ધ્યાનમાં લેતા બજારમાં અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ૧૫-૧૬ સપ્ટેમ્બરની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા પ્રબળ બની હતી. જોકે, અમેરિકાના ફુગાવાની જાહેરાત પૂર્વે ગુરુવારે ક્રૂડતેલના ભાવમાં ઉછાળો આવતા ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોના અને ચાંદીમાં નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં નોંધપાત્ર ઘટાડો બોલાઈ ગયો હોવાથી શુક્રવારે સોના અને ચાંદીના ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હતો. તેમ છતાં ગત સપ્તાહે વૈશ્વિક સોનામાં સાપ્તાહિક ધોરણે ૧.૫ ટકા જેટલો અને ચાંદીમાં ૨.૬ ટકા જેટલો ઘટાડો નોંધાયો હતો.

ગત સપ્તાહે સ્થાનિક ઝવેરી બજારમાં પણ વૈશ્વિક બજારને અનુસતા બન્ને કિંમતી ધાતુઓમાં બેતરફી વધઘટને અંતે ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૪ સપ્ટેમ્બરના ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૫૪,૮૮૪ના બંધ સામે નરમાઈના અન્ડરટોને રૂ. ૧,૫૨,૪૭૫ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન ઉપરમાં રૂ. ૧,૫૪,૦૨૮ અને નીચામાં સપ્તાહના અંતે રૂ. ૧,૫૧,૯૩૮ની સપાટીએ બંધ રહ્યા હતા. તેમ જ ભાવમાં સાપ્તાહિક ધોરણે ૧.૯૦ ટકાનો અથવા તો ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૯૪૬નો ઘટાડો નોંધાયો હતો. તે જ પ્રમાણે હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૯ ટચ ચાંદીના કિલોદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૪ સપ્ટેમ્બરના કિલોદીઠ રૂ. ૨,૩૫,૪૫૬ના બંધ સામે નરમાઈના અન્ડરટોને રૂ. ૨,૩૧,૪૮૯ની સપાટીએ ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૨,૨૮,૯૨૦ અને ઉપરમાં રૂ. ૨,૩૮,૫૫૬ની રેન્જમાં રહ્યા બાદ અંતે સાપ્તાહિક ધોરણે ૨.૭૭ ટકા અથવા તો કિલોદીઠ રૂ. ૬૫૩૬ના ઘટાડા સાથે સપ્તાહની નીચી રૂ. ૨,૨૮,૯૨૦ની સપાટીએ બંધ રહ્યા હતા. એકંદરે સપ્તાહ દરમિયાન બન્ને કિંમતી ધાતુઓમાં જોવા મળેલી બેતરફી વધઘટને કારણે સાર્વત્રિક સ્તરેથી માગ ખપપૂરતી રહી હતી. ખાસ કરીને સોનામાં છૂટીછવાઈ રોકાણલક્ષી અને ચાંદીમાં ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી માગ જોવા મળી હતી. અમેરિકામાં ગત ઑગસ્ટ મહિનાના પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સમાં ૦.૪ ટકાનો વધારો થયાના ગુરુવારે અહેવાલ આવતા ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં વધારાની શક્યતા પ્રબળ બનતા સોનાના વૈશ્વિકભાવમાં ભાવમાં બે ટકા જેટલો ઘટાડો આવી ગયો હતો. જોકે, ત્યાર બાદ શુક્રવારે ઑગસ્ટ મહિનાના ફુગાવામાં પણ ૦.૪ ટકાની વૃદ્ધિ થતાં ફેડરલ દ્વારા વ્યાજદરમાં વધારાની શક્યતા વધુ પ્રબળ બની હતી. તેમ છતાં આગલા દિવસે સોના-ચાંદીના ભાવમાં નોંધપાત્ર ઘટાડો આવ્યો હોવાથી નીચા મથાળેથી રોકાણકારોનું આકર્ષણ રહેતાં ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ એડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે હાલમાં મધ્યપૂર્વના દેશોમાં તણાવ અને ક્રૂડતેલના વધતા ભાવ મુખ્ય પરિબળ છે. ખાસ કરીને ક્રૂડતેલના ભાવ બેરલદીઠ ૧૦૦ ડૉલરની ઉપર પ્રવર્તી રહ્યા હોવાથી ફુગાવામાં વધારાની ચિંતા હેઠળ વૈશ્વિક નાણાકીય અને કૉમોડિટી બજારોમાં ભારે ચંચળતા જોવા મળી રહી છે. ટેક્નિકલ દૃષ્ટિએ આગામી સપ્તાહ દરમિયાન કૉમેક્સ વિભાગ પર સોનામાં ઔંસદીઠ ૪૨૮૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી છે. આ સપાટી તૂટતા ભાવ વધુ ઘટીને ૪૦૦૦ ડૉલર સુધી પહોંચી શકે છે, જ્યારે ઔંસદીઠ ૪૫૦૦ ડૉલરની સપાટી પ્રતિકારક સપાટી પુરવાર થઈ શકે છે અને ચાંદીમાં ભાવની રેન્જ ઔંસદીઠ ૫૮થી ૭૦ ડૉલરની જોવા મળી શકે છે. જોકે, સ્થાનિકમાં આગામી સપ્તાહે સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૪૫,૦૦૦થી રૂ. ૧,૫૬,૦૦૦ની રેન્જમાં અને ચાંદીના વાયદામાં ભાવ કિલોદીઠ રૂ. ૨,૨૪,૦૦૦થી ૨,૪૦,૦૦૦ની રેન્જમાં જોવા મળી શકે છે, એમ તેમણે ઉમેર્યું હતું. ગત શુક્રવારે અમેરિકાનાં ફુગાવાના ડેટાની જાહેરાત પશ્ચાત્ સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો આગામી ૧૫-૧૬ સપ્ટેમ્બરની નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદરમાં વધારો કરે તેવી ૮૭ ટકા શક્યતા વ્યક્ત કરી રહ્યા હતા. ફુગાવાની જાહેરાત પૂર્વે આ ટકાવારી ૬૭ ટકાના સ્તરે રહી હતી. જોકે, ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે ગુરુવારે સોનાના ભાવમાં બે ટકા જેટલો કડાકો બોલાઈ ગયો હોવાથી ઘટ્યા મથાળેથી માગનો ટેકો મળતાં હાજરમાં ભાવ ૧.૧ ટકાના બાઉન્સબૅક સાથે ઔંસદીઠ ૪૩૬૩.૦૧ ડૉલર અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ઔંસદીઠ ૪૪૦૮.૯૦ ડૉલરની સપાટીએ ટકેલા રહ્યા હતા અને ચાંદીના ભાવ ૧.૬ ટકા વધીને ઔંસદીઠ ૬૪.૫૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, હવે આગામી સપ્તાહે બજાર વર્તુળોની મીટ અમેરિકી ફેડરલ રિઝર્વની આગામી ૧૫-૧૬ સપ્ટેમ્બરની નીતિવિષયક બેઠકની ફળશ્રુતિ પર મંડાયેલી રહેશે. તે પૂવે ખાસ કરીને ક્રૂડતેલના ભાવ અને ડૉલર ઈન્ડેક્સની વધઘટની સોનાના ભાવ પર અસર જોવા મળશે, એવું વિશ્લેષકોનું માનવું છે.

# વિદેશી હૂંડિયામણની અનામત ૪૪.૯ અબજ ડૉલર ઉછળીને નવી ટોચે

મુંબઈ: ગત ચોથી સપ્ટેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૪૪.૯૦૩ અબજ ડૉલરના ઉછાળા સાથે વધીને નવી ૭૮૫.૭૦૬ અબજ ડૉલરની ઐતિહાસિક ઊંચી સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. આ પૂર્વેના સપ્તાહે પણ અનામત ૧૧.૪૭૫ અબજ ડૉલર વધીને ૭૪૦.૮૦૩ અબજ ડૉલરની વિક્રમ સપાટીએ રહી હતી. અગાઉ ફેબ્રુઆરીના અંતે અમેરિકા અને ઈરાન વચ્ચે ભૂરાજકીય તણાવ સપાટી પર આવતા ક્રૂડતેલના ભાવ વધી આવ્યા હતા અને સ્થાનિક ફૉરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા ધોવાણને ખાળવા માટે સમયાંતરે રિઝર્વ બૅન્કે બજારમાં હસ્તક્ષેપ કરવો પડતો હોવાથી અનામતમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું. જોકે, ગત જૂન મહિનામાં રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ રૂપિયાના ધોવાણને અટકાવવા અને અનામતનું ભંડોળ વધારવા માટે કન્સેસ્નલ સ્વેપ ફેસિલિટી શરૂ કરતાં ૧૩૬ અબજ ડૉલરનો નવો આંતરપ્રવાહ રહ્યો હતો.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૪૭.૪૯૮ અબજ ડૉલર વધીને ૬૪૮.૧૬૮ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. નોંધનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવા અન્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે. વધુમાં સપ્તાહ દરમિયાન ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત ૨૦ લાખ ડૉલર વધીને ૪.૯૧૬ અબજ ડૉલરના સ્તરે રહી હતી. જોકે, સોનાની અનામત ૨.૫૯૪ અબજ ડૉલર ઘટીને ૧૧૩.૮૧૬ અબજ ડૉલરના સ્તરે અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૪૦ લાખ ડૉલરના ઘટાડા સાથે ૧૮.૮૦૬ અબજ ડૉલરના સ્તરે રહ્યા હોવાનું રિઝર્વ બૅન્કે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

# ખાંડમાં ₹ ૭૮થી ૧૧૦નો ભાવ ઘટાડો

નવી મુંબઈ: મહારાષ્ટ્ર સહિત દેશભરની ખાંડ મિલો પર વેચવાલીના દબાણ હેઠળ ટેન્ડરોના ભાવમાં ઘટાડો આગળ ધપી રહ્યો હોવાના અહેવાલોને ધ્યાનમાં લેતા સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ આજે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૭૮થી ૯૮નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૧૦૨થી ૧૧૦નો ભાવઘટાડો આગળ ધપ્યો હતો. તેમ જ આજે મથકો પાછળ નાકા ડિલિવરી ધોરણે પણ સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના ભાવ વધુ ક્વિન્ટલે રૂ. ૫૦થી ૧૦૦ ઘટી આવ્યા હતા. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, મિલો પાછળ ભાવમાં ઘટાડાતરફી વલણ જળવાઈ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૭૮થી ૯૮ના ઘટાડા સાથે રૂ. ૪૬૫૨થી ૪૮૦૨ના મથાળે અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૧૦૨થી ૧૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૭૫૦થી ૫૦૪૨ના મથાળે ગુણવત્તાનુસાર ધોરણે રહ્યા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે આગામી ગણેશોત્સવનાં તહેવાર પૂર્વે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ પ્રબળ રહી હતી, પરંતુ મથકો પાછળ સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૫૦થી ૧૦૦ના ઘટાડા સાથે રૂ. ૪૪૫૦થી ૪૫૦૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦૦ના ઘટાડા સાથે રૂ. ૪૫૦૦થી ૪૬૦૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# નવી વર્ષ ૨૦૨૬-૨૭ની ખાંડ મોસમની ઉત્પાદન નીતિમાં સાવચેતીનો અભિગમ અપનાવવા બૉમ્બે સુગર મર્ચન્ટ્સ એસોસિયેશનનો અનુરોધ

નવી મુંબઈ: સ્થાનિક બજારોમાં આગામી તહેવારોની મોસમમાં ખાંડનો પુરવઠો અને ભાવ વાજબી સપાટીએ જળવાઈ રહે તે માટે આગામી ઑક્ટોબર મહિનાથી શરૂ થઈ રહેલી વર્ષ ૨૦૨૬-૨૭ની ખાંડ મોસમમાં સરકારે આગામી ૧૫ ઑક્ટોબરથી પિલાણ શરૂ કરવાના સરકારના નિર્ણયને બૅમ્બે સુગર મર્ચન્ટ્સ એસોસિયેશને આવકાર્યો હતો.

જોકે, દેશમાં છેલ્લી ત્રણ મોસમનાં ખાંડના વાસ્તવિક ઉત્પાદન અને અંદાજમાં નોંધપાત્ર તફાવત રહેતો હોવાથી તેની સમીક્ષા કરીને ઉત્પાદન અને સ્ટોક અંગેની નીતિનો નિર્ણય કરવાનો એસોસિયેશને ખાદ્ય સચિવને અનુરોધ કર્યો છે. એસોસિયેશનના પ્રમુખ અશોક જૈને ખાદ્ય સચિવને પાઠવેલા પત્રમાં જણાવ્યું હતું કે સ્થાનિક સ્તરે દેશની ખાંડની વપરાશી માગ વર્ષે ૨૯૫ લાખ ટનની છે અને નવી ખાંડ મોસમના આરંભે ૫૫થી ૬૦ લાખ ટનનો સ્ટોક જાળવવાની આવશ્યકતા હોય છે.

ઉત્પાદનના અંદાજની અનિશ્ચિતતા વચ્ચે સરકારે જાન્યુઆરી સુધી શેરડીનો ઉપયોગ માત્ર ખાંડના ઉત્પાદન માટે થાય તે સુનિશ્ચિત કરવું જોઈએ અને ત્યાર બાદ જ શેરડીનાં રસ/ખાંડનો ઈથેનોલ તરફ વિકેન્દ્રિત કરવાની વિચારણા કરવી જોઈએ.

આમ કરવામાં આવતા જાન્યુઆરી સુધીમાં ખાંડના ઉત્પાદન, શેરડીની ઉપલબ્ધિ, રિકવરી દર અને ખાંડના વાસ્તવિક ઉત્પાદનના ડેટા ઉપલબ્ધ થઈ જતાં સરકારને ઈથેનોલ માટે કેટલી ફાળવણી કરવી તે અંગેની સ્પષ્ટતા આવી જશે. તેમ જ સ્થાનિક સ્તરે વપરાશી માગ માટેના આવશ્યક પુરવઠાની બાંયધારી મળી શકશે અને નવી મોસમના આરંભે પર્યાપ્ત માત્રામાં સ્ટોકની ઉપલબ્ધિ પણ રહેશે. આથી અમારું માનવુ છે કે સરકારે આગામી વાસ્તવિક ઉત્પાદનને ધ્યાનમાં લઈને ખાસ કરીને ઈથેનોલની ફાળવણી માટે નીતિ ઘડવી જોઈએ, એમ તેમણે યાદીમાં ઉમેર્યું હતું.

# ટીન, નિકલ અને કોપર તથા એલ્યુમિનિયમની અમુક વરાઈટીઓમાં પીછેહઠ

મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે સપ્તાહના અંતે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે એકંદરે કામકાજો પાંખાં રહ્યાં હતાં. જોકે, હાલમાં વૈશ્વિક સ્તરે પશ્ચિમ એશિયામાં ભૂરાજકીય તણાવ અને ક્રૂડતેલના ભાવમાં વધારો થવાને કારણે એકંદરે બજારોમાં લોકમાનસ ખરડાયેલું રહ્યું હોવાથી આજે સ્થાનિકમાં ખાસ કરીને ટીન, નિકલ, એલ્યુમિનિમય ઈન્ગોટ્સ, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ ઉપરાંત નિરસ માગ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૪૪નો ઘટાડો આગળ ધપ્યો હતો. જોકે, આજે માત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં નીચા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. પાંચનો અને કોપર સ્ક્રેપ હેવીમાં વપરાશકારોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકનો સાધારણ સુધારો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ટીન અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૪૪ ઘટીને રૂ. ૫૩૦૦ અને રૂ. ૨૫ ઘટીને રૂ. ૧૨૫૦ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને મર્યાદિત માગે ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો તેમાં એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૩૫૪ અને રૂ. ૧૬૨૦ તથા કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. એકના સાધારણ ઘટાડા સાથે રૂ. ૧૪૪૫ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ઔદ્યોગિક વપરાશકારો અને સ્થાનિક ડીલરોની લેવાલી ઉપરાંત છૂટીછવાઈ સ્ટોકિસ્ટોની માગને ટેકે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૯૫૦ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. એકના સુધારા સાથે રૂ. ૧૩૬૪ના મથાળે રહ્યા હતા. આ સિવાય કોપર કેબલ સ્ક્રેપ, કોપર આર્મિચર, બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાના અહેવાલ હતા.

# દેશી-આયાતી તેલમાં સાંકડી વધઘટે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગત ઑગસ્ટ મહિનામાં અમેરિકામાં ફુગાવો વધી આવ્યો હોવાના અહેવાલો સાથે ફેડરલ રિઝર્વ આગામી ૧૫-૧૬ સપ્ટેમ્બરની નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદરમાં વધારો કરે તેવી ભીતિ હેઠળ વૈશ્વિક બજારોમાં નરમાઈનું વલણ રહેતાં શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૨૨૭ સેન્ટનો ઘટાડો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સપ્તાહનો અંત, આવતીકાલે રવિવાર અને ત્યાર બાદ સોમવારે ગણેશ ચતુર્થીની જાહેર રજાને કારણે બંધનો માહોલ ઉપરાંત આજે બૅન્કો પણ બંધ હોવાથી હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ભારત ફૂડ અને એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૪૦, પતંજલિ ફૂડ્સના ઑક્ટોબર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૫૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૩૦, મહેશ ઑઈલના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૪૦, ગોલ્ડન એગ્રીના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦ અને જી-વનના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૧ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. જોકે, આજે સિકોફની આરબીડી પામોલિનના સપ્ટેમ્બર કોન્ટ્રાક્ટમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૫૦.૩૦ના મથાળે બાયબૅકમાં લેવાલી નીકળી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે નવી મગફળીની ૯૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૪૦૦થી ૧૮૫૦માં અને જૂની મગફળીની ૧૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૪૦૦થી ૧૫૦૦માં થયા હતા. તેમ જ આજે રાજકોટ મથકે નવી મગફળીની ૪૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૫૦૦થી ૧૮૫૦માં અને જૂની મગફળીની ૫૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૪૦૦થી ૧૫૫૦માં થયાના અહેવાલ હતા. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૫૦૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૭૬૦, સિંગતેલના રૂ. ૧૮૦૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૮૦ અને સરસવના રૂ. ૧૭૭૦ના મથાળે ટકેલા રહ્યા હતા.

# એપ્રિલથી જૂન દરમિયાન વિવિધ તેલખોળની નિકાસ ૧૩ ટકા ઘટી

નવી દિલ્હી: વર્તમાન નાણાકીય વર્ષના પહેલા ત્રિમાસિકગાળામાં ખાસ કરીને સોયાબીન ખોળની નિકાસમાં ઘટાડો થવાને કારણે દેશની વિવિધ તેલખોળની કુલ નિકાસ ગત સાલના સમાનગાળાની તુલનામાં ૧૩ ટકા ઘટીને ૯.૫૭ લાખ ટનની સપાટીએ રહી છે.

તાજેતરમાં સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિયેશન દ્વારા સંકલિત કરવામાં આવેલી આંકડાકીય માહિતી અનુસાર ગત જૂન મહિનામાં તેલખોળની નિકાસ જૂન, ૨૦૨૫નાં ૩,૧૩,૪૦૪ ટન સામે ૩૧ ટકાના ઘટાડા સાથે ૨,૧૭,૭૫૭ ટનની સપાટીએ રહી હતી.

જોકે, વર્તમાન નાણાકીય વર્ષનાં પહેલા ત્રિમાસિકગાળામાં અર્થાત્ ગત એપ્રિલથી જૂન દરમિયાનની કુલ તેલખોળની નિકાસ ગત સાલના સમાનગાળાના ૧૦,૯૪,૫૯૩ ટન સામે ઘટીને ૯,૫૭,૨૨૪ ટનની સપાટીએ રહી હતી. જેમાં મુખ્યત્વે સોયાબીન ખોળની નિકાસ ગત સાલના સમાનગાળાના ૪,૯૩,૪૩૯ ટન સામે ૬૬ ટકાના ઘટાડા સાથે ૧,૬૯,૫૦૨ ટનના સ્તરે રહી હોવાથી કુલ નિકાસ દબાણ હેઠળ આવી છે.

એસોસિયેશનના જણાવ્યાનુસાર ભારતીય સોયાબીન ખોળના ભાવ ખાસ કરીને આર્જેન્ટિના અને બ્રાઝિલ જેવા દક્ષિણ અમેરિકન સ્પર્ધકોના ભાવની સરખામણીમાં ઊંચા હોવાથી ભારતીય નિકાસકારોને ગેરલાભ થઈ રહ્યો અને નિકાસના વૉલ્યુમમાં ઘટાડો થઈ રહ્યો છે. વધુમાં સ્થાનિક સ્તરે ખોળના ઊંચા ભાવ અને પશુ આહાર અને જીવંત સ્ટોકના ક્ષેત્રોની પ્રબળ માગની પણ નિકાસ પર માઠી અસર પડી છે. આ ઉપરાંત રાતા સમુદ્રમાં વિક્ષેપિત થતાં શિપમેન્ટો અને વધેલા નૂરભાડાની નિકાસ રળતર પર પણ માઠી અસર પડી રહી હોવાનું એસોસિયેશને ઉમેર્યું હતું.

ગત એપ્રિલથી જૂન દરમિયાનની તેલખોળની નિકાસમાં ચીન, બાંગ્લાદેશ અને વિયેટનામ ભારતીય ખોળના મુખ્ય આયાતકાર દેશો રહ્યા હતા. જેમાં ચીન ખાતેની નિકાસ ગત સાલના સમાનગાળાની ૧,૮૭,૩૬૧ ટન સામે વધીને ૩,૧૩,૩૮૪ ટનની અને બાંગ્લાદેશ ખાતેની નિકાસ ગત સાલના સમાનગાળાના ૧,૨૬,૩૫૧ ટન સામે વધીને ૧,૪૩,૦૧૩ ટનની રહી હોવાનું એસોસિયેશને આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

# મહારાષ્ટ્રમાં શેરડીનું પિલાણ ૧૫મી ઑક્ટોબરથી શરૂ થશે

મુંબઈ: મહારાષ્ટ્રનાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના વડપણ હેઠળની મંત્રી મંડળીય સમિતિના નિર્ણય અનુસાર મહારાષ્ટ્રમાં આ વર્ષે શેરડીના પિલાણની મોસમ ૧૫મી ઑક્ટોબરથી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગત બુધવારે સહ્યાદ્રી ગેસ્ટ હાઉસ ખાતે શેરડીનાં પિલાણની આગામી મોસમ માટેની નીતિ ઘડવા માટે યોજાયેલી બેઠક દરમિયાન ઉક્ત નિર્ણય લેવામાં આવ્યો હતો. બેઠકમાં નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવાર, સહકાર ખાતાના પ્રધાન બાબાસાહેબ પાટીલ, કૃષિ પ્રધાન દત્તાત્રેય ભારાને, જળસ્રોત ખાતાના પ્રધાન રાધાકૃષ્ણ વિખે પાટીલ, મુખ્ય સચિવ રાજેશ અગરવાલ અને ડિપાર્ટમેન્ટના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં સમિતિએ રાજ્યમાં શેરડીની ઉપલબ્ધિ, પિલાણ એકમો, ખાંડના ઉત્પાદન, શેરડીના ખેડૂતોને ભાવ અને વિવિધ નાણાકીય તથા ટેક્નિકલ બાબતો અંગે ચર્ચા કરવામાં આવી હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું. વધુમાં બેઠકમાં ખેડૂતો અને ખાંડ ઉદ્યોગનાં હિત વચ્ચે સમતુલન જાળવવાની સાથે આગામી પિલાણ મોસમ માટે ચર્ચા કરવામાં આવી હતી.

વધુમાં બેઠક દરમિયાન વર્તમાન વર્ષ ૨૦૨૫-૨૬ની મોસમની સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં સામાન્ય વળતરદાયી ભાવ (ફેર રેમ્યુનરેટિવ પ્રાઈસ-એફઆરપી) અને રેવેન્યુ રિકવરી સર્ટિફિકેટ (આરઆરસી) પેમેન્ટ, કૉ જનરેશન પ્રોજેક્ટ, ઈથેનોલના પુરવઠા, શેરડીનો વાવેતર વિસ્તાર અને ઉત્પાદન, ખાંડનું ઉત્પાદન અને વર્ષ ૨૦૨૬-૨૭ની મોસમની તૈયારીઓનો સમાવેશ થવાની સાથે મોસમ અનુસાર એફઆરપી અને મહત્તમ વેચાણ ભાવ, ખાંડ ઉદ્યોગને આપવામાં આવતા સરકારી પ્રોત્સાહનો અને ગોપીનાથ મુંડે સુગરકેન વર્કર્સ બોર્ડ હેઠળ મજૂરે આપવામાં આવતી રાહતો અંગે ચર્ચા કરવામાં આવી હતી. તેમ જ બેઠકમાં સોફ્ટ લોન સ્કીમ હેઠળ ખાંડ મિલોને શેરડીની ખરીદી પેટેની ચુકવણી માટેની સોફ્ટ લોન સ્કીમ હેઠળ વ્યાજ સબસિડી પુનઃ શરૂ કરવા બાબતે પણ વિચારણા કરવામાં આ હતી.

ખાંડ મિલો જેનાં કૉ જનરેશન પ્રોજેક્ટને લગતાં પાવર પર્ચેઝ એગ્રિમેન્ટ પૂરા થઈ ગયા હોય તેઓને વર્ષ ૨૦૨૩-૨૪ની મોસમની જેમ યુનિટદીઠ રૂ. ૧.૫૦ની સબસિડી આપવા અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. તેમ જ સમિતિએ ખાંડના પેકેજિંગ માટે શણની ગુણીના ફરજિયાત ધોરણો હળવા કરવા અને કોમ્પ્રેસ્ડ બાયોગૅસ પ્રોજેક્ટ માટે નાણાકીય અને ટેક્નિકલ સહાય આપવાની વિચારણા કરવામાં આવી હતી.

વધુમાં રાજ્યમાં શેરડીનાં ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો કરવા માટે એક વિશિષ્ટ સુગરકેન ડેવલોપમેન્ટ સ્કીમ અંગે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં હાલની શેરડીની સુધારિત વેરાઈટીઓને પ્રોત્સાહન આપવું, તેની માવજત, વાવેતરનાં પશ્ચાત્ વપરાતા મટિરિઅલનો ઉપયોગ, ટપક સિંચાઈ, રસાયણોનો સમતુલિત વપરાશ, સેન્દ્રિય ખાતર, આધુનિક વાવેતરની પદ્ધતિઓ અને મેકેનાઈઝેશનનો સમાવેશ થાય છે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**OHE ફેરફાર કામ**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ TRD) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-૩૯૦ ૦૦૪ દ્વારા નીચે જણાવેલ કામ માટે ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે. **અનું. નં. ૧: ટેન્ડર નં.** EL-TRD-Tender- 25-26-35-1. **કામનું નામ:** વિશ્વામિત્રી ખાતે પ્લેટફોર્મના વિસ્તરણ અને સ્ટેશનને ટર્મિનસ સ્ટેશન તરીકે વિકસાવવાના તથા ટ્રેનોની વડોદરા, અમદાવાદ અને ગોધરા તરફ રવાનગી માટે વડોદરા સ્ટેશન ખાતે સ્ટાર્ટર સિગ્નલની જોગવાઈના સંબંધમાં વર્તમાનના OHE માં OHE ફેરફાર કરવાનું કામ અને અન્ય સંકળાયેલ TRD કામ. **કામની અંદાજીત પડતર (રૂા.માં):** ₹ ૧,૪૦,૯૩,૮૭૪.૭૦/- **બિડ સિક્યુરીટી (રૂા.માં):** ₹ ૨,૮૧,૯૦૦/- **ટેન્ડર દસ્તાવેજની પડતર અને પૂર્ણ કરવાનો સમયગાળો:** પૂર્ણ કરવાનો સમયગાળો ૧૮ મહિના, **ટેન્ડરનું સમયપત્રક:** ટેન્ડર બંધ થવાની તારીખ: તા.૧૨-૧૦-૨૦૨૬ અને બંધ થવાનો સમય એજ તારીખે ૧૫:૦૦ કલાકે. **વેબ પેજ વિગતો અને નોટીસ માટે સ્થળ જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને સ્પષ્ટીકરણ અને ઓફીસનું સરનામું: વેબસાઈટ:** @ www.ireps.gov.in ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ TRD), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-૩૯૦ ૦૦૪.

BRC-233

અમને ફોલો કરો: X DRMBRCWR ● drm_vadodara

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**OHE ફેરફાર કામ**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ TRD) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-૩૯૦ ૦૦૪ દ્વારા નીચે જણાવેલ કામ માટે ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે. **અનું. નં. ૧: ટેન્ડર નં.** EL-TRD-Tender- 25-26-38-1-1. **કામનું નામ:** વડોદરા ડિવિઝનના ATD માટે સેન્ટિલિવર, સ્પેર બ્રિજ માસ્ટ, IOT આધારિત રિમોટ મોનિટરીંગ સિસ્ટમમાં ડબલ ઈન્ક્લાઇન્ડ ડ્રોપરની જોગવાઈના સંબંધમાં OHE ફેરફાર કરવાનું કામ અને અન્ય સંકળાયેલ કામ. **કામની અંદાજીત પડતર (રૂા.માં):** ₹ ૫,૪૬,૪૦,૦૭૧/- **બિડ સિક્યુરીટી (રૂા.માં):** ₹ ૧૦,૯૨,૮૦૦/- **ટેન્ડર દસ્તાવેજની પડતર અને પૂર્ણ કરવાનો સમયગાળો:** પૂર્ણ કરવાનો સમયગાળો ૨૪ મહિના, **ટેન્ડરનું સમયપત્રક:** ટેન્ડર બંધ થવાની તારીખ: તા.૧૩-૧૦-૨૦૨૬ અને બંધ થવાનો સમય એજ તારીખે ૧૫:૦૦ કલાકે. **વેબ પેજ વિગતો અને નોટીસ માટે સ્થળ જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને સ્પષ્ટીકરણ અને ઓફીસનું સરનામું: વેબસાઈટ:** @ www.ireps.gov.in ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ TRD), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-૩૯૦ ૦૦૪.

BRC-234

અમને ફોલો કરો: X DRMBRCWR ● drm_vadodara

# ગણેશોત્સવમાં વરસાદનું વિઘ્ન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લાંબા સમયથી વરસાદની ગેરહાજરીમાં મુંબઈગરા ફરી ગરમી અને ઉકળાટનો અનુભવ કરી રહ્યા છે ત્યારે ગણેશોત્સવ દરમ્યાન મુંબઈમાં ચોમાસું ફરી સક્રિય થવાની શક્યતા છે. હવામાન વિભાગના કહેવા મુજબ મુંબઈ, થાણે અને પાલઘરમાં ચોમાસાનું પુનરાગમન થઈ શકે છે.

અનેક દિવસોથી મુંબઈના જુદા જુદા વિસ્તારોમાં એકાદ-બે હળવા ઝાપટાં પડી જતા હોય છે પણ બાકી મોટાભાગે સૂકુ વાતાવરણ રહેતું હોય છે ત્યારે મુંબઈમાં ફરીથી ચોમાસાનો વરસાદ શરૂ થવાની શક્યતા છે. ભારતીય હવામાન વિભાગે મુંબઈ તેમ જ તેના પડોશી જિલ્લા થાણે, પાલઘર અને રાયગઢ માટે યલો એલર્ટની ચેતવણી આરી છે.

હવામાન વિભાગે વીકએન્ડ એટલે કે શનિવાર અને રવિવાર દરમ્યાન ગાજવીજ અને તેમ જ પવન સાથે મધ્યમથી ભારે વરસાદ પડવાની શકયતા વ્યક્ત કરી હતી. શનિવારે જોકે મુંબઈના અમુક વિસ્તારોમાં સવારના સમયે અને મોડી સાંજના વરસાદના (જુઓ પાનું ૪) ▸▸

## ‘લાલબાગચા રાજા’ મંડળમાં બીએમસીની નવીન પહેલ

# પ્રસાદમાંથી બનશે વીજળી

મુંબઈ: મુંબઈના પ્રખ્યાત લાલબાગચા રાજા સાર્વજનિક ગણેશોત્સવ મંડળ ખાતે બૃહન્મુંબઈ મહાનગરપાલિકા (બીએમસી) દ્વારા ’પ્રસાદથી ઊર્જા’ નામની એક અનોખી પહેલ શરૂ કરવામાં આવી છે. ગણેશોત્સવ દરમિયાન મંડળના અન્નછત્ર અને પ્રસાદ કક્ષમાંથી દરરોજ ઉત્પન્ન થતા ૮થી ૧૦ મેટ્રિક ટન ભીના કચરાને સ્રોત પર જ અલગ કરીને નાયર, કસ્તુરબા, જીટીબી અને સાયન હોસ્પિટલના બાયોમીથેનેશન પ્લાન્ટ્સમાં મોકલવામાં આવશે.

ગણેશોત્સવ દરમિયાન મંડળની પ્રસાદ વિતરણ અને ભોજન વ્યવસ્થામાંથી દરરોજ અંદાજે ૮થી ૧૦ મેટ્રિક ટન ખાદ્ય તથા જૈવિક કચરો ઉત્પન્ન થવાની શક્યતા છે. આ કચરાને તેના સ્રોત પર જ યોગ્ય રીતે અલગ કરવામાં આવશે. ત્યાર બાદ વાહનો દ્વારા તેને પાલિકાની નાયર હોસ્પિટલ, કસ્તુરબા હોસ્પિટલ, જીટીબી હોસ્પિટલ અને સાયન હોસ્પિટલ ખાતે આવેલા બાયોમીથેનેશન પ્લાન્ટ સુધી પહોંચાડવામાં આવશે.

પ્રત્યેક પ્લાન્ટમાંથી દરેકની દરરોજ આશરે ૨ મેટ્રિક ટન કચરાની પ્રક્રિયા કરવાની ક્ષમતા છે. આ પહેલ હેઠળ ૧૧ દિવસ દરમિયાન અંદાજે ૮૦ મેટ્રિક ટન ભીના કચરાની પ્રક્રિયા કરી તેમાંથી લગભગ ૭,૭૪૪ યુનિટ રિન્યુએબલ વીજળીનું ઉત્પાદન કરવાની યોજના છે. જોકે, વાસ્તવિક વીજ ઉત્પાદન અલગ કરવામાં આવેલા કચરાની માત્રા અને ગુણવત્તા તેમજ પ્લાન્ટની કાર્યક્ષમ સ્થિતિ પર નિર્ભર રહેશે. બાયોમિથેનેશન પ્રક્રિયા દરમિયાન ઉત્પન્ન થતી વીજળીનો ઉપયોગ હોસ્પિટલોના દર્દી રૂમ, કોરિડોર તથા અન્ય કોમન વિસ્તારોમાં લાઇટિંગ સહિત યોગ્ય કામો માટે કરવામાં આવશે.

આ પહેલ ડેપ્યુટી કમિશનરના માર્ગદર્શન હેઠળ તેમ જ એફ/દક્ષિણ વિભાગના સહાયક કમિશનરની પહેલથી અમલમાં મૂકવામાં આવી (જુઓ પાનું ૪) ▸▸

# ગૃહ પ્રધાન અમિત શાહ મુંબઈની મુલાકાતે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૧૩ અને ૧૪ સપ્ટેમ્બરે મુંબઈ મુલાકાતે આવી રહ્યા છે, જે દરમિયાન તેઓ ફોર્ટમાં ધ એશિયાટિક સોસાયટીની મુલાકાત અને વાશીમાં યોજાનારી અખિલ ભારતીય સત્તાવાર ભાષા પરિષદમાં હાજરી આપશે. સંશોધનના સમૃદ્ધ વારસાને સાચવતી એશિયાટિક સોસાયટીની મુલાકાત દરમિયાન, શાહ સંસ્થાના પદાધિકારીઓ અને સભ્યો સાથે વાતચીત કરશે અને દુર્લભ પુસ્તકોના પ્રદર્શનની પણ મુલાકાત લેશે. ત્યારબાદ, તેઓ સોમવારે વાશીમાં સિડકો પ્રદર્શન કેન્દ્રમાં યોજાનારી છઠ્ઠી અખિલ ભારતીય સત્તાવાર ભાષા પરિષદમાં ભાગ લેશે.

એશિયાટિક સોસાયટીને ‘રાષ્ટ્રીય મહત્વની સંસ્થા’ તરીકે વિશેષ દરજ્જો આપવાની માગ છેલ્લા ચાર વર્ષથી કેન્દ્ર સમક્ષ પેન્ડિંગ છે. શાહની મુલાકાતને પગલે, આ મુદ્દાનો ઉકેલ આવશે તેવી અપેક્ષાઓ ફરી જાગી છે. આ સંદર્ભમાં સંસ્થાના પદાધિકારીઓ પણ શાહ સમક્ષ પોતાનો પક્ષ રજૂ કરે તેવી શક્યતા છે. શાહની (જુઓ પાનું ૪) ▸▸

# સિમિ અને આઈએમ સાથે ‘લિંક’ ધરાવતા તારીક ખાનની દીકરીની એટીએસે કરી ધરપકડ

### ફ્રોડ કરીને મેળવેલા પાસપોર્ટથી યુવતી બબ્બે વાર સઉદી અરેબિયા જઈ આવી

થાણે: સ્ટુડન્ટ્સ ઈસ્લામિક મૂવમેન્ટ ઑફ ઈન્ડિયા (સિમી) અને ઈન્ડિયન મુજાહિદ્દીન (આઈએમ) સાથે લિંક ધરાવવાના આરોપોનો સામનો કરનારા તારીક ખાનની દીકરીની મહારાષ્ટ્ર એન્ટિ-ટેરરિઝમ સ્ક્વૉડે (એટીએસ) ધરપકડ કરી હતી. ફ્રોડ કરીને મેળવેલા પાસપોર્ટની મદદથી યુવતી બબ્બે વાર સઉદી અરેબિયા જઈ આવી હોવાથી એટીએસે તેની તપાસ હાથ ધરી હતી.

એટીએસે પકડી પાડેલી યુવતીની ઓળખ નમીરા તારીક ખાન (૨૧) તરીકે થઈ હતી. તેણે કુર્લા અને લખનઊનાં ખોટાં સરનામે પાસપોર્ટ્સ પ્રાપ્ત કર્યા હતા. બે વખત તે સઉદી અરેબિયા ગઈ હોવાથી તેની આ મુલાકાત બાબતે એટીએસ તપાસ કરવા માગે છે.

અધિકારીના જણાવ્યા મુજબ નમીરાના પિતા તારીક ખાન વિરુદ્ધ પ્રતિબંધિત સંગઠન સિમી અને ઈન્ડિયન મુજાહિદ્દીન સાથે કડી ધરાવવાના આરોપ થયા હતા. એ સિવાય બનાવટી નોટોના રૅકેટ્સમાં પણ તેનું નામ સંડોવાયું હતું. છેલ્લાં અમુક વર્ષથી ફરાર તારીક ખાનની પોલીસ શોધ ચલાવી રહી છે.

નમીરાના આંતરરાષ્ટ્રીય પ્રવાસના (જુઓ પાનું ૪) ▸▸

## ઊંટવૈદ્યોની હવે ખેર નથી!

# હવે ક્યુઆર કોડથી થશે ડૉક્ટરોની ઓળખ

મુંબઈ: મહારાષ્ટ્રમાં હવે દર્દીઓ ક્યુઆર કોડ સ્કેન કરીને ડૉક્ટરના રજિસ્ટ્રેશનની માહિતી તાત્કાલિક મેળવી શકશે. મહારાષ્ટ્ર મેડિકલ કાઉન્સિલ (એમએમસી)એ ગોરખધંધા કરી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતા બનાવતી તબીબો અને ઉંટવૈદ્યો પર લગામ લગાવવા માટે ‘તમારા ડોક્ટરને જાણો’ ની અનોખી પહેલ શરૂ કરી છે. આ અંતર્ગત કાઉન્સિલમાં નોંધાયેલા તમામ ડોક્ટરો માટે તેમના દરેક કાર્યસ્થળે સત્તાવાર ક્યુઆર કોડની તકતી લગાવવી ફરજિયાત કરવામાં આવી છે.

એમએમસીના નિર્દેશ મુજબ ડોક્ટરોએ ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ સુધીમાં ક્યુઆર કોડની તકતી લગાવવાની રહેશે. હોસ્પિટલ, ક્લિનિક અથવા દવાખાનામાં આ તકતી એવી જગ્યાએ લગાવવાની રહેશે જ્યાં દર્દીઓ તેને સરળતાથી જોઈ અને પોતાના મોબાઇલ ફોનથી સ્કેન કરી શકે.

ક્યુઆર કોડ સ્કેન કર્યા બાદ દર્દીઓને સંબંધિત ડોક્ટરના મહારાષ્ટ્ર મેડિકલ (જુઓ પાનું ૪) ▸▸

# મધ્ય રેલવેના મસ્જિદબંદર અને માટુંગા વચ્ચેના ચાર ફૂટઓવર બ્રિજ તાત્કાલિક ધોરણે બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટૅક્નોલોજી, મુંબઈ (આઈઆઈટી) દ્વારા જર્જરીત અને જોખમી જાહેર કરવામાં આવ્યા બાદ મુંબઈ મહાનગરપાલિકાની સૂચનાને પગલે સેન્ટ્રલ રેલવે દ્વારા તેના મસ્જિદબંદરથી માટુંગા વચ્ચે આવતા ચાર ફૂટઓવર બ્રિજને તાત્કાલિક ધોરણે બંધ કરી દેવામાં આવ્યા છે.

ગણેશોત્સવ દરમ્યાન લોકલ ટ્રેનમાં પ્રવાસ કરનારાઓની સંખ્યામાં ધરખમ વધારો થતો હોવાથી આ પૂલ પર વધારાનું વજન સહી શકવાની ક્ષમતા રહી ન હોવાથી ગમે ત્યારે કોઈ દુર્ઘટના સર્જાઈ શકે છે. તેથી ગણેશભક્તો અને લોકલ ટ્રેનમાં પ્રવાસ કરનારા મુસાફરો અને રાહદારીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને બ્રિજને બંધ કરવામાં આવ્યા હોવાનું મધ્ય રેલવેએ જણાવ્યું હતું.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ પુનઃબાંધકામ અને ગણેશોત્સવને ધ્યાનમાં રાખીને સુરક્ષાના ઉપાય તરીકે મસ્જિદબંદર અને માટુંગા સ્ટેશન પરના ચાર ફૂટઓવર બ્રિજ પાલિકા બાબતે મધ્ય રેલવેને સૂચના મોકલવામાં આવી છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટૅક્નોલોજી, (જુઓ પાનું ૪) ▸▸

# ઍરપોર્ટ પર સુરતના વેપારીને છેતરી ૧.૯૫ કરોડનું સોનું અને ૧.૨૮ લાખ દિરહામ સાથે ઠગ ફરાર

મુંબઈ: દુબઈથી આવેલા સુરતના કાપડના વેપારીને મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પર કથિત રીતે ઠગીને ૧.૯૫ કરોડ રૂપિયાનું સોનું અને ૧.૨૮ લાખ યુએઈ દિરહામ (આશરે ૩૩.૩૫ લાખ રૂપિયા) ભરેલી બૅગ સાથે ઠગ ફરાર થઈ ગયો હતો.

સુરતના ૬૭ વર્ષના વેપારીએ નોંધાવેલી ફરિયાદને આધારે સહાર પોલીસે બે શખસ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની છેતરપિંડી, વિશ્વાસઘાત અને અન્ય સુસંગત કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો.

વેપારીનો ગાર્મેન્ટ બિઝનેસ બંધ થઈ ગયો હોવાથી તે નવું વ્યાપારી સાહસ શરૂ કરવા માગતો હતો. દુબઈ ગયેલો વેપારી કેરળના વતની મોહમ્મદ આસિફના સંપર્કમાં આવ્યો હતો. આસિફે સૂચવ્યું હતું કે તેણે યુએઈમાં કાયદેસર રીતે સોનું ખરીદી કરવું જોઈએ અને તે ભારતમાં વેચવું જોઈએ, એવું ફરિયાદમાં જણાવાયું હતું.

આસિફની સલાહ પછી વેપારીએ ગયા મહિને દુબઈમાંથી ૧.૫ કિલો વજનની સોનાની બે લગડી ક્રેડિટ પર ખરીદી હતી, જેનું મૂલ્ય ૧.૯૫ કરોડ રૂપિયા હતું. તેની પાસે ૩૩.૩૫ લાખ રૂપિયા મૂલ્યના દિરહામ પણ હતા, જેમાંથી તે ભારતમાં સોના પરની કસ્ટમ્સ ડ્યૂટી ભરવાનો હતો.

વેપારી દુબઈથી મુંબઈમાં અમિરાતની ફ્લાઈટમાં આવ્યો ત્યારે તેને નિયાસ મોહમ્મદ કટુમડાથિલ મળ્યો હતો, જેણે પોતાની ઓળખ મોહમ્મદ (જુઓ પાનું ૪) ▸▸






## પાલઘરની હૉસ્પિટલમાં હિંસા

# પોલીસ તપાસને હાઈ કોર્ટે હાસ્યાસ્પદ ગણાવી

મુંબઈ: પાલઘરમાં દહીંહંડી ફોડતી વખતે જખમી થયેલા ‘ગોવિંદાઓ’ની સારવારનાં બિલને મુદ્દે ખાનગી હૉસ્પિટલના સ્ટાફ પર હુમલો કરવામાં આવ્યાના પાંચ દિવસ બાદ શુક્રવારે પોલીસે શિવસેનાના વિધાનસભ્યના દીકરા સહિત ૧૪ આરોપીની ધરપકડ કરી હતી. આ મામલે અત્યાર સુધી થયેલી તપાસને બૉમ્બે હાઈ કોર્ટે ‘હાસ્યાસ્પદ અને ગંભીરપણે ભૂલભરેલી’ ગણાવી છે અને હવે ઉચ્ચ સ્તરીય અધિકારી પાસેથી આ કેસનો અહેવાલ માગ્યો છે.

પાલઘર પોલીસે દેખાવ પૂરતી કાર્યવાહી કરી છે અને કાર્યવાહી એ રીતે કરવામાં આવી છે કે અંતે આરોપીને જ લાભ થવાનો છે, એવી ટકોર હાઈ કોર્ટે કરી છે. પાંચમી સપ્ટેમ્બરની મધરાતે ઈજાગ્રસ્ત ગોવિંદાઓને પાલઘરની રિલીફ હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા. હૉસ્પિટલ દ્વારા સારવારનો ચાર્જ વધુપડતો લગાવવામાં આવ્યો હોવાનો દાવો કરી શિવસેનાના કાર્યકરો હૉસ્પિટલમાં ઘૂસ્યા હતા અને તોડફોડ કરી હતી. ત્યાં હાજર ડૉક્ટરોને ધમકી આપ્યા પછી સ્ટાફના સભ્યોની મારપીટ કરી ઈજાગ્રસ્તોને જબરદસ્તી આઈસીયુમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.આ કેસમાં સાતમી સપ્ટેમ્બરે શિવસેનાના પાલઘર શહેર પ્રમુખ રાહુલ ઘરતની ધરપકડ કરવામાં (જુઓ પાનું ૪) ▸▸

# ગણેશોત્સવમાં મેટ્રોસેવા રાતના ૧૨.30 સુધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગણેશોત્સવ દરમ્યાન ગણેશભક્તો મોડે સુધી મુંબઈના જુદા જુદા વિસ્તારમાં તેમના લાડલા ગણપતિ બાપ્પાના દર્શન કરવા ઊમટી પડશે ત્યારે રાતના મોડેથી તેમને ઘર પાછા ફરવા માટે અગવડ થાય નહીં તે માટે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) દ્વારા મેટ્રો રેલ સેવા રાતના ૧૨.૩૦ વાગ્યા સુધી દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

એમએમઆરડીએના જણાવ્યા મુજબ મહા મુંબઈ મેટ્રોએ મેટ્રો લાઈન ટૂ-એ, મેટ્રો-સાત અને મેટ્રો-નવ તેમજ મેટ્રો ટૂ-એ પર રાત્રે ૧૨:૩૦ વાગ્યા સુધી વિશેષ વધારાની મેટ્રો રેલ સેવા ઉપલબ્ધ કરાવવાની છે. આનાથી ભક્તો સુરક્ષિત, સરળ અને અનુકૂળ મોડી રાતની કનેક્ટિવિટી સાથે ઉત્સવનો આનંદ માણી શકશે. સોમવાર, ૧૪થી ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી (જુઓ પાનું ૪) ▸▸

# મરચાંની ભૂકી ફેંકી બૅંક લૂંટનાર 30 મિનિટમાં જ ઝડપાયો

નાગપુર: નાગપુરમાં એક બેરોજગાર બી.એસસી. ગ્રેજ્યુએટે બેંક લૂંટવા માટે મરચાંની ભૂકીનો ઉપયોગ કર્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી હતી. આરોપીએ બેંક કર્મચારીઓની આંખોમાં મરચાંની ભૂકી ફેંકી ₹૪.૫૩ લાખ રોકડ લઈને ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, તેનો આ પ્લાન લાંબો સમય ચાલ્યો નહીં અને ઘટનાના માત્ર ૩૦ મિનિટમાં જ પોલીસે તેને લગભગ એક કિલોમીટર દૂરથી ઝડપી લીધો હતો.

આ ઘટના ગુરુવારે સાંજે દક્ષિણ નાગપુરના સાક્કરદારા વિસ્તારમાં આવેલી સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા (એસબીઆઈ)ની શાખામાં બની હતી. બેંકના કર્મચારીઓ એટીએમમાંથી રોકડ એકત્ર કરીને શાખામાં પરત ફર્યા હતા. આ દરમિયાન કુર્તો પહેરી અને સફેદ કપડાથી ચહેરો ઢાંકી એક યુવક સામાન્ય ગ્રાહકની જેમ બેંકમાં પ્રવેશ્યો હતો.

કર્મચારીઓ રોકડ કાઉન્ટર તરફ આગળ વધી રહ્યા હતા ત્યારે આરોપીએ પાછળથી અચાનક તેમના પર મરચાંનો પાવડર ફેંકી (જુઓ પાનું ૪) ▸▸

# મરાઠા-કવૉટા: જરાંગેની મુંબઈમાં બેમુદત ભૂખ હડતાળની ચીમકી

જાલના: મરાઠા અનામત કાર્યકર્તા મનોજ જરાંગે અને તેમના સમર્થકો ૧૯ સપ્ટેમ્બરથી મુંબઈના આઝાદ મેદાનમાં અચોક્કસ મુદતના ઉપવાસ શરૂ કરશે. તેઓ ૧૫ સપ્ટેમ્બરથી મુંબઈ તરફ કૂચ શરૂ કરશે. બીડ, અહિલ્યાનગર, પુણે અને રાયગઢ થઈને નવી મુંબઈ પહોંચ્યા બાદ તેઓ ગણેશોત્સવ દરમિયાન મુંબઈમાં આંદોલન કરશે.

જરાંગેએ જણાવ્યું કે, મુંબઈ તરફ જઈ રહેલા આંદોલનકારીઓ મુંબઈ પહોંચતા પહેલા ૧૫ સપ્ટેમ્બરે બીડના પાટોડામાં, બીજા દિવસે અહિલ્યાનગર જિલ્લાના શ્રીગોંડામાં, ૧૭ સપ્ટેમ્બરે પુણેના હડપસરમાં, ૧૮ સપ્ટેમ્બરે રાયગઢ જિલ્લાના ખોપોલીમાં રોકાશે અને ત્યારબાદ નવી મુંબઈના કોપરખૈરનેમાં રોકાઈને આગળ વધશે.

પ્રદર્શનકારીઓ દરરોજ લગભગ ૨૦૦ કિલોમીટરનું અંતર કાપશે, એમ જરાંગેએ જણાવ્યું હતું. દક્ષિણ મુંબઈના આઝાદ મેદાન ખાતે અનિશ્ચિત ભૂખ હડતાળ ૧૯ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦ વાગ્યે શરૂ થશે. મનોજ જરાંગે જણાવ્યું હતું કે, ‘આપણે મરાઠા અનામત મેળવીને પાછા ન ફરીએ ત્યાં સુધી શાંતિપૂર્ણ આંદોલન ચાલુ રાખવાનું છે. કોઈએ પથ્થરમારો કે તોડફોડ કરવી નહીં અને લોકશાહી ઢબે આપણો હક મેળવવો.’ તેમણે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને આંદોલનકારીઓને ન રોકવા અપીલ કરી હતી. જો વિરોધીઓને રોકવામાં આવશે, તો તેની સંપૂર્ણ જવાબદારી ફડણવીસની રહેશે, એમ જરાંગેએ ઉમેર્યું. ■


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ‘‘મુંબઈ સમાચાર સાપ્તાહિક’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રુસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1689/1957.**